॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ

[ શ્રી૦ જૈન શ્વે૦ કૉન્ફરન્સનું માસિક-પત્ર ]


પુસ્તક ૨ | ફાગણ-ચૈત્ર
અંક ૭-૮ | ૧૯૮૩


卐


માનદ તંત્રી
**મોહનલાલ દલીચંદ દેશાઈ**
બી. એ. એલએલ. બી.
વકીલ હાઇકોર્ટ, મુંબઈ


## શ્રી મહાવીર જન્મોત્સવ ખાસ અંક.

# વિષયાનુક્રમ.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| વસંતોત્સવ | ૨૮૧ |
| તંત્રીની નોંધ | ૨૮૨ |
| ૧ જૈનો અને મી. મુન્સીનું પ્રકરણ | |
| ૨ મી. મુન્સી કમિટી | |
| ૩ પ્રોટેસ્ટ સભા | |
| ૪ આ સંબંધે ' ગુજરાતી 'નું વક્તવ્ય | |
| ૫ છેવટે | |
| ૬ સ્થાકવાસી જૈનકૉન્ફરન્સ | |
| ૭ શેઠશ્રી ગુલાબચંદ દેવચંદનું શોકજનક અવસાન | |
| અમારો સત્કાર | ૨૮૯ |
| રત્નત્રયી | ૨૯૩ |
| આપણું ' ખમાસમણુ ' અથવા પ્રણિપાતસૂત્ર | ૨૯૯ |
| હેમચંદ્રાચાર્ય અને રાજાધિરાજ | ૩૦૨ |
| પ્રાચીન જૈનકવિઓનાં વસંતવર્ણન | ૩૦૬ |
| મી. મુનશીનાં પુસ્તકો સંબંધી રીપોર્ટ | ૩૧૯ |
| જૈનો વિરૂદ્ધ વિષમય સાહિત્ય | ૩૨૧ |
| શ્રી વર્ધમાનના ગૃહવાસ-ત્યાગપરથી બોધ | ૩૩૭ |
| જયશ્રી મહાવીર (કાવ્ય) | ૩૩૯ |
| મહાવીર-જયંતી | ૩૩૯ |
| શ્રી વીરસ્તુતિ | ૩૪૨ |
| વીરચરિત્રનો લેખક | ૩૪૫ |
| શ્રી મહાવીરના શ્રાવકો | ૩૬૦ |
| શ્રી જિનેશ્વર સૂરિકૃત મહાવીર જન્માભિષેક | ૩૬૭ |
| રાજતિલકગણિકૃત શાલિભદ્રરાસ | ૩૭૦ |
| છદ્મસ્થદશામાં શ્રી મહાવીરપ્રભુનાં વિહાર-સ્થલો | ૩૭૪ |
| શ્રી મહાવીર ચરિત્ર રહસ્ય | ૩૭૭ |
| ભગવાન્ મહાવીરની સિદ્ધાન્તભૂમિકા | ૩૮૧ |
| વર્ધમાન સ્વામીની વ્યવહાર્યતા | ૩૮૩ |
| વિવિધ નોંધ | ૩૮૬ |
| ૧ મી. કનૈયાલાલ એમ. મુન્શી સાથે થએલો પત્રવ્યવહાર | |
| ૨ તા ૧૮મીએ મળેલી જાહેરસભામાં પસાર થએલા ઠરાવો | |
| ૩ મુંબઇ યુનિવર્સીટી સાથે થએલો પત્રવ્યવહાર | |
| ૪ બેલગાંવમાં પ્રચારકાર્ય | |
| ૫ મણિલાલ ખુશાલચંદ (પાલણપુરવાલા)નો વિશેષ પ્રવાસ | |
| ૬ ઉપદેશકોનું પ્રચારકાર્ય અને સુકૃત ભંડારફંડ | |
| ૭ કન્વેન્શનમાં સુકૃત ભંડારફંડ | |
| ૮ અમદાવાદમાં શ્રી સુકૃત ભંડારફંડમાં ફાળો | |
| ૯ જૈન શ્વેતાંબર એજ્યુકેશનલ બોર્ડ | |
| ૧૦ સં. ૧૯૮૨ના આસો વદી ०)) સુધીનું શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ ઑફિસનું સરવૈયું | |
| ૧૧ સં. ૧૯૮૨ની સાલનો આવકજાવકનો હિસાબ | |
| ૧૨ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનું સં. ૧૯૮૨ની સાલનું સરવૈયું | |
| ૧૩ એજ્યુકેશન બોર્ડનો સં. ૧૯૮૨ નો આવકજાવકનો હીસાબ | |
| ૧૪ આવતું અધિવેશન | |
| ૧૫ મી. મુન્સીનાં લખાણો સામે વિરોધદર્શક સભા | |
| ૧૬ શ્રી શત્રુંજય પ્રચારકાર્ય સમિતિનો રીપોર્ટ | |
| ૧૭ ખાસ અધિવેશનના પ્રમુખ મહાશયની સખાવતો | |



## જૈનયુગ

—**જૈનધર્મ**, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયો ચર્ચતું ઉત્તમ જૈન માસિક.

—વિદ્વાન્ મુનિ મહારાજશ્રી તથા અન્ય લેખકોની કસાયેલી કલમથી લખાયેલા ગદ્યપદ્ય લેખો તેમાં આવશે.

—શ્રીમતી જૈન શ્વે. કૉન્ફરન્સ (પરિષદ્) સંબંધીના વર્ત્તમાન-કાર્યવાહીનો અહેવાલ સાથેસાથે અપાશે.

તો દરેક સુજ્ઞ આ પત્રના ગ્રાહક બની પોતાના મિત્રોને પણ ગ્રાહકો બનાવશે અને સંઘસેવાના પરિષદ્ના કાર્યમાં પુષ્ટિ આપશે.

ચાલુ વર્ષથી વાર્ષિક લવાજમ ટપાલખર્ચ સહિત માત્ર રૂ. **ત્રણ**

લખો-**જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફીસ**
૨૦ પાયધુની મુંબઇ નં. ૩.

આ માસિક બહોળા પ્રમાણમાં ફેલાવો પામવાની ખાત્રી રાખે છે તો **જાહેરખબર આપનારાઓને** માટે તે ઉપયોગી પત્ર છે; તો તેઓને ઉપરને સરનામે લખવા કે મળવા ભલામણ છે.

# જૈન યુગ.

પ્રાણીમાત્રના દુઃખને પોતાનું ગણવું એનું નામજ મહાત્માપણું, ખરી સહાનુભૂતિ–સમવેદના–સમભાવ છે, એજ ખરો ધર્મ છે. એને પાળનારાને ધન્ય છે. —આદર્શદૃષ્ટાંતમાળા પૃ. ૧૯૮.

પુસ્તક ૨ અંક ૭. વીરસંવત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩. ફાગણ.


## વસંતોત્સવ

### (૧)

આજનો ઉત્સવ એવાં પુણ્યસંભારણાંનો ઉત્સવ છે, પાપનો નહીં; પ્રેમનો ઉત્સવ છે, મોહનો નહીં; સતનો ઉત્સવ છે, અસતનો નહીં; રંગનો ઉત્સવ છે, કર્દમનો નહીં; સૌંદર્યનો ઉત્સવ છે, બિભત્સતાનો નહીં. આ શુદ્ધિનો ઉત્સવ છે, આપણા આત્માને લાગેલી અંધકારની રજને ધોઈ નાંખવાનો ઉત્સવ છે. હવેથી તો પ્રકાશનાં પુણ્યજળથી જ આત્માને વધુ ને વધુ અંઘોળ કરાવવાનો ઉત્સવ છે. કાંટા અને ઝાંખરાંને તોડી સાફ કરીને રંગબેરંગી ને પરમ સુગંધિત પુષ્પો ઉઘાડવાનો ઉત્સવ છે. સંસારમાં સ્નેહનાં બીજ વાવવાનો ઉત્સવ છે, બંધુતા ખીલવવાનો ઉત્સવ છે. વ્યક્તિનો જ નહીં પણ સમષ્ટિનો ઉત્સવ છે. સ્વનો છે તેમ પરનો છે. આપણો, આપણાં કુલનો, ગામનો, પ્રાંતનો, દેશનો, ખંડનો, જગતભરનો ઉત્સવ છે. આપણા છૂટા છૂટા સૂરો ગમે તેવા હોય, છતાં આજે તો આપણા એ સર્વ સૂરો એકજ સિતારમાં પૂર્ણ સંવાદમાં ગોઠવાઇ રહે, અને તે પર મહાવસંતના ગાનના અદ્‌ભુત સૂરો ગવાઈ રહે, એવી વિવિધતામાં એકતાનો આ ઉત્સવ છે. આજે તો આપણા રાગવિરાગની સર્વ વિષમતા ત્યાગીને આપણે સૂરમાં સૂર પૂરીને એક પિતાનાં સંતાનો જેવાં સ્નેહબંધનમાં રહીને આ ઉત્સવ ઉજવવાનો છે. આજે **वसुधैव कुटुम्बकं**નો ઉત્સવ છે. ભૂત અને ભવિષ્યને વર્તમાનમાં સાંકળવાનો ઉત્સવ છે. અનંતતાને પળમાં સમાવવાનો ઉત્સવ છે. વિજ્ઞાનીઓના ઉત્ક્રમનો ઉત્સવ છે, તત્ત્વજ્ઞાનીઓના સમન્વયનો ઉત્સવ છે, કવિઓની અમર વસંતનો ઉત્સવ છે. પયગંબરોના નવપયગામનો ઉત્સવ છે. આજે જડચેતનનો ભેદ નથી. સૌના ફુલપરાગ ખીલ્યા છે. અને પમરે છે, ઉષા ને સંધ્યાના કપોલ જેવી સૌને કપોલે આજે ગુલાલની લાલી પથરાય છે. આજે સર્વ પ્રજાઓનો ઉત્સવ છે.

### (૨)

વસંત એટલે સત્યનું ને સૌંદર્યનું પુનઃસ્થાપન. **सत्यं शिवं सुन्दरं** જે સત્ય છે તેજ સુંદર છે, સત્યમાં બધી સુંદરતા સમાયેલી છે, સૂર્યના કિરણે કિરણે સત્ય ઝળકળે છે, તોજ તેમાંથી સૌંદર્યની ધારા ફુટે છે, અને મેઘધનુષ જેવી અદ્‌ભુત સુંદરતા પ્રકટે છે. જગત સત્યથી વેગળું જાય એટલે સૌંદર્યથી વેગળું જાય છે. એ સૌંદર્ય તેજને પૃથ્વી ત્રાંસી

આંખે જોય ત્યાંથીજ તેના અંધાર વધવા માંડે છે. એ અંધાર વધતાં આંખોમાંથી સૌંદર્ય ઘટતું જાય છે, એટલે સ્નેહ સરતો જાય છે. એ સ્નેહ સરતાં જગતમાં આસુરી માયા વધે છે. એ સ્નેહ સરતાં સંવાદ તૂટે છે અને સર્વ કાંઇ અંધારે અથડાય છે. આ જગતની બધી અથડામણો-બંધુબંધુની, દેશ-દેશની, પ્રજાપ્રજાની-એ સૌંદર્યથી દૂર જતાંજ થાય છે, પશ્ચિમની પ્રજાઓ પોતાને આજે સુધરેલી કહેવડાવે છે, પણ આ સત્ય ને સૌંદર્યનું તત્ત્વ તે ઊંધે માર્ગે ખોળે છે. એ તત્ત્વ તો સ્નેહ છે. પશ્ચિમને તો આજે સ્નેહ કરતાં સ્વાર્થ વહાલો છે, અને પરિણામે આજે જગતની જૂદી જૂદી પ્રજાઓ આખીયે જૂદી જૂદી લશ્કરી છાવણીઓ રૂપે એકમેક સામે હથિયારો ખખડાવે છે. જગતમાં આજે દ્વેષના અંધકાર વધ્યા છે, કારણ કે સ્નેહનાં તેજ તેની આંખમાંથી ઝપાટે સર્યાં જાય છે.

(૩)

( આશાવરી )

આવો, કરીએ આજે ભારતની સૌ અલાબલાની હોળી!
જોજો, દીઠી પણ પરખી નહીં એવા ભલાભલાની હોળી!
—આવો !

કંઈ કંઈ સદીનાં બાઝયાં હૈયે અણુપીટયાં અંધારાં;
કંઇક છૂટયાં, ને કંઇક રહ્યાં, તે કરો બધાંની હોળી!
—આવો !

તારકરથ બ્રહ્માંડ તણો ના થોભે નિદ્રિત માટે;
ઊઠો, કરો ઉર જડતા ભરતી એ નિદ્રાની હોળી !
—આવો !

દ્વેષ, પ્રમાદ, કુસંપ વસે ત્યાં જંપ મળે પળ કોને ?
કરો જુગોની સુખઘાતક એ મૂરખતાની હોળી !
—આવો !

વહેમ, ગુલામી, કાયરતા ને નીચ સ્વાર્થની વાતો;
કરો આત્મદુર્બળ કરતી એ કર્મકથાની હોળી !
—આવો !

પરપોટાનાં મોતી જેવી પર આશ્રયની આશા,
કરો જીવનજડ હીણુ કરતી એ પરઆશાની હોળી !
—આવો !

ઉઘડયાં આનંદદ્વાર પ્રભાનાં, વસંતપદ સંભળાએ !
આજ અદલ ભારતદુખડાંની કરો સદાની હોળી !
—આવો !

—શ્રી ખબરદારના 'વસંતોત્સવ'પરના ભાષણમાંથી.

---

# તંત્રીની નોંધ.

## ૧. જૈનો અને મી. મુનશીનું પ્રકરણ

મી. કનૈયાલાલ માણેકલાલ મુનશીનું 'પાટણની પ્રભુતા' નામનું પુસ્તક તેના 'ઘનસ્યામ' એ તખલ્લુસથી બહાર પડયું ત્યારપછી જૈન કોમમાં ઘણો ખળભળાટ થયો હતો એ વાત તે વખતના જૈન પત્રો તેમજ અન્ય પત્રો પરથી જણાશે. તેમણે તે વખતે જણાવ્યું હતું કે

'કેટલાક મારા જૈનમિત્રોના કહેવાથી મને માલમ પડે છે કે મારી 'પાટણની પ્રભુતા' નામની ચોપડીથી એમની કોમમાં કાંઇક અસંતોષ થયો છે, તેમજ એમ પણ કહેવામાં આવે છે કે આ નવલકથા શ્રાવકોને અને તેમના ધર્મને અપમાન કરવાના હેતુથી લખાયેલી હોય એમ માનવામાં આવે છે. જો આવો અસંતોષ થયો હોય જો આમ માનવામાં આવતું હોય તો ખરેખર મને ઘણીજ દિલગીરીનું કારણ મળે એમ છે-અને જો આવો ખ્યાલ કોઇને પણ આવશે એમ મેં ધાર્યું હોત તો તેમાં બને તેટલો ફેરફાર કરવામાં મને કાંઈપણ ઉણપ જણાત નહીં.

'મારા પોતાના અભિપ્રાય પ્રમાણે જૈન અને બ્રાહ્મણ મતના અનુયાયીઓ વધારે એકઠા થાય તોજ ગૂજરાતનું શ્રેય છે એમ હું માનું છું; જૈન અને બૌદ્ધધર્મના સંસ્કારો વડે જ હિન્દુ સંસ્કૃતિ અને હિંદુ રાષ્ટ્રીયતાનું ગૌરવ આટલું ઉચ્ચ છે; અને ખાસ કરીને ગૂજરાતના ઇતિહાસના વિજયી દિવસોમાં સત્તા, પ્રભાવ અને વિદ્વત્તા જૈનોમાંજ હતી તે જોઇ તેમની પાછલી કારકીર્દી મને શૃંગારસમી લાગે છે.

વિશેષમાં તેમાં મૂકેલા આનંદસૂરિ નામના જૈન-યતિના પાત્રે જે જે કાર્યો તે કર્ત્તાએ કરાવ્યાં છે તે 'જતિ કે જમદૂત' એવા એક પ્રકરણના મથાળાને બરાબર સિદ્ધ કરે છે. આવાં કાર્ય તેને જૈનયતિ

કહી તેની પાસે કરાવવાં એમાં કયો શુદ્ધ આશય છે? તેના જવાબમાં તેમણે જણાવેલું યાદ છે કે

'હેમાચાર્યે પોતાની શાન્ત અને ગૌરવશીલ રાજ્ય-નીતિથી ગૂજરાતને કેમ જૈનમતના સામ્રાજ્ય નીચે આણ્યો તે દેખાડવાનો હોવાથી–કોઇપણ કાલ્પનિક પુરૂષને એવો ચીતરવાની જરૂર જણાઇ કે જેની અધમતાથી હેમાચાર્યની મહત્તા છે તેના કરતાં પણ વધારે તેજસ્વી દેખાય; અને જે તે ન કરી શકયો તે વધારે સારી રીતે, હેમાચાર્ય કરી શકયા એ સ્પષ્ટ થઈ શકે. આ માટે જો બીજાં પુસ્તકો પ્રગટ થશે તો આ બે વચ્ચે શો ફેર છે અને શામાટે આનંદસૂરિ કલ્પવાની જરૂર જણાઇ છે તે સ્પષ્ટ સમજાશે......'

શું આનંદસૂરિ એ કાલ્પનિકજ નામ કે પાત્ર છે? મી. મુનશી પોતાના બચાવમાં તેને તેમ ભલે જણાવે, અને બીજા જે જૈનઇતિહાસમાં ઉંડા ઉતરી શકયા નથી તે પણ ભલે તેમ માને, પણ અમને તો એમ લાગે છે કે તે આણંદસૂરિ એ નામની વ્યક્તિ તે સમયમાં થઇ ગયેલ છે. અને તેનો ટૂંક ઇતિહાસ નીચે પ્રમાણે છેઃ—

અમરચંદ્રસૂરિ અને આનંદસૂરિ એ બંને ગુરૂ-ભાઈ હતા; તે બંને નાગેંદ્રગચ્છમાં થએલા મહેંદ્ર-સૂરિના શિષ્ય શાંતિસૂરિના શિષ્ય હતા. તેઓ બંનેને ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહ તરફથી 'વ્યા-ઘ્રશિશુક' (વાઘનું બચ્ચું) અને સિંહશિશુક' (સિંહનું બચ્ચું) નાં બિરૂદ મળ્યાં હતાં. આ પૈકી અમરચંદ્ર સૂરિએ 'સિદ્ધાંતાર્ણવ' નામનો મહાન ગ્રંથ રચેલો છે, અને તેમના શિષ્ય હરિભદ્રસૂરિ હતા–તેમના શિષ્ય વિજયસેનસૂરિ હતા અને તેમના શિષ્ય ઉદય પ્રભસૂરિ હતા કે જે ઉદયપ્રભસૂરિએ 'ધર્માભ્યુદય મહાકાવ્ય' નામનો વસ્તુપાલ મંત્રીના ચરિત્ર રૂપ ગ્રંથ રચ્યો છે. (જુઓ જૈન ધર્મનો પ્રાચીન ઇતિ-હાસ ભાગ ૧ હીરાલાલ હંસરાજ કૃતમાં અમરચંદ્ર સૂરિ (૧) પૃ. ૫, આનંદસૂરિ (૧) પૃ. ૭.)

આ નાગેંદ્રગચ્છના મહેંદ્રસૂરિથી તે વિજયસેન સૂરિ પર્યંતની પરંપરાનું વર્ણન સંસ્કૃતમાં પ્રાયઃ અજૈન કવિ અરિસિંહના સુકૃતસંકીર્ત્તનમાં ચોથા સર્ગમાં આપ્યું છે. તેમાં ઉપરોકત આનંદ અને અમરસૂરિના સંબંધમાં શાંતિસૂરિના શ્લોક પછી નીચેના શ્લોક આપ્યા છેઃ—

तत्पदेऽति विदितप्रथावथानन्द सूर्यमर सूरि संज्ञकौ
वासमंदिरविलासमंदिरे श्रेयसां मुनिविभू बभूवतुः ॥१९॥
शैशवेऽपि मदमत्त वादश्विद् वारवारणनिवा-रणक्षमौ
यौ जगाद जयसिंह भूपति र्व्याघ्रसिंह शिशुका विति स्वयम् ॥२०॥

આ પરથી વાઘ અને સિંહના બચ્ચાનું ઉપનામ આનંદસૂરિ અને અમરસૂરિ, સિદ્ધરાજ જયસિંહ રાજા પાસેથી મદમત્ત વાદીઓને બાલ્યકાળમાં પણ જીતી શકવાને લીધે, પામ્યા હતા એ નિશ્ચિત થાય છે. એ પૈકી આનંદસૂરિનું નામ સિદ્ધરાજના પિતા કર્ણદેવના સમયમાં પોતાનાં પાત્રને માટે સ્વીકારી તે વાઘ કે સિંહના બચ્ચાને વાદીઓ સાથે યુદ્ધ ન કરાવતાં પોતાની મનમાનેલી કલ્પનાના બળે અણછાજતા, તેમજ જૈન સાધુને માટે કુત્સિત અને નિંદ્ય કાર્યો કરતાં મી. મુનશીએ દાખવેલ છે, એમ અમને લાગે છે.

હવે આ વાત 'પાટણની પ્રભુતા' પર થઇ, તે સંબંધીનો ખુલાસો તે વખતે બહાર પડતાં પડતાં રહી ગયો. ત્યારપછી હેમાચાર્યની સરખામણીમાં મૂકવા માટે આણંદસૂરિ પોતે મૂકેલ છે એમ મી. મુનશીએ જણાવ્યું હતું, તો શ્રીમદ્ હેમાચાર્ય સંબંધમાં પોતે શું કરેલ છે તે તેમનાં ત્યારપછીનાં પુસ્તકોમાં મળી આવે છે. મંજરી સાથેનો સમાગમ અને તેથી તેમને થતો વિકાર બતાવ્યો એમાં શું હેમાચાર્યની બતાવવા ધારેલી મહત્તાની તેજસ્વીતા છે? એ વિષેનું જે પ્રકરણ મી. મુનશીએ લખ્યું તે લખતા પહેલાં અમારી સાથે પત્રવ્યવહાર કર્યો હતો જે જૈનયુગના પુ. ૧ અંક ૪-૫ માં પ્રકટ થઇ ગયેલ છે; અને અમોએ અમારા તા. ૩૧-૧૦-૨૨ ના પત્રમાં બીજી અનેક બાબતો ઉપરાંત 'હેમચંદ્ર માટે કલ્પેલો પ્રસંગ જૈનોના આત્માને દુભવશે' એમ જણાવી દીધું હતું. છતાંએ મી. મુનશીએ તે કલ્પીને લખ્યો ને પ્રકટ કર્યો. એમ કરવામાં તેમનું માનસ (mentality) કેવું હોઇ શકે એ નિશ્ચિત રીતે અનુમાનમાં આવી શકે તેમ છે.

'મુંજાલને મિનલનો આશક કર્યો. ઉદાને પરસ્ત્રી અપહરણ કરનાર ચીતર્યો, આમ્રભટ્ટને મૂર્ખો-પરસ્ત્રી લુબ્ધ બતાવ્યો' વગેરે પ્રકારે અનેક જૈન ઐતિહાસિક પાત્રોને માટેનું પાત્રાલેખન થયું છે એ નિષ્પક્ષપાતી વાચકો સ્પષ્ટ સમજી શકે તેમ છે, અને તે પણ અમે અમારા ઉક્ત તા. ૩૧-૧૦-૨૨ ના પત્રમાં જણાવી દીધું છે.

એક વિદ્વાન્ લેખક નિરંકુશતાથી પોતાના મન માન્યા-મનગઢંત વિચારોને-ખ્યાલોને પાત્રો સાથે વણી દઇને કેટલે દરજ્જે જઇ શકે છે તેનાં જવલંત દૃષ્ટાંતો તરીકે મી. મુનશીની નવલકથાઓ છે એમ અનેક સુજ્ઞો કહી શકે છે. તેમનાં પુસ્તકો વગેરેની સાલવારી ૨૦-૩-૨૭ ના મુંબઇ સમાચારમાંથી 'મી. મુનસી વિરૂદ્ધ જઇનો' એ નામના એક ગ્રેજ્યુએટના ચર્ચાપત્રમાંથી લઇને અત્ર મૂકીએ છીએઃ સન ૧૯૧૩ માં પાટણની પ્રભુતા, ૧૯૧૭ માં ગુજરાતનો નાથ, ૧૯૨૨માં રાજાધિરાજ પુસ્તકાકારે પ્રસિદ્ધ થયાં. ૧૯૨૬ માં ગુજરાતના જ્યોતિર્ધરો—પછી તેજ વર્ષમાં રા. મુનશીએ જઇન કોમની સ્ત્રી સાથે લગ્ન કર્યું સન ૧૯૨૭ ના ફેબ્રુઆરીને અંતે રા. મુનશીએ મુંબઈની ધારાસભા માટે ઉમેદવારી બહાર પાડી.

કોઇપણ પુસ્તકના પરિણામે જૈનો અને બ્રાહ્મણો વચ્ચે-હિન્દુઓ વચ્ચે વિશેષ વૈમનસ્ય ઉત્પન્ન થાય, એ કોઇ રીતે ઇચ્છવા યોગ્ય નથી. ભૂતકાલમાં શ્રમણ-બ્રાહ્મણના ઝઘડા થયા હોય અને એકબીજાએ એકબીજાની વિરૂદ્ધ લખ્યું હોય તે વાતનો આ યુગે પડદો પાડી દીધો છે અને પાડી દેવો ઘટે. આ યુગ એમ માગે છે કે હિંદુઓનું સંગઠન કરો-બલ્કે હિન્દીઓનું સંગઠન કરો. અરસ્પરસ સહકાર કરો, અસહિષ્ણુતાને તિલાંજલિ આપી એખલાસ કેળવો અને વધારો; છતાં ભણેલા ગણેલા મોટી ડીગ્રીઓ ધરાવતા સાક્ષરો અરસ્પરસ લડાલડી કરે, અને એક બીજાપર આક્ષેપો મૂકે, અને તેમાં કેટલાક અસંયમી લેખકો અમુક ધર્મ પાળતી ઐતિહાસિક વ્યક્તિઓનું ચારિત્રનિરૂપણ પોતાના જનસ્વભાવના માનેલા ધોરણપર દોરાઇને કરી તેમને નીચા-હલકા-અધમ કે અવગુણવાળા બતાવાય, તેથી તે ધર્મના અનુયાયીઓના મનમાં વિષાદ ઉત્પન્ન કરે એતો આ શાંતિઇચ્છક સંગઠનપ્રિય જમાનામાં વિષમયજ ગણાય.

## ૨. મી. મુનશી કમિટી.

આ કમિટી કેમ ઉપસ્થિત થઇ તે થોડાનેજ માલૂમ હશે. મુંબઇમાં મુનિ શ્રી દર્શનવિજયજીનું ચોમાસું હતું. વ્યાખ્યાનશાળામાં અનેક જાહેર વ્યાખ્યાનો-શ્રી આત્મારામજી જયંતી-શ્રી બુદ્ધિસાગરજી જયંતી આદિ પ્રસંગોએ ઉક્ત મુનિશ્રી તેમજ ન્યાયવિજયજીએ શ્રી હેમાચાર્યના પર આક્ષેપ કરતી મી. મુનશીની નવલકથાનો ઉલ્લેખ સખત રીતે કર્યો હતો અને પછી તેવા જૈન ઐતિહાસિક વ્યક્તિઓ પરના આક્ષેપો દૂર કરાવવા માટે કૉન્ફરન્સ ઓફિસપર તેમણે પત્ર લખ્યો હતો. આ પત્ર પર વાટાઘાટ ચાલતાં તા. ૨૮-૬-૨૬ ના રોજ આ પેટા સમિતિ શ્રી કૉન્ફરન્સની સ્ટૅન્ડિંગ કમિટીએ નીમી હતી, અને તેનો રિપોર્ટ તા. ૧૫-૩-૨૭ ને રોજ તે પેટા સમિતિએ પોતાની અનેક મંત્રણા-સભાઓ ભરી કર્યો હતો. આ રીપોર્ટ આ અંકમાં મૂકવામાં આવ્યો છે.

## ૩. પ્રોટેસ્ટ સભા.

પ્રાયઃ ફેબ્રુઆરી આખરમાં યુનિવર્સીટી ગ્રેજ્યુએટો તરફથી બહુમતિથી ચુંટાયલા ડા. પ્રાંજપેએ ધારાસભામાંથી સભ્ય તરીકે રાજીનામું આપતાં મી. મુનશી એક ઉમેદવાર તરીકે બહાર પડયા. આ બાજુ રીપોર્ટ તૈયાર થતો ગયો. ધારાસભાના સભ્ય તરીકેની ચુંટણી ૨૨-૩-૨૭ ને રોજ નક્કી થઈ હતી. આથી કેટલાક તરફથી એ પ્રશ્ન કરવામાં આવ્યો કે મી. મુનશી જૈનકોમની દુખાયેલી લાગણી શાન્ત ન કરે તો પછી જૈન ગ્રેજ્યુએટોએ તેમને વોટ આપવો કે નહિ; અને જો વોટ ન આપવો એવું જૈનગ્રેજ્યુએટનું કર્તવ્ય ઠરે તો જૈનગ્રેજ્યુએટોનું તેવા કર્તવ્ય તરફ લક્ષ દોરવું કે નહિ? આ પ્રશ્ન પર વિચાર કરવા બેસીએ તે પહેલાં મી. મુનશીની સાથે પત્રવ્યવહાર કરવો અને તેમને તક આપવી એ યોગ્ય અને પ્રથમ દરજ્જાનું કાર્ય ગણવામાં આવ્યું

અને પત્રવ્યવહાર ચાલુ થયો. ૧ લો પત્ર મી. મુનશીને તા. ૧૩-૩-૨૭ નો લખાયો કે જે પેટા સમિતિના એક સભ્ય રા. મોતીચંદ ગિ. કાપડીઆને બતાવી તેમની અનુમતિ લઇને મોકલવામાં આવ્યો હતો. આ પત્રમાં જે જે વાંધાકારક વસ્તુઓ હતી તે જણાવી તે સંબંધમાં જૈનોની દુખાયેલી લાગણીને માન આપી તે માટે યોગ્ય કરવા જણાવવામાં આવ્યું હતું. તેના જવાબમાં પોતાની ઇચ્છા લાગણી દુખાવવાની નહોતી. દુખાઇ હોય તો પોતે દિલગીર છે એવું કંઈપણ જણાવ્યા વગર એટલું જણાવ્યું કે (ચુંટણીનો દિવસ) તા. ૨૨-૩-૨૭ પછી પોતે મળી શકે તેવો વખત આપવા જણાવ્યું; આ પરથી સામો જવાબ તા. ૧૬-૩-૨૭ નો અપાયો કે જે ખાસ વાત તેઓ સામાન્ય રીતે જણાવે એવું-ક્ષુબ્ધ લાગણીને શાંત કરવાનું વચન આપવા જેટલું પણ-વક્તવ્ય ન મળે એ યોગ્ય નથી; અને એક પ્રોટેસ્ટ સભા તુરતજમાં મળે એવો સંભવ છે માટે તુરતજ તે યા બીજે દિને મેળાપ થઇ શકે તો સારૂં, (આ પત્ર લખ્યા પહેલાં પેટા સમિતિનો રીપોર્ટ થઇ ગયો હતો) આનો ૧૭ મી માર્ચનો ઉત્તર મી. મુન્શીએ આપ્યો કે પોતાનો ઇરાદો કોઇની લાગણી દુભવવાનો કે જૈનકોમને ઉતારી પાડવાનો હતો નહિ એ વાત તેમણે વિદ્યાવિજયજી સાથેના પત્રવ્યવહારમાં (આ પત્રવ્યવહાર આ અંકમાં અન્ય સ્થળે પ્રકટ થયો છે) સ્પષ્ટ કરેલ છે. મળવાનો વખત શનિવાર તા. ૧૯ મીએ સવારે ૯ વાગે પોતાના ઘરમાં આપ્યો. મુનિશ્રી વિદ્યાવિજયજી સાથેના પત્રવ્યવહારમાં કરેલો ખુલાસો અસંતોષકારક હતો એ તે વાંચતાં જણાશે ( અને એ ખુદ ઉક્ત મુનિશ્રીના ધર્મધ્વજ પત્રના ગત ચૈત્ર સુદિ ૧૪ ના અંકમાં 'શ્રીયુત મુનશી અને જૈન સમાજ' એ મથાળા નીચે જણાવવામાં આવ્યું છે) એમ જણાવી તૈયાર થયેલ રીપોર્ટ તા. ૧૮-૩-૨૭ ને રોજ રાત્રે મળનારી જાહેરસભામાં મૂકવામાં આવશે ને તે વખતે યોગ્ય ઠરાવો થશે તો મળવાનો વખત તે ૧૮ મીએ દિવસના ત્રણ વાગ્યે મુંબઇ-માંગરોળ જૈન સભાના હોલમાં રાખવો વધારે યોગ્ય થશે, આનો જવાબ મી. મુનશીએ આવેશમાં આવી જઇ પત્રવ્યવહારની સભ્ય મર્યાદા ઉલ્લંઘી જઇ જે તા. ૧૭-૩-૨૭ નો જણાવ્યો તેનો સાર અત્રે મૂકવાની જરૂર નથી કારણકે તે સમગ્ર વાંચવાની જરૂર છે. આ સમગ્ર પત્રવ્યવહાર જાહેર છાપામાં છપાઇ ગયો છે. અને આ પત્રના ચૈત્ર અંકમાં આ સાથે પ્રકટ કરવામાં આવ્યો છે.

**૪. આ સંબંધે 'ગુજરાતી'નું વક્તવ્ય.**

**જૈન પત્રોના સુર જુદે જુદે સ્થળેથી નીકળ્યા છે તેમજ જૈન સમાજમાં જુદે જુદે ગામે જે ઠરાવો થયા છે તે એક બાજુએ અત્યારે રાખી, 'ગુજરાતી' પત્રનું ૨૦ મી માર્ચ ૨૭ ના અંકમાં જે અધિપતિની નોંધ ' જૈનો અને મી. મુનશી ' એ મથાળા નીચે લખવામાં આવી છે તે અત્ર ઉતારીએ છીએઃ-**

"મી૦ કનૈયાલાલ માણેકલાલ મુનશી ગુજરાતી સાહિત્યમાં એક વાર્તાકાર તરીકે વાર્તાનું વસ્તુ ગુંથવામાં કાંઇક નવીનતા હોવાથી એમની પ્રારંભની વાર્તાઓએ ચોક્કસ વાચકવર્ગનું સારૂં આકર્ષણ મેળવ્યું; પણ ત્યાર પછી આ વાર્તાઓની મૌલિકતા સંબંધમાં વિચારવા યોગ્ય ચર્ચા ઉપસ્થિત થયેલી છે અને નિઃશંક તજ્જ્ઞ વિદ્વાનો કહે છે અને માને છે કે આ વાર્તાઓનાં પાત્રો અને તેમના આત્મા ફ્રાન્સના જાણીતા નવલકથાકાર ડુમાનાં છે, પણ મી૦ મુનશીએ વેશપાલટથી એ પાત્રોના દેહને ગુજરાતના લોકોનાં વસ્ત્રો પહેરાવેલાં છે અને પાત્રોના જીવનને ગુજરાતીઓનો, સાંપ્રત જમાનાના નવ ગુજરાતીઓનો રંગ ચઢાવવા પ્રયાસ કર્યો છે. આ પ્રમાણે લેખકો પોતાની કાલ્પનિક વાર્તાઓ માટે એક નવી સૃષ્ટિ ઉત્પન્ન કરે તેમાં તો કાંઈ ખાસ વાંધા જેવું લેખી શકાય નહીં. પણ મી૦ મુનશીએ તો પોતાની વાતોને ઇતિહાસનું સ્વરૂપ આપવાને ગુજરાતના ઇતિહાસનાં મશહુર અને લોકસંમાન્ય પાત્રોને લીધાં છે તેમ બીજી કેટલીક વાર્તાઓમાં પૌરાણિક પાત્રોની યોજના કરી છે, અને તેમાં એમણે એ લોકસંમાન્ય પાત્રોના પાત્રત્વને, વ્યક્તિત્વને વિકારશીલ, કહો કે દુષિત કર્યું છે; અને એથી તે સામે ગુજરાતના રસજ્ઞ વાંચકોએ વાંધો ઉઠાવેલો છે, કારણ કે આ કહેવાતી ઐતિહાસિક વાતોના વાંચનથી લોકોમાં એ સંમાન્ય પત્રોનાં ચારિત્ર્ય આદિ સંબંધમાં અશ્રદ્ધા અને ભ્રમ ઉત્પન્ન થાય અને ખોટા વિચારો બંધાય એવો સંભવ છે. આમાં પણ લોકોમાં પૂજ્ય મનાતાં પાત્રો જાણે અપવિત્ર ભાવનાઓવાળાં હોયા વિનાનાં અને કસોટીના અગ્નિમાં શુદ્ધ થયા વિનાનાં હોઇ શકેજ નહિ એવો ખ્યાલ મી૦ મુનશીની

વાર્તાથી બંધાવાને લીધે લોકોનો તેમની વાર્તારીતિ સામે તીવ્ર વિરોધ જાગ્યો છે. મી૦ મુનશીએ જો પોતાની વાર્તાની પ્રસ્તાવનામાં, વાચકોએ એ વાર્તાઓનાં પાત્રોને સાચાં ઐતિહાસિક લેખવાં જોઇતાં નથી, પણ તેમનાં ચરિતોમાં રસ જમાવવા માટે પોતે કલ્પનાનો ઉપયોગ કરેલો છે માટે કાલ્પનિક પાત્રો માનવાં ઘટે છે એટલુંજ જો સ્પષ્ટ સ્વીકાર્યું હોત તો કોઇને વાંધો લેવાનું કારણ રહેતે નહિં. પણ મી૦ મુનશીએ અવારનવાર ટીકાબાણો છૂટવા છતાં એવો ખુલાસો નહિં કરતાં ઉલટું કઠોર મૌનનું અવલંબન કર્યું છે; અલબત્ત તેમાં એક અપવાદ તેમણે કરેલો છે. "સ્વપ્ન દૃષ્ટા"માં હઝરતપાક પેગમ્બર સાહેબના સંબંધમાં ઈસ્લામીઓને આશ્ચર્યચક્તિ ત્વરાથી સંતોષવાનું યોગ્ય વિચાર્યું છે. પરંતુ જૈનોનો પણ એવોજ વાંધો હોવા છતાં તેમને ઘટતો સંતોષ આપવામાં અસાધારણ વિલંબ લગાડયો છે, તેથી કુદરતી રીતે જૈનોમાં ઘણો કચવાટ ઉત્પન્ન થયો છે. મી૦ મુનશીએ જેમ ઈસ્લામીઓને સંતોષ આપવાને યોગ્ય વિચાર્યું તેમ જૈનોને પણ સંતોષ આપવો જોઇતો હતો. પણ તેમણે તેમ નથી કર્યું એ સહજ આશ્ચર્યકારક છે. જૈનોએ તેથી સ્વાભાવિક રીતે પ્રેરાઇને તા૦ ૨૯-૮-૨૬ને દિને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પાસે એક કમીટી નીમાવરાવી અને મી૦ મુનશી પાસેથી ઘટતો ન્યાય અને સંતોષ મેળવવાને યોગ્ય ચળવળ કરવાની શરૂઆત કરી હતી. પણ એ સંબંધમાં પ્રસિદ્ધ થયલા પત્રવ્યવહારથી જણાય છે તેમ મી૦ મુનશીએ આ બાબતનો તાત્કાલિક નિકાલ આણવાને અને જૈનોને સંતોષ આપવાને ઘણો લાંબો વિલંબ લગાડયો. એટલે યુનીવર્સીટી તરફની તેમની ઉમેદવારીનો આબાદ મોકો આવતાં જૈનોએ પોતાના વિરોધ અને ધંધાને મૂર્ત સ્વરૂપ આપવાને અનુકૂળ તક એકદમ હાથમાં લીધી છે. જૈનોએ તા૦ ૧૮ મીની રાત્રે મુંબઇ માંગરોલ જૈન સભાના હોલમાં એક જાહેર સભા ભરી ઠરાવ કર્યો છે કે "દિલગીરી જાહેર કરવા તથા ભવિષ્યમાં તેવાં લખાણો નહી લખવાની ખાત્રી આપવા માટે પૂરતી તક આપ્યા છતાં તેમણે તેમ કર્યું નથી માટે આ સભા ઠરાવ કરે છે કે જ્યાં સુધી મી૦ મુનશી સંતોષકારક જવાબ અને ઉપર્યુક્ત પ્રકારની ખાત્રી ન આપે ત્યાં સુધી વિરોધની નિશાની તરીકે જૈન મતદારોએ મી૦ મુનશીની તરફેણમાં મત આપવો નહીં તેમ મત મેળવી આપવામાં સીધી કે આડકતરી રીતે મદદ આપવી નહીં." આ સંબંધમાં અમારે એટલું કહેવું જોઇએ કે જૈનોનું આ પગલું સહજ છે તેટલુંજ અવસરને યોગ્ય નથી. અલબત્ત જૈનો મી૦ મુનશી પાસેથી ન્યાય મેળવવા અને સત્ય સ્વીકારાવવા ઘટતું મથન કરે તે સામે કોઇને વાંધો હોઈ શકે નહીં. પણ ધાર્મિક ચળવળને રાજકીય ચળવળ સાથે ભેળવી દેવામાં ભૂલ થઇ છે, એમ અમારૂં કહેવું અને માનવું છે. અલબત્ત મી૦ મુનશીએ ઇસ્લામીઓને ત્વરાથી સંતોષ્યા અને જૈનોને ના સંતોષી પોતાનો વિરોધ બતલાવ્યો તેથી કુદરતી રીતે જૈનોને ખોટું લાગે, એ ખરૂં. પણ મી૦ મુનશી યુનીવર્સીટી તરફથી ધારાસભામાં જવા માટે ઉમેદવાર તરીકે બહાર પડયા એ તકનો લાભ લેવા કેડ કસી છે, એટલે કે સાણસામાં સાપ સપડાતાં તેને વશ કરવાનો મોકો હાથમાં લીધો છે અને મી૦ મુનશી સામા પોતાનો વિરોધ દર્શાવ્યો છે, તે માટે જૈનોને મુબારકબાદી મળે એવું અમે માનતા નથી. ધાર્મિક પ્રકરણમાં મતભેદ હોવાને કારણે રાજદ્વારી પ્રકરણમાં તે મતભેદના વેરની વસુલાત લેવાય તે આવકારદાયી નથી. ઘણા પ્રતિનિધિઓ પોતાના ધાર્મિક વિચારો પ્રમાણે સમાજ અને સંસારના ઘાટ ઘડાવવા માટે ધારાસભામાં ગયા પછી પ્રયાસો કરે છે તે જેમ વાંધા પડતા છે તેમજ મતદારો પણ પ્રતિનિધિઓ પર પોતાના ધાર્મિક મતનો પડઘો પાડવાનું દબાણ કરે તે પણ યોગ્ય નથી. અમે બંને વસ્તુ નાપસંદ કરીએ છીએ. અને તેજ પ્રમાણે લેખકો પાત્રોને કલ્પનાના રંગો ચઢાવેલા હોય ત્યાં તેનો સ્વીકાર ન કરવાને આગ્રહી બને અને ઐતિહાસિક પાત્રોને વિકૃત સ્વરૂપમાં રજુ કરવાની જીદ લે તે પણ ઇષ્ટ નથી. પ્રસ્તુત પ્રકરણ સંબંધમાં જૈનોએ જૈન ગ્રેજ્યુએટોને સલાહ આપનારા પત્રો મોકલાવ્યા છે કે મી૦ મુનશીને તમારે ઉપયુકત કારણે મત ના આપવો, એ પગલું અમને ઉપર્યુક્ત લાગતું નથી. તેમ મી૦ મુનશી જે વિરોધ અટકાવવામાં કુશળ છે તે આ પ્રસંગે કેમ ચૂકયા તે પણ એક આશ્ચર્ય છે. આવી તકરારોને અંગે બીજાઓ ફાવી જાય છે, જ્યારે નિરર્થક આગ્રહી થવામાં કોઇ જાતનો લાભ કે મહત્તા નથી."

## ૫ છેવટે—

અમે હૃદયપૂર્વક એ જણાવીએ છીએ કે 'લોક સમૂહ' ઉછળી જાય એ સ્વાભાવિક છે. ચુંટણીના સમયનો મોકો લઇ મી૦ મુન્શીને મત ન આપવા બાબતનો ઠરાવ કરવો એની યોગ્યતા અયોગ્યતા માટે મતભેદ હોય. છતાં રા. મુન્શી જેવાએતો સમજુ થઈ આખી કોમની ક્ષુબ્ધ લાગણીને માન આપી તેને યોગ્યરીતે સંતોષવી ઘટે અને એક સાક્ષર તરીકે તેઓએ તે પ્રકારની પ્રામાણિકતા બતાવવી ઘટે.

કમિટી સંબંધમાં રા. મોતીચંદભાઇએ જે ગેરસમજુત ઉભી કરી છે તે દૂર કરવા અમારૂં વકતવ્ય સ્થાનાભાવે મોકુફ રાખીએ છીએ. અમે તો આ પ્રકરણુ સર્વપક્ષને સંતોષ મળે તે રીતે પૂર્ણ થાય એજ અને એજ ઇચ્છીએ છીએ. એમ થશે માટે આવેશમય ન થવું એ વાતતો ઉપરોકત પ્રોટેસ્ટ સભામાં અમે વ્યકત કરી હતી. આગ્રહ તૂટે, શાંત પ્રકૃતિ ઉદયમાન થાય, સ્વચ્છ અને પ્રેમમય વાતાવરણ ઉત્પન્ન કરવાના પ્રયત્ન થાય તો એ ઇચ્છા પાર પાડવામાં વિલંબ ન લાગે, એવો અમને વિશ્વાસ છે. કવિ ખબરદારે વસન્તોત્સવમાં જેની હોળી કરવી ઘટે તે બતાવ્યું છે તેમાંથી એકજ કડી અત્ર ઉતારીએ છીએ કેઃ—

દ્વેષ, પ્રમાદ, કુસંપ વસે ત્યાં જંપ મળે પળ કોને ?
કરો જુગોની સુખ ઘાતક એ મૂરખતાની હોળી !
આવો કરીએ આજે ભારતની સૌ અલાબલાની હોળી !

### ૬. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ—

આ સંબંધે ગત પોષના અંકમાં ૨૦૨ માં પૃષ્ઠ પર જે અમે લખ્યું હતું તેમાં એ પણ હતું કે:-

'ઠરાવોમાં કેળવણી, હાનિકારક રિવાજો દૂર કરવા વિગેરે સંબંધી ચુપકીદી અમને તાજુબીમાં નાંખે છે.'

આ કથન પર સ્થા. જૈન કો. પ્રકાશના તંત્રીએ પોતાના ૪-૩-૨૭ ના પત્રથી અમારૂં ધ્યાન ખેંચી જણાવ્યું કે 'મુંબઇના અધિવેશન પ્રસંગે કેળવણી અને હાનિકારક રિવાજો ઉપર વધારે જોર દેવામાં આવ્યું છે. તે પ્રસંગે લગભગ ૩૨ ઠરાવો પાસ થયા છે, જેમાંના નં. ૭-૮, ૧૨, ૧૭, ૨૫ અને ૨૮ એ ઠરાવો પ્રતિ ખાસ આપનું લક્ષ ખેંચવામાં આવે છે. આશા છે કે આથી આપની તાજુબી દૂર થશે.'

અમે એ ઠરાવો વાંચ્યા, ને અમારી તાજુબી દૂર થઈ છે એટલુંજ નહિ પણ ઉલટો અતિ આનંદ થયો છે, અને અમારી અમુક એક પત્રમાં આવેલા ઠરાવો તે બધા ઠરાવો હશે એમ સ્વીકારી થયેલી ભૂલ જાહેર કરીએ છીએ. ઉક્ત જે ઠરાવો પર અમારૂં લક્ષ ખેંચ્યું છે તે એ છે કે

(૭) કોઈ પણ સ્થાનના પંચે નાના નાના ગુન્હાઓ માટે આરોપીને જન્મભર માટે જાતિબહાર ન મૂકવો. (૮) કેળવણીનો ઠરાવ-આ પરિષદ્ દરેક પ્રકારની શિક્ષાની સાથે સાથે તેના પ્રમાણાનુસાર પૂરતું ધાર્મિક શિક્ષણ રાખીને એક સ્થાનકવાસી જૈન શિક્ષા પ્રચાર વિભાગ સ્થાપિત કરે છે. અને તે દ્વારા નીચે લખેલાં કાર્યો કરવાની સત્તા જનરલ કમિટીને આપે છેઃ ૧ ગુરૂકુળ સમાન સંસ્થા સ્થાપન કરવાની જરૂરીયાત આ કૉન્ફરન્સ સ્વીકારે છે, અને જનરલ કમિટીને સૂચના કરે છે કે ફંડની અનુકૂળતા થતાંની સાથેજ ગુરૂકુળ ખોલવામાં આવે; ૨ જ્યાં જ્યાં કૉલેજ હોય ત્યાં ત્યાં ઉચ્ચ અને માધ્યમિક શિક્ષણ લેવાવાળા વિદ્યાર્થીઓ માટે છાત્રાલય (Boarding House) ખોલવું તથા સ્કૉલરશિપ આપવાની વ્યવસ્થા કરવી, ૩ ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરવા માટે ભારતવર્ષથી બહાર જવાવાળા વિદ્યાર્થીઓને લોન (loan) છાત્રવૃત્તિ આપવી. અને કૉલેજીયન વિદ્યાર્થીને કળાકૌશલ્ય, શિલ્પ અને વિજ્ઞાનની ઉચ્ચ શિક્ષા પ્રાપ્તિ માટે સ્કૉલરશિપો આપવી. ૪ પ્રૌઢ અધ્યાપક અને અધ્યાપિકાઓ તૈયાર કરવી. ૫ સ્ત્રી શિક્ષા માટે સ્ત્રીસમાજોની સ્થાપના કરવી. ૬ જૈન જ્ઞાનપ્રચારક મંડળ દ્વારા નિશ્ચિત થયેલ યોજનાને કાર્યમાં પરિણત કરવી તથા જૈન સાહિત્યનો પ્રચાર કરવો ૭ હિન્દી અને ગુજરાતી બંને વિભાગ માટે જુદી જુદી સેંટ્રલ લાઇબ્રેરી સ્થાપિત કરવી તથા પબ્લિક લાઇબ્રેરીઓમાં જૈન સાહિત્યના કબાટો મૂકવા. (૧૨) મહિલા પરિષદ્દના અધિવેશનની પણ આ કૉન્ફરન્સને ખર્ચે જરૂર. (૧૭) શ્રાવિકાશ્રમની આવશ્યકતા (૨૫) બાળલગ્ન, કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ, અનેક પત્નિઓ કરવી વગેરે કુરિવાજો નાબુદ કરવા (૨૮) બ્રહ્મચર્યાશ્રમ અથવા ગુરૂકુળની જરૂર. તે માટે જૈન ટ્રેઇનિંગ કૉલેજ સાથે તેની વ્યવસ્થા; તે માટે નીમેલી કમિટી.

આ ઉપરાંત અમે નહિ નોંધેલા ઠરાવો એ છે કે જોધપુરના મહારાજાને માદીન પશુઓની પોતાના સ્ટેટમાં હમેશને માટે બંધ કરેલી નીકાસ માટે ધન્યવાદ, ભારતના સ્થાનકવાસીઓની ડીરેકટરી દશ દશ

વર્ષે કરવી, સાધુ સંમેલનની આવશ્યકતા, બીકાનેર જૈન ટ્રેઇનિંગ કોલેજના સંચાલકોને ધન્યવાદ, અર્ધ માગધીકોષ માટે સરદારમલજી ભંડારીને ધન્યવાદ, ઉદેપુરના મહારાજ કુમારને પાર્શ્વનાથ જયંતિ દિન પોષ વદ ૧૦ ને જાહેર અગતો પળાવવાના હુકમ માટે ધન્યવાદ વગેરે. છેવટે અમારાથી અજાણ્યે થયેલ ભૂલ માટે અમો ક્ષમા ચાહીએ છીએ.

**૭. શેઠશ્રી ગુલાબચંદ દેવચંદનું શોકજનક અવસાન.**

માત્ર ૩૮ વર્ષની વયે આ સમાજમાં ગુલાબના પુષ્પસમા સુવાસી સંસ્કારી વિદ્વાન્ લક્ષ્મીપુત્ર સમાજના દુર્ભાગ્યે ગત માર્ચની ૮ મી તારીખે આ લોકમાંથી અદૃષ્ટ થયેલ છે. તેમને અંગ્રેજી ભાષાનું સારૂં જ્ઞાન હતું અને તેમનામાં સાર્વજનિક સેવાના સંસ્કારો યુવાન વયમાં પહેલા પ્રથમ સુરત કોંગ્રેસ થઇ ત્યારે ઝળક્યા હતા. જૈન સમાજ પ્રત્યે પોતાની અનુકુળતા છેવટ સુધી હતી. જૈન એસોસીએશન ઑફ ઇંડિયાના પ્રમુખ તરીકે સુન્દર કાર્ય કર્યું હતું. વેપારી અને ઝવેરી તરીકેની ખ્યાતિ સારી મેળવી હતી અને ઝવેરી મહાજન, મુંબઇની વ્યાપારી ચેંબર્સ, ધર્માદા કાંટાના ફંડ વગેરેમાં ઘણાં કામકાજ કાર્યકુશળતાથી કર્યાં હતાં.

'કેટલીકવાર ઉંચી પદવીએ પહોંચવા પછી કોઇ કોઇ પોતાના સમાજ અને સંપ્રદાયને વિસારી મુકવામાંજ પોતાની પ્રતિષ્ઠા સમજે છે. સ્વ. ગુલાબચંદ ઝવેરીને એ સંકુચિત ભાવના સ્પર્શી શકી ન હતી. સરકારી, વ્યાપારી રાષ્ટ્રીય સંસ્થાઓમાં માન અને પ્રતિષ્ઠા પામવા છતાં છેલ્લી ઘડી સુધી જૈન સંઘ અને સમાજના એક સેવક તરીકે ઓળખાવવામાં પોતાનું ગૌરવ માન્યું હતું.

તેમણે જૈન કૉન્ફરસની ઓછી સેવા બજાવી નથી. જ્યારે કૂટ પ્રશ્નો ઉપસ્થિત થતા, અને સંજોગોની ગંભીરતા થઇ પડતી ત્યારે પોતાની પુખ્ત અને પ્રામાણિક સલાહ આપવા ચૂકતા નહિ, એટલું જ નહિ પણ પોતાની હાજરીની જરૂર પડતી ત્યારે આવી કાર્યને હાર પાડવામાં કદી હઠતા નહિ.

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીમાં તેઓ સુરતના તરફથી એક પ્રતિનિધિ હતા, અને જાન્યુઆરી ૧૯૨૬ માં તેની ભરાયેલી સભામાં તેમણે કુશલતાથી લીધેલો ભાગ અમારા હૃદયમાં તાજો છે. સાત આગેવાનોની કમિટી નીમાવવામાં તેમનું અગ્રકાર્ય હતું. તે વખતના પ્રત્યક્ષ પરિચયથી તેઓ અમને એક 'ગુલાબી' આનંદી સજ્જન યથાર્થપણે જણાયા હતા.

સાહિત્યનો બહુ શોખ હતો. ગુજરાત સંસદમાં તેમણે જોડણી સંબંધી કરેલ વિવેચન ઘણું માર્મિક છતાં સ્વચ્છ હાસ્ય અને વિનોદ ઉત્પન્ન કરનારૂં હતું તે સાંભળી તેમનાં ગુજરાતી સાહિત્ય સાથેનો દીર્ઘ સમાગમ સ્પષ્ટ જોવામાં આવ્યો. તેમણે અમને એક વખત ખાસ કહેલું કે 'તમે ખૂબ લખો-તમારા જેવી મારી પાસે 'Facile Den' હોત તો હું કેટલુંયે લખી નાંખત'-આ માટે એમનો અમોએ આભાર માન્યો, છતાં અમોએ જણાવ્યું કે 'આપ લખો તો જરૂર સુંદર લખી શકો. લખવા માંડો કે તમારી કલમ અખંડિત પ્રવાહમાં ચાલી જશે વગેરે વગેરે.'

તેમનામાં મોટામાં મોટો સદ્‌ગુણ દરેક સાથે પ્રેમભાવ, અને ગુસ્સાનું કારણ હોય તે છતાં ક્રોધાવેશવાળા થયા વગર શાંતિથી વર્ત્તાવ રાખી વાતચીત કરી તોડ કાઢવાનો, યા સર્વને પ્રસન્નતા બતાવવાનો હતો. આ ગુણ દરેક આગેવાનમાં હોય તો કેટલું સારૂં!

ટુંકામાં તેમના અવસાનથી જૈન સમાજે એક સજ્જન, શાંત, નિર્માની, નિર્દંભી, સેવાપ્રિય આગેવાન ગુમાવ્યો છે અને એવા આગેવાનની જગ્યા લેનાર નજદીકના ભવિષ્યમાં સાંપડશે કે નહિ, એ વિચારે હૃદયને અતિ આઘાત થાય તેમ છે. ખરતા તારાની પેઠે એક પછી એક આગેવાનો ખરતા જાય છે શેઠ મોતીલાલ મૂળજી, શેઠ હીરાલાલ બકોરદાસ, શેઠ નરોતમ ભાણજી વગેરે ગયા. છેવટે 'ગુલાબ' પરિમલ વિસ્તારી ચાલ્યો ગયો. પ્રભુ! તેમના આત્માને શાંતિ, સમાધિ સાથની સદ્‌ગતિ આપો.

'કિત્તિય વંદિય મહિયા જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા, આરૂગ્ગબોહિલાભં સમાહિવરમુત્તમં દિંતુ'.

# અમારો સત્કાર.

## [ જૈન ઇતિહાસ-સાહિત્ય અંક ]

(૧) મુંબઇ, તા. ૩-૨-૨૭.

**આત્મબંધુ મોહનભાઇ,**

'જૈનયુગ'નો નવો અંક કાલે પહોંચ્યો. એના પર અવલોકન—પ્રસિદ્ધ કરવા ખાતર અવલોકનો લખાય છે તેવું—લખવાનો મ્હારો આશય ન જ હોય તે ત્હમને ભાગ્યે જ કહેવું પડે. મ્હને અને એ સામ્પ્રદાયિક Organsને સંબંધ શો? પણ મોહનભાઇ મ્હારા, એટલે એમના પોતાના વિકાસને એમના કાર્યદ્વારા જોઇ જે ખુશાલી સ્ફુરે તે ત્હેમને પોતાને જણાવવા પુરતો આ પત્રનો આશય.

'સાહિત્ય' સંબંધી મ્હારો ખ્યાલ અનેક 'ટુંકા'વાળા શત્રુંજય જેવો છે. જે નસીબવંતી ઘડી હું મ્હારા શત્રુંજયની અંતીમ 'ટુંક' પર ગાળતો હોઉં છું તે ઘડીએ મ્હને 'સાહિત્ય' એવી ભાવના (Concept) પણ થવા પામતી નથી તો એ કામની ચીજ કે નકામી, સારી કે ખોટી એવા તર્કોને તો જગા જ શાની હોય? એથી નીચાણની 'ટુંક' પર બેઠો હોઉં છું ત્યારે મ્હને સાહિત્ય પ્રફુલ્લિત કરતા પવન તરીકે સ્પર્શે છે-સ્થૂલરૂપે નહિ; અને પવન વીરોની પ્રકૃતિ રૂપે હોય છે. એમાં મહાવીર, કૃષ્ણ, રામ, નિત્શેનાં જીવનની સુગંધ માત્ર હોય છે, હકીકતો નહિ અને વાઙ્મય પણ નહિ. ભયંકર તીણા, છાતીને વીંધીને કાળજામાં પહોંચે એવા એ વાયરાની સુગંધીની અને કાળજાને સ્પર્શ્યા પછી એને થનથનાટ કરતું બનાવી દેવાની એની શક્તિની શું વાત કરૂં અને કરૂં તો માનશેય કોણ? કારણકે માનવા-ન માનવામાં 'આધાર' મંગાય છે Logicનો કે Historyનો કે પ્રમાણભૂત મનાયલા પુરૂષોનો! અને મ્હને એમાંના એકેકની ગરજ પાલવી નથી, બલ્કે એમાંનું કાંઇ આજસુધી શીખવા કોશીશે કરી નથી! એક વધુ નીચાણની 'ટુંક' પર આવું છું તો ત્યાં 'સાહિત્ય' નહિ પણ "સાહિત્ય શોધકો"—ત્હમારા જેવા 'ઢુંઢકો'-( ત્હમને ઢુંઢક શબ્દ તો શું પણ ઢુંઢક તરીકે જન્મેલાના નામને પણ મુખેથી ઉચ્ચારતાં 'ડર' લાગે છે, પણ ત્હમે પોતે 'ઢુંઢક' (અર્થાત્ શોધક) છો એ બાબતમાં કોઇબાથી પણ નાઇનકાર જવાય તેમ નથી! ) એક 'સમૂહ' તરીકે મ્હારી નજરે પડે છે. કૃષિકારની ભોળપથી અને એવી જ મહેનતથી તેઓ અહીંતહીં આથડી-ભટકી બીજ એકઠાં કરતા, વાવતા, પાણી પાતા, લણતા નજરે પડે છે. શું એમની મજુરી, શું એમનું ધૈર્ય, શું એમનો ભાવીપર ભરોંસો! ખેતીનો પાક તો સારામાં સારા વર્ષા આદિના સંજોગો મળી આવે ત્યારે પણ-આખી જીંદગીના ભાગ્યેજ ૨-૩ વર્ષની 'જરૂરીઆતો' માત્ર પુરે એટલોજ હોય છે; પ...ણ, એ ખેતીનું બીજું ફળ કોણ જાણે છે! કુદરતનું આખું શરીર એક પછી એક પડદા દૂર કરી એની સ્હામે ખુલ્લું થવા પામે છે. કુદરતના હાર્દ સાથે તે એકાકાર થાય છે. ત્હમારા આજના અંકમાં બિલ્હણની સુરત ક્રિયા આળેખવામાં આવી છે, તે બિલ્હણ આજની સુરત શક્તિ ગુમાવી બેઠેલી જનતાથી તો કંઇ ગુણી વધારે ઉત્તમ ક્રીડા કરી શક્યો, પણ હજી એમાં 'કાલકૂટ' જોવાનું ભૂલી ન શક્યો અને 'વાડવાગ્નિ'થી બળતો જ રહ્યો, જ્યારે ઉક્ત કૃષિકાર કુદરતથી જે એકાકારપણું પામે છે ત્હેમાં એને કાલકૂટ અને વાડવાગ્નિ નડતાં જ નથી. ત્યારે વધારે ઉન્નત સાહિત્યકાર કોણ: કવિ કે ખેડૂત? એ જ ખેડૂતની માફક ત્હમે સાહિત્યકૃષિકારો લાંબો વખત શ્રદ્ધાપૂર્વક મથતાં મથતાં એક દિવસ કુદરતના સર્વ ભેદો પામવાના. હમણાં તો એનીજ માફક માટી અને ધૂળ ( ભાષા અને વ્યાકરણ ) ચુંથવા પડશે, પણ **ઉપરથી** સૂર્ય અને **ચોતરફથી** પવન અને **અંદરથી** વસુધાનો અર્ક જેમ જેમ મળતો જશે તેમ તેમ કાંઇ નહિ ધારેલું-નહિ આશા કરાયલું-ઉડતા પક્ષી જેવું એકાદ રહસ્યજ્ઞાન અંદર ઉગી આવશે અને બાહ્ય પાક કરતા

અનંત કિમતનું એ ફળ કાંઇ અલૌકિક જ શક્તિ અને આનંદ આપશે. આ ઘટનાના ક્રમમાં શ્રદ્ધા હોવાથી જ ત્હમારૂં માસિક અવલોકું છું. મ્હને એમાં ખેડૂત મોહનનું શરીર પહેલા કરતાં વધુ દૃઢ અને ખીલેલું જણાય છે.

ત્હમે પોતે ૧૨૪ પૃષ્ટ પર 'સ્વાધ્યાય'નું સ્વરૂપ સ્હમજાવવા ટુંકમાં કોશીશ કરી છે, તે જોઇ હર્ષ થયો. પ્રાકૃત વર્ગ જેને 'સજઝાય' કહે છે તે જ તે સ્વાધ્યાય. એ ક્રિયાસૂચક શબ્દ છે; કોઇ ભાવના માત્ર નથી. હરેક મનુષ્ય, હરેક ચીજ, હરેક ઘટનાની સજઝાય કરાય ત્યારે મનુષ્ય 'દેવ' બને. અને રખે માનતા કે વાચનાના ૫ પ્રકાર **પાડી બતાવવામાં** જૈનશાસ્ત્રકારોએ એ કાંઇ નવીન શોધ હાથ કરી છે. એ તો સ્વાભાવિક ઘટનાનો ઉલ્લેખ માત્ર છે અને દરેક psychologist તે વગર વાચને જાણતો હોય છે. પણ સાઇકોલોજી જેની પ્રકૃતિમાં નથી અને શબ્દના અર્થની પેલી પાર જવાનું તો દૂર રહ્યું પણ અર્થનેય મેળવવાની ગરજ જેનામાં ઉગી નથી એવા જૈનોને ત્હમે આટલું કહીનેય મ્હોટો લાભ કર્યો છે એમાં શક નથી. પાંચ stagesમાં ચોથું stage Reflectionનું છે; પણ Reflectionની પીછાન આપવાનું રહી ગયું છે. કદાચ આશ્ચર્ય લાગશે કે વિદ્વાનો અને સાહિત્યકારો જ્યારે ચાર શ્રેણીએ ઉદ્યમપૂર્વક ચ્હડે ત્યારે Reflectionની ભૂમિકાને જરા સ્પર્શવા પામે; પણ born poet અને thinker અને philosopher તો Reflectionથી પ્રારંભ કરે! પહેલી ત્રણ ભૂમિકા એના પગ નીચે જ રહેતી હોય, અગર વધુ નમ્ર શબ્દમાં કહું તો, ચાર શ્રેણિપર એક સાથે એકી વખતે તે ચ્હડતો હોય. ત્હમે જે પાંચમું પદ 'ધર્મોપદેશ' એવા શબ્દથી ઓળખાવ્યું ત્હેને વાંચતાં મ્હારા ભાનમાંથી ધર્મ કે ઉપદેશ બન્ને ભાવો ખસી જઈને માત્ર Action, flowing એટલુંજ દશ્ય ખડું થાય છે. Reflection થયા બાદ મનુષ્ય જે કાંઈ કાર્ય કરે પછી તે 'સુરત'નું હોય કે ધર્મોપદેશનું-reflectionમાં મળેલા અનુભવથીજ નીપજતું હોય. એ કાર્ય માત્ર reflectionનું ગતિમાન થવાપણું હોય. આજના જૈનો કે અજૈનો reading પણ કરી જાણતા નથી અને બહુ તો re-captulating કે બહુ તો perverted and distorted thinking સુધીજ આવી શકે છે–અને તે પણ પ્રયત્ને, નહિ કે સ્વભાવતઃ—ત્હેમના નશીબમાં raflection અને એના સ્વાભાવિક પરિણામ રૂપ ધર્મોપદેશક્રિયા ક્યાંથી? પૃષ્ઠ ૧૮૫ પરના રા. કૃષ્ણલાલભાઇના શબ્દો "They acted and reacted on each other" મ્હારા અનુભવના પડઘા રૂપ લાગ્યા. જૈનો અને અજૈનો આટલા વર્ષ ભેગા વશ્યા પછી, હજારો ખાંડી કાગળો કાળા કર્યા પછી, આજે પહેલી વાર આટલું જ સત્ય શિખવા પામ્યા હોય તો હિંદની 'પ્રગતિ' કેટલી ધીમી છે તે સ્હેજે અને દુઃખ સાથે જોઇ શકાય છે. અજૈન કહેવાતાઓ હજી આટલે દિવસે પણ એટલું સત્ય જોઇ શક્યા, પણ જૈનો તો એટલુંય નથી કરી શક્યા. કારણ કે તેઓ હજી Action, thought અને word ત્રણેને ખાસ જૈન રૂપમાં જ ગોંધી રાખતા દેખાયા છે. એ જો શક્તિનું કાર્ય હોત તો હું એમની એ મહત્વાકાંક્ષાપર આફરીન થાત, પણ એ દૌર્બલ્યનું કાર્ય છે એવી મ્હને સમાજમાં આટલાં વર્ષ ગાળ્યા બાદ ખાત્રી ન થાય એમ ભાગ્યે જ બને. પ્રાચીન ગ્રીસ ન્હાનું છતાં સમસ્ત જગત્ પર તેણે વિજય મેળવ્યો હતો અને ગ્રીક પ્રકૃતિ અને સાહિત્યે પણ જય મેળવ્યો હતો, તે છતાં એણે કાંઇ જૈનો માફક ખાસ પરિભાષાનો મોહ કર્યો નહોતો. જૈનોએ પોતાની ખાસ પરિભાષા કરી એમાં મહાવીર જેવા સમર્થ આત્માનો કાંઇજ હાથ ન હતો, એ તો પંડીતોનો મોહ હતો અને તે ટુંકી દૃષ્ટિનું અભિમાન હતું, જેણે કહેવાતા મુઠીભર જૈનો સિવાયની તમામ જનતાને જૈન ખાબોચીઆમાં શું બને છે અને શું એની ભાવનાઓ છે તે જાણવાની ઇચ્છા થાય તો પણ એમ થવા ન પામે એવું અશક્ય બનાવી દીધું હતું. ત્હમે ભલે વિકાસક્રમના સાધન તરીકે જૈન ગુજરાતી અને જૈન મંદિરો, જૈન ઇતિહાસ, વગેરેનાં લાંબાં પહોળાં વિવેચનો કર્યા કરો–મ્હને તે માત્ર જૈનોમાં મિથ્યાભિમાન જગાડવા રૂપ નજીવું ફળ ઉપજાવનાર પ્રય-

નથી વિશેષ લાગતું જ નથી. પણ એટલું તો હું હમેશ કહીશ કે ખાસ પરિભાષા અને ઘણા ગ્રંથો કે જેને સાહિત્યમાં વિદ્વત્તાના પુરાવા રૂપ મનાય છે (!) એ તો પ્રજાને નિર્માલ્ય બનાવનાર બલાઓ જ છે. હું પૂછું: હરિભદ્ર કે હેમાચાર્ય મ્હોટા વિદ્વાન થઇ ગયા હોય તેથીય ત્હમને-મ્હને શું? જનતાને શું? માનવછોડને આજે એ ઘડીભરના અભિમાનથી શું વિકાસ મળવાનો હતો? ડાહ્યાભાઇ ૩૫ વર્ષની ઉમરે ગુજરી ગયા, ત્યાં સુધીમાં આટલી સુંદર બલદાયક કૃતિઓ કરી તે છતાં જૈનો આંધળા ત્હેને એ અર્થમાં જોઈ શક્યા નહિ, અને આજે એનાં ગાન ગાવા નીકળ્યા છે! એ ગાન એના જીવનકાળમાં થવા પામ્યાં હોત તો એનામાં ઓર વધુ શક્તિ ખીલી હોત અને જનતાને તે ઓર વધારે ખીલવી-નચાવી શક્યો હોત. મહુંમની મૂર્ત્તિ પૂજવી અને જીવતી મૂર્તિની અવગણના કરવી: એ મોહદશા નહિ તો બીજું શું?

Action and Re-action આટલે દૂરના એસીઆ-યુરોપથી થયા વગર નથી રહેલા તો ન્હાની સરખી અને મુડદાલ ગુજરાત એ કુદરતી નિયમથી કેવી રીતે બચી શકે? પણ એટલુંય જૈનોના ભાનમાં જો ઉગવા પામ્યું હોત તો સાધુ, દેરા-અપાસરા, વ્રત, અને અમુક શાસ્ત્રીય શબ્દો: આટલામાંજ એમનું જીવન સમાપ્ત થવા ન પામ્યું હોત. આજે ત્હમે, જૈનોના મુખેથી કાંઇ પણ વાત ચાલતી હશે તો, આ સિવાય બીજી એક વાત નહિ સાંભળો. વ્યાપારમાંય જૈન પરિભાષાનો એકાદ શબ્દ અને એ વાતાવરણે ઉત્પન્ન કરેલી પ્રકૃતિ જોશો જ. આ કદાચ ત્હમને અસહ્ય લાગશે કે, જેમ જૈન સાહિત્યની બાબતમાં તેમજ આજે ગુજરાત અને ગુજરાતી ભાષાના સંબંધમાં જે 'બડીબડી બાતાં' કાગળો પર આવે છે ત્હેની બાબતમાં છે: જ્યાં કાંઇ ખાસ અભિમાન લેવા જેવી શક્તિ કે ઉંચાણ કે ઉંડાણ નથી ત્યાં કલ્પનાથી અને દેશમોહથી બધું 'આરોપવા'માં આવે છે. જેમ જૈનો ગાજે છે કે અમારો જ ધર્મ સર્વોત્તમ, તેમ આજના ગુજરાતી સાક્ષરો 'ગરવી ગુજરાત' વગેરે શબ્દો જોડી કહાડે છે. શું ગ્રિસનું કે ન્હાનકડા ઇંગ્લંડનું ગૌરવ કોઇ કાળે ગુજરાતમાં હતું? એની ભાષામાં દીવ્યતા કદાપિ હતી?-મ્હને ગુજરાતી જેવી નમાલી એકકે ભાષા લાગતી નથી. શ્રીમન્ મહાવીર પુનઃ જન્મી શકે તેમ નથી છતાં ઘડી માટે કલ્પનાથી ધારી લ્યો કે તે આજે જન્મે અને પૂર્વભવના પાપે (જો તે બાકી રહ્યાં હોય તો!) ગુજરાતમાં જન્મ પામે તો તેણે કોઈ બીજી જ ભાષા એના અનુભવને જીરવી શકે એવી ઘડવી પડે! પણ ઠીક છે; સીધીને પોતાનો છોકરો એમ જ વ્હાલો કરી લેવો પડે છે-એ ન્યાયે બધા મોહો ક્ષન્તવ્ય છે! સત્ય હકીકત સાથે કોઇ સાહિત્યનો સંબંધ નથી!

પણ Action and Re-actionની અનિવાર્ય સત્તા સ્હમજવા પામનાર જનતાએ તો એ સમજને વિસ્તારીને આખા જગતની પોતાપર પડતી અસરો જોવી જોઇએ અને કઈ અસરોને આવવા દેવી અને કઈની સ્હામે યુદ્ધ કરવું તેનો **વિવેક** કરવો જોઇએ; તેમજ અને તે સાથે, પોતાની અસરો દુનિયાના બીજા ભાગ પર નાખવી જોઇએ. Action-Reaction કાંઈ માત્ર સિદ્ધાંત તરીકે સ્હમજવાની વાતો નથી, પણ action કરવાની શક્તિ અને re-action કરતી શક્તિનો અનિષ્ટ ભાગ ward off કરવાને માટે જોઇતી પહાડ માફક સ્થિર ઉભા રહેવા રૂપ ધૈર્ય શક્તિ-ધ્યાનશક્તિ-ખીલવવા તરફ ધ્યાન આપવું જોઇએ છે. જૈન સાધુઓ, નેતાઓ અને કૉન્ફરન્સો આ મૂળ મુદ્દાની બાબતમાં શું કરી શક્યા છે? અને ગુર્જર સાહિત્યકારો પણ?

મ્હને પોતાને તો સાહિત્ય માત્ર અને કાનુન માત્ર, માત્ર નિરર્થક જ નહિ પણ શક્તિદ્રોહી લાગ્યા છે અને લાગે છે. મ્હારૂં ચાલે તો લખવા અને ભણવાના હું પરવાના કાઢું અને બહુજ થોડાને ભણવા દઉં કે લખવા દઉં! જેટલી ચીજો 'સામાન્ય' બની છે તેટલીએ મૂલ્યવાનપણું ગુમાવ્યું છે. લક્ષ્મી,

વિદ્યા, શકિત ઘેરઘેર ન જઈ શકે; અને ત્યાં સુધી જ એમનું નૂર જળવાય. ગોલા-ગુલામને ઘેર ગયેલી કોઈ દેવી દેવી રહી શકતીજ નથી; અને રાજાને પરણેલી ગોલી પણ દેવી બને છે. પણ આ વાત કાંઈ ઓછાજ 'સમાન હક્કવાળા' અને 'દયાળુઓ' અને સાહિત્યકારો માને તેમ છે? દુનિયા જ્યારે ગંધાતો ઉકેડો બની જશે ત્યારે 'નવી ખેતી' સૂઝશે!

× × × ×

૧૪૩ મા પૃષ્ઠપર 'ગુજરાતી'કારે ત્હમારા ખાસ અંકમાંના 'મહાવીર: Superman' એ લેખને **"ખાસ મનનીય"** જણાવ્યો, અને તે પણ લેખકનું નામ જાણ્યા વગર-એ કાંઈ જૈનયુગને માટે ઓછું અભિવંદનીય ન ગણાય,-પણ હું બીજા જ અર્થમાં બોલું છું: નવા ઉગવાના જૈનયુગને માટે એ અભિવંદનીય, નહિ કે કોઇ માસિકવિશેષને માટે! હું તો ત્હમને જૈનયુગ નામ પસંદ આવ્યું—આવી શકયું-તેમાંય ભવિષ્યનો હાથ જોઉં છું: નવો જૈન યુગ જરૂર ઉગવાનો છે અને તે પણ જૂનાને ભયંકર આગમાં બાળીને! ત્હમને આ નહિ સહ્ય લાગે: ત્હમે હજી નવા ને જૂનાના મધ્યમાં ઉભા છો. ત્હમે કહેશો: "જૂનું શું કામમાં નથી આવતું?" હા, ખરેખર કામ લાગે છે: કોણ ના કહે છે? અંગ્રેજો શું ખોટું કહે છે કે ચીનમાં એમને લખી આપેલા જૂના હકકોને તેઓ શા માટે છોડે?......જૂનાને વળગે નહિ તો પોતાનો લાભ કેમ થાય?...... આ એમનું ધર્મશાસ્ત્ર અને આ એમના ધારાશાસ્ત્રીઓનાં તર્કશાસ્ત્રો! અરે એ તર્કશાસ્ત્રથી તો કાંઈ કાંઇ ધારાશાસ્ત્રી પ્રસિદ્ધિ અને માન પામે, એ શું ત્યાજ્ય તર્કશાસ્ત્ર ગણાય? જેથી કાંઇ કાંઈ વ્યક્તિઓ માલદાર અને પૂજાપાત્ર બને, તે શું ખોટું ધર્મશાસ્ત્ર ગણાય?......બધું એમજ છે. લોકોના બિચારાના ભોગ છે કે ત્હેમને એક દડાની પેઠે કોઇ આમ ને કોઇ તેમ ફેંકે અને એના મ્હોતે પોતે મઝા અને કસરત લે! આ છે દુનિયાના ધર્મોનાં દયાશાસ્ત્રો અને ન્યાયશાસ્ત્રો! એ બળ્યા વગર કાંઇ ઓછોજ નવયુગ કે જૈનયુગ? આવી શકવાનો હતો?......

સ્નેહાધીન

**વાડીલાલ**ના જયવાદ.

## (૨)

**જૈનયુગ:**—(શ્વેતાંબર જૈન કૉન્ફરન્સનું માસિક પત્ર) મુંબઇ. ૨૦ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ.

આ માસિકના "જૈન ઇતિહાસ-સાહિત્ય ખાસ અંક અને સામાજિક અંક" એમ બે અંક અમને મળ્યા છે. શ્રી હેમચન્દ્રાચાર્યનું પ્રાકૃત વ્યાકરણ નામનો લેખ શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ લખ્યો છે, ને તેમાં આ વ્યાકરણ સંબંધી ઘણી સારી માહિતી આપી છે. મુનિશ્રી કલ્યાણવિજયજીનો 'પાટણ ચૈત્ય પરિપાટી' નામનો લેખ પાટણના ઇતિહાસપર નજર નાખે છે. શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇ તંત્રી સાહેબે 'પ્રાચીન જૈન પરિષદ' નામના લેખમાં 'પરિષદ અને 'વાચના' આ બે શબ્દોના ભેદ જણાવી મગધમાં પણ પ્રાચીનકાળમાં જૈન પરિષદ હતી એમ સિદ્ધ કરી આપ્યું છે. જો કે 'ગુજરાતી' સાપ્તાહિકમાં એક વિદ્વાન લેખકે વલ્લભી અને મથુરાની પરિષદો સ્વીકારી મગધની પરિષદનો ઈનકાર કરેલો હતો. મૂર્શિદાબાદના જગતશેઠની વંશાવલી આપવામાં આવેલી છે. તેમાં ઓસવાલ અટકનો અર્થ આમ આપેલો છે. આજના ઓસવાળ જૈન મારવાડના વૈદિક રજપૂત હતા. એઓ જોધપર સ્ટેટમાં આવેલા ઓશિયન ભાગના રહેવાસી છે. ઓશિયન ઉપરથી ઓસવાલ અટક પડી. જૈનાચાર્ય હંસસૂરિએ આ લોકોને સોલમી શતાબ્દિના પ્રારંભમાં જૈન દીક્ષા આપી હતી. એ સિવાય સ્વર્ગવાસી જૈન નાટકકાર ડાહ્યાભાઈ ધોળશાજી પર પણ એક લેખ છે. ને કેટલાક પ્રાચીન અને બીજાં કાવ્યો છે. ટુંકામાં 'જૈન ઇતિહાસ સાહિત્ય ખાસ અંક, ઘણા પરિશ્રમથી તૈયાર કરવામાં આવ્યો છે ને તેમાં શાશ્વત મહત્વના વિષયો આવેલા છે.

સામાજિક અંકમાં દ. મ. શ્વેતાંબર પ્રાંતિક પરિષદના પ્રમુખનું ભાષણ ને ઠરાવો તથા સ્થાનકવાસી જૈન પરિષદનો અહેવાલ આપવામાં આવ્યો છે. ફ્રેંચ વિદ્યાર્થી ડૉ. એ. ગ્યુરિનટનો શત્રુંજય પ્રકરણ નામનો લેખ તથા 'ઉત્તમ તનય' નો મહાત્મા ગાંધીજીને' નામનો લેખ હરકોઇ જૈને વાંચવો જોઇએ. ગાંધી વીરચંદ રાઘવજીનું ચરિત્ર પણ આપવામાં આવ્યું છે. ખાસ નોંધોમાં તંત્રીસાહેબે શુદ્ધિપર મનનીય નોંધ લખી છે. આ અંક પણ વાચનીય છે. જૈન સાહિત્ય તથા જૈનકોમને માટે કરેલા અવિશ્રાન્ત શ્રમને સારૂ વિદ્વાન તંત્રીને હમારા સવિનય ધન્યવાદ. જૈનોએ જૈનયુગ ખરીદી વાંચી તંત્રીશ્રીનું ઋણ અદા કરવું જોઇએ.—**મહારાષ્ટ્રીય જૈન.** ૪-૩-૨૭.

---

# રત્નત્રયી.

## પ્રથમ ભૂમિકા.

( વ્યાખ્યાતા. રા. રા. ઉમેદચંદ દોલચંદ બરોડીઆ B. A. )

**પ્રિય બંધુઓ.**

હું આજનો વિષય શરૂ કરૂં તે પહેલાં આ સ્થળે કેટલોક પ્રાસંગિક ખુલાસો કરવાની હું જરૂર જોઉં છું:—

તા. ૨૦-૧૨-૨૪ ને દિને શ્રી વિદ્યાલયની વ્યવસ્થાપક કમીટીએ તમારી સમક્ષ, ક્રિયારૂચિપર લાક્ષણિક ભાષણો કરાવવા-એવી મતલબનો એક અગત્યનો ઠરાવ કર્યો.

સદરહુ ઠરાવની નકલ મને તા૦ ૧૨-૧-૨૫ ને દિને પહોંચાડવામાં આવી. તે વાંચી, મારી જે મનોદશા થઇ, તે મેં વળતે દિવસે સેક્રેટરી મહાશયને લખી જણાવી. મજકુર મનોદશા તમને પણ અત્રે જણાવી દેવાનું ઉચિત ધારૂં છું:—

" મજકુર ઠરાવમાં, ચાર ભાષણો કરવાને અંગે મારૂં પણ નામ વાંચી હું ત્રસ્કિત થયો. ક્રિયારૂચિપર લાક્ષણિક ભાષણો આપવા જેટલું સામર્થ્ય, અંદર તપાસી જોતાં, મારામાં હોય તેમ ન જણાયું, ત્યારે મારે તે સંબંધી ધૃષ્ટતા શા માટે કરવી ? એવો ભાવ આવતાં વાર ન લાગી. સાથે સાથે મેનેજીંગ કમીટીએ, એકવાર મારૂં નામ મજકુર ઠરાવમાં મુકયા પછી, અને તેમ કરી મને એક ઉત્તમ પ્રેરક નિમિત્ત આપ્યા પછી, સદરહુ નિમિત્તનો, સ્વહિત ખાતર પણ લાભ ન લઉં તો, પ્રમાદનો વધારોજ થાય એમ જાણી વિશેષ વિચાર થતાં, તત્સંબંધી યથાશક્તિ સેવા બજાવવાની, મારા પોતાપરના કંઇક અવિશ્વાસપૂર્વક, ઇચ્છા થઇ છે."

બંધુઓ, આ મનોદશા અત્યારે પણ હું એટલીજ તીવ્રતાથી અનુભવું છું. સામર્થ્ય વગર, માત્ર શુભ નિમિત્તના જોસથીજ આજનું મારૂં લખાણ લખાયેલું છે.

ક્રિયારૂચિને લગતા વિષયોના વહેંચણી અગાઉથી નહી થયેલી હોવાથી, પ્રસ્તુત વિષયની કેટલીક બાબતો પિષ્ટપેષણ જેવી કદાચ થશે તે ભય મારી સામે ઉભો થયો. આખરે ગયા જુલાઇ માસની અધવચમાં, આજના વિષયનું નામ સુઝી આવતાં તે પસંદ કરવામાં આવ્યું અને તે ઉપર વિચાર કરવાનું શરૂ કર્યું. આંખોની મંદતાને લીધે મારૂં વાંચન હાલ થોડુંકજ રહે છે અને તેથી કરીને આ નિબંધમાં કંઇ નવીનતા, અદ્ભુતતા કે બહુશ્રુતપણું તમને ન જણાય તો તે માટે પ્રથમથીજ તમારી પાસે ક્ષમા યાચી લઉં છું. હું માત્ર એટલુંજ માંગી લઉં છું કે થોડા સમય માટે મને સાંભળવા પુરતી ઉદારતા દાખવશો. અને સાંભળી રહ્યા પછી તમે, મારા વિચા-

---

× શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ આપેલું વ્યાખ્યાન.

રોને અંગે જે કંઇ પ્રશ્ન પુછવા હોય તે પૂછી શકશો અને તે વખતે તમારા પ્રશ્નોના ખુલાસા આપવા હું મારાથી બનતું કરીશ.

આપણા ગ્રંથોમાં ઠેક ઠેકાણે ત્રણ રત્નો વિષે અતિ રસિક વર્ણન જોવામાં આવે છે. તે એટલાં બધાં પ્રસિદ્ધ છે કે તેનાં નામ તો દરેક જૈનને, પછી તે અભણ હોય કે બાળક હોય તો પણ, તેને આવડે છે. દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નારકી-એ ચાર ગતિમાં પરિભ્રમણ રૂપ આપણો સંસાર છે. તે સંસારનું ચિત્ર આપણે ચાર પાંખડીવાળો સાથીઓ કાઢી આલેખીએ છીએ. તે સંસારમાંથી મુક્ત થવું તેનું નામ મોક્ષ. મોક્ષ પ્રાપ્તિના માર્ગ તરીકે ત્રણ ચીજ આપણને તીર્થંકર ભગવાન બતાવી ગયા છે. અને તે **સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર** છે. અને તેની સ્થાપના, આપણે સ્વસ્તિક આગળ ત્રણ ઢગલીથી કરીએ છીએ અને સૌની આગળ બિંદુ સહિત અર્ધ ચંદ્રાકાર કાઢી આપણે મોક્ષને સ્થાપીએ છીએ. સંસારમાંથી મુક્ત થવા માટે આ ત્રણે સાધનરૂપ છે-તે હકીકત હંમેશા સ્મૃતિમાં રહે તે માટે આપણે જિનમંદિરમાં પ્રભુની દ્રવ્ય પૂજા કરી, ભાવપૂજા કરવાની અગાઉ, આ પ્રમાણે અક્ષત વડે સ્વસ્તિકાદિ કાઢી, તે ઉપર ફળ અને નૈવેદ્ય મુકી, પછી આપણે ભાવપૂજા કરવા ઉત્સાહવાન થઇએ છીએ. અને વળી 'નમુથ્થુણં' બોલતી વખતે 'અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં' અપ્રતિહત અને શ્રેષ્ઠ એવા જ્ઞાનદર્શન ધારણ કરવા વાળા અને 'સવ્વનૂણં સવ્વદરિસણં' સર્વજ્ઞ અને સર્વદર્શી એવા અરિહંત ભગવાનના ગુણગાન ગાતાં ગાતાં, 'એ ત્રણ રત્ન આપો પ્રભુ મુજને' એમ આપણે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ. આ પ્રસિદ્ધ ત્રણ રત્નોનું શું રહસ્ય છે તે ચર્ચવાનો આજનો પ્રયાસ છે.

મહા પ્રભાવશાલી નવપદજીમાં પણ આ ત્રણ રત્નો ત્રણ સ્થાન ભોગવે છે. આ ત્રણ પદનો અર્થ, તે ત્રણેનો એક બીજા સાથેનો સંબંધ, તે ત્રણેનું સુસંગતપણું અને ઐક્ય હોવું-રાખવું એ આપણા જીવન-વિકાસ માટે એટલું બધું ઉપયોગી છે કે તેની કિંમત આંકવી પણ અતિ મુશ્કેલ છે. અને તેથીજ આ 'ત્રિપદી' ને રત્નત્રયી એવું મૂલ્યવંતું નામ આપવામાં આવ્યું છે. અતિ ઉંડો વિચાર કરતાં, 'રત્ન' એવું ઉપનામ પણ તે ગંભીર અને ગહન પદો માટે ઉતરતુંજ જણાશે.

આ મહાપદોની મોટી મોટી વ્યાખ્યાઓ આપી, આજે હું શાસ્ત્રાર્થ કરવા નથી માંગતો. શ્રી વિદ્યાલયમાં સ્વધર્મના શિક્ષણ અંગે જે સુંદર પ્રબંધ ચાલે છે તેથી તેવી વ્યાખ્યાઓથી તમે કંઇ અપરિચિત તો નથી જ. મોક્ષ અને તેનાં સાધનો-જેવા ગગન-વિહારી અને ગહન વિષયો ચર્ચવા અગાઉ 'રત્નત્રયી' એ વિષયની પ્રથમ ભૂમિકા તરીકે, પ્રસ્તુત વિષય સાથે સંબંધ ધરાવતા પ્રાથમિક વિચારોજ, હું આજે રજુ કરવા માંગું છું અને મને આશા છે કે તેથી પ્રસ્તુત વિષય સમજવામાં આપણને અનુકુલતા અને સાહાય્ય મળશે; એટલુંજ નહિં પરંતુ, સામાન્ય રીતે દૃષ્ટિગોચર થતાં આપણાં આધુનિક વ્યક્તિજીવન અને સામાજિક જીવનને ઉચ્ચ કરવા માટે કેવાં પગલાં લેવાં જોઇએ તે વિચારણામાં આવી જાતની ચર્ચા કંઇક અંશે મદદગાર થશે, એવું મારૂં માનવું છે.

બંધુઓ, જીવવું એ એક અતિગહન ક્રિયા છે અને તે ક્રિયાનો કર્ત્તા આપણો જીવ છે. જન્મથી મરણ પર્યન્તના સમયને સામાન્ય રીતે આપણે જીવન એવું નામ આપીએ છીએ. મનુષ્ય પોતાના ભાનપૂર્વક, જે રીતે જીવે છે, તે જ ખરૂં જીવન છે. તે શિવાયનું જીવન નામનું જ છે.

આ જીવન મરણનો પ્રશ્ન અતિ ગૂઢ અને આશ્ચર્યથી ભરેલો છે, જીવનના બે પ્રકાર છે. બહિર્જીવન અને આંતરજીવન. બહિર્જીવન-આંતરજીવનનાં ચિન્હ કે નિશાનીરૂપ છે. એટલે કે બહિર્જીવન આંતરજીવનનો આવિર્ભાવ છે અને તેનાથી જ આંતરજીવન પ્રાયઃ પરખાય છે. આ બહિર્જીવનને વર્તન, વ્યવહાર કે આચરણના (conduct) નામથી આપણે ઓળ-

ખીશું. બીજી રીતે કહીએ તો જીવન ક્રિયાના બે ભેદ થાય છે સ્થૂલ અને સૂક્ષ્મ. વર્તન એ સ્થૂલ ક્રિયાનું એકરૂપ છે. ખાવું, પીવું, બોલવું, ચાલવું, દોડવું વિગેરે જે બધું દૃષ્ટિમાં આવે છે, તે આપણી સ્થૂલ ક્રિયા છે. પ્રથમ આપણે આ સ્થૂલ ક્રિયાના સંબંધમાં વિચાર ચલાવીશું.

મુખ્યપણે, વર્તનરૂપ સ્થૂલ ક્રિયામાં, હાલ સાદાઈ અને સરળતાનાં તત્ત્વો ઓછાં જણાય છે. જ્યાં ત્યાં પ્રાયઃ તેમાં કૃત્રિમતા, આડંબર, વક્રતા (Inconsistency), અસંબદ્ધતા, ભિન્નતા અને વિરૂદ્ધતા નજરે પડે છે. નથી હોતાં તેમાં ધ્યેય કે લક્ષ્ય, નથી હોતાં તેમાં ક્રમ કે કળા. એકજ વ્યક્તિનાં ખાનગી અને જાહેર વર્તન જુદાં જુદાં. ધાર્મિક સ્થળો અને વ્યાપાર સ્થળોમાં પણ તેમજ. સર્વત્ર વિરોધ અને અસંબદ્ધતાનું જ રાજ્ય. દાંત દેખાડવાના અને ચાવવાના જુદા. એ તો પોથીમાંહેલા રીંગણાં જેવી જ વાત છે. હવે ઉપરોક્ત વર્તનની વક્રતા અને કૃત્રિમતા એક બે દૃષ્ટાંતો આપી સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીશઃ-

૧ "એક વખતે એમ જાહેર ખબર દ્વારા જાણવામાં આવ્યું કે એક વક્તા અમુક સંસ્થાના વિદ્યાર્થીઓ સમક્ષ અમુક વિષય ઉપર ભાષણ આપશે. ભાષણના સમયે જણાયું કે તે ભાષણકારે ભાષણને બદલે તે વિદ્યાર્થીઓની જેમ તેમ પરીક્ષા લેવા માંડી અને તરત જ પરિણામ જાહેર કરી આપ્યું કે બે આની પણ સંતોષ થયો નથી. અને પાછળથી પોતાના પાસે આવનારા માણસોને કહ્યું કે હું પરીક્ષા લેવા જ ગયો હતો, અને તે સંસ્થામાં જોઈએ તેવું શિક્ષણ અપાતું નથી. વર્તન-વક્રતા તે આનું નામ."

એક વધુ દૃષ્ટાંત લઈએ.

૨ એક તીર્થસ્થળની ધર્મશાળામાં થોડા કહેવાતા જાત્રાળુઓ હવાફેર માટે તબીઅત સુધારવા ઉતર્યા હતા. એક મુસાફર બીજા મુસાફરની ખોડ ખાંપણ કાઢવામાં શૂરા હતા. પોતે ધર્મ જ કરે છે અને બીજા અધર્મી જ છે એમ જ્યાં ત્યાં આડંબર કરતો, મંદિરમાં રાગડા કાઢી, બાજુના માણસોને ગમે તેટલી હરકત પડે તે તરફ દુર્લક્ષ્ય રાખી-ધર્મિષ્ટપણાનો ડોળ રાખવામાં તેનાથી લગારે કચાસ દેખાડવામાં આવતી નહીં. હવે જ્યારે તે દંભી માણસનું ખાનગી જીવન તપાસવામાં આવ્યું ત્યારે જણાયું કે તે અમુક દુર્વ્યસન સેવતો હતો. આ બધું શું બતાવે છે? ક્યાં પવિત્ર **તીર્થ** સ્થળ, ક્યાં ધર્મશાળા, ક્યાં હવા ફેર, ક્યાં દંભ, ક્યાં બીજાના દોષ કાઢવાની વૃત્તિ અને ક્યાં દુર્વ્યસન."

હવે વધારે ઉદાહરણો આપી તમને હું કંટાળો આપીશ નહીં. કારણ કે આધુનિક સમયમાં કપટ અને વક્રતાવાળા, માયાથી ભરેલા વર્તનના આવા બનાવો ડગલે ડગલે પળે પળે આપણા દૃષ્ટિપંથમાં આવે છે.

આપણા વર્તનને લગતી સર્વ ક્રિયાઓ કરનાર આપણો જીવ કે આત્મા જ છે. અને આપણો આત્મા શુદ્ધ નહીં હોવાથી, રાગદ્વેષથી કલુષિત હોવાથી, આપણી ક્રિયાઓ પણ તેવીજ રીતે કલુષિત થાય છે, અને આપણા વર્તનમાં તે રાગદ્વેષનાં સ્વરૂપો જેવાં કે ક્રોધ, માન, લોભ અને માયા ઉતરે છે. આ છેલ્લો કપટરૂપી કષાય તો આધુનિક જીવનમાં પોતાની હદ બહારની સત્તા જમાવી બેઠો છે અને તેને લીધે અનેક ખરાબ કામ કરવા તરફ આપણે વળીએ છીએ. સંક્ષેપમાં પોતાના અનેક પ્રકારના દોષો છુપાવવા સારૂ, સમાજસેવાનો આશ્રય લેવા જેવું વર્તન ઘણે સ્થળે જોવામાં આવે છે. દુનીઆ કેવી આગળ ધસે છે તે જોવું નહીં-અરે-તે વિષે અપરિચિત રહેવું અને સમાજના નેતાનું પદ ભોગવવું અને કપટભાવપૂર્વક તે નીભાવવા ધડભાંગ કરવી એ કંઈ યોગ્ય કહેવાય નહીં. તેથી તો અહંપદ બળવાન્ સત્તા ભોગવે છે અને અંતે સમાજ છિન્નભિન્ન થાય છે. અત્યારે આપણા સમાજમાં સર્વત્ર શું જણાય છે? ત્રિકાળ અબાધ્ય સિદ્ધાંતો એક બાજુ અને બીજી બાજુ અનેક રૂઢિબંધનો, ગતાનુગતિકપણું, અંધશ્રદ્ધામય-વર્તન, પોતાનો જ કક્કો ખરો કરાવવા જેટલો કદાગ્રહ. પરિણામ એ આવ્યું છે કે આપણે વિવેક વગર

સમજણ વગર દુષ્કર્મોજ કર્યા કરીએ છીએ-વાહ માયા! તું અસત્યસ્વરૂપ હોવા છતાં અહીં તો તું રાજ્ય ભોગવે છે!!!

પણ તમે પુછશો કે આ કષાયયુક્ત વર્તનનો પ્રેરનાર કોણ? સ્થૂલ ક્રિયાનો પ્રેરનાર સૂક્ષ્મક્રિયા–આપણું આંતરજીવન–આપણું મન અને તેની કલ્પનાઓ અને તે કલ્પનાઓ સ્વીકારનાર આપણું હૃદય; એક શબ્દમાં કહું તો આપણી–માન્યતાઓ(Beliefs). આ માન્યતાઓ આપણું વર્તન–આપણો વ્યવહાર રચે છે–ઘડે છે. એકવાર ક્રિયા થઇ અને તેનું પુનરાવર્તન થયું કે તે ક્રિયામાં બળ આવતું જાય છે, તે એટલે સુધી કે તે ટેવ કે આદત, પ્રકૃતિ–કે–સ્વભાવનું રૂપ પકડે છે. આપણી પ્રકૃતિનાં–ટેવોનાં મૂળ તપાસીશું તો તે ક્રિયાના પુનરાવર્તનમાં–અને તે ક્રિયાનાં શરૂઆતમાંજ, તે જણાશેઃ–કાંઇપણ દુર્વ્યસન એકવાર કર્યું–સેવ્યું કે માર્ગ ખુલ્લો થયો, બીજી વાર-ત્રીજીવાર કરતાં અનેકવાર અને છેવટે આદત, ટેવ કે પ્રકૃતિ ઘડાઇ જાય છે. આ પ્રકૃતિ ઘડનારી ક્રિયાઓનો પ્રેરનાર આપણી માન્યતાઓ છે અને હવે આપણે તેની પરીક્ષા કરવાની છે. માન્યતાઓના ભંડાર તપાસવાના છે. તેમાં ખરા શીક્કા છે કે ખોટાં રત્નો છે કે કાંકરા તે જોવાનું છે! મન જે ન કરે તે ઓછું. ક્યાં તેને ન્યાયશાસ્ત્રને પૂછવા જવું છે? એ તો રૂચ્યું તે માન્યું! જો આપણા મગજે એક કલ્પના ઉઠાવી અને જો તે આપણે સ્વભાનવગર માની લીધી–સ્વીકારી લીધી તો તે સ્વચ્છંદ કહી શકાય. અરે એવી અનેક માન્યતાઓ આપણે સ્વચ્છંદપૂર્વક માની લીધી કે જેને માટે નથી દલીલ કે નથી યુક્તિ કે નથી આપ્ત વચન.

જ્યાં સ્મૃતિ, વિચારશક્તિ, વિવેકશક્તિ, નિર્ણયશક્તિ રીતસર કેળવાતી ન હોય અને કદાગ્રહ, રૂઢિબંધનો, અને ગતાનુગતિકપણું વિદ્યમાન હોય તેમાં કાંઇ નવાઈ જેવું નથી. આપણી એ માન્યતાઓ પાસેથી, તેઓનાં પ્રમાણપત્રોની, **શાંતિના સમયે** માગણી કરીશું તો તે માન્યતાઓનો મોટો ભાગ વરાળ થઈ ઉડી જશે, પણ આશ્ચર્ય એટલુંજ છે કે દૃઢનિશ્ચયના અભાવે, તેજ માન્યતાઓ પાછી આપણને કનડશે. કારણ કે આપણું મન સર્પની માફક વાંકું ચાલે છે અને આપણો બહિરાત્મા મમત્વના મદથી ઘેરાયેલો છે. આપણી માન્યતાઓમાં અનેક મિથ્યાત્વો–અસત્યો વાસ કરે છે. સત્યમાં અસત્યનો અને અસત્યમાં સત્યનો ભાસ થવાથી વસ્તુસ્વરૂપનું ભાન થઈ શકતું નથી. અસત્માં વિશ્વાસ થાય છે અને સત્માં અવિશ્વાસ થાય છે અને આપણી માન્યતાઓ તે મુજબ દૃઢ થાય છે. પરન્તુ આ માન્યતાઓ બંધાઇ ક્યાંથી એ પ્રશ્ન હવે ઉપસ્થિત થાય છે. જવાબ એજ છે કે આપણું જાણપણું (Information) or knoweledge અને આપણા રાગદ્વેષ (Attachment, Hatred) તેનાં કારણ છે.

રાગદ્વેષની ચર્ચા હાલ તુરત મુલત્વી રાખી માત્ર આપણું જાણપણું હવે તપાસીશું.

ઇંદ્રિયો અને મનદ્વારા પ્રાપ્ત થએલું આપણું જાણપણું કેટલું બધું અધુરૂં અને સદોષ છે? આપણી ઇંદ્રિયો અને મન કેટલાં બધાં અવિકસિત અને નિર્બળ છે તે તો તમે શિખ્યા છે. અમુક આંદોલનો વાળો જ પ્રકાશ આપણી આંખમાં પેસી શકે, કાન પણ અમુકજ આંદોલનો સાંભળી શકે. વધારે સંખ્યાનાં આંદોલનો આંખ અને કાનને ઇજા કરે. અને તે જ પ્રમાણે બીજી ઇંદ્રિયોનું અને મનનું. કેટલી બધી અપૂર્ણતા અને નિર્બળતા! દુનીઆના બધા પદાર્થો આપણે જાણી શકતા નથી. માત્ર થોડાકજ પદાર્થો આપણી ઇંદ્રિયો અને મન ઉપર જેવી છાપ પાડે તેવીજ છાપોથી બનેલું આપણું જાણપણું હોય છે. છાપ પણ ઝાંખી કે ઉંડી હોઇ શકે. અનંત વિશ્વના અનંત પદાર્થો પૈકી એક નાની સંખ્યાના પદાર્થોની અમુક જ બાજુઓએ આપણા ઉપર પાડેલી સાચી કે ખોટી, ઝાંખી કે ઉંડી છાપો–એજ આપણું આધુનિક જાણપણું. તેને જ્ઞાન એવું નામ પણ આપી શકાય કે? આપણાં શબ્દજ્ઞાન, ભાષાજ્ઞાન, સાહિત્યજ્ઞાન વિગેરે પણ અધુરાં અને થોડાં અને તે પણ દોષવાળાં. અલ્પ જીવનની અનેક વિટંબણા વચ્ચે કેવું ને કેટલું આવડે? અરે કેવું ખેદજનક

ચિત્ર! બંધુઓ! શું તેથી નિરાશ થઇ ગયા? લાખો નિરાશાઓમાં અમર આશાઓ છુપાએલી છે. બન્ધુઓ! આશાવાદી બનો અને સજ્જ થાઓ. ઉદ્યમ કરીશું તો તેમાં પણ સુધારો થઇ શકશે. ઉપરોક્ત છાપો–માહીતીઓ–વીગતોથી બનેલું જાણપણું, માન્યતા અને વર્તન સંબંધી હમણાં આપવામાં આવેલા ટુંક અને ભિન્ન ભિન્ન વર્ણન દરમ્યાન તે ત્રણે વચ્ચે કેવો સંબંધ છે તે સમજાવવા પ્રત્યે સહેજ પ્રયત્ન કરવામાં આવ્યો છે. જાણપણાનો આધાર લઇ, પૂર્વ કાળના કે વર્તમાનકાળના સંસ્કારો અને વાતાવરણના ગુણદોષોને આધીન થઇને માની લેવામાં આવેલી માન્યતાઓથી મોટે ભાગે પ્રેરાએલું કે ઘડાયેલું કે ઘડાતું આપણું વર્તન હોય છે. તે ત્રણે વચ્ચે દેખાતા સંબંધ કે વિરોધ વિષે હવે પાંચ છ ઉદાહરણો લઇશું, અને તેમાંથી નીકળતા સારના સંબંધમાં થોડીક ચર્ચા કરીશું:—

૧ જીવન સાથે જોડાએલું એવું જે દરદ તે વિષે એક દૃષ્ટાંત લઇએ. ધારો કે "દરદ દવાથી મટે છે" એવું પુસ્તકોમાંથી કે બીજાઓ પાસેથી જાણવામાં આવે, ત્યારે "દરદ એની મેળે મટી જાય છે અને મટશે" એવું માની લેવામાં આવે અને તે મતનો આગ્રહ કરવામાં આવે અને ખાનગી જીવન તપાસતાં "દરદ મટાડવા દોરા ધાગા કરવામાં આવે" અને દોરા ધાગા કરતાં કાકતાલીય ન્યાયથી જો કદાચ દરદ થોડીકવાર માટે પણ શમ્યું તો પાછું અજ્ઞાન વ્હેમ–ખોટો મત અને તેવા મતનો આગ્રહ જીવનમાં પેસતાં વાર લાગતી નથી."

આ પ્રમાણે જાણપણું, માન્યતા અને વર્તનમાં સુસંબંધ તો દૂર રહ્યો પણ અસંગતપણું કે વિરોધ હોય તો પરિણામ ભયંકર આવે છે.

આ પ્રકારના જીવનમાં વર્તનનો આધાર માન્યતા નથી, માન્યતાનો આધાર માહીતી કે જાણપણું નથી અને તમે જાણો છો તેમ પાયા વિનાનું મકાન જલ્દી પડી જાય છે. વધુમાં તે ત્રણેમાં એક બીજા સાથે વિરોધ અને ભિન્નતા હોવાથી તે જીવન નિરર્થક અને નિષ્ફળ નીવડે છે. જીવન અધમ બને છે. જીવન નામનું જ હોય છે. અરે–તે તો ધીમું મરણ જ કહેવાય. ચાલો બીજું દૃષ્ટાંત લઇએ.

૨ ધારો કે 'મજુરી કરવાથી પૈસા મળે છે' એમ જાણવામાં આવે ત્યારે 'નસીબથી પૈસા મળે છે' એમ માનવામાં આવે અને પૈસા મેળવવા રસ્તામાં ચાલતા જોશીને પુછવામાં આવે યા તો ધનવાનોની અદેખાઇ કરવામાં આવે અને તેમને લુંટવામાં આવે. લુંટવા જતાં પણ પૈસા મળે કે ન મળે પણ અનીતિ, આળસ, અદેખાઇ, હિંસા વગેરે દોષો તો જરૂર જીવનમાં આવે. આ દાખલામાં પણ જાણપણું માન્યતા અને વર્તન ત્રણે એક બીજાથી વિરૂદ્ધ છે. અને પરિણામે જીવન અધમ બને છે."

આ પ્રકારનું જીવન ઘોર જંગલમાં ભુલા પડયા જેવું છે. અહીં તહીં ભટકવા છતાંયે જંગલમાંથી બહાર નીકળાતું નથી, બહાર નીકળવાના માર્ગ વિનાની ભુલવણી એજ આવા પ્રકારના જીવનનું સ્વરૂપ છે. નથી હોતો તેમાં રસ કે આનંદ કે નથી થતાં તેમાં વિકાસ કે અભિવૃદ્ધિ. પ્રાયઃ ક્લેશ અને ગુંચવાડો તેમાં જણાય છે; કારણ કે તેમાં માર્ગ કે સાધનનો અભાવ છે. માર્ગ મળે તો જ ધારેલી જગ્યાએ જઈ શકાય. માર્ગ વગર–ભટકવાનું જ થાય. અરે માર્ગના અભાન ઉપરાંત દુષ્કર્મ રૂપી ઘોર રાત્રી હોય અને તેમાં પણ તેના પરિપાકરૂપી અતિ વરસાદ સાથે વાવાઝોડું હોય તો વળી શી દશા થાય! એ તો વીતી હોય તે જ જાણે. અરૂણોદયની વાટ જોતાં બેસી રહેવું જ પડે. પરન્તુ પ્રકાશ થતાં ચાલવાનો ઉદ્યમ કરવાનું મન થાય–ચાલવા માંડે અને માર્ગના ભાન વગર પણ ભટકતાં સદ્ભાગ્યે કોઈ માર્ગદર્શક મળી આવે તો જ માર્ગપ્રાપ્તિ થાય, નહીં તો ત્યાં સુધી જીવન ઉદ્દેશ–જીવન લક્ષ્ય સમજ્યા વગર ચોરાશીના ફેરામાં ફરવાનું જ રહ્યું અને અજ્ઞાન અને મોહમાં ફસાયેલા જ રહેવાનું થયું. ચાલો એક વધુ દૃષ્ટાંત લઈએ.

૩ "બહુ ખાવાથી અપચો થાય છે કે અભક્ષ્ય ખાવાથી રોગ થાય છે." એમ આપણે જાણીએ છીએ પણ તે હકીકત મગજે નિશ્ચયપૂર્વક સ્વીકારેલી નહીં હોવાથી અવિશ્વાસ અને સંશય સાથે આપણે ખૂબ ખાઈ લઇએ છીએ અને ખાતી વખત ભક્ષ્યાભક્ષ્યનો પણ વિચાર કરતા નથી. અને પરિણામ એ આવે છે કે પ્રથમ અપચો થાય છે ને તેમાંથી પછી અનેક રોગો ઉદ્‌ભવે છે. આવી રીતે જાણેલી હકીકત નિશ્ચયપૂર્વક સ્વીકારેલી નહીં હોવાથી વર્તનમાં ઉતરતી નથી. જ્યાં સુધી શું ખાવું, કેવી રીતે ખાવું, એ માટેના નિર્ણયો દેશકાળ, શરીર-સ્થિતિ અને શરીરપ્રકૃતિ વિગેરે જોઇ ન કરવામાં આવે અને તેમાં વિશ્વાસ કે પ્રતીતિ ન થાય ત્યાં સુધી, તેને લગતા રોગના ભોગ આપણે થવાના અને થવાના જ. અરે તેવા નિર્ણયો કરવા માટે પુરતા વિચાર અને જ્ઞાનનો પણ જ્યાં અભાવ હોય ત્યાં સુધારાની શી આશા રાખી શકાય."

૪ ધારો કે 'પત્થરનો પોઠીઓ પરમેશ્વર છે' એમ કોઇ પુરૂષ કોઈ પણ રીતે જાણે, 'પૈસો મારો પરમેશ્વર' એમ તે માની લે. અને સાથે સાથે કામદેવની તે પૂજા કરે અને વિષયોમાં લુબ્ધ થાય તો તે જીવન કેટલું એળે જાય એ સહેલાઈથી સમજી શકાય તેવું છે. આ દૃષ્ટાંતમાં જાણવામાં, માનવામાં અને વર્તવામાં કોઇ પણ પ્રકારનો સંબંધ જણાતો નથી. એટલુંજ નહીં પણ તે ત્રણે ઘણાં અશુદ્ધ છે. આવું જીવન અંધકારમય છે. જીવન એટલે શું તે તેને સમજાતું નથી. મદમાં ઘેરાએલા અને અજ્ઞાન, પુરૂષથી જીવન સ્વરૂપ તે ક્યાંથી સમજાય!"

૫ "સારી સલાહ આપે તે મિત્ર" એમ જાણ્યા પછી, જ્યારે એક મનુષ્યે મને સારી સલાહ આપી ત્યારે તે મનુષ્યને મેં મિત્ર તરીકે જાણ્યો. તે મિત્રે અનેક વખતે એ પ્રમાણે મને સારી સલાહ આપવા છતાં, હું તે મનુષ્યને શત્રુ તરીકે માની લઉં અને જાહેર રીતે તેનો જ નાશ કરવા ઘાટ ઘડયા કરૂં તો મારૂં જીવન બેશક અધમ કહેવાય. કારણ કે સ્વાર્થ દુશ્મનાવટથી તે મિત્રે કરેલા ઉપકારો હું વિસરી ગયો. એ રીતે હું કૃતઘ્ની થયો એટલુંજ નહિ પરંતુ દંભ ને કપટનો મેં આશ્રય લીધો અને હિંસા—અરે મનુષ્યહિંસા કરવા તત્પર થયો. આનાં કારણો તપાસીએ તો સમજાશે કે જાણવામાં, માનવામાં અને વર્તવામાં પરસ્પર વિરોધ રાખવાથી આવી અધમાઅધમ સ્થિતિ પ્રાપ્ત થાય છે. હવે એક છેલ્લું દૃષ્ટાંત લઇશું.

૬ કાયદાનો અભ્યાસી જાણે છે કે કોર્ટમાં સર્વેએ સત્ય બોલવું જોઇએ છતાં અનેક લાલચોને વશ થઇ 'હુશીયાર એવો જે હું તેને કોર્ટ ખરોજ માનશે' એમ માની લઈ, ચાલાકીનો ડોળ કરી તે અસત્ય કથન કરે અને પાછળથી ખરી વાત બહાર આવે તો શું તે નિંદ્ય અને શિક્ષાને પાત્ર થતો નથી?"

આવાં આવાં અનેક દૃષ્ટાંતો આપી શકાય પરંતુ વિષય લાંબો થઇ જવાના ભયથી વધુ દૃષ્ટાંતો અત્યારે હું ટાંકતો નથી.

આ દૃષ્ટાંતો ઉપરથી તમે સમજી શકશો કે જાણેલી વીગતો, તે વિષેની માન્યતા અને તેને લગતું વર્તન—એ ત્રણેને એક બીજાનો આધાર જોઇએ અને જેટલે જેટલે અંશે તે ત્રણે એક બીજા સાથે જોડાયેલાં, અનુકૂળ અને સંગત હોય છે તેટલે તેટલે અંશે જીવનમાં રસ અને આનંદ આવે છે અને ત્યારેજ જીવન માર્ગ કેવો હોવો જોઇએ તેની સ્હેજ ઝાંખી થાય છે. બીજી બાજુ જ્યારે તે ત્રણેને એક બીજા ઉપર આધાર હોતો નથી, તે ત્રણે એક બીજાથી ભિન્ન કે પ્રતિકૂળ હોય છે ત્યારે તે જીવન ક્લેશમય બને છે. તબલાં સારંગી અને ગાનાર ત્રણે તાલમાં હોય ત્યારેજ સાંભળવામાં મજા રહે છે પણ તાલ વિનાનાં તે ત્રણે હાંસીને પાત્ર થાય છે. ઘોડાનો અવાજ, ગધેડાનો અવાજ અને કાગડાનો અવાજ એક સાથે નીકળવાથી માત્ર કોલાહલ (Discord) અને શોર બકોરજ થાય છે. કંઇ તેમાંથી સંગીત

ઉદ્ભવી શકતું નથી. આ પ્રમાણે અસંબદ્ધ અને પરસ્પર વિરોધપૂર્વક જાણવામાં, માનવામાં અને વર્તવામાં આવે તો જીવનમાં વક્રતા અને કડવાશજ પરિણમે છે. પરંતુ જો તે ત્રણે સુસંગત થાય અને તેમાંથી વિરોધ ઉડી જાય તો પછી જીવનમાં ઓર મીઠાશ અને મધુરતા આવે છે.

આટલું વિચાર્યા પછી સમજાયું હશે કે ઉચ્ચ વર્તન માટે દૃઢ નિશ્ચયો જોઇએ. તે નિશ્ચયો દૃઢ થવા પુરતાં ન્યાયપુરઃસર થએલાં નિર્ણયો જોઇએ અને તેવા નિર્ણયો માટે સુવિચારણા જોઈએ અને તે સુવિચારણાની પીઠ પાછળ શુદ્ધ જાણપણું જોઇએ. સૌથી પહેલાં આપણું જાણપણું—આપણી માહીતીઓ સર્વ રીતે સંપૂર્ણ કરવા કોશીષ કરવી જોઈએ, નહીં તો છેવટે, દુનીઆના—જાણપણાના ભંડોળ સાથે સરખાવતાં કંઈક સંતોષ થાય તેટલી તો તે માહીતીઓ હોવી જોઇએ. અને પછી તેની શુદ્ધિ કરવી જોઇએ. કારણ કે અશુદ્ધ અને અપૂર્ણ જાણપણું આપણને અમાર્ગે—કુમાર્ગે દોરી જાય છે. હવે તે જાણપણું પૂર્ણ અને શુદ્ધ કરવા માટે—આપણે હાલ કેવાં પગલાં લઇએ છીએ અને કેવાં લેવાં જોઇએ વિગેરે હકીકતો ઉપર આપણે હવે પછી બીજે વખતે વિચાર કરીશું. અત્યારે તો હું ધારૂં છું કે આટલું બસ છે. અંતમાં, શુદ્ધ જાણપણું, શુદ્ધ માન્યતા અને શુદ્ધ વર્તન, એ ત્રણેનું સુસંગતપણું જીવનને ઉચ્ચ બનાવે છે. ઉચ્ચજીવનના અભિલાષીઓ પ્રથમ પોતાનું જાણપણું શુદ્ધ કરવા મથે છે અને જાણપણું શુદ્ધ કર્યા પછી તે પ્રમાણેજ પોતે માને છે અને તે પ્રમાણે જ પોતે વર્તે છે. અને એ રીતે એ ત્રણેનું એકપણું થાય છે.

ટુંકામાં, જાણપણું—માન્યતા અને વર્તનની શુદ્ધતા અને સુસંગતપણું (Purity and consistency of Information, belief and conduct) એજ ખરો જીવનમાર્ગ છે.

બંધુઓ! તમને આ વિચાર જો યોગ્ય જણાય તો, મારી તમને ખાસ વિનંતિ છે કે આવતી કાલે શરૂ થતા મહા કલ્યાણકારી પર્યુષણ પર્વમાં, તમારૂં વર્તન એવું રાખજો કે જેથી તમારૂં જીવન કંઇક ઉચ્ચગામી થાય. કારણ કે આપણે સારી રીતે જાણીએ છીએ અને માનીએ છીએ કે તે પર્વમાં કરવાની ધાર્મિક ક્રિયાઓ જેવી કે દરરોજ બે વખત પ્રતિક્રમણ કરવાં, પ્રભુ પૂજા કરવી, ચૈત્ય પરિપાટીએ જવું, ગુરૂમંડળને વંદના કરવી, પવિત્ર કલ્પસૂત્ર એકાગ્ર ચિત્તે સાંભળવું, તપ પચ્ચખાણ કરવાં, સર્વ જીવોને ખમાવવા આદિ આપણી શુદ્ધિને અર્થેજ કરવાની કહી છે. અને તેથીજ આત્મશુદ્ધિનો હેતુ નજર આગળ જ રાખી, તે ક્રિયાઓ કરવી તે આપણું કર્તવ્ય છે અને તમે જરૂર એ પ્રમાણેની ફરજો જો હંમેશ બજાવતા રહેશો તો તમારૂં જીવન ઉચ્ચ બનવા સાથે, જે સંસ્થાનો તમે આશ્રય લ્યો છો તે સંસ્થાનો હેતુ પણ બર આવશે.

---

# આપણું 'ખમાસમણુ' અથવા પ્રણિપાત સૂત્ર.

**મજકુર સૂત્ર નીચે પ્રમાણે છે:—**

'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મથ્થએણ વંદામિ ॥

આ સૂત્રના અર્થને અંગે મને સમજણ ન પડી. ૪૦ વર્ષની ઉમ્મરે પણ આવું સામાન્ય પણ અતિ ઉપયોગી સૂત્ર કમભાગ્યે ન સમજાયું. ધાર્મિક ક્રિયામાં નિત્ય જરૂરી સૂત્રનો અર્થ ઉકેલવામાં મુશ્કેલી પડતાં તે અંગે કંઈક વિચારણા, ચર્ચા, પત્રવ્યવહાર તેમજ હાલની પ્રચલિત પંચપ્રતિક્રમણ સૂત્રની ચોપડીઓ આદિનું વાંચન વિગેરે થયાં. છેવટે આશરે બે વર્ષે આ લેખ લખવાનું કાર્ય હસ્તગત થયું.

મારી મુશ્કેલી માત્ર બે શબ્દોને અંગે હતી અને હજી કંઈક છે. તે શબ્દો 'જાવણિજ્જાએ' અને 'નિસીહિઆએ' છે.

કેટલીક ચોપડીઓમાં 'જાવણિજ્જાએ'નો અર્થ 'યથાશક્તિ' વાંચી મારી મુશ્કેલી વધી, અને તે માટેના ખુલાસાઓથી મારી મુંઝવણ બમણી થઇ. ગુરૂ વંદન કરવાને ઉત્સુક શિષ્ય વંદન કરવા જતાં પોતાની શારીરિક શક્તિ માપવા બેસે-તેને અંગે વિચાર પણ કરે તે મગજમાં ન ઉતરે તેવી વાત થઈ પડી. વંદનોત્સુક વિનયી શિષ્ય પૂજ્ય ગુરૂની અનુકુળતા તપાસે-તેમના સ્વાધ્યાયાદિ કાર્યમાં વિક્ષેપ કોઇપણ રીતે ન પડે તેવું વિચારે, અને તેવી રીતે 'વંદન કરવા ઇચ્છું છું' એમ નમ્ર ભાવે આજ્ઞા માગે પરંતુ તે વખતે ' સ્વશક્તિ અનુસાર ' વંદન કરવાની ઇચ્છા તે જાહેર ન કરે. 'શક્તિ વિનાનો માણસ ઉભા ઉભા હાથ જોડીને પણ નમન કરી શકે, વિશેષ શક્તિવાળો દ્વાદશાવર્ત વાંદણાંથી વંદન કરે' એ ખુલાસો ગુરૂની દૃષ્ટિએ ભલે સમીચીન હોય પણ અત્રે તો શિષ્યની દૃષ્ટિએ જોવાનું હોઈ, તેવો ખુલાસો વ્યાજબી ન જણાયો. શિષ્યની વંદનેચ્છાની દૃષ્ટિએ 'યથાશક્તિ' વંદન કરવા ઇચ્છવું તે અવિરોધ જણાતું નથી. "આપશ્રીની અનુકુળતા મુજબ" વંદન કરવા ઇચ્છું છુ એવો ભાવ કદાચ હોય તો તે બંધબેસતો થઈ પડે.

'આપશ્રીના સ્વાધ્યાયાદિ કાર્યમાં બાધા-વિક્ષેપ ન આવે તે રીતે વંદન કરવા ઇચ્છું છું' એવો ભાવ શિષ્યના વિનયને વધુ શોભાવે. પરંતુ ધાર્મિક ક્રિયા-નિત્ય-આવશ્યક ક્રિયા કરવા જતાં થાક લગાડે-ઉત્સાહ મંદ પાડે તેવો અર્થ કે ખુલાસો ગળે ન ઉતરે એ સ્વાભાવિક છે. ધાર્મિક ક્રિયાનો ઉદ્દેશ-આશય હંમેશ તદ્દેશીય ઉત્સાહ વધારવાનો છે. અને તેમજ સર્વત્ર દેખાય છે તો પછી અત્રે 'યથાશક્તિ વંદન કરવા ઇચ્છું છું' તે ભાવ ઉચિત જણાતો નથી. ઉભા ઉભા કરવાની ક્રિયા હાલતો બેઠા બેઠા થાય છે તે ભવિષ્યમાં સુતા સુતા કે એવીજ કોઇ પ્રમાદ-સૂચક દશાએ થાય એવો ભય પેદા થાય છે. ફેટા વંદન, થોભવંદન અને દ્વાદશાવર્ત વંદન એમ વંદનના ત્રણ પ્રકાર પાડી, ગુરૂની અનુકુળતા સાચવવા પુરતું વંદનનું ઉચ્ચ રહસ્ય 'યથાશક્તિ' જેવા અર્થથી ઉડી જાય એમ ચિંતા થાય છે. બાળહૃદયોમાં ધર્મના ઉંડા મૂળ નાંખવાના ઉમદા હેતુથી છપાતી આપણી પંચપ્રતિક્રમણની ચોપડીઓ છપાવતી વખતે ઘટતી સંભાળ રખાય તો કેવું સારૂં એવી સૂચના જાહેરમાં મુકવાની ઇચ્છા પ્રબળ થાય છે. અર્થ લખતી કે વિચારતી વખતે વ્યુત્પત્તિ અર્થ, રૂઢ અર્થ, ગૌણ અર્થ વિગેરે તરફ લક્ષ અપાય ત્યાં સુધી તો વ્યાજબી લેખાય પણ કોઇપણ પ્રાચીન આધાર વિના, ટીકાઓ-વૃત્તિઓ જોયા વિના માત્ર કલ્પનાનો આશ્રય લેવાય તે તો અસહ્ય લાગે છે. વિશેષણને અવ્યય તરીકે, તરતજ પાછળ આવતા ' નિસીહિઆએ ' શબ્દથી સ્વતંત્ર રીતે, છુટું પાડીને સમજાવવાનો પ્રયત્ન કરવો અનુચિત ભાસે છે. 'આજકાલ જે અર્થ ચાલે છે એ સાધારણ માણસ માટે (જેઓ શબ્દાર્થને પણ મુશ્કેલીથી સમજી શકે તેમને માટે) છે' એ દીલાસો શાંતિ આપતો નથી. તેથી સત્યાર્થ શોધવા વધુ પ્રયત્નો કરવાનું સદ્ભાગ્ય આપણને પ્રાપ્ત થાય છે.

કેટલાંક પુસ્તકોમાં ' જાવણિજ્જાએ ' શબ્દનો ' શક્તિસહિત ' એવો અર્થ આપવામાં આવ્યો છે. એક પુસ્તકમાં તો એમ પણ લખ્યું છે કે 'જેના વડે કાળક્ષેપ કરીએ તે યાપનીયા કહિયે તે શક્તિએ સહિત'. જ્યારે ધાર્મિક કેળવણીમાં રસ લેતા એક મિત્રે લખ્યું કે "શક્તિસહિત એવો હું વંદન કરવાને ઇચ્છું છું' અને વધુ ખુલાસો આપ્યો કેઃ— 'શક્તિસહિત એવો હું-વંદન કરનાર માટે વિશેષણ રૂપે છે. પૂર્વે મહાન્ પુરૂષો મોટી મોટી રીતે વંદના કરી ગયા હશે. હું યથાશક્તિ (શિષ્ય પોતાની લઘુતા દર્શાવવા માટે 'શક્તિ સહિત' એવું વિશેષણ પોતાના માટે મુકે છે) વંદન કરૂં છું. ત્યારે તો અતિ વિસ્મય થયો. વિશેષણ અને અવ્યયના તફાવતની ઉપરોક્ત અણસમજ કરતાંએ વિભક્તિ તરફની આ દુર્લક્ષતા દુઃખકર થઈ. 'જાવણિજ્જાએ' વિશેષણ છે અને તેને ત્રીજી વિભક્તિ છે છતાં પ્રથમા વિભક્તિ ગણવાનું આ સાહસ અયોગ્ય લાગ્યું.

હવે 'શક્તિસહિત' અર્થ બંધ બેસતો છે કે નહીં તે તપાસવા પહેલાં તેનું વિશેષ્ય 'નિસીહિઆએ' એટલે શું તે પ્રશ્ન ઉપર આવીએ. 'નિસીહિઆએ' એટલે **નૈષિધક્યા** એટલે નૈષિધિકી વડે.

સામાન્ય રીતે તેનો અર્થ 'નિસીહિવડે' એટલે 'અશુભ વ્યાપારનો ત્યાગ કરીને' અથવા 'વંદનથી અન્ય વ્યાપારના નિષેધવડે' એવો અર્થ કેટલીક ચોપડીઓમાં જોવામાં આવે છે.

તો પછી જેમ પ્રભુમંદિરના પ્રવેશાદિ વખતે બોલાય છે તેમ ' નિસીહિ ' બોલી યાતો 'નિસીહિ-પૂર્વક' વંદન કરવા ઇચ્છું છું એમ શું અર્થ હોઇ શકે ? અને દ્વાદશાવર્ત વાંદણા કે જેનું 'આ પ્રણિ-પાત સૂત્ર' ગુરૂની અનુકુળતા સાચવવા માટે ટુંકું કરવામાં આવેલું જણાય છે તેમાં મિતાવગ્રહ પ્રવેશ વખતે 'નિસીહિ'તો બોલવાનું છે તો પછી તે માટે શું અત્રે ગુરૂની આજ્ઞા માગવાની છે ? ગમે તે હો પણ આ બંને શબ્દ સાથે લઇએ ત્યારે ' શકિતસહિત અશુભ વ્યાપારના નિષેધવડે' એ અર્થ સુસંગત જણાતો નથી.

વળી 'શકિતસહિત-નિષેધવડે' વંદન તે કેમ થાય ? અશુભ વ્યાપારનો ત્યાગ કે નિષેધ ત્રિકરણ-વડે—મન, વચન અને કાયા વડે થઇ શકે છે અને તે ત્રિકરણવડેજ વંદન પણ થઇ શકે છે પણ અત્રે તો ઉપરોકત અર્થ લઇએ તો—આ ત્રિકરણનો અભાવ ઉપસ્થિત થાય છે તેનું કેમ ? વળી તેવા અર્થ માટે પ્રાચીન આધાર પણ નથી. તો પછી આવો અર્થ કેમ પ્રચલિત થયો ?

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ તો પોતાની આવશ્યક ટીકામાં જણાવે છે કેઃ—

**नैषिधिक्या प्राणातिपातादि निवृत्तया तन्वा शरीरेणेत्यर्थः ॥**

નૈષેધિકી એટલે શરીર કે જે વડે જીવહિંસાદિ અટકાવવાનું થઇ શકે છે.

સામાન્યરીતે મન અને વચનનો અર્થાપત્તિથી શરીરમાં સમાવેશ થઇ જાય છે. વિશેષમાં, વંદન ક્રિયામાં શરીર મુખ્ય ભાગ લે છે તેથી 'શરીર' એ અર્થ સ્વીકાર્ય છે.

તેથી પ્રસ્તુત બંને શબ્દોનો 'શકિતસહિત શરીરવડે' એ અર્થ આ અવસ્થાએ થયો. હવે તે અર્થ તપાસીએ.

શ્રી હરિભદ્રસૂરિ તો 'જાવણિજ્જાએ'નો અર્થ " યાપનીયયા " 'યથાશક્તિ યુકતયા' એવો કરે છે. કંઇ 'શક્તિયુકતયા' કે 'શકિતસહિત' એવો અર્થ કરતા નથી. તો પછી 'યથાશકિત' અને 'શકિત-સહિત' એવા અર્થ આવ્યા કયાંથી એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેનું કદાચ આ નિરાકરણ હોઈ શકેઃ—

'યથાશક્તિયુકત'માંથી કેટલાકોએ 'યુકત' શબ્દ છોડી દીધો એટલે 'યથાશકિત' માત્ર અર્થ રહ્યો. અને બીજાઓએ 'યથા' શબ્દ છોડી દીધો એટલે 'શકિત-યુકત' 'શક્તિસહિત' એવો અર્થ કર્યો અને તેથીજ આ બંને અર્થો જોવામાં આવે છે પણ તે બંને ઉપરમુજબ છુટા પડી જવાથી, પાછળ આવતા 'નિસીહિઆએ' શબ્દ સાથે બંધ બેસતા થતા નથી.

ત્યારે હવે 'યાપનીયયા' એટલે 'યથાશકિત' એટલે શું એની વિચારણા કરીએ.

પ્રથમતો. યા એટલે પામવું, પહોંચવું, તેનું પ્રેરક-રૂપ ' યાપયતિ ' એટલે પમાડે છે, પહોંચાડે છે. "યાપયતીતિ યાપનીયા" એટલે પમાડે, પહોંચાડે તેવા' એવો અર્થ તેની વ્યુત્પત્તિદ્વારા નીકળે છે, એટલે (ઇષ્ટકાર્ય—અંત્રે વંદનાદિ—ના પારને) પ્રાપ્ત કરાવે તેવા. 'યથાશક્તિયુકત' એટલે બનતી શકિતએ યુકત-યોગ્ય થયેલા એવા. આ રીતે જોતાં ઇષ્ટ કાર્યના પારને પ્રાપ્ત કરાવે તેવા-શિષ્યની દૃષ્ટિએ પોતાના ગુણવિકાસાવસ્થાને અનુસરીને યોગ્ય થયેલા—ઇંદ્રિય અને મનને બનતી શકિતએ વશ કરીને તેની પીડાઓથી અબાધિત કરી યોગ્ય કરેલા—ટુંકમાં, 'વંદન યોગ્ય અબાધિત શરીરવડે' એ અર્થ નીકળે છે.

અત્રે વંદન તે લક્ષ્ય છે. શરીર તે સાધન છે. વંદનેચ્છા લક્ષ્યપ્રતિ ગતિ કરાવે છે અને વંદનયોગ્ય અબાધિત શરીર હોવાથી લક્ષ્ય પ્રતિ ગતિ સ્હેલાઇથી નિર્વિઘ્ને થાય છે અને ઇષ્ટ કાર્ય સિદ્ધ થાય છે.

'જાવણિજ્જાએ નિસીહિઆએ' એ બે શબ્દ બે કીમતી પાઠ શિખવે છે. એકતો એકે શરીરનું પ્રયોજન જીવહિંસાદિ અટકાવવા માટે છે, અને બીજો

પાઠ એ છે કે તેને યોગ્ય કરવામાં આવે છે-કેળવવામાં આવે છે-ઇંદ્રિય અને મનને વશ કરીને અબાધિત કરવામાં આવે છે તો તે ઇષ્ટસિદ્ધિ કરાવે છે.

દ્વાદશાવર્ત વાંદણામાં 'જવણિજ્જ' ચ ભે' આવે છે ત્યાં 'જવણિજ્જ" એટલે યાપનીયં નામ રૂપે છે. **'याप्यते येन तत् यापनीयं'** 'પાર પહોંચાય જે વડે તે' એટલે યોગ્યતા. ગુરૂને સુખશાતા પુછતાં, સંયમયાત્રા અવ્યાબાધ વર્તે છે તેમ પુછી તેજ યાત્રાના સાધનભૂત યોગ્યતા-ઇંદ્રિય અને મનની પીડાથી રહિતપણું-અબાધિતપણું-નિરાબાધતા વર્તે છે એમ શિષ્ય પુછે છે અને શિષ્યની તેજ યોગ્યતા વિષે ગુરૂ પણ સામી પૃચ્છા કરે છે. ગુરૂની સુખશાતાપૃચ્છામાં પણ શરીર 'નિરાબાધ' એવા શબ્દો છે. એ રીતે જોતાં 'જાવણિજ્જાએ નિસીહિઆએ' નો અર્થ ઇન્દ્રિય અને મન વશ્ય થયેલા હોવાથી તેમની પીડાઓથી અબાધિત-નિરાબાધ શરીરવડે' એ અર્થ પણ બંધબેસતોજ છે.

એક વિદ્વાન્ મુનિરાજ લખે છે કે:-' યાપનીયા એક યોગ્ય શક્તિ વિશેષ છે કે જે ઇષ્ટિકાર્યના પારને પહોંચાડે છે.' વધુમાં તે મુનિરત્ન લખે છે કે:-'દ્રવ્ય ભાવ આરોગ્ય એજ ધાર્મિક ક્રિયાના અને છેવટે સંસારના પારને પહોંચાડનાર છે. માટે જૈન શાબ્દિકોએ 'યાપનીય' શબ્દને નિરાબાધ અથમાં રૂઢ કર્યો છે.'

છેવટે, વિદ્વાન્ મુનિમહારાજાઓ અને ગૃહસ્થ બંધુઓ આ સંબંધમાં આ માસિકદ્વારા કંઇક વધુ અજવાળું પાડશે તો લેખક ઉપર ઉપકાર થશે એ પ્રાર્થના સાથે વિરમું છું. **આશાચંદ્ર.**

---

# હેમચંદ્રાચાર્ય અને રાજાધિરાજ.

' ગુજરાતના ગૌરવને પ્રકટ કરનારાં પુસ્તકોમાં **ભાઈ કન્હૈયાલાલ માણેકલાલ મુનશી**ની 'પાટણની પ્રભુતા' અને 'ગુજરાતનો નાથ' અગ્રસ્થાન ભોગવે છે, એ કોઈથી અજાણ્યું નથી. તેનાજ અનુસંધાનમાં 'રાજાધિરાજ'નો લેખ લખાયો છે. યદ્યપિ કેટલાક સાક્ષરો તરફથી એમ કહેવામાં આવ્યું છે કે-આ કૃતિયો ચોક્કસ અંગ્રેજી પુસ્તકોના ઉલ્થા માત્ર છે; પરંતુ મારી અંગ્રેજીની અનભિજ્ઞતા તે સંબંધી કંઇ પણ અભિપ્રાય આપવાની સ્પષ્ટ ના પાડે છે. હું આ લેખમાં જે કંઈ કહેવા ઇચ્છું છું તે **'રાજાધિરાજ'** ની નવલકથામાં આવેલા **જૈન-પાત્ર-આચાર્ય હેમચંદ્રસૂરિ**-સંબંધી છે.

'ગુજરાતના નાથ'ની માફક 'રાજાધિરાજ' માં પણ હેમચંદ્રાચાર્યને જે સ્થિતિમાં ઉપસ્થિત કર્યા છે, તે સંબંધમાં જૈન સમાજમાં-વિદ્વદ્સમાજમાં કોલાહલ ઉત્પન્ન થયો છે, તે જાણીતોજ છે. ભાઈ મુનશીજી તે મારા મિત્ર, સાહિત્ય સંસદ્ના સભ્ય તરીકે તેમનો મારો સંબંધ અને મારા **'સૂરીશ્વર અને સમ્રાટ્'** માં તેમણે ઉપોદ્‌ઘાત લખેલી, તે પણ એક સંબંધ. આ સંબંધોના લીધેજ 'હું તેમના સંબંધી કંઇ નથી લખતો' કિંવા 'હું તેમના મતને મળતો છું-એટલે હેમચંદ્રાચાર્યે માનસિક વ્યભિચાર સેવ્યો, મંજરીને દેવી માની-સરસ્વતી માની તેણીને પ્રણામ કર્યા, ' ઇત્યાદિ વાતોને હું પણ માનું છું; એવી કલ્પનાઓ કરી કેટલાક મહાનુભાવોએ પોતાના સ્વભાવ પ્રમાણે મને પણ સુંદર (!) શબ્દોમાં નવાજ્યો, પણ મારે તેમને શું લખવું ? જ્યાં 'રાજાધિરાજ' વાંચવાનોજ પ્રસંગ નહિં પ્રાપ્ત થયેલો, ત્યાં તે સંબંધી વગર અભ્યાસે મારાથી તે વિષયમાં ઝીપલાવાયે કેમ ? આખરે મારે આ સત્ય **'જૈન'** ના તા. ૧૮ નવેમ્બર ૧૯૨૩ ના અંકમાં પ્રકટ કરવું પડ્યું. સાથે સાથે ભાઈ કન્હૈયાલાલની સાક્ષરતા, અને તેમના સ્વભાવ માટે હું જે કંઇ ધારતો આવ્યો છું, તે આ શબ્દોમાં મેં સ્પષ્ટ કર્યુંઃ—

'ભાઇ કન્હૈયાલાલની સાક્ષરતા માટે મને સંપૂર્ણ માન છે એટલુંજ નહિ પરન્તુ મારા મિત્ર તરીકે તેમના સ્વભાવને જ્યાં સુધી હું ઓળખી શક્યો છું, ત્યાં સુધી એમ કહી શકું છું કે વ્યાજબી રીતે

પ્રમાણપુરઃસર તેઓને કોઇ પણ વાત સમજાવવામાં આવે, તો તેઓ ખોટો દુરાગ્રહ રાખી બેસે તેવા નથી."

ભાઇ કન્હૈયાલાલની સાથે આ સંબંધી પત્રવ્યવહારમાં પણ મેં તો તેમની આજ સજ્જનતા જોઇ. મારા એક પત્રના ઉત્તરમાં તેઓ મને લખે છેઃ–

"હેમચંદ્રાચાર્ય વિષે જે કાંઈ પણ મેં લખ્યું છે–વાર્તામાં કે ગંભીર લેખોમાં–તે તેમના સ્મરણોને શોભાવે એવું છે. પણ મનુષ્ય સ્વભાવથી અપરિચત કે શ્રદ્ધા ચક્ષુથીજ જોનાર માણસો તે વિષે કાંઈ પણ કહે તો હું શું કરૂં ?

"ગુજરાત" માં મારે વિષે કાંઇ પણ સારૂં કે માઠું ન લખાય, એવી પ્રણાલિકા મેં પાડી છે પણ આપ જો કાંઇપણ લખવા કૃપા કરશો તો વિરૂદ્ધ હશે તો પણ તે 'ગુજરાત'માં સ્થાન પામશે. અને નહિં તો હું કોઈ બીજા સારા ચોપાનિયામાં પ્રગટ કરાવીશ. માટે જરૂર લખી મોકલશો."

ભાઇ મુનશીજીના ઉપર્યુક્ત શબ્દો મને એમ કહેવાની પ્રેરણા કરે છે કે–આ ઐતિહાસિક ચર્ચામાં તેમનું હૃદય કુટિલ તો નથીજ. તેઓ આટલું લખીને નથી વિરમ્યા, હેમચંદ્રાચાર્ય વિષે. તેમણે જ્યાં જ્યાં લખ્યું છે, તે સ્થળો બતાવી મને આ સંબંધી લખવામાં વધારે મહેનતથી બચાવવાનો શ્રમ પણ લીધો છે. તેમની આ સજ્જનતાને હું કેમ ભૂલું ?

મારી અન્યાન્ય પ્રવૃત્તિના લીધે મને આશા ન્હોતી કે હું 'રાજાધિરાજ'ના લેખો આટલા જલદી વાંચી શકીશ અને તે ઉપર કંઇ લખી શકીશ. છતાં સદ્ભાગ્યે સમય મળ્યો. લેખો વાંચ્યા અને કંઇક લખવાનો પણ પ્રસંગ મળી ગયો.

હું આ પ્રસંગે કેવળ 'રાજાધિરાજ'ના લેખોમાં આવેલા 'હેમચંદ્રસૂરિ'ના સંબંધમાંજ ઉલ્લેખ કરવા ઇચ્છું છું.

'રાજાધિરાજ'ના લેખોમાં 'હેમચંદ્રસૂરિ' આટલા પ્રસંગોમાં દેખાવ દે છેઃ—

૧ ભૃગુકચ્છની બહાર એક ટેકરા ઉપર પ્ર. ૧ લું.
૨ દેવભદ્રસૂરિના ઉપાશ્રયમાં, જ્યાં કાક મળે છે ,, ૧૦મું.
૩ સખીઓ સાથે મંજરી જૂએ છે, ત્યાં ,, ૧૦ ,,
૪ રેવાપાલને ત્યાં. ,, ૨૩ ,,
૫ મંજરીની મુલાકાતે. ,, ૨૬-૨૭,

આ પ્રસંગો બારિક દૃષ્ટિએ તપાસવા આવશ્યક છે; પરંતુ તે પહેલી એક વાત કહી દઉં.

નવલકથાઓ વાંચનારાઓને એ ખ્યાલ 'મગજમાં ઠસેલો અવશ્ય હોવો જોઇએ કે–નવલકથાઓ એટલે લોકોનાં ચિત્તોને ખુશ કરે, અને ઉદાસીનતાને મટાડે એવી વાર્તાઓ. વસ્તુ ગમે તેટલું ન્હાનું હોય પરન્તુ વાંચનારાઓને રસ ઉત્પન્ન થાય એવા વર્ણન પૂર્વક–ટૂંકમાં કહીએ તો કાવ્યોના રસોને પોષવાપૂર્વક લખાએલી વાર્ત્તા, નવલકથા. આવી કથાઓમાં અત્યુક્તિ હોય, શબ્દલાલિત્ય હોય, ઉત્તેજકતા હોય અને સરસતા પણ હોય, પરન્તુ તેની સાથે એ પણ ભૂલવું ન જોઇએ કે નવલકથા–નવલકથાઓમાં તફાવત હોય છે કોઇ નવલકથા સામાજિક હોય છે તો કોઈ ઐતિહાસિક, જ્યારે કોઇ ધાર્મિક–વૈરાગ્યાત્મક પણ હોય છે. સામાજિક અને ધાર્મિક નવલકથાઓમાં સામાજિક અને ધાર્મિકભાવોનું ચિત્ર દોરવામાં આવે છે, પરન્તુ ઘણે ભાગે તેનાં પાત્રો કાલ્પનિક હોય છે. ઐતિહાસિક નવલકથાઓનાં પાત્રો મ્હોટે ભાગે સાચાંજ હોય છે. અને સાચાં હોવાંજ જોઇએ. નહિ તો ઇતિહાસનું જે સત્ય સમાજ સમક્ષ મૂકવાનું છે, તે સત્ય, સત્યરૂપે સમાજ નજ સ્વીકારે. ભાઈ મુનશીની 'આ નવલકથા' એક "ઐતિહાસિક નવલકથા" છે. આ નવલકથામાંથી 'ગુજરાતનું ગૌરવ' પ્રકટ થાય છે. આ નવલકથા ગુજરાતના રાજાઓની કીર્તિ અને ધ્વંસનાં કારણો ઉપસ્થિત કરે છે અને આ નવલકથા ગુજરાતની 'અસ્મિતા'નું ચિત્ર આપણી આંખો આગળ ખડું કરે છે. એટલે નવલકથાના હિસાબે આમાં અત્યુક્તિ ભલે હોય, શબ્દલાલિત્ય ભલે ઝળકે, ઉત્તેજકતા ભલે ઉભરે અને સરસતા ભલે છલકે; પરન્તુ તેમાં અસત્યતાનું કે મનગઢંત વાતોનું તો મિશ્રણ નજ હોવું જોઇએ. જો તેવું હોય તો ઇતિહાસના ઉપર પાણીજ ફર્યું–ફેરવ્યું કહેવાય. આવી અવસ્થામાં ભાઈ મુનશીજીની આ નવલકથા અને ચર્ચાસ્પદ શ્રી હેમચંદ્રસૂરિના પ્રસંગો માટે આપણે કંઇપણ અનુમાન કે ધોરણ બાંધીએ તેના કરતાં તેની

સત્યતાનાં પ્રમાણ ભાઇ મુનશીજી પાસેથીજ મેળવીએ એ મને વધારે સમુચિત લાગે છે અને તેથી કથાના ઉપર્યુક્ત પ્રસંગો વાંચતાં મને જે કંઇ પ્રશ્નો ઉપસ્થિત થાય છે, તે આ નીચે આપી ભાઈ મુનશીનું તે તરફ ધ્યાન ખેંચું છું:—

૧ હેમચંદ્રસૂરિ દેવભદ્રસૂરિને મળે છે. કાક પણ આવે છે, તે પ્રસંગે રાજ્યકારભારમાં 'હિંસા-અહિંસા'નો જે વિવાદ ચર્ચવામાં આવ્યો છે, તે વિવાદ પ્રમાણયુક્ત છે કે કાલ્પનિક? પ્રમાણ-યુક્ત છે તો કયા ગ્રંથમાં? પ્ર. ૧ પૃ. ૨૩૮

૨ રેવાપાલને હેમચંદ્રસૂરિ મળે છે. અને રેવાપાલના શૈવ હોવા સંબંધી સૂરિજી ભાવ વ્યક્ત કરે છે. રેવાપાલ 'મને અહિંસા ધર્મ રૂચતો નથી.' એમ કહે છે. આ હકીકત કોઇ ગ્રંથના આધાર-વાળી છે કે કાલ્પનિક? પ્ર. ૨૩, પૃ. ૨૩૧.

૩ કાકના હાથમાંથી સત્તા લઈ લેવા માટે તેજ-પાલ, માધવ, અને આંબડને સમજાવવાની જે રાજ્ય ખટપટ હેમચંદ્રસૂરિ કરે છે, તથા દુર્ગપાલ સૂરિજીનું અપમાન કરે છે, તે હકીકત કોઇ ઐતિહાસિક ગ્રંથમાં છે? છે તો કયા? પ્ર. ૨૩ પૃ. ૨૩૨.

૪ મંજરીને જોતાં સૂરિજીને જે 'સંશય' પેદા થયાનો કિંવા 'સંશય પેદા થયાની ભ્રમણા'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે શા ઉપરથી? સૂરિજીને એવો સંશય કિંવા ભ્રમણા ઉત્પન્ન થઈ હતી, એની શી ખાતરી? પ્ર. ૨૭; પૃ. ૩૨૮

૫ મંજરીનો અને સૂરિજીનો છેલ્લો પ્રસંગ-જેમાં દુર્ગપાલને ત્યાં ગોચરી જવાનું નિમંત્રણ સ્વીકારવું, સૂરિજીનું ચમકવું, પોતાના મગજ પાસે હિસાબ માંગવો, મંજરી પાસે જવું, મંજરીને 'ભગવતી' 'માતા' આદિ સંબોધનોથી બોલાવવી, મંજરીની સ્હામે સૂરિજીનું હસવું, મંજરીએ આશીર્વાદ આપવો, સૂરિજીને સૂરિપદ-વીતરાગ પદ-અવિકારતા નજર આગળથી અદૃશ્ય થઈ જવી, પુનઃ અનિત્યાદિ વૈરાગ્યની ભાવનાઓથી સૂરિજીનું ચિત્ત ઠેકાણે આવવું, સૂરિજીએ મંજરીને સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કરવા, આ પ્રસંગો શું ઐતિહાસિક સત્યતાવાળા છે? છે તો તેનાં પ્રમાણ? પ્ર૦ ૩૭, પૃ. ૩૭૨ થી ૩૭૭.

બસ, મારૂં માનવું છે કે ઉપર્યુક્ત હકીકતમાંજ આ ચર્ચાનો જન્મ થયેલો છે, અને આ પ્રશ્નોના ખુલાસામાંજ તેનો અંત છે.

પુનરૂક્તિનો દોષ વ્હોરીને પણ એક વાર ફરી કહીશ કે-આ કથા એક ઐતિહાસિક નવલકથા છે. અતએવ ઐતિહાસિક પાત્રોને યથાસ્થિત સ્થાનમાંજ ગોઠવવાનો નિયમ ભાઈ મુનશીજી જેવા એક ઉમદા નવલકથાકાર નહિ ચૂક્યા હોય, એ ખાતરી છે. અને ગુજરાતનું ગૌરવ બતાવવા સૌથી આગેવાની ભર્યો ભાગ લેનાર આ 'ગુજરાત'ના તંત્રીના હાથે ગેરવ્યાજબી અન્યાય યુક્ત તંત્ર નહિંજ ગોઠવાયુ હોય એવો વિશ્વાસ છે. અને તેથી એક મિત્ર તરીકે વિશ્વાસયુક્ત આશા રાખીને ટુંકમાંજ પતાવું છું કે-તેઓ ઉપર્યુક્ત પ્રશ્નોના ખુલાસા અવશ્ય આપશે.

શ્રીવિજયધર્મ લક્ષ્મીજ્ઞાન મંદિર,<br>બેલનગંજ આગરા<br>ફા. સુદ ૧, ૨૪૫૦ ધર્મ સં. ૨ } વિદ્યાવિજય.

આ લેખ ભાઇ મુનશીજી ઉપર મેં મોકલ્યો હતો. તેમણે મારી પ્રશ્નાવલિના ઉત્તરમાં જે જવાબ આપ્યો છે, તે આ નીચે અક્ષરશઃ આપું છું.

મુંબાઇ<br>તા. ૧૬-૩-૨૪

**મુનિ શ્રી વિદ્યાવિજયજી**

આપની પ્રશ્નાવલિ ને વિવિધ વિચારમાલા મળી. આપના પ્રશ્નોના જવાબમાં લખવાનું કે રેવાપાલ અને મંજરી કાલ્પનિક પાત્રો છે. એટલે તેના બધા પ્રસંગો કાલ્પનિક છે. ઐતિહાસિક નવલકથા એટલે ઇતિહાસ નહીં; પણ ઇતિહાસના પ્રસંગોમાં ગુંથેલી કાલ્પનિક કથા.

હેમાચાર્ય વિષે ઇતિહાસમાં બે વસ્તુ દેખાય છે. તેમનો અહિંસાવાદ તરફ પક્ષપાત અને પાટણના રાજા પાસે જૈનધર્મ સ્વીકારાવવાની પ્રબળ ઇચ્છા આ બે જેના જીવનની મોટી આકાંક્ષા છે એવા મહાન ગુજરાતીના જીવનમાં તેમના ચારિત્ર્યને અનુરૂપ, કાલ્પનિક પ્રસંગો યોજ્યા છે, અને એ યોજવાનો કથાકારનો અધિકાર છે, એમ હું માનું છું.

મંજરીનો પ્રસંગ, હેમાચાર્યનો બાલ્યાવસ્થાથીજ સંયમ કેવો હતો તે દેખાડે છે. વિકારને વશ કર-

વામાં જે મહત્તા રહેલી છે, તે આ પુરૂષને કેવી સુલભ હતી તે પણ દેખાય છે, એ પ્રસંગમાં હેમાચાર્યનાં સ્મરણોને નાનમ લાગવા જેવું શું છે, તે મને હજુ સમજાતું નથી. માણસ હોય તેને વિકાર થાય-અને વિકાર જીતી ને વીતરાગ થાય. જે પાષાણુ હોય તેનેજ વિકાર થાય નહીં અને તેને વિકાર જીતવાની જરૂર રહે નહીં. તીર્થંકરોને પણ તપશ્ચર્યા આદરવી પડી છે, અને ચિત્તવૃત્તિનો નિરોધ કરવા દૃઢ પ્રયત્ન કરવો પડયો છે. તેથી શું તેમની અપૂર્વતા ઓછી થાય છે? તો હેમાચાર્યે તો કદી તીર્થંકર હોવાનો દાવો કર્યો નથી. એજ

લી.

**કનુ મુનશીના**
પ્રણામ

**નોટ—**

ભાઇ મુનશીજીના ઉપર્યુક્ત જવાબ ઉપરથી જોઇ શકાય છે કે **રાજાધિરાજની** કથાના **રેવાપાલ** અને **મંજરીનાં** પાત્રો કાલ્પનિક છે, અને તેથી સ્પષ્ટ થાય છે, કે હેમચંદ્રાચાર્યનો મંજરી સાથેનો જે જે સંબંધ-પ્રસંગ તેમણે પોતાની કથામાં આલેખ્યો છે, તે બધોએ કાલ્પનિક જ છે. એટલે કે-તે પ્રસંગો મુનશીજીના મનગઢંત છે, નહિં કે બનેલા. આવી અવસ્થામાં તો આપણે મુનશીજી પાસે એટલુંજ ઇચ્છી શકીએ કે-આવા મનગઢંત પ્રસંગમાં એક ધુરંધર, પવિત્ર, શુદ્ધ ચારિત્ર્યવાન અને વિદ્વાન આચાર્યને માનસિક વ્યભિચાર સેવતા બતાવી પાછળથી મનને વશ કરવા બનાવવાનો શો અધિકાર? આનો જવાબ મુનશીજી જે આપે છે તે મનુષ્ય સ્વભાવ પ્રકૃતિના નિયમ તરફ આપણું ચિત્ત દોરે છે, વિકારને વશ કરવામાં જે મહત્તા રહેલી છે, તે આ પુરૂષને (હેમચંદ્રાચાર્યને) અત્યંત સુલભ હતી; એ બતાવવાનો મુનશીજીનો હેતુ છે પરન્તુ અહિં વિચારવાનું એટલુંજ છે કે એક મનુષ્યમાં રહેલી કોઇ પણ વિશેષતા-મહત્તા બતાવવા તેને પાપ-અધર્મની તરફ યોજવાની જે પ્રારંભિક ભૂલ ભાઇ મુનશીજીના હાથે થઈ છે, તે તેઓ જોઇ શકયા નથી. પગને સાફ કરવાની ખાતર પગને કિચ્ચડમાં નાખી ધોનારને શું કોઇ બુદ્ધિમાન સમજશે? ભાઈ મુનશીજીની આલેખેલી ઘટના બિલકુલ આ દૃષ્ટાંતને લાગુ પડે છે, તેમાં પણ અહિં તેના એક મહાન ચારિત્ર્યનો સવાલ છે. એટલે સાહિત્યના વિષયમાં કોઇ પણ લેખકે વધારે સાવધાનતા રાખવી જોઇએ છે, એ વાત તેમણે ન ભૂલવી જોઇએ.

આ ઉપરાન્ત ભાઇ મુનશીજીએ, હેમચંદ્રાચાર્યના મુખથી મંજરી પ્રત્યે 'ભગવતી' 'માતા' આદિ શબ્દો કહેવડાવી મંજરીને નમસ્કાર-પ્રણિપાત પણ કરાવ્યો છે, તે બિલકુલ અસંભવિત છે. એક સામાન્યજ જૈન સાધુ કેમ ન હોય, કોઇપણ ગૃહસ્થને સ્ત્રી કે પુરૂષને-તે નમસ્કાર કરેજ નહિં, જ્યારે આ તો આચાર્ય-મહાન્ આચાર્ય તે તો માતા-ભગવતી કહેજ શાના, અને પ્રણિપાતની તો વાતજ શી? કાલ્પનિક પ્રસંગોમાં પણ આવી અસંભવિત વાતો ઉલ્લેખી એક મહાન્ પુરૂષને-સાચા પાત્રને અધમ સ્થિતિમાં મૂકવા જેટલી અઘટિત સ્વતંત્રતા મુનશીજી જેવા ગુજરાતનું ગૌરવ બતાવનાર નવલકથાકાર ભોગવે એ તો નહિ ઇચ્છવા યોગ્યજ ગણી શકાય. એક સાચા ઐતિહાસિક પાત્રને-સામાન્ય પાત્રને નહિં મહાન્ પુરૂષને—તેની વાસ્તવિક સ્થિતિથી છેક નીચી સ્થિતિએ મૂકવાનો હક કોઇનો પણ ન હોઇ શકે. અને તેટલા માટે એ કહેવું લગારે ખોટું નથી કે મારા મિત્ર ભાઇ મુનશીજીએ ખરેખર ગુજરાતના ઇતિહાસના આ અંશને ક્ષતજ કર્યો છે.

આ સિવાય એટલે રેવાપાલ અને મંજરીના પ્રસંગ સિવાયના મારા બાકીના પ્રશ્નો સંબંધી ભાઈ મુનશીજીએ કંઇપણ ખુલાસો કર્યો નથી, એજ બતાવી આપે છે કે તેમણે તે તે પ્રસંગો કોઇપણ ઐતિહાસિક પ્રમાણના આધાર સિવાયજ આલેખ્યા છે, અને તેથી એક ઇતિહાસકાર-સુયોગ્ય ઇતિહાસ લેખકના હાથે ઇતિહાસને જે આઘાત પહોંચ્યો છે, એ જોઈ કોઇપણ ઇતિહાસ પ્રેમીને ખેદ થયા વિના નહિં રહે, એ સિવાય વિશેષ શું કહી શકાય?

શ્રીવિજયધર્મસૂરિ સમાધિ મંદિર
શિવપુરી (ગ્વાલીયર)
ફા. સુ. ૧૫, ૨૪૫૦, ધર્મ સં. ૨
} **વિદ્યાવિજય.**

—**વિવિધ વિચારમાલા**-વીરાત્ ૨૪૫૦ અંક ૫મો.

# પ્રાચીન જૈન કવિઓનાં વસંતવર્ણન.

સુવર્ણમાલાનો નવીન અવતાર થયો અને તેના અંકોનું બાંધેલું પુસ્તક મારા મિત્ર રા. ચંદુલાલે વાંચવા આપ્યું, તેમાં ગુજરાતી પ્રાચીન કવિઓનાં વસંતવર્ણન એ નામનો લેખ ચૈત્ર ૧૯૮૨ ના અંકમાં રા. છગનલાલ વિદ્યારામ રાવળનો શરૂ થએલો જોયો કે જેમાં શ્રી નરસિંહ મહેતાથી લઇ ઇંદ્રાવતી (પ્રણામી પંથનો) અને ત્યાર પછીના અંકમાં કવિ રાજે ભક્તથી લઈ રા. સાકરલાલ પુરૂષોત્તમ શુકલના વસંતવર્ણન લેવામાં આવ્યાં છે. આ પરથી જૈન પ્રાચીન કવિઓનાં વસંતવર્ણન બને તેટલાં એકત્રિત કરી પ્રકટ કરવાપર વિચાર થતાં તેનો અમલ આ લેખમાં કરવામાં આવ્યો છે. રા. રાવળે ભક્તકવિ નરસિંહ મહેતાની નીચે જણાવ્યું છે કે,

'તેમના સમયની જુની ગુજરાતી ભાષાનાં જૈન કાવ્ય હાલ હાથમાં આવ્યાં છે તે જોતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે, હાલમાં પ્રસિદ્ધ થયેલાં પદની ભાષા તેમના વખતની નથી.

અત્ર જણાવવું યોગ્ય થઇ પડશે કે શ્રી નરસિંહ મહેતાના સમયનાં તો શું, પણ તેમની પૂર્વેનાં પ્રાચીન જૈન કવિઓનાં કાવ્યો સાંપડયાં છે તે અને બીજાં કાવ્યોમાંથી 'વસંતવર્ણન' મળી આવેલ છે, કે જે અત્ર મૂકયાં છે. હજુ ઘણાં કાવ્યો જોવાં બાકી છે, અને તે જોયે તેમાંથી મળી આવતાં વર્ણનો હવે પછી આપવાની ધારણા છે.

આ વર્ણનોના બે ભાગ પડી શકે છે. એક તો વસંતનાં છૂટાં કાવ્યો અને બીજાં આખાં લાંબાં કાવ્યોમાંથી વસંતના પ્રસંગોચિત વર્ણનો.

હવે આ સર્વ જોતાં જૈનોના બાવીસમા તીર્થંકર 'નૈષ્ઠિક બ્રહ્મચર્યનો અનુભૂત આદર્શ આપનાર યાદવ તીર્થંકર નેમિનાથ' સંબંધી જે કાવ્યો છે તેમાં પ્રાયઃ વસંતનાં વર્ણન આપેલાં જણાય છે. વસંતનાં છૂટાં કાવ્યો પણ મુખ્ય ભાગે ઉક્ત શ્રી નેમિનાથ સંબંધીનાં હોય છે. જેમ જૈનેતર સાહિત્યમાં 'બારમાસ' નામની કૃતિઓ જોવામાં આવે છે તેમ જૈન સાહિત્યમાં પણ 'બારમાસ' નામની અનેક કૃતિઓ છે અને તે મુખ્ય ભાગે શ્રી નેમિરાજુલ બારમાસ હોય છે.

જ્યારે જૈનેતર ભક્તિ સંપ્રદાયના રસાત્મા, 'કર્મ યોગનો સક્રિય માર્ગ ઉપદેશનારા વાસુદેવ શ્રીકૃષ્ણ'ને મુખ્ય નાયક લઇ વસંતના ઉત્સવોમાં પણ તેને પ્રધાનપદ જૈનેતરોએ આપ્યું છે, ત્યારે જૈનમાં પ્રધાનપદ લગ્ન નિમિત્તે ગયા છતાં પણ લગ્ન ન કરતાં રાજિમતી-રાજુલનો ત્યાગ કરી ધર્મ દીક્ષા લેનાર નેમિનાથજીને પ્રધાનપદ આપવામાં આવ્યું છે; આમ કરી તેમજ જિન-તીર્થંકરોનાં સ્તવનો-સ્તુતિઓ રચી જૈન કવિઓએ ભક્તિ-સાહિત્ય પણ ખીલવ્યું છે. નેમિનાથ તે કૃષ્ણના કાકા સમુદ્રવિજયના પુત્ર-પીતરાઇ ભાઇ.

નેમિનાથની કથા પ્રસિદ્ધ છે. તેમાં એક પ્રસંગ ખાસ વસંત ઋતુને ઉચિત છે તે એ છે કે

'નેમિકુમારે કૃષ્ણ વાસુદેવની આયુધશાળામાં પ્રવેશ કરી તેનો પાંચજન્ય શંખ પૂરીને વગાડયો કે જે શંખ કૃષ્ણ સિવાય વગાડવા કોઇ સમર્થ ન હતું. કૃષ્ણને ખબર પડી ને પ્રસન્ન થયા. ભુજબળમાં નેમિએ કૃષ્ણને નમાવ્યા. કૃષ્ણે નેમિકુમાર પરણે તો સારૂં, પણ તે પૂર્ણ બ્રહ્મચારી હતા તેથી તેને લગ્ન પ્રત્યે ઉત્સુક કરવા પોતાના અંતઃપુરમાં જવા આવવાની છૂટ આપી તેમજ પછી વસંતઋતુમાં નગરજનો અને યાદવોની સાથે પોતાના અંતઃપુર સહિત રૈવતાચળના-ગિરનારના ઉદ્યાનમાં ક્રીડા કરવા કૃષ્ણ નેમિનાથને લઇ ગયા. આ વખતનું વસંતનું વર્ણન નેમિનાથનાં ચરિત્ર જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં આપવામાં આવ્યું છે.

નેમિનાથનું મૌન લગ્નેચ્છા તરીકે સ્વીકારી તેમનો વિવાહ રાજીમતી સાથે નક્કી થયો. જાન ગઈ ત્યાં રથમાં બેઠેલા નેમિનાથે પ્રાણીઓનો કરૂણસ્વર સાંભળ્યો. ત્યાં જઇ જોયું તો જણાયું કે ચીસ પાડતાં આ પ્રાણીઓ આમિષાહારીને આહાર પૂરો પાડવા માટે બાંધેલાં છે ને 'પાહિ પાહિ' (રક્ષણ કરો, રક્ષણ કરો) એમ બોલતા લાગ્યા. દયાર્દ્ર નેમિનાથે

રથ ફેરવ્યો. લગ્નનો ત્યાગ કર્યો. રાજીમતી વિલાપ કરવા લાગી. દીક્ષાનો અડગ નિશ્ચય કરી આખરે પ્રવ્રજ્યા શ્રાવણ શુદ ૬ ને દિને ગિરિનારના સહસામ્ર વનમાં લીધી. રાજીમતીએ પણ તેમની પાસે દીક્ષા લીધી. આખરે બંને સિદ્ધિ પામ્યા.

શ્રી મહાવીર પ્રભુ પછી નંદરાજાના સમયમાં સ્થૂલિભદ્ર થયા. તેઓ યૌવનત્રયમાં કોશ્યા નામની વેશ્યાને ત્યાં રહેલ અને પછી તેમણે દીક્ષા ગ્રહણ કરી. તેમના ચરિત્રનો એક ભાગ એ છે કેઃ—

એકદા એક ચાતુર્માસ સમયે જુદા જુદા મુનિઓ સિંહ ગુફા આદિક પાસે રહી તપશ્ચર્યા કરવા માટે ગુરૂ મહારાજની આજ્ઞા માગી ત્યાં ગયા. સ્થૂલભદ્રે ગુરૂની આજ્ઞા એમ કહી માગી કે 'હે ભગવાન્ હું પણ કોશ્યા વેશ્યાની ચિત્રશાળામાં રહીને ષટ્રસ ભોજન સહિત ચાતુર્માસ રહીશ' ગુરૂ મહારાજે પણ જ્ઞાનોપયોગથી તેમને યોગ્ય જાણી તેમ કરવાની આજ્ઞા આપી, અને તેથી સ્થૂલભદ્રે કોશ્યાને ત્યાં જઇ શુદ્ધ ચારિત્ર પાળ્યું. તે ચારિત્ર બીજા બધા શિષ્યો કરતાં અતિ દુષ્કર ગુરૂજીએ જાહેર હર્યું.

આ સ્થૂલભદ્ર અને કોશ્યાનો પ્રસંગ લઇ કેટલાક જૈન કવિઓએ શૃંગારમય વર્ણન–તેમાં વસંતવર્ણન મૂકી કરેલ છે. આખરે ત્યાગનો બોધ બતાવ્યો છે.

વસંતરૂપે કેટલીક અધ્યાત્મ–વસંતો પણ ગવાઇ છે. વસંત સંબંધી હોરીઓ રચાઈ છે તેમાંની કેટલીક અધ્યાત્મ–હોરીઓ પણ છે.

વસંત સંબંધીનાં જૈન કવિઓનાં કથનો અને કાવ્યો કેટલાં રસિક છે અને જૈનેતર કવિઓનાં કાવ્યો સાથે સરખાવતાં કેવાં માલૂમ પડે છે એ કાર્ય તટસ્થ રસપિપાસુ વાચકજનોને સોંપવામાં આવે છે.

જૈનેતર ગૂજરાતી કાવ્યોમાં પ્રથમજ વસંત સંબંધી વર્ણન કરનાર શ્રી નરસિંહ મહેતા મળી આવે છે; જ્યારે તેમની પહેલાના જૈન કવિઓ વસંત વર્ણન કરનારા માલૂમ પડે છે.

મહા શુદ ૫ ને વસંતપંચમી લોકમાં કહેવામાં આવે છે અને તે માસમાં વસંતનું આગમન થાય છે એવો ધ્વનિ તે પરથી નીકળે છે; પરંતુ ખરૂં જોતાં ફાગણ વદ ૧ (મારવાડી ચૈત્ર વદ ૧)થી એટલે હોળીનો દિન–ફાગણ શુદ પૂર્ણિમા પછી તુરતજ બીજા દિવસથી શરૂ થાય છે; છતાં અત્ર લોકમાં માહ માસથી વસંત પ્રારંભની માન્યતાને માન આપી માહ–ફાગણ–ચૈત્ર એમ ત્રણ માસને વસંત ઋતુનાં ગણી તે તેનાં વર્ણન આપવામાં આવ્યાં છે.

**તંત્રી. જૈનયુગ.**

## વિક્રમ ચૌદમું શતક.

સહસારામુ મનોહરૂ એ, માલ્હંતડે,
વિહસિય સવિ વણરાઇ,
સુણિ સુંદરે પૂજિય દરિસણ પાય.
કોઇલ સાદુ સુહાવણઉ એ મા૦
નિસુણિયઇ ભમર ઝંકાર. સુણિ.

\+ \+ \+

(દશમી ભાષા)

રિતુ અવતરિયઉ તહિ જિ વસંતો,
સુરહિકુસુમ પરિમલ પૂરંતો
સમરહ વાજિય વિજયઢક્ક.
સાગુ સેલુ સલ્લઇ સચ્છાયા, કેસૂય કુડય કયંબ નિકાયા,
સંધસેનુ ગિરિમાહઇ વહએ.
બાલીય પૂછઈ તરૂવર નામ, વાટઈ આવઈ નવનવગામ
નયની ઝરણ રમાઉલઉં. ૧

—સમરા રાસુ. અંબદેવ સૂરિકૃત સં. ૧૩૭૧.
[ પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ. ]

## વિક્રમ પંદરમું શતક.

'જયશેખર સૂરિના ન્હાના ગુરૂભાઈ મેરૂતંગ સૂરિ, તેમના શિષ્ય માણિક્યસુંદર સૂરિએ જૂની ગૂજરાતીમાં ગદ્યાત્મક પૃથ્વીચંદ્ર સંવત્ ૧૪૭૮ માં રચ્યૂં છે; તે બોલીમાં છે. અક્ષરના, રૂપના, માત્રાના અને લયના બંધનથી મુક્ત છતાં તેમાં લેવાતી છૂટ ભોગવતૂં પ્રાસયુક્ત ગદ્ય, તે બોલી. માણિક્યસુંદર, બોલીવાળા પ્રબંધને વાગ્વિલાસ એટલે બોલીનો વિલાસ એવું નામ આપે છે.' આ ગદ્યકાવ્ય પ્રાચીન ગુર્જર કાવ્ય

સંગ્રહ ( Baroda Oriental series )માં છપાયું છે તેમાં વસન્ત સંબંધી ઉલ્લેખ છે ને તેમાં એક દૂહો પણ મૂકવામાં આવ્યો છેઃ—

'તિસિઇ આવિઉ વસંત, હૂઉ શીત તણુઉ અંત, દક્ષિણ દિસિ તણુઉ શીતલ વાઉ વાઇ, વિહસઇ વણરાઈ.

સવ્વે ભલ્લા માસડા, પણ વઇસાહ ન તુલ્લ
જે દવિ દાધા રૂંષડાં, તીંહ માથઇ પુલ્લ.

'મઉરિયા સહુકાર, ચંપક ઉદાર; વેઉલ બકુલ, ભ્રમરપુલ સંકુલ, કલરવ કરઇં કોકિલતણાં કુલ. પ્રવર પ્રિયંગુ પાડલ, નિર્મલ જલ, વિકસિત કમલ; રાતા પલાસ; કુંદ મુચકુંદ મહમહઈં, નાગ પુન્નાગ ગહગહઈં. સારસ તણી શ્રેણિ, દિસિ વાસીઈં કુસુમ રેણિ, લોક તણે હાથિ વીણા, વસ્ત્રાડંબર ઝીણા; ધવલ શૃંગાર સાર, મુક્તાફલતણા હાર; સર્વાંગ સુંદર, મનમાહિ રમઇ ભોગ પુરંદર. એકિ ગીત ગવારઈં; વિચિત્ર વાદિત્ર વાજઈં, રમલિતણાં રંગ છાજઇ. એકિ વાદિઈં પુલ ચૂટઇં, વૃક્ષતણા પલ્લવ ચુંટઈં; હીંડોલઈં હીંચઈં, ઝીલતાં વાદિઈં જલિઇં સીંચઈં; કેલિહરાં કઉતીગ જોઅઈં, પ્રીતમંત હોયઇ. વનપાલકિ અવસર લહી વસંત અવતરિયા તણી વાર્ત્તા કહી.

'રાજા સોમદેવ આવ્યા વનમાહિ, તેહ જિ સરોવર દેષી કુંઅરિ સાંભલી મનમાહિ. તેતલઇ પુરુષિ એકઇં તેહ જિ કમલ મધ્ય હૂંતી નીસરી રત્નમંજરી કુમરી, દીઠી નરેશ્વરિ. દુઃખતણાં વ્યાપ ચૂરિયાં, લોક આશ્ચર્ય પૂરિયા. નગર મધ્ય વાર્તા જણાવી, રાણી કમલલોચના આવી. દીઠી બેટી, હુઇ પરમાનંદતણી પેટી, પરિવરી ચેટી.

'તિહાં માંડિયા વધામણાં, મહોત્સવિ કરી સુહામણાં; વિચિત્ર વાદિત્ર વાજિવા લાગા. તે કવણ કવણ. વીણા વિપંચી વલ્લકી નકુલોષ્ટિ જયા વિચિત્રિકા હસ્તિકા કરવાદિની કુબ્જિકા ઘોષવતી સારંગી ઉદંબરી ત્રિસરી ઝંષરી આલવિણિ છકના રાવણહત્થા તાલ કંસાલ ઘંટ જયઘંટ ઝાલરિ ઉગરિ કુરકચિ કમરઉ ધાધરી-દ્રાક ડાક ઢાક ધૂંસ નીસાણ તાંબકી કહુઆલિ સેલ્લક ફાંસી પાઠી પાર્જ સાંપ સીંગી મદન કાહલ ભેરી ધુંકાર તરવરા. ઇણિ પરિ મૃદંગ પડુપડહ પ્રમુષ વાદિત્ર વાજ્યાં, દુઃખ દૂરિ તાજ્યાં. ઇકવીસ મૂર્છના ઇગુણપંચાસ તાન, ઇસ્યાં હુઈં ગીત ગાન; યાચક યોગ્ય પ્રધાન વસ્ત્રદાન. કિસ્યાં તે વસ્ત્ર. સૂથિલા સંગ્રામાં દાડિમાં મેઘવનાં પાંડુરાં જાદરા કાલાં પીયલાં પાલેવીયાં તાકસીનીયાં કપૂરીયાં કસ્તૂરીયાં પુદ્દડીયાં ચઉકડીયાં સલવલીયાં લલવલીયાં હંસવડિ ગજવડિ ઉડસાલા નર્મ પીઠ અટાણ કતાણ ઝૂના ઝામરતલી ભઇરવ સુદ્ધ ભઇરિવ નલીબદ્ધ પ્રમુખ વસ્ત્ર જાણિવાં. ઇણિપરિ મહોત્સવ ભરિ સાથિ કુમરિ નરેશ્વર પહુતા નગરિ. મનતણઇ ઉલ્લાસિ, આવ્યા આવાસિ. "

હવે 'બારમાસ' લઇએ.

માહ મહીને હો ઘણું ઘણું તમે, પાલો પડેરે ઠંઠાર,
નેમજી રંજણે ગિરનારે ગયો, પુઠીય રાજલ નાર
—નેમજી ન જાજો ગિરનાર પાધરા. ૭
ફાગણ મહીને હો ઘણું ફગફગે, ઉડે અબીર ગુલાલ
ઘર ઘર હોલી ઓ નેમજી ખેલે, જય તમ છણતરે સુઉણ
નેમ૦ ૮
ચૈત ચતુર ગીઓ ચમકો, લાગસી પુલીસા વણરાય,
છવે ને રતાંરા પુલ મહમહે, ભવર કરે ગુંજાર. નેમ. ૯

—નેમ (નેમરાજુલ) બારમાસ હીરાનંદ સૂરિકૃત (સં. ૧૪૮૫ લગભગ)

કવિ વસંતનું મનોહર વર્ણન આપી જણાવે છે કે મદનને જીતી શુદ્ધ બ્રહ્મચર્યમાં યૌવન ગાળી દેવરત્ન સૂરિએ દીક્ષા લીધી.

રાસઉ.

તતક્ષણિ મિત્ર વસંતહ કારિઉ, કોમલવયણે તે તણિ વારિઉ,
તઉ ગહગહિઉ અપાર,
કણયર કેતક નઇ બીજઉરી, પાડલ કેસર કરણી મઉરી,
તરણી ગાઈ તાર. ૩૪

ફાગ.

ફલ ભરિ સહકાર લહકઇં, ટહકઇં કોઇલ વૃંદ,
પારધિ પાડલ મહિમહ્યા, ગહિ ગહિઆ મુચકુંદ. ૩૫
ચંદન નારંગ કદલીઅ, લવલીઅ કરઈં આનંદ,
રમય ભમઈં બહુ ભંગિઇં, રંગિઇં મધુકર વૃંદ. ૩૬

વનિ વનિ ગાયન ગાયઇં, વાસઇ મલય સમીર,
હસિમસિ નાચઇં રમણીઅ, રમણીય નવનવ ચીર. ૩૭
કિંશુક ચંપક ફોફલિ, ફલિઆ તરૂવર સાર,
મયણુ મહીપતિ ગાજઇં, રાજઇં રસ શૃંગાર. ૩૮

### કાવ્યં

**चापं पुष्पमयं शरानलिमयान् कृत्वा च चैन्यं स्त्रियो**
**दूतं दक्षिणमारुतं मधुमथ मित्र विधुं सैन्यपं।**
**उच्चैः कोकिलनादवाद्यनिवहः कामोऽयमामोदयन्**
**विश्वं विश्वमदो मदोद्धुरतरः सज्जोऽभवद् दिग्जये ॥ ३९ ॥**

### રાસ.

રતિપતિ અબલા બલ સારિસઉ, રીસઇ ચાલઉ વીરરે
મિત્ર વસંત પ્રમુખ નિજ પરિકરિ, પરિકરિઉ યતિ ધીર રે. ૪૦
આવિઉ મુનિવર પાસઇ તેજવિ, જવ તવ હઉ ઉવ સંતાપરે
સીયલ કવચ તસુ દેખી અતિ ઘણ, ઘણ ગુણ આરામ ચાપરે. ૪૧

**—દેવરત્નસૂરિ ફાગ-સં. ૧૪૯૯**

વિક્રમ પંદરમી સૈકાના અંતે સોમસુંદર સૂરિના શિષ્ય રત્નમંડન ગણિએ શ્રી રંગસાગર નેમિ ફાગ એ નામનું નેમિનાથના સંબંધનું અનુપમ કાવ્ય રચ્યું છે તેમાંથી વસંતનું વર્ણન અત્ર આપ્યું છે.

### રાસક

અવસરિ અવતરિ રતિ (ઋતુ) મધુ માધવી,
માધવી પરિમલ પૂરીરે,
કુસુમ આયુધ લેઈ વનસ્પતી સવિ,
રહી વિરહી ઊપરિ સૂરિરે. ૨૧
મદન રણંગિણિ સારથિ પરિમલ, ભરિ મલયાનિલ વાઇરે,
સુભટિ કિ મધુકર કરઈ કોલાહલ, કાહલ કોકિલ વાઇરે. ૨૨

### આંદોલ

કોઈલ વિખયણી, મદિરારૂણુ નયણી,
નાર કિ મરહઠીએ, વનિ વનિ બઈઠીએ;
પંથી પ્રાણપતંગ, કાલઉં કાજલ ભૃંગ,
ચંપક દીપકૂએ, વનધર દીપકૂએ. ૨૩
કુસુમિત એ કરૂણી, જાણે કિરિ તરૂણી,
મધુકર શ્રેણિએ, તેહ સિરિ વીણીએ;
જંબીર બીજઉરી, વેઇલ વઉલ સિરિ,
પાડલ પારધીએ, મધુરસ વારિધીએ. ૨૪

### ફાગ

વાડીય સવિ હુ કુસુમાયુધ આયુધ આશા લહવંતિ,
ભમર રહઇં તિહાં પાહરી માહરિ એ મન મન ભ્રાંતિ; ૨૫
સંવત્રી ફૂલડઇ મહુર અર મહુઅર રહ્યું જવ દીઠ,
મુગધ ભણઇં તવ રાહુઉ અહુઉ ચંદ્રી બઇઠ; ૨૬

### કાવ્યં (શાર્દૂલ)

આવીએ મધુ માધવી રતિ (ઋતુ) ભલી, ફૂલી સવે માધવી,
પીલી ચંપકની કલી મયણની, દીવી નવી નીકલી;
પામિ પાડલ કેવડી ભમરની, પૂગી રૂલી કેવડી,
ફૂડેદાડિમિ રાતડી વિરહિયાં, દોલ્હી હુઈ રાતડી. ૨૭

### ફાગ

સુલલિત ચરણ પ્રહારિઇ મારઇં કામિની લોક,
ધિક વિહસંતિ અભાગીયા અભાગીયા તહવિ અશોક; ૨૮
કુવભરિ કરઇં પરીરંભ રંભા સોભાગી નારિ,
વનિ વનિ કુસુમ રોમ રોમાંકુર કુરબક ધરઇં અપારિ, ૨૯
પૂરઇં ષટ્પદ ઊલટ ફૂલિ ટયાં વનખંડ,
ત્રિભુવનિ મદન મહીપતિ દીપતિ અતિ પ્રચંડ. ૩૦

### કાવ્યં

ઓઢી ચાદર ચીર સુંદર કસી, ઢીલી કસો કાંચલી,
આંજી લોચન કાજલે સિરિ ભરી સીમંત સિંદુરની,
લેઇ સાથિઇં નેમિકુંવર સવે ગોવિંદની સુંદરી
વાડીએ ગિરિનાર ડુંગરિ ગઈ સિંગારિણી ખેલિવા; ૩૧

### રાસક

વસંત ખેલણિ સાથિઇં દેવર, દેવરમણી સમ ગોરીરે;
પહુતલી ગિરિનાર ગિરિ અંબાવનિ, બાવનિ ચંદનિ ગોરીરે. ૩૨
અનંગ જંગમ નગરા બહુપરિ, પરિણિવા મનાવણ હારીરે,
લલાટ ઘટિત ઘન પીયલિ કુંકુમ, કુમર રમાડઇ નારીરે. ૩૩

### આંદોલ

કુમર રમાડઇ નારિ, હીંડોલે હીંચણ હારિ,
ઉચ્છંગિ બઈસારીએ સયરિ સિંગારીએ;
થાઇ થુમણિ થોર, દોલઇ દીહર દોર,
કંચણ ચૂડીએ, રણકઇં રૂયડીએ. ૩૪

દેઉર (માર) ઉરવરિ હાર, વઉલ સિરી સુકુમાર,
નવનવ ભંગીએ, કુસુમચી અંગીએ;
ત્રીકમ તરૂણી તુંગ, વિરચઇ સુચંગ
અંતિ અણીયાલઉંએ, ષૂંપ ષૂણાલઉ એં; ૩૫

ફાગ

ષૂંપ ષૂણાલઉ વિચિ વિચિત્ર, કુસુમ રચઈ એમિ,
અંતિ હિ અલંકૃત કલી હરિ, હરિ રમણી લિઇ એમિ;૩૬
કનક ચઉ કીવટ માંડતી હા રસ પૂરિ,
નેમિ રમાડઈ સોગઠે સોગઠે સઈ સવિ દૂરિ. ૩૭

અઢઇઆ

વન ખંડ મંડન અખંડ ખડો ખલી, મલયાનીલ
પાડિત જલ ઉકલી,
ઉકલી ચતુર હુઆરિતુ, ધનધન તેહ જલિ વિલસતઇ;૩૮
સવિ અલવેસરિ વિગલિત કાજલ કુંકુમ કેસરિ;
તસરિ સીહરિ નારિતુ, ધન ધન૦ ૩૯
ઝગમગ ઝગમગ ઝાલિ ઝબૂકઇં,
રિમિ ઝિમિ રિમિ ઝિમિ ઝંઝર ઝણુકઇં;
ઝીલઇ ઝાઝઇ નીરિ તુ. ધન ધન૦ ૪૦
સુરભિ સલિલ ભરી સોવન સીંગી કેસવ સુંદરિ
સકલ સુરંગી,
સીંચઇ નેમિ સરીર તુ; ધન ધન૦ ૪૧
ઇણુપરિ વિવિધ વિલાસે રમણી નેમિકુમર મનિ
અચિલ જાણીય,
પાણીય રમલિ મઝારિ તુ ધન ધન૦ ૪૨
વાનિ જિસી હુઈ ચંપકની પુલી રૂપિ કરતિ
અપછર નીકલી,
નીકલી બાહિરી નીસરી. ધન ધન૦ ૪૩
સરીરિ કરઇં સિણગાર પહિરઇ ચીર મનોહાર,
રમણી કુસુમ કુસુમ સુકુમાર. ધન ધન૦ ૪૪
નેમિપાય પડી ઇમિ ભણઇ અમ્હ ભણી કરિન પસાઉ
સાવ સલુણ તું માનિ ન માનિની પરિણુઉ ભાઉ,
નેમિ કદાગ્રહ ભાગઉ લાગઉ મૌનનઈ રંગી
તવ મનિ માનિઉં જાણીય રાણીય ઉલટઇ અંગિ. ૪૫

**॥ ઇતિ રંગસાર નામ્નિ શ્રી નેમિજિન ફાગે વિવાહાકાર વર્ણનં ॥**

## વિક્રમ સોળમું શતક.

કરિ વાલાકા વીજણારે, વલી વસંતઈ વાસ્યા,
ફુલદડા કરિ ફુટડારે, પાન કપૂરઈ વાસ્યારે.
હમચડી ૩૦

કાન્હુઅડઇ તવ કૂડ કમાયૂં, નેમિકુમર તેડાવ્યા,
અવસર આજ વસંતતુરે, અંતેઉરા ભલાવ્યારે. ૩૧ હ.
વારૂ વન રલીઆમણાંરે, આંબા રાઇણિ રૂડાં
કોઇલિ કરઇ ટહૂકડારે, રાતી ચાંચઇ સૂ(ય)ડારે. ૩૨ હ.
દ્રાખતણા છઇ માંડવારે, નવરંગી નારિંગી,
વિહુપખઇ તરૂ મુરીઆરે, ચઉખંડા છઇ ચંગારે. ૩૩હ.
નરવર ચતુર્ભુજ આવીયારે, ગોપી સવિ સિણગારી,
નેમિકુમરિ ભલાવીયારે, વલીયા દેવ મુરારીરે. ૩૪ હ.
ગોપી લોપી લાજડીરે, લાછિ વડી પટરાણી,
આલિ કરિ ઊછાંછલારે, બોલઈ વાંગડ વાણીરે. ૩૫ હ.
ખડોખલા છઇ મોકલીરે, રાણી રાઉલ વાહી,
હરષિ હસઈ હાસાં કરિરે, દેઉર સિઉ ભુજાઇ. ૩૬ હ.
કમલનાલ ભરિ ભરિ છાંટઇ, ચંદ્રાઉલી રાખઈ સાહી
રૂપ દેખાડઇ રૂકિમિણીરે, કિમ જાસિઉ અમ્હ વાહીરે.
૩૭ હ.

**—નેમિનાથ હમચડી લાવણ્યસમયકૃત સં. ૧૫૬૪**

## વિક્રમ સત્તરમું શતક.

જયવંતસૂરિ વિક્રમ સત્તરમા સૈકાના પ્રારંભમાં થયા. તેમણે શૃંગારમંજરિ નામનું અતિ મનોહર કાવ્ય કર્યું છે ને તે ઉપરાંત બીજાં કાવ્યો રચ્યાં છે. એક ટૂંકું નેમિજિન સ્તવન રચ્યું છે તેમાંથી નીચેનું વસંતવર્ણન આપ્યું છે.

સમુદ્રવિજય સિવાદેવિ સુત, સોહિ નેમિ સરૂપ,
ઋતુ વસંત ઇણિ અવસરિ, પસરિઉ સવિ ઋતુ ભૂપ. ૩

ફાગ.

પસરિઉ મલય મહાબલ, મહાબલિ કરતુ વ્યાપ,
યુવતિજન રત જલહર, લહરિ હરઇ જન તાપ; ૪
મુનિ મન મોહન માનિનિ, માનિનિ રાસ કરંતિ,
પંથિ જન મનિ યમ સમ, નિયમ સમાધિ હરંત; ૫

કાવ્યં

કોકિલા ટહુ કરિ આંબલઇ, તેહ તણઇ સરિ વિયો-
ગિઆં બલઈ,

સાભિમાનના કઠોર હૈયા બલઇ, તરૂવરિ કુંપલિ
આંબલઇ. ૬

ફાગ

વિરહી જન મન દારણુ, દારણુ કરવત ધાર,
વનિ રવિ હસિ કેવડી, કેવડી ભમર ઝંકાર. ૭
નવ નવ ચંપકની કલી, નિકલઇ પરિમલ પૂર,
કિહિ ચંદન અહિનવ ફુલ, બકુલ લતા ગુણુ ભૂરિ; ૮

કાવ્યં

વસંત માસિ પંથીજન કામિની, વાટ જોઇ
ઉભી ગજ ગામની,
જાઇ યૌવન જેમ સૌદામિની, વરસની પરિ જાઇ
યામિની; ૯

દૂહા

રિતુ વસંત ઇમ વ્યાપિઉ, નેમિ જિન વનહ મઝારિ,
કેશાવ કામિની પરિવર્યા, ખેલઇ વિવિધ પ્રકારી; ૧૦

રાગ—મલ્હાર

વૃંદાવનમાં વન વન તરૂ તલઈ, સરોવર જન
સુવિચારરે,
રાધા રૂકમિણિ ભામા ભામિની, ક્રીડઇ નેમિ કુમારરે;૧૧
માધવ માનિનિ મુનિમન મોહની, ખેલઇ માસ
વસંતરે,
મયણુ મહાતરૂ મંજરિ મદમતી, મયગલ જિમ
મલંતિરે; ૧૨

દ્રૂપદ

કેકર કમલિ છાંટિ જલભરી, કેવર કેસર રોલરે;
કે નેમિ છેહડઇ વલગઇ આવતી, કેતી કરઇ ટકોલરે;૧૩
નયન મીંચાવઇ કોએક પૂંઠિથી, કોઇ છપાવઇ બાલરે,
કોઇ કરી માલા નવનવ કુસુમની, કંઠિ ઠવઇ
સુવિમાલરે; ૧૪
વંઠ તણિ પરિ તું ભમઇ એકલો, મનિ ધરઇ
નારિ ઉછાહરે,
ઇમ કરી નારિં નેમિ મનાવીયા, રાજમતિ વીવાહરે;૧૫

આજ કવિ જયવન્ત સૂરિએ નેમનાથ બારમાસ રચ્યા છે તે વિસ્તારમાં છે પણ અપ્રકટ છે તેની સં. ૧૬૯૭ માં લખાયેલી પ્રત મળી છે, તેમાંથી માહ, ફાગણુ ને ચૈત્ર માસનાં વર્ણન લઇએ:—

દેશી

માહિઈ અતિ ઊમાહીઆ, રહિઇ મનમાંહિ ઝૂરિરે
વૈવ્યા ?) જે વિરહ વેદન તણુઉ, તે વાલ્હેસર દૂરિરે—મા.
ઊમાહીઆ મનમાંહી રહીઇ, જેમ પંખી પાંજરેઇ,
દેસાઉરી સો સજન મેરા, સાસ પહિલા સાંભરે,
સખી સોઇ સુંદર અવર અંતર રયણુ રેડ ન કાકરા,
સ પીઆરડુ પીઉ કદહી મિલાસ, હસત મુખ ગુણુ
આગરા. ૩૫

દૂહા

જાણું સો કબ વીસરે, છૂટઉ નેહ કે બંદિ,
જિહાં જોઉં તિહાં સામુહો, વાલ્હા તુજ મુખચંદ. ૩૬
મુઝ મનિ નિસિદિન તુમ્હે વસો, તુમ્હ મન કહ્યું ન જાય
તુમ્હા વિણુ દીઠાં સુખ નહીં, ઘડી જમવારો થાય. ૩૭
નિસિ મોટી નિદ્રા નહીં, પાંગરી યૌવન પાલિ,
વાહાલો વિદેસી વિરહ રે, જિમ ચાલે તિમ સાલિ. ૩૮

દેશી

ફાગુણે કેસૂ કુંપલ્યા, દાવાનલ વીછડયાઇરે,
કેસ્યૂ રંગ વિના વિરહી કાં, દૈવે ઘડયાઇરે—ફા૦
કુંપલ્યા કેસૂ લાલ વેસૂ, કપુર કેસર છાંટણાં,
ગુલાલિ રાતી છાંટિ માતી, ઉપરિ આછાં ઓઢણાં,
એ જોડિ મદમતિ હસતિ ખેલતિ, દેખતિઇ દુખ સંભરે
પીઉ વિના કહે સ્યું વસંત ખેલું? છાંટણાં પચરકી ભરે.૩૯

દુહા

ફાગુણિ હોલી સહુ કરે, વીછડયા હિ બારમાસ
સજન ! છોડાવો વિરહથી, જો અમ્હ જીવિત આસ. ૪૦
પ્રીતિ પ્રીતિ સહુ કો કહે, અમ્હે તુ જાણુ ઉદઇર,
બાઝી તે મરે ચઈ, અંગારા ખઇર. ૪૧
લોહિ રેપ્પુ રે હીઆ, કઇ ઘડીઓ વયરેણુ,
તેહિ ધીકયુ ફાટો નહી, વાલિંભ વિરહ ઘણેણુ. ૪૨

રાગ સામેરી કૃષ્ણુ બારમાસની ઢાલ.

કોઇલડી કહૂ કહૂ કરી, કોયલડી લિલ ગાઇ,
મદમસ્ત માનિનિ પરિહરી, કોઇલડી ઇતિ સમઇઝાઇ,
સખિ ! ચૈત્ર માસે અંબ મોર્યા, અતિ મધુર મલય સુવાય
પીઉ વિના પીડે પુષ્પકેતન, કેતકી કરવત થાયરે. ૪૪
વાલંભજી ! ઇણિ રૂતિઈં, મનમથ માહલીઇરે
મદમત્ત યૌવન પૂરરે,

લાલનજી ! વીનતિ કરૂં મન વાલીઇરે
અતિ ઘણું ન કીજે જુરરે-વાઽહંભ.

દૂહા

સજજન વિરહે તાહરે, લાગી વેડિ સરીરિ,
સાયર નીસાસે સસ્યા, ભર્યાં તે આંસૂનીરિ. ૪૫
જાણું જે ઉડી મિલું, સૂડા આપિ ન પાંખ
દરસનિ મીઠા સજનત, જેહની આંબા શાખ. ૪૬
જાણું વલી વલી મુખ જોઉં, કેડિ ન છંડુ રેખ,
અમીઇ ઘડયારે સજ્જના, જોતા મ કરિસિ તેખ. ૪૭

હવે પ્રસિદ્ધ કવિવર નયસુંદરનું એક કાવ્ય લઇએઃ—

રતિ વસંત એહવે આવીઓ, ચતુર લોકની મનિ ભાવીઓ,
પુષ્પિત ફલિત હવી વનરાજિ, રહે શશિ રતિ નિજ
મનસ્યું લાજિ.
પસરિયો મલયાચલ વનવાય, મંજુરિયાં અંબ અદલ
સછાય,
સ્વર પંચમ કોકિલા આલવિ, મધુકર તાસ સરિત
પૂરવિ. ૯૫
અભિનવ કેલિ કરે દંપતિ, ઇણે સમે નલ-દમયંતી સતી,
પ્રમોદ ભરિ મધુ ખેલન કામિ, સપરિવારિ આવ્યુ
આરામિ. ૯૬
કુસુમ કેલિ જલક્રીડા સાર, દોલા કેલિ કરે મનોહારિ,
કેલિહરા રચીયાં અતિ રમ્ય, તિહાં રાજા બેહુ
અભિગમ્ય. ૯૭
વસન્તપૂજા કરી સુવિવેક, દીયાં દાન ગાયક અનેક
સન્ધ્યા સમુ હવું એતલિં, વૈતાલિક બોલ્યાં તેતલિં. ૯૮

—સં. ૧૬૬૫ માં નયસુંદર કૃત ×**નળદમયન્તી રાસ** પ્રસ્તાવ ૯ આ. કા. મ. ૬ પૃ. ૨૯૫.

× આ એકજ જૈનકૃતિ રા. છગનલાલ રાવળે 'ગુજરાતના પ્રાચીન કવિઓનાં વસંતવર્ણન' એ લેખમાં લીધી છે અને તેના સંબંધી લખ્યું છે કે 'આ કવિતા નળદમયંતી રાસમાંથી વસંત ઋતુને લગતોજ ભાગ અહિં લીધો છે. ભાષા રા. બ. કે. હ. ધ્રુવના ગુ૦ શાળાપત્રમાં પ્રસિદ્ધ કરેલા વસંતવિલાસ પછીની છે. આ રાસની રચના ભાલણ અને કવિ પ્રેમાનંદનાં નળાખ્યાન કરતાં જરાપણ ઉતરતી નથી, બલકે કેટલીક જગોનું વર્ણન તો તેમના કરતાં યે તેમણે ઘણું સારૂં કર્યું છે એમ ન્યાયની ખાતર ન કહી શકાય ?-સુવર્ણમાલાનો વસંત અંક ચૈત્ર ૧૯૮૨ પૃ. ૬-૭.

રાગ ધમાલ.

વસંતસિરિ સૌજન ખેલે હો, ખેલ હો ભુવનદયાલ-
વસંત.
ખેલે હો ઋષભ ભૂપાલ. વસંત૦
ખેલે હો મરૂદેવી બાલ, વસંત૦
એક દિન માસ વસંત ખેલનકૂં, નાભિ નરિંદકો નંદ,
બલજાઉં,
ભરતાદિક બહુ નિજ પરિકર યુત, સાથે સુર અસુર
નરવૃંદ. બ૦ વસંત. ૧
ત્યાશી લાખ ભએ હે પૂરવકે, તિણ સમે આએ
ઉદ્યાન, બ.
વિહંગાલાપ ભમર ગુંજારવેં, મધુનૃપ કરત બહુ માન.
બ. વસંત. ૨
ગાવત ગીત કોકિલ પંચમ સ્વર, બાજત તાલ
બજાય, બ.
પવન પ્રેરિત પલ્લવ અભિનયસેં, માનું નૃત્ય કરત
વનરાય, બ. વસંત૦ ૩
કુસુમકે બાગમેં કુસુમ ધનુષ રિપુ, કુસુમ ભૂષન
સબ દેહ, બ.
કુસુમ ગિંદુક નિજ હાથ લીયો હે, બેઠે હે કુસુમકે
ગેહ. બ. વસંત. ૪
દ્રોય ખેલ સુખ નિર્ભર ખેલે, સુત સહસ્ત્ર પરિવાર, બ૦
ક્રીડા રસમેં મગન સબ દેખત, જિન લહત હે
હરખ અપાર બ. વસંત ૫
ઇણ સમે અરજ કરત લોકાંતિક, દીક્ષા-અવસર દેવ!બ.
છોરિ વિભાવ સ્વભાવમેં ખેલે, તીરથપતિ ભમે
સ્વયમેવ. બ. વસંત ૬
આતમભાવ-વસંતમેં ખેલત, પ્રગટે ઋદ્ધિ રસાલ, બ.
ત્રિભુવન ભાનકી આન ધરિ શિર, દિન દિન હુયે
મંગલ માલ. બ. વસંત ૭

—ભાનુચંદ્ર.

સખીરી માહ માસ કિમ કીજે, નેમજી તિલમા
તન ભીજે
બને રંગ ભરિ સેજ રમીજે, તે જીવિત સફલ ગણીજે
હો લાલ નેમજી નેમજી કરતી. ૮

સખીરી ફાગણુ માસ સુહાવે, નરનારી ચંગ વજાવે,
તિહાં અબીર ગુલાલ ઉડાવે, સાહિબ કયું અજીય
ન આવે હો લાલ. ૯
સખીરી ચૈતે ન કરૂં સિણગારા, નવિ પહિરૂં નવસરહારા,
ભોજન લાગે મુઝ ખારા, પ્રીતમ વિણુ કવણુ
આધારા હો લાલ. ૧૦
—લાભોદય કૃત નેમિરાજુલે બારમાસ સં. ૧૬૮૯
આશો સુ. ૧૫

---

રાગ ધમાલ.

આયો જબ ઋતુ સુરભિ મનોહર, સબ ઋતુકે
સરદાર, બલજાઉં.
નેમકુમાર ખેલન ચલેહો, લીનો નોહે જદુપરિવાર બ. ૧
મોહન જિન ખેલે રંગ ભરી હો, અહો મેરે લલના,
મોહત સબ નરનાર-મોહન આંકણી.
ફુલ અમૂલકો ટોડર પેયોં, બડો બહોત સોભાત, બલ.
લાલ ગુલાલ અબીર ઉડાવત, ગાવત ગુણિજન
ફાગ, બ. મો. ૨
સરસ કુસુમરસ કેશર મિશ્રિત, ચંદન ચર્ચિત અંગ, બ.
કનક અધિક છબિ નિરખત જાકે, જનમન હરખ
સુરંગ. બ. મો. ૩
સાર શૃંગાર હાર મોતિનકો, પહેરી પ્રભુપેં આય, બ.
ખેલત સકલ ગોપાલ બાલિકા, ઘેર લીયો યદુરાય,
બ. મો. ૪
કોમલ કમલ વિમલ દલ ભરકે, છિરકે નિર્મલ નીર, બ.
અતિ બહુ હસત વદન ધરિ નીકો, વ્યાકુલ વ્રજ
પરિવાર, બ. મો. ૫
વચન રસાલ બાલ ગોપિનકે, બોલે બોલ બનાય, બ.
વસ આયે પ્રભુ બહોત દિનોંકે, છોડેંગે વ્યાહ
મનાય, બ. મો. ૬

—ભાવવિજયજી ( વિજયદેવસૂરિશ. )

## વિક્રમ ૧૮ મું શતક.

ભોગીરે મન ભાવીયોરે, આયો માસ વસંતોરે
નરનારી બહુ પ્રેમસું, કેલિ કરે ગુણવંતોરે—૧
ફાગ રમે મિલિ યાદવા, ગિરિધર નેમિકુમારોરે
ઓધવજી મહસેનજી, મિલિયા દસે દસારોરે-૨ ફાગ.
બલભદ્રજી બોલે તિહાંરે, સાંભલ સારંગપાણીરે,
ચાલો નંદનવન જાઇને, કેલિ કરાં મનમાંનીરે. ૩ ફાગ.
મોર્યા આંબા આંબલીરે, મોરી દાડિમ દાખોરે
કોઇલડી ટહુકા કરેં, બેઠી સરગ્રી સાખોરે. ૪ ફાગ.
નાલેરા નીંબુ ઘણુરે, નહી નારંગી પારોરે
પાડલિ પરિમલ મહમહે, ભમર કરે ગુંજારોરે. ૫ ફાગ.
મરૂયો દમણો માલતીરે, જંબુ જેહી જાયોરે
એક ન ફૂલી કેતકી, સહુ ફુલી વનરાયોરે. ૬ ફાગ.
વારૂ વેસ વિરાજતારે, સીસ સારંગી પાગોરે
ચંબેલી ફૂલે જસું, સુંધે ભીના વાગારે. ૭ ફાગ.
પહિર અરગજા મહકતારે, કંઠ કુસુમરી માલોરે
ફાગતણા વલિ ફૂટરા, ગાવે ગીત રસાલોરે. ૮ ફાગ.
છયલ છબીલા રાજવીરે, માનીતા મછરાલોરે
સાગર સંબ પ્રજુનસું, ખેલે બાલ ગોપાલોરે. ૯ ફાગ.
ખાસ ખવાસ તિહાં ઘણારે, સિર સોનારા ઝાબારે
પાખતીયાં ઊભા રહે, હાથ પાનારો ડાબારે ૧૦ ફાગ.
ગેહર વિરાજે જાદવારે, તિણુમાં માધવ માંઝીરે
નેમ નગીનો જાણીયે, જેહની કીરતિ ઝાઝીરે. ૧૧ ફાગ.
સોલ સહસ ગોપી મિલીરે, મનમોહન મદમાતીરે
ઘૂમર ઘાલેં ચિહુંદિસેં, નૃત્ય કરેં ગુણુ ગાતીરે ૧૩ ફા.
તાલ સહિત સ્વર ચાલવેં રે, ગાન કરે ગુણુમાલારે,
માધવજી મનમોહીયો, વાજેં વેણુ કંસાલારે. ૧૪ ફા.
રામગિરિ મલયાગિરિરે, હરિસેના હરિસાલીરે,
ગાવે ગીત સુહામણા, દે તાલી મુખ બાલીરે. ૧૫ ફા.
હરિ બોલી હાસો કરેરે, જયસેના તિહાં વારેરે
પૂઠિ પૂઠિ રહી પુઠ પાવતી, નયણાં કાજલ સારેરે.
૧૬ ફાગ.
રૂકમણિ ખેલેં રાધિકારે, હસિત મુખી હરણાખીરે,
જંબુવતી ભામા સતી, રંગ રમે રસ રાખીરે.
૧૭ ફાગ.
ભોલે ભૂલી ભામિનીરે, બલિભદ્રજી સુ બોલેરે,
ગોઠ દેવો (દ્યો) ગોપી ભણી, કટિ પટકો તિહાં
ખોલેરે. ૧૮ ફાગ.
નાંખે અરગજા કમ કમારે, નાંખે ગુલાલ અબીરોરે,
ભીજે ભોગીરા ચોલણા, ભીંજે ગોરીનો
ચીરોરે ૧૯ ફાગ.
કેસર ઘોલ કપૂરસુંરે, ભામિનિ ભરિ ભરિ લોટારે,
છયલ પુરૂષ છાંટે તિહાં,હસિ હસિ દ્યે તાલોટારે ૨૦ ફાગ.

છલ દેખી રાણી કહેરે, સાંભલ કંત મુરારીરે.
ઘણા દિવસ જાતા તુમ્હે, આજ અમ્હારી
વારીરે. ૨૧ ફાગ.
નાંખે પિચરકા પ્રેચકારે, અબીર ગુલાલ ઉડાવેરે
રૂકમણિ ને ચંદ્રાવતી, હરીને ઘણુંઅ હસાવેરે. ૨૨ ફાગ.
દેખી દેવર દૂરથીરે, હરિભામિનિ તિહાં આવેરે,
નેમિકુમાર ઉભો તિહાં, જંબુવતી બોલાવેરે. ૨૩ ફાગ.
લાજમરાં મ્હે લોકમેંરે દેવર અજે કુમારોરે
વિણુ પરણ્યાં હિવ નેમિજી, નહિ મુકાં નિરધારોરે૨૪ફા.
કૂડ કપટ તિહાં કેલવીરે, નેમિ વિવાહ મનાયો રે
રાજમતી પરણાવિસાં, મુરલીધર મન ભાયો રે. ૨૫ ફાગ
રાજવી એ મિલિ રાજવી રે, કુમરેં કુમર વસીલા રે,
ભામિનિસું મિલિ ભામિની, ખેલ ફાગુ
રસીલારે. ૨૬ ફાગ
ફાગ રમી ઘરિ આવીયારે, સુખ વિલસે અસમાનોરે,
હોડિ કરે કુણુ એહની, સોહે અધિક સનેહોરે. ૨૭ ફાગ.
જોરે તોરે જાદવારે, જલધરવરણી દેહોરે,
ગોપી વિચમેં વીજલી, સોહે અધિક સનેહોરે. ૨૮ ફાગ
રાજ કરે રિણછોડજીરે, સબ જન મન સુહાયોરે.
કિસી અનૂરતિ તેહની, જેહને રામ સખાઈ રે. ૨૯ ફાગ
સમુદ્રવિજય સુત નેમજીરે, જીવ સકલ પ્રતિપાલોરે,
રાજહર્ષ બહુ ભાવસેં, ગાઇ ફાગ રસાલોરે. ૩૦ ફાગ

—ઇતિ ફાગ સમાપ્ત-કર્ત્તા રાજહર્ષ [ કે જેની સં. ૧૭૦૩ તથા ૧૭૩૨ ની કૃતિઓ મળી આવે છે. જુઓ નં. ૨૯૬ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨. ]

રાગ ધમાલ.

રાજુલ નારી એમ પયંપે, સુણુ હો નેમ કુમાર, લલનાં
ફાગુણુ માસ રંગીલો આયો, કરીયે હો ક્રીડા
અપાર લલનાં
મન મોહ્યો હમારો નેમજી હો
અહો મેરે પ્રભુજી! તુંહી મુઝ પ્રાણુ આધાર.
—મન૦ આંકણી.
એહ રૂતિ છે રમવા કેરી, આય મિલો થેં આજ લલના
બહુવિધ રીઝાવુંગી તુઝને, પૂરો મુઝ વંછિત કાજ,
મન-૨.
નરનારી મિલિ ફાગુણુ માંહે, લાલ ગુલાલ અબીર, લલનાં
મરદ મૂંછાલા વાગા પહિરે, નારીને દક્ષિણુ ચીર, મન-૩.
ફાગુણુ માસ રંગીલો સોહે, મોર્યા છે સહકાર લલનાં,
કોયલડી નિજ પ્રીતિ ધરીને બોલે તે સાદ શ્રીકાર,
મન-૪.
દમણો ને વલિ માલતી મોર્યા, નીંબૂં ને નાલેર, લલનાં
નારિંગી જાંબૂ મન મોહે, ફાગુણને હુવે જેર. મન-૫.
બહુવિધની વનરાઇ ફૂલી, આવે સખરી દ્રાખ, લલના
પ્રાણ પીયારા! સુણુ હો કંતા! વાણુ અમીણીય
ભાખ, મન-૬.
તતથેઇ તતથેઇ નાચત, પેખો હો નેમ સુજાંણુ લલના.
નાટક દેખતાં મન હીંસે, સતરે પનર વર્દ્ધમાણ.
મન-૭.
નવ ભવ કેરી પ્રીત જાંણીને, આઈ મિલો મહારાય,
લલનાં
અંબકી વેર કયું પ્રીતિ ઉતારી, છોડ ચલે યદુરાય.
મન-૮.
નેમ રાજુલ દોનૂં તિહાં મિલીયા, શિવપુર જિહાં
આવાસ લલના
તે નારી હિવ મોકું દેજો, વીનવે સિદ્ધિવિલાસ મન-૯.

—નેમિરાજુલ ગીત. સં. ૧૭૧૫ સિદ્ધિ વિલાસ કૃત. ( આની પ્રત સં. ૧૭૬૩ ના ફાગણુ શુદ ૧૩ ની કવિની સ્વહસ્ત લિખિત મળી છે-તેમાંજ લખ્યું છે કે:-

સંવત સતરે ત્રેસઠે, ફાલ્ગુન તેરસ જાંણુ
પંડિત સિદ્ધિ વિલાસ ગણિ, એહ લખ્યો સુપ્રમાણુ. )

ઢાલ વસંતની

વસંત માસ ભલે આવીઓરે, ફલી ફૂલી વનરાય
ભોગી ભમરા રણુઝણે રે, કામી જન મન થાય,
વસંત ભલે આવિયો હો, ખેલે સહુ નરનારિ-૧ વસંત
અંબ લિંબ દાડિમ ફલ્યારે, ફલિયા તે સહકાર,
કેસુ કદંબક કેવડો રે, તિહાં કોયલ કરે ટહુકાર-૨ વ.
વૃંદાવૃંદ રાય ખેલતો રે, કરતો રંગ વિરંગ,
કેસર ગુલાલ તિહાં છાંટતો રે, છાંટે તીર સુચંગ-૩ વ.
તાલ તમાલ તિહાં જાઇ જૂઇરે, મોગર લાલ ગુલાલ,
ચંપક કેતક માલતીરે, દમણો મરૂઓ રસાલ-૪ વ.

છેલ છબીલા ખેલતારે, ખેલે સરખી જોડિ
તાલ વૃંદાલ ચંગ ગાજતોરે, થેઈ થેઈ કરે નરકોડિ.
૫ વસંત.
ભરિય ખંડોખલી ઝીલતારે, ચંદન કરી ઘનઘોલ,
વસંત ખેલે ત્યાં રાજીયોરે, વલિ આવે નગરની પોલ.
૬ વસંત.

—મેરૂવિજયકૃત વસ્તુપાલ તેજપાલ રાસ સં. ૧૭૨૧.

રાગ વસંત ધમાલ.

માસ વસંત હસંત સુહાયો, આયો સહજ સનૂર, લલના!
મેં તવ પાયા નેમજી હો, ખેલે આણંદ પૂર-૧
ફાગ ખેલત પિયા નેમજી હો, અહો મેરે લલના
ગોપાંકે સંગ સુરંગ-ફાગ૦ એ આંકણી.
ફૂલ બન્યો સબ સેહરો હો, શ્રવણમેં સોહે ફૂલ, લલના
બાગ બને સબ ફૂલકે હો, ફૂલકી શોભા અમૂલ
-ફાગ૦ ૨
ચંગ મૃદંગ બજાવત ગાવત, માચત નાચત રંગ, લ૦
લાલ ગુલાલ ઉડાવતાં હો, પાવત આણંદ અંગ
-ફાગ૦ ૩
ભરીય ખંડોખલી કુંકુમે હો, ખેલે નેમ મુરારિ, લ૦
હરિસંકેતેં હરિપ્રિયા હો, નેમિકું છિરકત નારિ,
લ૦-ફાગ. ૪
ઘેરિ રહી સબ કામિની હો, મધુકર જ્યું સહકાર, લ૦
રૂક્મિણી પ્રમુખ હસી કહે હો, દેવર વરો એક
નારિ-લ૦ ફાગ૦ ૫
લાજથી જબ પ્રભુ હસ રહે હો, તબ સબ પાયો
હરખ, લ૦
જાય કહે પિયા કાનકૂં હો, માન્યો વ્યાહ નેમજીયેં
સરસ. ફા૦-૬
વ્યાહ મનાયે ગિરધર આયે, પાયો હર્ષ અપાર, લ૦
નયવિજય પ્રભુ ગાવતાં હો, નિત્ય નિત્ય જય જય
કાર-ફાગ૦ ૭

—યશોવિજય

નાર વિના મહા માસની, રયણી નવિ હાય,
સૂતી સેજેં તલપતાં, વરસાં સો થાય. ૬
પ્રહ ઉઠી પીઉ નેમશું, જમી ઉન્હાં અન્ન,
ઘર આવો તો વાલહા, ઘણાં કરૂં રે જતન્ન. ૭
તેલ તંબોલ ને તૂલિકા, તરૂણીને તનતાપ,
સેજ સજાઇ સજ્જ કરૂં, ન હોયેં શીત સંતાપ ૮
ફાગુણના દિન ફૂટરા, જો હોય પ્રીતમ સંગ.
ખેલું લાલ ગુલાલશું. ચઢતે ઊછરંગ. ૯
ભોલી ટોલી સરવ મલી, હોલી ખેલે ખાંત,
કંત વિછોહ્યાં માણસાં, એ દિન સાલંત. ૧૦
ચઇતરે તરૂઅર ચિતર્યા, ફૂલી વનરાય,
પરિમલ મહકે પુષ્પના, મધુકર ગુણ ગાય. ૧૧
જો પીઉ એહ વસંતમાં, ઘરમાં આવી વસંત,
તો મુજ હૈયડું ઉલ્લસે, કુંપલ વિકસંત. ૧૨

—નેમરાજીમતી બારમાસ વિનયવિજયકૃત સં. ૧૭૨૮ રાનેરમાં જૈન કાવ્યપ્રકાશ પૃ. ૨૩૮

---

કવિ પહેલાં પ્રથમ મારૂ માસ ચૈત્રથી વસંતનું વર્ણન કરે છે, અને એ રીતે વિરહિણી રાજુલના બારમાસ ગાઇ પૂરા કરે છેઃ—

ફાગ

ચૈત્ર ચતૂરારે ચિંતવે, ચિત્તમેં રાજૂલ નારિ,
ન આવ્યા નેમિ જિનેસર, પ્રાણેસર આધાર
કહોરે સખી હવિ કિમ રહું, નિરવહું નાથનૂં દૂખ,
કંત વીયોગેં કાંમની, જાંમની દિવસ ન સૂખ. ૩
ચિત્ર ભલી ચિત્રસાલીરે, આલી! નિહાલી ન જાય,
પિઉ વિણુ રાંન સમાંન એ, થાવિ નાવેં દાય,
મૃગમદ ચૂર કપૂરનો, ભૂર કર્યો રંગરોલ,
નાહ પાખિરે ગમે નહી, કેસર ચંદન ઘોલ. ૪
ઓ પેલી કોયલ બોલેરે, ડાલેં આંબલાડાળ,
શ્રવણેં સબદ સૂંણી સૂંણી, વાધી વિરહની ઝાલ,
સહિયર વાય ન ઢોલો રે, ખોલો ઉપાય ન અન્ય,
નાથ વિયોગેં એ મોરડી, ગોરડી દાઝિં તન્ન. ૫

દૂહા ?

ટલવલિ નારિં ભરતાર પાખિં
ઉરથકી હાર ઉતારિં નાંખિં
અતિ ઘણાં આંસૂં પાડિં બેહુ આંખિં,
કિણિં વિધિં જઇ મલિં વિગર પાંખિં. ૬
સરસતી માત સુપસાય પામી,
નિજ ગુરૂ પાઉલેં સીસ નામી

માસ પહેલે ભલી સરસ વાતાં
ભણિં માંણિંકય તેં ઉપજે હર્ષ ગાતાં. ૭

× × ×

માહે ઉમાહિરે માહરૂં મનડૂં મલવારે કાજિ
લેખ સંદેશ ન મોકલે વાલમ આણી પાજ્ય
યૌવન દ્હાડા રે દોહિલા, દોહિલો કામ સંતાપ
પીડ ન જાણેરે નાહલો, કિમ કરી રાખું આપ. ૫૨
દીરઘ રયણી ન જાય રે, ટાઢિ ધ્રુજે રે અંગ,
વયર વસાવ્યું રે નીદ્રડી, સોહણે ન મલિં સંગ.
હાડેંરે વેહ નિં પાડતો, હાલિં હિમાલય વાય,
અબલારે ઝૂરે એકલી, વિરહિ તન સોસાય. ૫૩
આશવિલૂધા રે માણસ, આખો દિન અવટાય,
જાય જમવારો જેતલો, તે અણલેખે થાય.
બિહિન વેગ સિધાઓરે, ધાઓ મ લાઓ વાર,
આણો તુરત મનાયનેં, જાઇનેં બંધુ મુરાર. ૫૪
તરફડે વિરહિણી વિરહ વાધ્યો
મનમથિં મોહનો બાંણુ સાધ્યો
દુખ ધણું દોહિલૂં તન્ન સાલિં
પ્રાંણજીવન વિના કુંણુ પાલિં. ૫૫ સ૦
સરસતી માત સુપસાય પામી
નિજ ગુરૂ પાઉલેં સીસ નામી
માસ અગ્યારમેં સરસ ખાતાં
ભણિં માંણિકય તેં ઉપજે હર્ષ ગાતાં. ૫૬
ફાગૂણ નાહ નહી ધરે, કુણ લડાવિ લાડ
આંસુડે ઝડ લાગીરે, દુખનાં ઉગ્યાં ઝાડ.
વન વન કેસુરે ફુલેંય ફુલડાં સોહેરે સાર
માનું એ વિરહાગનિ તણા, અધબલતાં અંગાર. ૫૭
સાત પાંચ સાહેલડી વેલડી, વલગી બાલ,
પહિરણ પીલી પટોલડી, ચોલી સોહે લાલ
ગોરડી ઇમ જી ટોલીરે, ખેલી હોલીનો ફાગ,
ગાવિ ચંગ મૃદંગસ્યૂ, રંગસ્યું આલવી રાગ. ૫૮
દીન વચન કરી દાખીઇ, રાખીઇ ઉત્તમ રીત,
પિઉ પાછો રથ વાલીઇ, પાલીઇ પૂરવ પ્રીત,
ધણિનેં માંનજ દીજીઇ, ખીજીઇ નહી નવિ દોષ,
યોવન લાહો લીજીઇ, કીજીઇ નહી તપ સોસ. ૫૯

—સં. ૧૭૪૨ માં માણિક્યવિજયકૃત રાજુલની બારમાસી.

કોશ્યા સ્થૂલિભદ્રને પોપટદ્વારા સંદેશ કહાવે છે એ રૂપે સ્થૂલભદ્ર બારમાસ નામનું કાવ્ય ચતુરવિજય નામના કવિએ ૧૮ કડીનું રચ્યું છે તેમાં બારમાસની સ્થિતિનું વર્ણન ફાગણ માસથી કરે છેઃ—

શ્રી શ્રી દેપા સૂડા પ્રતે કોસા ભણેરે સૂડા,
તું નર પર ઉપગારીરે
બાર વરસનો નેહલો રે સૂડા, મેલી ગયો નિરધારીરે. ૧

× × ×

ફાગણ માસજ આવીઓ રે સૂડા, રમીએ તે હોલી ફાગોરે
કેસર ભરી કચોલડી રે સૂડા, શ્રી થૂલભદ્રવિના નહિ લાગેરે.
ચઇત્ર માસે ચિત્ત ચલેરે સૂડા, ઝાડે તે જોબન આવેરે,
તરૂણ માણસ કેમ રહે રે સૂડા, ગરઢા મંગલ ગાવેરે.

× × ×

મહા માસની રાતડીરે સૂડા, શ્રી થૂલભદ્ર વિના કેમ જાએ રે,
જમ જમ બોલી સીત પડેરે સૂડાં, તેમ તેમ બહુ દૂખ થાયે રે.

—સ્થૂલભદ્રના બારમહિના ચતુરવિજયકૃત. પ્રત લખ્યાં સં. ૧૭૫૨.

---

## વસંતક્રીડા.

વસંત સમય આવ્યો અન્યદા, વિકસ્યા પલ્લવ ફુલફુલ
પસરી બહુ સુગંધતા, શીતલ પવન અમૂલ. ૧૯
રમવા ચાલ્યો રાજવી, બહુ મહિલા પરિવાર,
જાતાં દીઠી મારગે, કાંઇક સુંદર નાર. ૨૦
પીનોન્નત કુચ જેહના, ભારે નમતી જેહ,
મુખ રાકાપતિ સારિખો, નાશા દીપકરેહ. ૨૧
નયણ યુગલ પંકજ જિસા, ભ્રુ ભ્રમર ઉપમાન,
કરપદ કમલ વિરાજતા, કાયા સોવનવાન. ૨૨
મન્મથ બાણે વીંધીઓ, થયો વિસંસ્થુલ રાય,
તે નારી દેખી કરી, કરે વિકલ્પ ઉપાય. ૨૩
દેવી દિવ જીપી ધરા, સ્યું જીપણ આવી એહ,
અથવા પુણ્ય પુન્યવંતને, હરિ આણી છે એહ. ૨૪
ધન્ય જેહને ઘરે એ હુસ્યે, કરસે ભોગવિલાસ,
છઠી છઠા ખંડની, ઢાલ થઇ એ ખાસ. ૨૫

દુહા.

ચિંતવતાં એમ રાયને, કરતાં સોચ તિવાર,
ભાવ જાણી રાજા તણો, સચિવ કહે તિણિવાર. ૧
સ્વામી ચાલો ઉતાવલા, હવે વિલંબો કેમ,
ક્રીડા કરણ વસંતની, ધરતાં મનમાં પ્રેમ. ૨
ભિન્ન ઉક્તિ એમ ચિંતવી, મન મૂકી તિણી પાસ,
વક્ર ગ્રીવાએ જોવતો, તિહાંથી ચાલ્યો ઉદાસ. ૩
રતિ પામે નહિ મધુ વિષે, વધૂ લોક રતિ નાંહિ.
બકુલ કમલ વિકસિત વિષે, રતિ નહી વાપી માંહિ. ૪
નાટિક ન ગમે જોવતાં, વનશ્રી લાગે દીન,
કયાંહી રતિ પામે નહિં. ઉછલે જલ જિમ મીન. ૫
આગલિ પાછલી પાખતી, શલ્યા કાનન ગેહ,
નષ્ટેંદ્રિય હુઆ અપર, જિહાં તિહાં દેખે તેહ. ૬

—સં. ૧૭૫૫ જિનહર્ષકૃત શત્રુંજય તીર્થ રાસ પૃ. ૩૮૫–૬.

આજ કવિ જિનહર્ષે નેમ રાજેમતી બારહ માસીયો–એ નામનાં બે કાવ્ય લખ્યાં છે. એક માત્ર ૧૫ કડીનું કાવ્ય છે તેમાં

૧

માહે દાહપણે ઘણો, વાયે શીતલ વાય,
સીયાલાની રાતડી, વાલ્હો આવે દાય. ૧૧
ખેલે ફાગ સંજોગિણી, ફાગુણ સુખદાય,
નેમ નગીનો ઘર નહી, ખેલે મોરી બલાય. ૧૨
ચતુરા ચૈત્ર સુહામણો, રિતિ સરસ વસંત,
રાતી કુંપલ રૂંખડે, મુલ કડી એ હસંત. ૧૩
નયને આંસૂં નાંખતાં, બોલ્યા બારહ માસ,
નિઠુર નાહ ન આવીયો, જીઉં કેહી આસ. ૧૪

અને બીજું ૧૩ કડીનું છે તેમાં

હું તો કયુ કરી બોલું એકલી, દુખદાયક આયો માહરે
કોય સૈણ ન દીસે એહવો, મેલે મત્તમોહન નાહરે
—હું તો મોહીરે સાહિબ સાંવલા. ૩
વાલેસર ! સાંભલિ વીનતિ, જો ફાગુણમેં નાવેસરે
નેમ ચાચિરકે મિસિ ખેલતી, તો હોલી ઝંપાવેસરે. હું. ૪
તેમ ચૈત્ર મહિનો આવીયો, જાદવરાય લીયો વૈરાગરે,
મૃગનેણી ફાગ રમે સખી, મુઝ પ્રિય વિણુ કેહો ફાગરે હું ૫
વૈશાખે વનખંડ મોરીયા, મોરી સગલી વનરાયરે,
વિરહાનલ મુઝ કાયા તપે, નેમ! તુઝ વિણુ કયું ન સુહાયરે. હું. ૬

---

દોહા

એમ સુખમાં વસતાં થકાં, આવ્યો માસ વસંત,
સંયોગી નર સુરતરૂ, સરિખો છે અત્યંત.
સંત સહુ હેતે કરી, આવે ઉપવન માંહિ,
શીતલ પવન પ્રવાહથી, સંચરે તરૂવર છાંહિ.

૨૬ મી ઢાલ–રાગ વસંત.

હવે એક દિન શ્રીચંદ્ર ભૂમિકંત, ગુણચંદ્ર મિત્ર સંયુત,
મયમત્ત મહંત મિલંતસંત, કહે આયો ખેલીજે વસંત.૧
હવે ગુહરી મોહરી વનરાઇતંત, માનું આયો ઋતુરાજ વસંત,
તિહાં તાલ તમાલ હિંતાલ પુંગ, માનું ધ્વજ પટે ઉચ્ચયિયાં સુચંગ. ૨
નિઝરણ ઝરણ રત તાલ તંત, પડછંદા નીસાણાં ગુડંત,
અંકુદિત સવિ ઉપવન ભૂ કુરંત, માનું પ્રમદા પ્રમુદિત સંગ કંત. ૩ હવે.
તિલક વરણ અશોક ખંતિ, પ્રમદાપદ પડઘ્રા અભિલષંત,
તરૂયર તરૂણશું આલિંગંત, લતા લલના લલિત હૃદય ખંત. ૪ હવે.
ગુચ્છાદિક ઘણ ઘણ સુમજસ જે હસંતિ, મનુ અધર તે પલ્લવ ચારૂ પંતિ,
પંચવર્ણી ફૂદી ચુદિ પંતિ, તિહાં વિટપ વદનને મનુ ચુબંતિ. ૫ હવે.
કુસુમ પાત્રે એકે પીયંત, મધુર મધુકરી મકરંદવૃંત,
તિહાં હરિણ હરિણી કપોલ અંત, શૃંગે સુકુંડને ખણુંત. ૬ હવે.
કરી ગંડુશ જલ ભરી દીયંત, કરિણીવદને નિજ કરી મહંત.
ચકવા ચકવી કિસલય કરી અંત, દેખત મુખમાં ધરી પ્રેમવંત. ૭ હવે.
એમ પ્રમુદિત પંખી જીવયંત, નિરખીને કામીજન ધસંત
તિહાં પંચબાણ બાણબલ મહંત, ભૂમિદેશે અનિવારિત ફુરંત. ૮ હવે.
ઉન્માદ મોહનને તાપનંત, શોષણ ને મારણ પંચમંત,

પંચમસ્વર કોકિલ કલરવંત, હોવે સુણતાં સચેત નર
કામવંત. ૯ હવે.
રોગી વિયોગી દુઃખ દીયંત, સંયોગી અમૃતરસ પીયંત,
શીતલ મલયાચલ અનિલવંત, સુમગંધશું સિકરને
ઝરંત. ૧૦ હવે.
વિરહિણી કહે એ ભુયંગલિંત, ઉદ્દ્ગાર એ તેહના કણું
ઝરંત,
કિંશુક કુસુમ મનુ પલ અસંત, તિણુ હેતે પલાશ
વિરહિણી ભણુંત. ૧૧ હવે.
સંયોગિણી પલ્લવ તસ લીયંત, કરે શેખર સુંદર વેશવંત,
દેખનકું અતિ રૂપવંત, પરં નિર્ગુણગંધ ન તે દહંત.
૧૨ હવે.
માનીનિ માન ને ભેદ ભ્રંત, મનુ આયો વસંત
નૃપ સાજવંત,
મદન મતંગજ પરે ચઢંત, તિહાં વિવિધ કુસુમ સેના
સજંત. ૧૩ હવે.
શુક કોકિલ મોર મેના શકુંત, કલ કૂજિત કેલિ કલા લવંત
યોગી પણુ હૃદયે થરહરંત, શું જાણીએ મન થિર
કેમ રહંત. ૧૪ હવે.
બકુલ ને બોલસિરી વાસંત, દશ દિશિ પરિમલ પસરંત,
શિશિર ઋતુયે જે પાત ઝરંત, મનુ તેહ અવસ્થાને
હસંત ૧૫ હવે.
વીણા ડફ મહુઅરી બહુ બજંત, અવલ ગુલાલ
અબિર ઉડંત,
ભરી ઝોલી ગોરી હોરી ખેલંત, ફાગુણના ફાગુઆ ગીત
ગંત. ૧૬ હવે.
પિચરકી કેસરકી ભરંત, માદલ મધુર માલા ગલે ઠવંત,
અધર સુધારસને પીયંત, પ્રેમપ્યાલે દંપતી મલિય
પંત ૧૭ હવે.
માલતિ એક નવિ જો વિકસયંત, તો શી ઉણિમ હોયગી
વસંત,
વેલી જાઇ જુઇ મહમહંત, વિચે ચંપકમાલા કુસુમ
ધરંત. ૧૮ હવે.
એણી યુગતે લીલા હરિવંત, બિરૂદ ઋતુરાજ તણો ધરંત
છોડી માનને માનિની આય કંત, ગલે કંદલી આલિંગન
દીયંત ૧૯ હવે.

એણે સમયે સૂર્યવતી કુમારી, લેઈ સાથે સૌચ્છવ
સપરિવાર,
ક્રીડે એમ વિવિધે વનવિહાર, દીયે દાન અવારિત
જું નિર્ધાર. ૨૦ હવે
મનુ ભૂતલ શચિપતિ અનુકાર, સંગીત નાટકના ધોંકાર,
સુખ લીલે નિગમે દિવસ સાર, જ્ઞાનવિમલ ગુરૂ શિર
આણાધાર. ૨૧ હવે.

દોહા

એણીપરે બહુવિધ હર્ષના, પસર્યા અધિક આણંદ,
શ્રીચંદ્ર ગુણચંદ્ર બે હુલ્યા, જિમ મધુમાસ માકંદ ૧
જ્ઞાનગોષ્ઠી રસ રંગમાં, જાતો ન જાણે કાલ,
એહીજ ઉત્તમ સંગનો, ફલ સાક્ષાત વિશાલ. ૩

---શ્રીચંદ કેવલીનો રાસ જ્ઞાનવિમલકૃત સં. ૧૭૭૦

**રાધનપુરમાં.**

રાગ કાફી

જઇ કહેજો હો જઈ કહેજો હો
માહરા હેમ નાવલીયાને જઈ કહેજો
મહારા વારૂ વાલમીયાને જઇ કહેજો,
મહારા મીઠડા હો સ્વામી
—એણી ઋતે ઘરે વહેલા આવજો*–જઈ કહેજો. ૧
હાંરે વાલા, અવર ઋતે વિરહો દમે રે,
વસંતેરે વસંતે હોરે, વસંતે એહથી વિશેષ, એણી,
કેસરીયા હો કેસરીયા–મહારા મીઠડા૦
હાંરે વાલા, મધુકર ગુંજે મદ ભર્યો,
અંબ અંબે અંબ અંબે હો, અંબ અંબે
પાકી દાડિમ દ્રાખ, એણી. ૨
હાંરે વાલા, વન વન બોલે કોકિલા,
પગ પગે પગ પગે હો પગ પગે ફુલ્યા
બહુ ફુલ, એણી૦
હાંરે વાલા, સુરભી પવન સુસ્તો વસે,
સુખનાં સુખનાં હો, સુખનાં પ્રગટયાં એહ
સૂલ એણી. ૩

* 'એ રતે વહેલેરા આવજો' એ આને મળતી કડી કવિ મૂળશંકરે એક નાટકમાં એક રાસડામાં વાપરી છે.

હાંરે વાલા, ગિરિવરે વનરાજી ભજે,
સરોવરે સરોવરે હો, સરોવરે ફૂલ્યા કમલના
છોડ, એણી૦
હાંરે વાલા, ઘર ઘરે ફાગ ખેલે ઘણા,
કામિની કામિની હો, કામિની પહોંચે
મનના કોડ, એણી. ૪
હાંરે વાલા અબીર ગુલાલ ઉડે બહુ,
રંગભીની રંગભીની હો, રંગભીની ન રહે હો
નાર, એણી.

હાંરે વાલા જલ-પિચકારી જોરમાં,
તિહાં છટકે હો તિહાં છટકે કરી મનોહાર.
એણી૦ ૫
હાંરે વાલા નારિ સજી ગિરનારમાં,
લીલાશું લીલાશું હો, લીલાશું રહ્યોરે લોભાય, એ.
હાંરે વાલા ઉદય વદે રાજીમતી,
એમ સંદેશે એમ સંદેશે હો, એમ સંદેશે
દીયોરે પઠાય. એણી. ૬
—ઉદયરત્ન.

[ અપૂર્ણ ]

---

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસે તા૦ ૨૯-૮-૨૬ ને દિને નિમેલી કમિટીનો રિપોર્ટ.

શ્રીયુત કનૈયાલાલ મુનશી કૃત "પાટણની પ્રભુતા" "ગુજરાતનો નાથ" તથા "રાજાધિરાજ" નામની ત્રણ નવલકથાઓમાં જૈન ધર્મ, જૈન આચાર્યો અને મુંજાલ મંત્રી, ઉદયન મંત્રી, આમ્રભટ વિગેરે ઉપર અણઘટતા ખોટા આક્ષેપો કરવામાં આવ્યા છે અને નવલકથાના ઓઠાં નીચે જૈન ધર્મની, જૈનાચાર્યોની અને છેવટે ખાસ કરી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિની નિંદા કરવામાં આવી છે.

ઉપરની ત્રણ નવલકથાઓ પૈકી "પાટણની પ્રભુતા" નામની નવલકથામાં શ્રીયુત મુનશીએ જૈન ધર્મ અને જૈન સાધુઓ ઉપર ખોટા આક્ષેપો કરી જૈન ધર્મને જાહેરમાં હલકો પાડયો છે. આનંદસૂરિ નામનું એક કલ્પિત પાત્ર ઉભું કરી તેની પાસે જૈન સાધુઓ કદિ પણ કરી શકે નહિં તેવાં કામ શ્રીયુત મુનશીએ કરાવ્યાં છે. ઉપરની નવલકથામાં ખાસ કરીને નીચેનાં પ્રકરણોમાં તદ્દન ખોટા આક્ષેપો અને અણછાજતી નિંદા કરવામાં આવી છે.

પ્રકરણ ૭ મું, પ્રકરણ ૧૨ મું, પ્રકરણ ૨૧ મું, પ્રકરણ ૨૯ મું, પ્રકરણ ૩૨ મું, અને પ્રકરણ ૪૧ મું.

આ સિવાય પુસ્તકમાં જુદે જુદે ઠેકાણે બીજા ખોટા અને અણઘટતા આક્ષેપો કરવામાં આવ્યા છે.

ઉપરાંત મજકુર પુસ્તકમાં મુંજાલ મંત્રી અને ગુજરાતની મહારાણી મીનલદેવીનો માનસિક વ્યભિચાર આલેખી આ પવિત્ર સ્ત્રીપુરૂષને હલકા પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

"ગુજરાતનો નાથ" નામની નવલકથામાં શ્રીયુત મુનશી જૈનોએ યવનો તથા અન્ય ધર્મીઓ ઉપર જુલમ ગુજાર્યો હતો તેવું આલેખે છે. જ્યારે 'જામીઉલ-હિકાયત' જેને આ બીનાના મૂલ તરીકે શ્રીયુત મુનશી તથા ઉપોદ્ઘાતમાં શ્રીયુત નરસિંહરાવ જણાવે છે તેમાં તો તે પ્રકારનો જુલમ બ્રાહ્મણ તથા અગ્નિપૂજકોએ યવનોપર કર્યો હતો એમ જણાવ્યું છે. આ પ્રકારનો વિપર્યય કરવામાં શ્રીયુત મુનશીનો હેતુ જૈનોને લોક દૃષ્ટિમાં ઉતારી પાડવાનો અમને લાગે છે. મહામંત્રી ઉદયન એક બ્રાહ્મણ સ્ત્રી (કાકની સ્ત્રી-મંજરી) પાછલ પડી તેને પરણવા જુદા જુદા પ્રપંચો કરે છે. તેવું બતાવી મંત્રી ઉદયનને પરસ્ત્રીલંપટ આલેખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મંજરી એક કલ્પિત પાત્ર છે. ઉદયન મંત્રી અને મંજરીનો પ્રસંગ આલેખી શ્રીયુત મુનશીનો હેતુ જૈનોને હલકા ચિતરવાનો છે એવું અમારૂં માનવું છે. 'ગુજરાતના નાથ'માં વાંધાભરેલાં લખાણો ખાસ કરી નીચે જણાવેલાં પ્રકરણોમાં છે.

પ્રકરણ ૧૩-૧૪ અને ૧૮ (પ્રથમ ભાગ)
પ્રકરણ ૭ મું............(દ્વિતીય ભાગ)
પ્રકરણ ૧૦ મું............(તૃતીય ભાગ)

'રાજાધિરાજ' નામની તેની છેલ્લી નવલકથામાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિ ઉપર તદ્દન ખોટા અને અણઘટતા આક્ષેપો કર્યા છે. મંજરી જેવા એક તદ્દન કલ્પિત પાત્ર સાથે પૂજ્ય શ્રી હેમચંદ્ર સૂરિનો પ્રસંગ આલેખવામાં શ્રીયુત મુનશીનો આશય જૈન સાધુઓ અને જૈન ધર્મને ઉતારી પાડવાનો છે, એમ અમારૂં માનવું છે. મજકુર નવલકથામાં વાંધા ભરેલાં લખાણો વિભાગ પહેલો પ્ર. ૨૩, પ્ર. ૨૬ અને પ્ર ૨૭ માં કરવામાં આવ્યાં છે.

આ સિવાય "ગુજરાતના જ્યોતિર્ધરો" નામના પુસ્તકમાં શ્રીયુત મુનશીએ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિની બુદ્ધિને કુટિલતાવાળી કહી આ મહા વિદ્વાન અને પવિત્ર જૈનાચાર્યની અણછાજતી નિંદા કરી છે.

ઉપરનાં લખાણો સંબંધમાં આપણે હવે શું કરવું તે સંબંધમાં અમો નીચે પ્રમાણે સૂચના કરીએ છીએ.

વાંધા ભરેલાં લખાણો મોટે ભાગે તદ્દન ખોટા અને કલ્પિત છે અને ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં તો તે તદ્દન અસત્ય છે. ઉપર્યુક્ત સર્વ લખાણો સંબંધે આ રિપોર્ટની નકલો જૈન તેમજ જૈનેતર વિદ્વાનો ઉપર અભિપ્રાય માટે મોકલી આપવી. વળી જૈન મુનિરાજો ઉપર પણ રિપોર્ટની નકલો મોકલી તેમને અભિપ્રાયો મોકલવા વિનંતી કરવી.

મુનિરાજો તથા અન્ય વિદ્વાનોના અભિપ્રાયો મળ્યા પછી પ્રકટ કરવા. વાંધા ભરેલાં લખાણો માટે જો શ્રીયુત મુનશી સંતોષકારક ખુલાસો કરે નહિં અને જૈન કોમને પૂરતો બદલો આપે નહિં તો જાહેર પત્રોમાં શ્રીયુત મુનશીની ઉપર જણાવેલી નવલકથાઓની સમાલોચના કરવી, અને સત્ય બીના જનસમાજ આગળ મુકવી. સાધુ મુનિરાજોને આ બાબતમાં જૈન કોમમાં સતત ચલવલ કરી આંદોલન કરવા વિનંતિ કરવી. સ્થલે સ્થલે વિરોધદર્શક સભાઓ કરી સખ્ત વાંધો રજુ કરવો.

વળી અમારા સાંભળવામાં આવ્યું છે કે શ્રીયુત મુનશી પોતાની નવલકથાઓ બોમ્બે યુનવર્સિટીના અભ્યાસક્રમમાં નિર્ણીત પાઠ્ય પુસ્તકો તરીકે મુકરર કરવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. જો આ બીના સત્ય હોય તો તે સામે આપણે ઘણી સખત ચળવળ કરવાની જરૂર છે. તેમજ વિરોધદર્શક સભાઓ કરી યુનિવરસીટી સેનેટ University Senate ને જણાવવું જોઇએ કે જો મજકુર નવલકથાઓ પાઠ્ય પુસ્તકો તરીકે નિર્ણીત થશે તો કોઇપણ જૈન વિદ્યાર્થી તેને હાથમાં પણ લેશે નહિં. વિરોધદર્શક સભાઓએ ઠરાવો કરી મી. મુનશીને મુંબાઇ યુનિવરસીટીના રજીસ્ટ્રારને તથા ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના સેક્રેટરીઓને તથા મુંબાઇ સરકારના એજ્યુકેશનલ ડિપાર્ટમેન્ટના પ્રધાન તથા સેક્રેટરીને મોકલવાં. આ બાબતમાં જો આપણે વેલાસર જાગૃત નહિં થઇએ તો ભવિષ્યમાં જૈન ધર્મ અને જૈનાચાર્યોપર ઘણા અયોગ્ય અને અણઘટતા આક્ષેપો થશે અને જનસમાજમાં જૈન સમાજ હલકો પડશે.

(Sd.) Chinubhai L. Sheth.
( ,, ) ઉમેદચંદ દોલતચંદ બરોડિયા.
( ,, ) હીરાલાલ એમ શાહ.
( ,, ) Odhavji Dhanji Shah.
( ,, ) Mohanlal B. Jhavery.

I am sorry I do not agree with the report. My personal view is that in such literary matters we should proceed cautiously. No purpose will be served by setting a literateur on his back. It will widen the gulf and the object in view will be frustrated. Personal exchange of ideas and correpondence carried on within lines of decency can achieve the desired object.

(Sd.) MOTICHAND G. KAPADIA.
*Dissenting.*

# જૈનો વિરૂદ્ધ વિષમય સાહિત્ય.

## ઝમોરની વાર્ત્તા.

અમે ગત માહ માસના અંકમાં તંત્રીની નોંધ નવમીમાં ( પૃ. ૨૫૦ ) જે નોંધ કરી હતી તેમાં રાખેલી આશા પ્રમાણે જૈન સમાજમાં ઉપસ્થિત થયેલા ઉદ્દગારો પૈકી ખાસ કરી 'જૈન' અને 'સુઘોષા' નામનાં પત્રોએ કરેલા ઉદ્દગારો અત્ર આપીએ છીએ. બીજા લેખકોએ લખેલા લેખો અવકાશના અભાવે અમે આપતા નથી. અત્ર પ્રકટ થતાં લખાણો ઉપરથી સમજી શકાશે કે જૈન સમાજની લાગણીને તીવ્ર અઘાત પહોંચ્યો છે.

મુનિમહારાજશ્રી દર્શનવિજયજીએ મુંબઇમાં આ સંબંધી હેંડબિલદ્વારા પહેલ પ્રથમ જૈન સમાજનું ધ્યાન ખેંચ્યું હતું. પછી શ્રીમતી કૉન્ફરન્સે પોતાની એક કમિટી દ્વારા આની ચર્ચા કરી સુવર્ણમાલાના સંચાલક શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજીની સાથે 'ડેપ્યુટેશન'માં જઈ સર્વ હકીકત સમજાવવાનો પહેલો નિર્ણય કરવામાં આવ્યો હતો. તેની રૂએ રા. ચીનુભાઈ લાલભાઇ સોલિસિટર, રા. નરોત્તમ ભગવાનદાસ શાહ અને રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલિસિટર ( કૉન્ફરન્સના એક જનરલ સેક્રેટરી )નું ડેપ્યુટેશન ઉક્ત શેઠ પાસે ગયું હતું. ચર્ચા ખૂબ કરી હતી અને તેને પરિણામે એમ ઠર્યું હતું કે ઝમોરની વાર્ત્તા વિરૂદ્ધ રદીઆ રૂપે જે વક્તવ્ય હોય તે કૉન્ફરન્સ તરફથી આવે, અને તે સુવર્ણમાલાના પછીનાજ અંકમાં સંચાલકની તે પર નોંધ સાથે પ્રસિદ્ધ થાય વગેરે વગેરે. આ રદીઆ રૂપે વક્તવ્ય કૉન્ફરન્સ ઓફિસ તરફથી ગયું તે સુવર્ણમાલાના માઘના અંકમાં પ્રકટ થયું છે અને તેની નીચે સંચાલકની નોંધ ( પણ અપૂર્ણ આકારમાં ) પ્રસિદ્ધ થઇ છે, તે યથાસ્થિત અત્ર અમે પ્રગટ કરીએ છીએ. **તંત્રી.**]

### 'ઝમોર સંબંધી વક્તવ્ય'

**શ્રીયુત પુરૂષોત્તમ વિશ્રામ માવજી** [ અને **રા. 'ચન્દ્રકાન્ત'** સંચાલક, સુવર્ણમાલા. ]

**સુજ્ઞ મહાશય,**

આપના માસિકના ગત માગસર તથા પોષના અંકોમાં "ઝમોર" નામની કથા પ્રકટ કરવામાં આવી છે તે ઇરાદાપૂર્વક જૈન સાધુઓનું અપમાન કરવાને તથા જૈનોની પૂર્વ જાહોજલાલી પ્રત્યેની ઇર્ષ્યાથી જૈનધર્મ તથા જૈનોને લોકની દૃષ્ટિમાં ઉતારી પાડવાને લખાઇ હોય એમ સ્પષ્ટ સમજાય છે. લેખક મહાશય કદાચ એમ માનતા હોય કે આ પ્રકારે હિંદુ સંગઠન થશે કે શૈવ વા હિંદુધર્મનો ઉદ્ધાર થઈ જશે તો તેવા ભ્રમો આપના લોકપ્રસિદ્ધ માસિક જેવા માસિકો તથા જાહેર પત્રોએ સદ્ય નિવારવા અતિ જરૂરી છે. અમને તો લાગે છે કે આવા લેખકોની બિનજવાબદાર પ્રવૃત્તિઓથી આજે સમસ્ત હિંદમાં સ્થલે સ્થલે કોમી કલહના ગગનભેદક ધ્વનિ થઇ રહ્યા છે તથા પૂરેપૂરી અશાંતિ વ્યાપી રહી છે. તે સમયે બિલકુલ ટૂંક દૃષ્ટિથી અને તદ્દન સંકુચિત વૃત્તિથી અને સંપૂર્ણ ધર્માંધપણાથી લખાએલા લેખો સમસ્ત ભારતવર્ષમાં ભિન્ન ભિન્ન કોમો વચ્ચે અને ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ વચ્ચે અવનવું વિષ રેડી રહ્યાં છે તેને અટકાવવાને તો નહિં પરંતુ ગતિમાન કરવાને માસિકો અને વર્તમાનપત્રોના જવાબદાર અધિપતિઓ પણ સહાય આપે એ ઇષ્ટ ગણાય નહિ.

શું રાસમાલામાં બ્રાહ્મણોની એક દંતકથા મૂલ તરીકે દેખાડવામાં આવે એટલે બસ ! લેખકને પોતાની કલમ બેલગામ છોડી દેવાની સંપૂર્ણ છૂટ ? એ કલ્પિત બ્રાહ્મણી દંતકથાના શરીરમાં શું લેખકે વિષમય આત્મા રેડ્યો નથી ? શું વિનાશક રંગોથી ચિત્રને અચ્છીતરેહ ઘુંટવામાં આવ્યું નથી ? શું ઇર્ષા અને દ્વેષના ઝેરી આભરણોથી શણગાર સજવામાં આવ્યો નથી ?

આપના ઐતિહાસિક ખ્યાતિવાલા માસિકમાં જ્યા જગે જગે વાંચક ઐતિહાસિક તત્વની અપેક્ષા રાખે ત્યાં એક સ્થલે શ્રીહેમચંદ્રસૂરિ અને કુમારપાલ મહારાજનાં ઐતિહાસિક પાત્રો ઉતારવામાં આવે અને સાથેજ પ્રવીણસૂરિ, નક્ષત્રસૂરિ, વગેરે પાત્રોની નિરાધાર કલ્પના કરી જૈનશાસ્ત્રો જેનો પૂર્ણ પ્રતિબંધ કરે

તેવાં આચરણો કરતાં દેખાડવામાં આવે-એ પ્રમાણે નિર્મૂલ કલ્પનાઓના શ્યામ સાયા હેઠલ પવિત્ર જૈન સાધુઓ પર આક્ષેપો કરવામાં આવે તે જૈન સમાજ કદિ પણ સાંખી શકે નહિં.

ચંદ્રમામાં પણ કલંક હોય માટે પ્રત્યેક મહા પુરૂષમાં પણ કોઇ નહિંતે કોઇ દોષ વા વિકાર હોય એ પ્રકારનાજ તર્કજ્ઞાનની જેને ઇશ્વરી નવાજેશ હોય એવા અથવા જ્યાં દોષ કલ્પીજ શકાતો ન હોય ત્યાં દોષારોપણ કરી પોતાના તત્ પ્રકારનાં બાલિશ સિદ્ધાન્તને સત્ય કરી બતાવવાના આગ્રહથી અને રસપૂર્વક મથનાર સાહિત્યકો શું સાહિત્યની પવિત્રતા, વા તેનું ગૌરવ સમજે છે? આજ સુધી સાહિત્ય ક્ષેત્ર પ્રત્યેક પ્રકારની રાગદ્વેષજન્ય મલિનતાથી અતિદૂર અને શાંતિનું ધામ મનાતું તેને આજે આવી વિકૃત કૃતિઓ વડે કેટલે દરજ્જે અપવિત્ર કરવામાં આવ્યું છે. તંત્રી મહાશય! આપ જુઓ છો, એમાંનું જરીયે રવીદ્રનાથ ઠાકુર આદિ મહા કવિઓ જેણે " **वसुधैवकुटुम्बकम्** " એ સૂત્ર અંગીકાર કર્યું છે તેમના કોઇપણ ગ્રંથોમાં? ત્યાં તો સહિત્યનો પવિત્ર આદર્શજ જણાય છે. સાહિત્ય સર્વ દૂષિત વાતાવરણથી પર છે.

અમને પૂરેપૂરો વિશ્વાસ છે કે સાહિત્યના સત્ય-સેવકો, ગુજરાતના મહારથીઓ સાહિત્યની પવિત્રતા જાલવવા માટે પોતાના ઓજસ્વી અસ્ત્ર હવે તો સધ યોજશે. પ્રસ્તુત કથામાં પાટણનાં ધર્મયુદ્ધ શરૂ થયાનો ઉલ્લેખ કરનાર લેખક તથા તેના જેવા કલમબાજોને ફરી ધર્મયુદ્ધ ઉપસ્થિત કરતાં હિંદુકોમના દીર્ઘદર્શી આગેવાનો તુરત રોકશે-અનિષ્ટ પરિણામ નિપજાવતાં થંભાવશે.

સમગ્ર લેખમાં લેખકની મનોવૃત્તિનું દર્શન સ્થલે સ્થલે થાય છે, પરંતુ તે પૈકી તેના કેટલાક ઉદ્દગારોજ દષ્ટાંત રૂપે અત્રે મુકીશું.

લેખક મેવાડી રાણીને 'મહાસૂરિજી જો તે વિધિ-સર દીક્ષા દેવાના સાત દિવસ પોતાની શિષ્ય તરીકે રાખી વ્રતો, મહાવ્રતો, અનુવ્રતો ને અત્યંગો તથા ધર્મના ગૂઢ રહસ્યો સમજાવી સુબોધરૂપ અમૃત પાઇ રાણીના હૃદયમાં જ્ઞાનદીપક પ્રકટ કરવાના' એમ લખે છે. લેખકને મન વ્રત, મહાવ્રત, અનુવ્રત બધું એકી વખતે આપી શકાય એવુંજ છે. અત્યંગ એટલે શું તે તો લેખકજ જાણે. પરંતુ રાણીને પોતાની શિષ્યા તરીકે રાતદિવસ હેમસૂરિ રાખે એ કલ્પનામાં તો દાટજ વાળ્યો છે. જૈનની દીક્ષા સાધુ કે સાધ્વી તરીકે લીધા પછી એટલે મહાવ્રતો લીધા પછી ગૃહમાં જવાનું હોયજ નહીં વળી શ્રાવિકા તરીકે પણ એટલે (અનુવ્રત નહિ પણ અણુવ્રત લેવાને માટે) તેમજ વંદનાર્થે કોઇપણ સ્ત્રી એકલી સાધુના ઉપાશ્રયમાં સાત દિવસ તો શું પણ એક કલાક રહી શકે નહિ. જૈન સાધુઓ તથા સાધ્વીઓના ઉપાશ્રયો પણ જુદાજ હોય છે તો જૈન સાધુઓના બ્રહ્મચર્ય મહાવ્રતને ભંગ કરનારા અણઘટતા કલ્પિત પ્રસંગો કલ્પી જૈન સાધુઓને લેખકે ઘોર અન્યાય કર્યો છે. લેખક એક સ્થળે આમ લખે છે:-" એક સવારે હેમસૂરિનો એક શિષ્ય વિહારાર્થે નગરના રસ્તે જતો હતો (શિષ્યનું નામ હોયજ કયાંથી?) દૈવયોગે ઉપરથી ઘરનું નલીયું પડયું અને મુનિજીનું બોડું માથું સખ્ત ઘવાયું. લોકો એકઠા થઇ ગયા×××એક બ્રાહ્મણ જે ટોળાની અંદર જોવા બેઠો હતો તે બધા સાંભલે તેમ બોલ્યો 'મુનિ મહારાજશ્રી! માથે જટા રાખતા હોતો શું ખોટું? આમ રસ્તે જતાં વાગે નહિં. જૈનધર્મ ના કહેતો હોય તો શિવધર્મમાં આવો. ગુરૂ જોઇએ તો નવા-રાણી દીક્ષા આપવા તૈયાર છે. બ્રાહ્મણ નાસી છુટવા ન પામ્યો હોત તો 'અહિંસાપરમોધર્મઃ'ના ચુસ્ત અનુયાયીઓના હાથે બધાએ દિવસો પૂરા થવાનો ઘણો સંભવ હતો. નાસતા નાસતા એ જાણે શાપ આપતો હોય તેમ બ્રાહ્મણ બોલ્યો 'હવેજ ખબર પડશે તો તમારા ઉંચા દેરા નીચાં ન થાય તો મને સંભારજો' બ્રાહ્મણમાં એટલી હિંમત કયાંથી આવી તે સમજાયું જ નહિ." કયાંથી સમજાય? કલ્પનાના ઘોડાને ધર્મ ઝનુનના ચાબખાથી પૂરપાટ હાંકી મૂકયો હોય ત્યાં ઔચિત્ય અનૌચિત્યનું જ્ઞાન રહેજ કયાંથી? દણ્ડી સંન્યાસીઓ, શંકરાચાર્યના અનુયાયીઓ તેમજ સમાજી સાધુઓ પણ મુંડિત શિરવાલા હોય છે એ લેખકની સ્મૃતિમાંથી સરી ગયું હોય એમ લાગે છે અને

શરૂઆતમાં જે જૈન સાધુઓને 'પેલા નિમાલા વિનાના ખોડા માથાવાલા' વિગેરે શબ્દોમાં આલેખ્યા હતા તેટલાથી સંતોષ નહીં થયેલો એટલે તે પર નક્ષીયું પાડવાનો હાસ્યજનક પ્રસંગ ઉપસ્થિત કર્યો અને તેથાયે ન ધરાતાં બ્રાહ્મણ પાસે જટા રાખવાનું કહેવડાવી નવારાણી પાસે દીક્ષા લેવાનું કહેવું અને વલી અહિંસાવાદીને હિંસા કરવાને તત્પર ચિત્રી છેવટ નાસતા બ્રાહ્મણ પાસે ઉંચા દેરા નીચાં થવાનો શ્રાપ અપાવવો એથી વિશેષ ઝેર ભરેલું અને આક્ષેપપૂર્ણ જૈન સાધુઓની નિતાંત નિંદા કરનારૂં બીજું કયું લખાણ હોઇ શકે.

લેખકને જાણે-મેવાડના રાણાના મુખે કુમારપાલ તથા મુનિમહારાજે ખીજાઇ ( મેવાડી કુંવરી પર ) જુલ્મ વર્તાવશે 'કારણ ધર્મ પ્રવર્તનમાં અહિંસાવાદી જૈનો હિંસા કરતા અચકાતાજ નથી એ હું જાણું છું' એમ કહેવડાવવાથી સંતોષ ન થયો હોય, તેથી લેખક સ્વમુખે તેની અત્રે પુનરૂક્તિ કરી પોતાના હૃદયનો ભાવ તદ્દન સ્પષ્ટ કરે છે. લેખકે પ્રવીણસૂરિ તથા નક્ષત્રસૂરિ તથા સાધ્વીનાં કલ્પિત પાત્રોને મેવાડી રાણીને તેડવા ગયેલાં ચિતરી જે જે કાર્ય કરતાં આલેખ્યા છે તે જૈન સાધુના આચારથી તદ્દન વિરૂદ્ધ છે. ગૃહસ્થાશ્રમીઓના જ્યોતિષ વૈદકનાં કાર્યો જૈન સાધુઓ જૈન શાસ્ત્ર પ્રમાણે કરી શકતા નથી. તેમજ જ્યોતિષ, વૈદક તથા મંત્રથી વૃત્તિ કરવા વિરૂદ્ધ જૈન શાસ્ત્રોનો સખ્ત પ્રતિબંધ છે.

કુમારપાલ રાજા પણ જૈન હોવાથી તેની સામે પણ લેખકે કટાક્ષ કર્યો છે. કુમારપાલ રાજાના સમયમાં ગુજરાત જાહોજલાલીની ટોચપર હતું. છતાંયે ઐતિહાસિક સત્યવિરૂદ્ધ કટાક્ષ કરવામાં બીજું શું તાત્પર્ય હોઈ શકે ?

લેખકે કુમારપાલને 'આપ ગુજરાતના રાજા નહિં' એવું મેવાડી રાણાનું કથન બારોટ મુખે સંભલાવતાં તેને સહેજ ક્રોધ ચડયો એમ કહી' કુમારપાલમહારાજના શુરાતનો જગજાહેર હતાં ' એ ઉમેરી તેનાપર તદ્દન અયોગ્ય આક્ષેપ, તે જૈન હોવા માત્રથીજ, કર્યો છે, ખુદ મેવાડી રાણાના કથનમાં પણ 'તમારા શૂરવીર મનાતા કુમારપાલ મહારાજ' એમ આક્ષેપ કરવામાં આવ્યો છે.

લેખક કલ્પિત પ્રવીણસૂરિને વાતવિમર્દન તેલ ખરીદવા જતાં કલ્પી દાસીના હાથમાંના તેલના કચોલાંને સ્પર્શતાં ચિતર્યા છે.

લેખકને એટલીએ ખબર નથી કે જૈન સાધુઓ પૈસા રાખતા નથી તો ખરીદ કરવા નીકળેજ ક્યાંથી? જૈન સાધુઓને સ્વીકારવા પડતાં મહાવ્રતોમાં નિષ્પરિગ્રહ રહેવાનું મહાવ્રત પણ અંગિકાર કરવું પડે છે. તેમજ જૈન સાધુઓ જે પ્રકારનું ઉગ્ર બ્રહ્મચર્ય વ્રત ધારણ કરે છે તેને લઇને સ્ત્રીને વસ્તુના આંતરે પણ અડકી શકતા નથી, અર્થાત્ હાથો હાથ સ્ત્રી પાસેથી કોઇ પણ વસ્તુ લઇ કે આપી શકતા નથી. ભિતને આંતરે પણ સ્ત્રી વસતી હોય તો તેઓ વસી શકતા નથી. એ પ્રકારનું જૈન ધર્મમાં પ્રસિદ્ધ નવવાડોથી સુરક્ષિત આદર્શ બ્રહ્મચર્ય જૈન સાધુઓ પાળે છે તો, જૈનાચારથી વિરૂદ્ધ દાસીના હાથમાંના તેલનાં કચોલાંને સ્પર્શતાં જૈન સાધુને આલેખવામાં તેમના પ્રત્યેનો દ્વેષ સિવાય બીજો કયો આશય સંભવી શકે? વળી કપોલકલ્પિતઘટના ઉપજાવી જૈન સાધુઓને કામણ ટુંમણ કરનારા આલેખી ધાર્મિક વ્યાખ્યાન અપાતું હોય ત્યારે સભા જનોમાં મ્હોટી શિલા રેડવવી એ લેખકની મનોદશા તલસુધી સ્પષ્ટ દેખાડે છે. હજુએ અધુરૂં હોય તો વાંચો લેખકના આ ઉદ્ગારો:-"સઘળું પાપ હેમસૂરિ, તારે માથે-રાજા, તારે માથે "

" એ ઝમેર પછી ગુજરાતનો ઇતિહાસ બદલાયો. એ ન હોત તો પીળા કેશરીઆ ચાંલાનું અત્યારે કેટલું જોર હોત તે કલ્પવું મુશ્કેલ છે. હેમસૂરિજીની કલા નમવા માંડી. રાજાની શ્રદ્ધા ન ચળી. પરંતુ અંધવશીકરણના પાશમાંથી એ મુક્ત થયા. કુમારપાળ મહારાજે શિવાલયોના પુનરૂદ્ધારમાંએ પાછળથી દ્રવ્ય ખર્ચ્યા તેના ઉલ્લેખો ઇતિહાસમાંથી જડી આવે છે. " આ કેવા ઉલટા સ્વરૂપમાં રજુ થાય છે. કુમારપાલ જેને હેમસૂરિના વશીભુત ચિતરવામાં આવ્યા છે તે ઇતિહાસમાં તો શુરવીર, ઉદાર અને ભિન્ન ભિન્ન ધર્મોમાં નિષ્પક્ષપાત રાખનાર યોગ્ય રાજા

તરીકેજ નજરે આવે છે. તેને બ્રાહ્મણ દંતકથાના 'ઝમોર' પછીજ શિવાલયોના ઉદ્ધાર કરનારા અત્રે દેખાડવામાં આવે છે. શું તેઓ પહેલાં ન્હોતા ઉદ્ધાર કરતા ? અને કર્યા તો તે કલ્પિત ઝમોર પછીજ કર્યા? શું છે ઇતિહાસમાં તેવો પુરાવો ? ખુદ હેમચંદ્રાચાર્ય મહારાજ પણ કેવા નિષ્પક્ષપાતી અને સર્વ ધર્મ માટે સમભાવ રાખનારા હતા તે તેમણે સિદ્ધરાજ મહારાજને આપેલા સંજીવની ન્યાયે ધર્મ કરવાના બોધ પરથી, અને કુમારપાલ મહારાજના સમયમાં તેમણે રચેલા વીતરાગ સ્તોત્ર અને મહાદેવના પ્રસંગ પરથી સ્પષ્ટ માલમ પડે છે. તો એવા મહાપુરૂષ જેની સર્વ દેશીય બુદ્ધિ અને સર્વ શાસ્ત્ર વિશારદતાને માટે 'કલિકાલ સર્વજ્ઞ'નું આપેલું બિરૂદ યથાર્થજ છે એમ આજે પણ દુનીયાના સમર્થ વિદ્વાનો માને છે, અને તેને માટે પૂર્ણ માન ધરાવે છે તેવા મહાપુરૂષને ખોટાજ રંગમાં આલેખવામાં ધર્માંધતા કે ધર્મદ્વેષ સિવાય અન્ય કયું કારણ સંભવે ? છેવટમાંયે લેખકે પૂરેપૂરો સંતોષ લઇ લેવા લક્ષ મુનિઓનો લય પેલી બ્રાહ્મણી કથાપરથી કલપ્યો છે.

તંત્રી મહાશય, આશા છે કે શાંતિપ્રિય સહિષ્ણુ જૈન કોમપર આવા જે અણઘટતા આઘાતો થયા છે તે વિષે આપ યોગ્ય કરશો.

મુંબઈ, માર્ચ ૧, ૧૯૨૭.

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**
એ. રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,
શ્રી જૈનશ્વેતાંબર કૅાન્ફરન્સ.

**નોંધ:—**

જૈન ભાઈઓ કે કોઇપણ ધર્મના અનુયાયીઓની ઇરાદાપૂર્વક લાગણી દુભાવવી એવું કદીપણ અમારા મનમાં હોઈ શકેજ નહિ. સુવર્ણમાલાએ અત્યારસુધી જે પ્રગતિ કરી છે તે જોતાં જણાશે કે ઇતિહાસ અને સાહિત્ય ઉપરના વિદ્વતાપૂર્ણ નિબંધો ઉપરાંત રસમય વાર્તાઓ, નાટકો, કાવ્યો આદિ નિર્દોષ રંજનાત્મક સાહિત્ય પ્રજાને અર્પવામાં અમારો પ્રયાસ દિનપરદિન વધતોજ જાય છે.

"ઝમોર"ની એક કલ્પિત વાર્તા તરીકેજ પસંદગી થયેલી અને તે પ્રકટ કરતી વખતે અમને સ્વપ્નેયે ખ્યાલ ન્હોતો કે આ વાર્તાથી જૈન ભાઇઓની લાગણી દુઃભાશે. પણ આ વાર્તા પ્રકટ થતાંજ મુંબઈની જૈન કૅાન્ફરન્સના પ્રતિનિધિ મંડળ તથા સેક્રેટરી તરફથી અમને એમ જણાવવામાં આવ્યું છે કે આ વાર્તાથી જૈન ભાઈઓનીલાગણી અત્યંત દુભાઇ છે, અને મજકુર વાર્તાના અનૈતિહાસિકપણા વિષે તેમણે એક લેખ 'સુવર્ણમાલા'માં પ્રકટ કરવા ઇચ્છા જણાવી... આ લેખ અમે નિઃસંકોચપણે પ્રકટ કરીએ છીએ.

અમે આશા રાખીએ છીએ કે જૈન ભાઇઓને આથી હવે સંતોષ થશે અને અમે કોઈ પણ ખાસ ઇરાદાપુર્વક આ વાર્તા નથીજ છાપી તે વિષે તેમને ખાત્રી થશે

**સંચાલકો:—"સુવર્ણમાલા"**

---

## ઇતિહાસને નામે વસ્તુનો વ્યભિચાર

કથાસાહિત્યમાં કેવળ કલ્પનાના આશ્રયે રચાયેલી કથાઓ કરતાં ઐતિહાસિક વસ્તુના આધારે ઉપજાવેલી વાર્તાઓ વિશેષ આદરણીય મનાય છે. કાલ્પનિક કથાઓનો લેખક તો પ્રાયઃ ગગનવિહારી હોય છે–સંસારનાં સામાન્ય કઠિન સત્યો અને વહેવારિક મર્યાદાઓનાં બંધનને ઉવેખી તે પોતાના જૂદા જ વિશ્વમાં યથેચ્છ વિહરી શકે છે. ઐતિહાસિક પાત્રોનો નિર્માતા એટલી છૂટ નથી ભોગવી શકતો. ઇતિહાસના પ્રસંગો અને તે કાળની પરિસ્થિતિ તેને સ્વૈરવિહાર કરતાં પગલે પગલે રોકી રાખે છે. કલ્પનાસાહિત્યનાં પાત્રો કાં તો પરમ દૈવી અને કાં તો મહાઆસુરી પ્રકૃતિના હોય તો પણ નભાવી લેવાય–વિવિધ દંતકથાઓ પણ તેની અંદર સમાવેશ પામી શકે; પરંતુ ઐતિહાસિક પાત્રોના ચરિત્રચિત્રણમાં એવો એકતરફી ઝોક કેવળ હાસ્યાસ્પદ જ લેખાઇ જાય. સામાન્યતઃ ઐતિહાસિક નવલકથાના લેખકને શિરે બેવડી જવાબદારી રહેલી હોય છે. ઇતિહાસની સાથે તે સમયના રીતરિવાજ અથવા તો જે સમાજને ઉદ્દેશી પોતાના પાત્રોનો ક્રમવિકાસ સાધવાનો હોય તેમની આચારવિચાર વિષયક વિશિષ્ટતા પણ તેની જાણબ્હાર ન રહેવી જોઇએ. ઐતિહાસિક વાર્તાએ

જેમ એકલો-નિર્ભેળ ઇતિહાસ નથી તેમ તે કેવળ વાર્તા અથવા દંતકથા પણ નથી. ઇતિહાસ અને આદર્શનો સમન્વય જો ઐતિહાસિક કથાસાહિત્યમાં ન જળવાય તો વસ્તુના નામે વર્ણસાંકર્ય અને કળાના નામે વિખવાદ સિવાય બીજો કોઈ અર્થ ન સરે. આજે આપણા ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક નવલકથાઓને નામે કેટલું પાખંડ પ્રવર્તી રહ્યું છે તે હવે કોઇથી ભાગ્યે જ અજાણ્યું રહ્યું હશે. શ્રીયુત મુનશીજીની નવલકથાઓ તો એ વસ્તુ-સાંકર્યના એક નમુનારૂપ જ લેખાય છે. ઇતિહાસની અવગણના કરતી અને જૈનશાસનના પ્રભાવશાળી પાત્રોને અન્યથા સ્વરૂપમાં ચીતરતી તેમની નવલકથાઓ સામે ગુજરાતી સાક્ષરો અને જૈન વિદ્વાનોની ફરીયાદ હજી તો ઉભી જ છે; એટલામાં જાણે ઇતિહાસનો એ વ્યભિચાર હજી અપૂર્ણ હોય તેમ હાલમાં જ એક અજ્ઞાત લેખક 'ઝમોર' નામની એક વાર્તા, સુવર્ણમાળા માસિકમાં અવતારી ઇતિહાસપ્રસિદ્ધ જૈન પ્રભાવને વગોવવાનો પ્રસંગ સાધ્યો છે. "ઝમોર" ના લેખકને ઇતિહાસનું કેટલું ઉંડું જ્ઞાન છે તે તો કેવળ એકજ હકીકત ઉપરથી સમજાશે કે 'મેવાડ' શ્રી હેમસૂરિ અને 'ગુજરાત' એટલા શબ્દો વાર્તામાંથી બાદ કરવામાં આવે તો તેમાં વસ્તુતઃ વાર્તા, વસ્તુ કે ઇતિહાસ જેવી કોઇ ચીજ અવશેષ રહે કે કેમ તે એક પ્રશ્ન થઈ પડે. લેખકને માત્ર એકજ વાત કહેવાની છે અને તે એજ કે મેવાડી રાણી શ્રી હેમસૂરિને ન નમી અને એ પ્રતિજ્ઞાના પાલન અર્થે કેટલાય બારોટોને જીવતાં બળી મરવું પડયું. આ કથનને ઇતિહાસનો કંઇ આધાર છે કે નહીં, તે તો ઐતિહાસિકો પોતે જ નક્કી કરી લેશે. પણ ઇતિહાસના આશ્રયે લેખકે જૈનમુનિઓ અને જૈન શાસનની જે પેટ ભરીને નિંદા કરી છે તે તો એટલી ઉઘાડી-નફ્ટ અને નિરાધાર છે કે તેની સામે કોઇ પણ કળારસિક વાચક પોતાનો વિરોધ દર્શાવ્યા વિના ન રહે. ઇતિહાસના પટ ઉપર જૈન સમાજ અથવા મુનિવ્યવહારનું ચિત્ર આંકતાં પહેલાં જે સંસ્કાર-સામગ્રી સંઘરવી જોઇએ તેની પામરતા પણ આ વાર્તાના પ્રત્યેક પ્રસંગમાં તરી આવે છે. લેખક જૈનસમાજના મુનિવરોનું ચરિત્ર વર્ણવવા પ્રયત્ન તો કરે છે, પણ જૈનમુનિના સહજ દર્શન ઉપરાંત તેમના સામાન્ય કિંવા વિશેષ આચારધર્મોનો અભ્યાસ કરવા જેટલી પણ તકલીફ ઉઠાવી શકયા નથી. એ સામગ્રી વિષયક કંગાલીયતની સાથે તેમના અંતરનો વિદ્વેષ ભળતાં વાર્તા એ વાર્તા ન રહેતાં, કળા અને વસ્તુના વ્યભિચાર રૂપજ બની રહે છે. વધારે ખાત્રી માટે આપણે એ લેખકના જ છીછરા જ્ઞાન તેમજ સંસ્કાર તપાસીએઃ—

પાટણના કુમારપાળ મહારાજ મેવાડની રાજકુંવરીને પરણે છે. પણ એ કુંવરીને તેમના પિતા પાટણ મોકલતા ખંચાય છે. કુંવરીને તેડવા આવેલ જયદેવ બારોટને મેવાડપતિ કહે છે કે—"પેલા નિમાળાવિનાના, બોડામાથાવાળા ન્હાવાધોવાની બાધાવાળા જતીઓને વંદન કરવા એ રાજકુંવરીને ન આવડે—કુંવરીને સાંજ સવાર ઉપાશ્રયે સામાયિકો કરવા જવાનું પણ ન ગમે. તમારા કુમારપાળ રાજાના અંતઃપુરની યુવતીઓને સવાર-સાંજ વંદન કરવા ફરજીયાત ઉપાશ્રયે જવું પડે છે." જૈનધર્મ અને મુનિસમાજ સંબંધે લેખક કેટલો દયાજનક પરિચય ધરાવે છે તેના નમુનારૂપ નહીં, પણ ઐતિહાસિક હકીકતના ઓઠા નીચે તેણે વસ્તુનો કેટલો વિપર્યાસ સાધ્યો છે તેના એક નમુના તરીકે આ ઉદ્ગારો ઉલ્લેખનીય છે. જૈનમુનિઓ હંમેશા નિમાળા વિનાના-બોડા માથાવાળા હોય અને ન્હાવાધોવાની બાધાવાળા હોય એ જ સત્ય જાણે કે સમસ્ત ઇતિહાસના નવનીતરૂપે તારવી કાઢયું હોય એવી છટાથી લેખક રજુ કરે છે. અંતઃપુરની એકે એક યુવતીને સવાર-સાંઝ સામાયિક કરવા ઉપાશ્રયમાં જવું પડે, એટલું જ નહીં પણ શ્રી હેમચંદ્રાચાર્ય સમા સમર્થ અને કળિકાળ સર્વજ્ઞ જેવા પુરૂષ અંતઃપુરવાસિનીઓ તરફથી એવા વંદનની સતત-ઉગ્ર ઝંખના રાખે એ તો તદ્દન વિચિત્ર અને આચારનીતિથી પણ વિરૂદ્ધ જતી વાત છે. જૈનમુનિની પાસેજ શ્રાવક કે શ્રાવિકા સામાયિક કરી શકે એવી ભ્રાંતિમાંથીજ આ અનર્થ લેખકે ઉપજાવ્યો છે. ખરૂં જોતાં જૈન ધર્મ એવી ફરજ નથી પાડતો. સવાર-સાંઝ તો શું પણ જ્યારે પણ

સમતા કે શાંતિની આરાધના કરવાની હોય, મનમાં વિવિધ તર્કવિતર્કોને રોકી, ધર્મધ્યાનમાં પ્રવેશવાનું હોય ત્યારે ગમે તે શ્રાવક કે શ્રાવિકા પોતાના ઘરના એકાદ ખુણામાં, જ્ઞાનના પુસ્તકને સ્થાપનાચાર્ય તરીકે સ્થાપી સામાયિક કરી શકે છે. વૈષ્ણવ મહારાજાઓની જેમ જૈન મુનિરાજો કોઇને પણ પોતાના વંદન કરવા આવવાની ફરજ નથી પાડતા. અમે આ હકીકતને વસ્તુનો વ્યભિચાર કહ્યો છે તેનો પણ એજ અર્થ છે કે વૈષ્ણવ મહારાજાઓની જેમ જૈન મુનિરાજો પણ એવીજ નિરંકુશ સત્તા પોતાના અનુયાયીઓ ઉપર ભોગવતા હશે એમ લેખકે પોતાની મેળે માની લીધું છે અને એ રીતે જૈન મુનિને જૈન રાખવા છતાં પણ જાણે વસ્તુતઃ વૈષ્ણવના મહારાજા અથવા ગોસ્વામી હોય તેવા સ્વાંગ સજાવ્યા છે. આને વસ્તુનો વ્યભિચાર સિવાય બીજું શું કહી શકાય? એ વૈષ્ણવી રંગ-ઢંગ કેટલી વિલક્ષણ પરાકાષ્ઠાએ પહોંચે છે તે પણ જરા જોવા જેવું છેઃ—

"બેટા! ચેતતી રહેજે હો-એ જૈન સાધુઓ કામણટુંમણ કરનારાઓ હોય છે." એ પ્રકારની છેલ્લી સલાહ અને વિદાયગીરી લઈ કુંવરી પાટણ આવવાં નીકળ્યાં. પાટણની એ સમયની સ્થિતિ ઇતિહાસની દ્રષ્ટિએ લેખક આ પ્રમાણે વર્ણવે છેઃ-"એ એવો સમય હતો કે જ્યારે જૈન સત્તા એની પરમ ટોચે પહોંચી હતી. મહોલ્લે ઉપાશ્રયો, દેરાસરો ને વિહારોના ઉન્નત શિખરો પોતાની મહત્તા પોકારતા હતા. શેરીએ શેરીએ નિમાળા વિનાના, શ્વેત વસ્ત્રધારી સાધુઓ વિહારોથી જતા જણાતા......હેમસૂરિજી જુના વખતના યુરોપમાં રોમના પોપ જેવી સત્તા ધરાવતા મનાતા હતા. ગુજરાતમાં જૈન ધર્મનો વિજય ડંકો વાગતો હતો-ગુજરાત બ્હારે કુમારપાળે જીતેલા પ્રદેશમાં એનો પગ પેસારો થયો હતો. પરંતુ ગુજરાત બ્હારની પ્રજા હજી જૈનમત સંપૂર્ણ રીતે સ્વીકારતી નહીં તેથી મુનિજી રાજ પ્રકરણમાં અવારનવાર માથું મારતા અને પોતાના ધર્મની અદ્દશ્ય ધજા બની શકે ત્યાં બધે ફરકાવવા સતત્ પ્રયત્ન કરી રહ્યા હતા. રાજગઢમાંએ એમનો શબ્દ પ્રભુ આજ્ઞા પેઠે મનાતો. અને અંતઃપુરની સ્ત્રીઓને, સામંતઉમરાવોની સ્ત્રી-દીકરીઓને ઉપાશ્રયે જવું પડતું. રાજકુલની નવવધુ પ્રથમ જૈન ધર્મની દીક્ષા લીધા પછી જ અંતઃપુરમાં પ્રવેશે એવી પ્રથાયે થોડા વખતથી શરૂ થઈ હતી. અને મેવાડ કુંવરીને દીક્ષા આપી ઠેઠ મેવાડ સુધી પોતાના ધર્મની સુગંધ પ્રસરાવવાની મુનિજીની ખાસ ગણત્રી હતી." આ છેલ્લા વાક્યમાં, જૈન દીક્ષા અને વૈષ્ણવ મહારાજાઓના મંત્રદાન એ બેની વચ્ચે જમીન-આસમાન જેટલું અંતર હોવા છતાં આ વાર્તાલેખકના પ્રતાપે એક પ્રકારનું વર્ણશંકર સ્વરૂપ ધારણ કરે છે. દીક્ષાના સંબંધમાં લેખકની કેવી કલ્પના હશે તે તો આખી વાર્તાના ચાલીસ ઉપરાંત પૃષ્ટો ઉથલાવવા છતાં, છેક છેવટ સુધી કંઈ ચોક્કસ થતું નથી; છતાં મેવાડી કુંવરીનો એ દીક્ષા તરફ જે ઉગ્ર અભાવ અને તિરસ્કાર દેખાઈ આવે છે તે લક્ષમાં લેતાં લેખકે એ દીક્ષાને પણ એક અનાચારનું જ રૂપક આપવાનો આડકતરો પ્રયત્ન કર્યો હોય તેમ જણાય છે. રાજા કુમારપાળ અને શ્રી હેમચંદ્રાચાર્યના જમણા હાથ મનાતા પ્રવીણસૂરિજી વચ્ચેના એક વાર્તાલાપ દરમીયાન મુનિશ્રી આ દીક્ષા સંબંધે કહે છે કેઃ-"રાજા! આવતી કાલનો પ્રસંગ (દીક્ષા પ્રસંગ) તો પાટણના ઇતિહાસમાં અનુપમ અને અપૂર્વ લેખાવાનો. રાણીજીને મહાસૂરિજી જાતે વિધિસર દીક્ષા દેવાના. સાત દિવસ પોતાની શિષ્યા તરીકે રાખી વ્રતો મહાવ્રતો, અનુવ્રતો તથા ધર્મના ગૂઢ રહસ્યો સમજાવી સુબોધરૂપ અમૃત પાઇ રાણીના હૃદયમાં જ્ઞાનદીપક પ્રગટ કરવાના અને પછી આપ વાજતે ગાજતે આવી સજોડે વંદના કરી, મહાસૂરિજીની આશિષ યાચવાના અને પામવાના." લેખક કહે છે કે આ શબ્દો સાંભળી રાજાને સંકોચ થયો. સાત સાત દિવસ સુધી એક પરિણિત વધુને ગુરૂ સમિપ રાખવાની સલાહ સાંભળી કોને સંકોચ ન થાય? એ સંકોચ અને સાત દિવસની અવધી એ જ આ દીક્ષાના પ્રસંગમાં રહેલી અનુચિતતા પુરવાર કરવાને શું બસ નથી? વારંવાર જૈન સાધુઓને "નીમાળા વિનાના-બોડા માથાવાળા અને ન્હાવા ધોવાની બાધાવાળા" કહેવા છતાં લેખકને પુરો સંતોષ નથી થતો. તેને તો જૈન સત્તા અને જૈનમતની મશ્કરી કરવા,

દીક્ષા જેવા પરમ પુનિત પ્રસંગને પણ પુરેપુરો મલીન ચિતરવાના કોડ છે. કોઈ પણ જૈન મુનિરાજે દીક્ષા આપવાના નિમિત્તે કોઇ પણ નારીને સાત-સાત દિવસ પોતાની શિષ્યા તરીકે રાખી હોય એવો એક પણ પ્રસંગ ઇતિહાસ, આચાર કે વિધિ ગ્રંથમાંથી લેખક બતાવી શકશે ? ભલે, આ પ્રકારની ભ્રાંતિ રજુ કરવામાં લેખકનો કંઈ મલિન આશય ન હોય, પણ એટલું તો ચોક્કસ છે કે તે જૈન સત્તાને અને જૈન મુનિઓને બને તેટલી હદે અપમાનિત કરવામાં એક પ્રકારની મોજ તેમજ કૃતકૃત્યપણાનો ઉંડો આત્મસંતોષ મેળવે છે. આખી ઝમોરની વાર્તા એજ મલિન મનોદશાનો પડઘો પાડી રહી છે. થોડાં છૂટાં છવાયાં વાક્યોમાંથી પણ એજ મનોદશા ટપકે છેઃ-" ધર્મપ્રવર્તનમાં અહિંસાવાદી જૈનો હિંસા કરતાં અચકાતાં નથી." "ભોળા શંભુપર જળ રેડનારને જૈન મુનિ શું કરી શકવાના હતા ?" " હેમસૂરિજી હજી પણ વંદનાના ભૂખ્યા છે કે ? " " જો જો કોઇ યતિ મહારાજ આ રાજવાડી તરફ ફરકે નહીં. નહિતર કંઇ કાળી ટીલી આવી જશે." "વાહ રે વાહ ! તમે યે હેમસૂરિમાં બહુ શ્રદ્ધાવાન જણાઓ છો ! એ મહા મુનિજી તો એમના ઉપાશ્રયે ઉંચા નીચા થતા મારી વૃથા રાહ જોતા રહેશે." " કુમારપાળ મહારાજાને કુલદેવોમાં શ્રદ્ધા છતાં હેમસૂરિની વંદનામાંથી નવરાશ મળતી નહીં." વાર્તાના આ પ્રથમાંશના ઉદ્દગારો વિષે વિશેષ પૃથક્કરણ કરવાની જરૂર નથી. અહિંસાવાદી જૈનોએ પોતાના ધર્મ અને સત્તાને માટે જાણે કે બીજા સંપ્રદાયો ઉપર અત્યાચાર ગુજાર્યો હોય એમ સૂચવવાનો ચોખ્ખો સંકેત જણાઈ આવે છે. જૈનધર્મના યતિઓ અને મુનિઓ જાણે સતત્ રાજવાડી-જ્યાં અંતપુર આવી રહેલું હોય ત્યાં વિલાસી અને કામી પુરૂષોની જેમ આંટા મારતા હોય એવો ધ્વની પણ લેખકે ઉપજાવ્યો છે. વાર્તા આગળ વધે છે તેમ તેમ સંકેતરૂપે ઉચ્ચારેલા સૂચનોને લેખક ઘટનાદ્વારા સિદ્ધ કરવા મથે છે. રાજવાડીમાં મેવાડકુંવરી-કુમારપાળની રાણી ઉતરે છે. બારોટ તેમને રોજ શિવપૂજાનું સાહિત્ય પુરૂં પાડે છે. જે દિવસે ભારે સમારોહ સાથે નવી રાણીનું સામૈયું થવાનું છે તેજ દિવસે રાજાની બધી તૈયારીઓને ફોક કરી, ઉપાશ્રયમાં જવાને બદલે તે મહારૂદ્ર નામના શિવલીંગની પૂજા કરવા રવાના થાય છે. લેખકના માનવા પ્રમાણે મુનિમંડળના મુહૂર્ત તથા યોજના વિગેરે વ્યર્થ નિવડવાથી હેમસૂરિજી તથા તેમના શિષ્યો વ્યાકૂળ બને છે, સામૈયા માટે ગયેલો વરઘોડો પાછો ફરે છે અને એ રીતે પાટણમાં નવું ધર્મયુદ્ધ મંડાય છે. આ ધર્મયુદ્ધનો બધો દોષ, જૈન સત્તા અને હેમચંદ્રાચાર્ય ઉપર ઢોળવાનો લેખકનો ઉદ્દેશ છે. તે એમ કહેવા માગે છે કે જો જૈન મુનિઓએ મેવાડ કુંવરી તરફની વંદનાનો લોભ ન રાખ્યો હોત તો પાટણમાં આ તોફાન ઉતરવા ન પામત-સેંકડો બારોટોને જીવતા બળી મરવું પડયું તે પ્રસંગ ઉપસ્થિત ન થાત. પરંતુ અમને લાગે છે કે વંદના જેવી સાવ નિર્માલ્ય વાતને લેખક આવું અસાધારણ ગંભીરરૂપ આપવામાં પોતાની બુદ્ધિ અને વિવેક શક્તિનુંજ નીલામ કરે છે. જૈન મુનિઓને તો શું પણ દુનીયાના કોઇ પણ ધર્માચાર્યને પોતાના ધર્મ સિદ્ધાંતો પ્રાણ કરતાંય અધિક પ્રિય હોય એ બનવા જોગ છે, પરંતુ વંદનાના જ પ્રતાપે ધર્મ આગળ વધે-એક રાણી કે મહારાણી વંદના કરવા આવે તો જ ધર્મશાસન દિગંતના અંત સુધી પ્રચાર પામે એવો મિથ્યા મોહ તો કોઇ પણ ડાહ્યો પુરૂષ ન નભાવે. હેમચંદ્રાચાર્ય જેવા કુશળ, પવિત્ર અને પ્રભાવશાળી પુરૂષ આવી સાદી વાત ન સમજતા હોય એમ માનવાની આપણી સામાન્ય બુદ્ધિ પણ સાફ ના પાડે છે. લેખકનો એક બીજો ભ્રમ પણ કેટલો વિચિત્ર છે ? તે કહે છે કે મેવાડની કુંવરી જો મુનિવંદના કરવા આવે તો મેવાડમાં પણ જૈનધર્મનો વિજય વાવટો ફરકતો થઇ જાય ! મેવાડની કુંવરી જ્યારે ગુજરાતની મહારાણી બની, ગુજરાતમાં વસવાની છે તો પછી તેની શ્રદ્ધા કે ભક્તિ મેવાડમાં શી રીતે ઉપયોગી થાય ? રાજા પોતે જો જીનદર્શનમાં ચુસ્ત છે તો પછી મેવાડની એકાદ કુંવરી, પોતાના ઇષ્ટદેવ-મહારૂદ્રના મસ્તક ઉપર ચોવીસે કલાક જળ રેડે તો તેથી કરીને જૈનસત્તા કે જૈન પ્રભાવને શી ઉણપ આવવાની હતી ? "ઝમોર" ના લેખકે ઈતિહાસના એક અભ્યાસી તરીકે નહીં, પણ સાદી

અક્કલથી જો આ પ્રશ્ન વિચાર્યો હોત તો જૈન મુનિ સમાજ અને જૈન ધર્મ વિષે આવા ન છાજતા અડપલાં ન કરત. પરંતુ ઇતિહાસને નામે એ વાર્તા એટલેથીજ સમાપ્ત નથી થતી. વાર્તાના બીજા ભાગમાં તો લેખકે વળી જૂદોજ રંગ દાખવ્યો છે. રામના નામે જેમ પત્થર તર્યાં તેમ તે પણ જૈનમુનિના કામણના પ્રતાપે પત્થરની શીલાઓને પણ પ્રવાસ કરતી દેખાડે છે. પરંતુ બહુ વિસ્તાર થઇ જવાના ભયથી એ પ્રસંગ આવતા અંક માટે મુલતવી રાખવાની અમને ફરજ પડે છે.

—જૈન તા. ૬-૩-૨૭

## જૈન મુનિનાં કહેવાતાં કામણ-ટુમણ

### (૨)

પાટણમાં ધર્મયુદ્ધ જામ્યું છે. "હેમસૂરીજીનું હડહડતું અપમાન થયું છે...અને સાધ્વીઓ પણ વાદમાં હારી ચૂકી છે...હેમસૂરીજી અચલ શાંતિથી બાજી ગોઠવતા જાય છે." આ પ્રમાણે બબ્બે મહિના નીકળી ગયા. અહિંસાવાદી જૈનો લાગ આવે તો હિંસા કરતાં પણ અચકાતા નથી, એ કથનને હવે એક પ્રસંગ વડે સિદ્ધ તો કરવું જ જોઇએ, નહિંતર લેખકની રચનામાં એટલી ઉણપ રહી જાય. "ઝમોર"ના લેખક એક નિર્મૂલ પ્રસંગને પોતાની પીંછીથી આ પ્રમાણે રંગે છેઃ—

"એક સવારે હેમસૂરિનો એક શિષ્ય વિહારાર્થે નગરના રસ્તે જતો હતો દૈવયોગે ઘરનું નળીયું પડયું અને મુનિજીનું બોડું માંથુ સખત ઘવાયું. લોકો એકઠા થઈ ગયા. દુઃખ પામેલા મુનિજીને ઘેરી વળ્યા-લોહી અટકાવવા ઉપચાર કરવા મંડયા. એક બ્રાહ્મણ કે જે ટોળાની અંદર જોવા પેઠો હતો તે બધા સાંભળે તેમ બોલ્યોઃ—"મુનિ મહારાજશ્રી ! માથે જટા રાખતા હો તો શું ખોટું ? આમ રસ્તે જતાં વાગે તો નહીં. જૈનધર્મ ના કહેતો હોય તો શિવધર્મમાં આવો-ગુરૂ જોઇએ તો નવા રાણી દીક્ષા આપવા તૈયાર છે," મુનિજીની આટલી મશ્કરી એ વખતે મ્હોતને નોતરવા જેવી હતી, શ્રાવકો ગુસ્સે થઇ ગયા અને બ્રાહ્મણ ઉપર તૂટી પડયા. મુનિજી કરતાં તેને દસગણું વાગી ચૂકયું અને જો એ નાસી છૂટવા પામ્યો ન હોત તો અહિંસા પરમોધર્મના ચુસ્ત અનુયાયીઓના હાથે બધા યે દિવસો પૂરા થવાનો ઘણો સંભવ હતો. નાસતાં નાસતાં એ જાણે શાપ આપતો હોય તેમ બોલ્યો-"હવે જ ખબર પડશે. તમારાં ઉંચાં દેરાં નીચાં ન થાય તો મને સંભારજો"

જૈનોના ઉંચાં દેરાં અને મુનિઓના વિહાર લેખકને શલ્યની જેમ ખૂંચતા હોય એ સિવાય આ પ્રસંગનો બીજો હેતુ નથી. પોતાનાં રાગદ્વેષને સાકાર કરી બતાવવાની તાલાવેલીમાં આવા લેખકો ભૂતકાળ તેમજ વર્તમાનકાળની પરિસ્થિતિને પણ કેવી કદરૂપી બનાવી મૂકે છે તેનો આ એક નમુનો છે. આજના હિંદુ-મુસલમાનોની જેમ તે વખતે જાણે કે જૈનો અને શૈવો વચ્ચે ભારે કોમી વીખવાદ હૈયાતી ભોગવતો હોય એમ લેખકે માની લીધું છે. પરંતુ વર્તમાન સ્થિતિના વાઘા ભૂતકાળને આબાદ બંધ બેસતા કરવા એ કેવળ વાહયાતપણું છે. જ્યાં બુદ્ધિના અને મુસદ્દીગીરીના તેજ ચમકતા હોય ત્યાં આ પ્રકારની મારામારી અને કડવાશ હોવાંજ જોઇએ એમ શા સારૂ માની લેવું ? ગુજરાતમાં જૈનો અને શૈવો કિંવા જૈનતરો વચ્ચે આટલી બધી હદે બેદીલી વ્યાપી હોય એમ હજી સુધી જણાયું નથી. જૈન મુનિઓ હંમેશાં પોતાની સરળતા અને નિસ્પૃહતાને લીધે સમોવડીઆ જેવા ગણાતા સંપ્રદાયો તરફથી પણ સત્કાર જ પામ્યા છે. મત, પંથ કે સત્તાના દુન્યવી લોભે તેમને પોતાના ઉચ્ચપદથી નીચે ઉતાર્યા હોય એમ કલ્પવામાં કશોજ આધાર નથી. ઉંચા દેરાં નીચાં કરવાં અને બોડાં માથાં જટાવાળાં બનાવવાં એ ભાવના કોઈ દિવસે આર્ય હૃદયમાં ઉગી નથી. દેરાં ભાંગવાં અને શીખાને બદલે દાઢીઓ વધારવાનાં ઝનુન તો બહુ પાછળની પેદાશ છે. અને છતાંય અપવાદરૂપ એવી દશા કથંચિત્ હોય તો પણ તેને આ રીતે સૂક્ષ્મ દર્શક યંત્રવડે

તપાસી, ઇતિહાસના સ્વાંગ સજાવી બ્હાર મુકવામાં તો કોઈ પણ પ્રકારે સાહિત્ય, સંપ્રદાય કે દેશની સેવા નથી. થતી ઇતિહાસ અને સાહિત્યની સાર્થકતાનો એ ખ્યાલ હજી લેખકને સંસ્પર્શી શકયા નથી. આગળ જતાં તે ઇતિહાસને અલગો રાખી દંતકથાનો આધાર શોધે છે અને જૈન મુનિઓ કામણ—ટુમણવાળા હોય એમ બતાવવા માગે છે. લેખકની બુદ્ધિશક્તિની હવે તો ખરેખર હરેરાજીજ છે-શિષ્ટ સાહિત્યમાં જેને છેક છેલ્લે પાટલે બેસાડવા જેટલી યોગ્યતા ન હોય તેને તે વાર્તાના વસ્તુના આત્મા તરીકે ગોઠવે છે અને પોતાની કલ્પના તથા કુશળતાની પુરેપુરી પામરતા બતાવી આપે છેઃ—

"મેવાડ કુંવરીને ત્વરાથી પોતાને પગે નમતી કરવાનો હેમસૂરિએ નિશ્ચય કર્યો. આખો દિવસ તે વિચારગ્રસ્ત જણાયા. પ્રવીણ નામના શિષ્યે તે જોયું અને હિંમત કરી પૂછ્યું. "મહારાજ ! આપના હંમેશના શાંત પ્રફુલ્લિત વદનકમળપર વિષાદછાયા પથરાય તે અમોને-શિષ્યોને શરમાવા જેવું છે. રજા આપો તો આજે રાત્રેજ કુંવરીને મોંમાં તરણું ઘાલી આપને શરણે આવતી કરૂં. જૈન ધર્મની ગુઢ વિદ્યા શા કામમાં આવશે? અને ચમત્કાર વિના નમસ્કાર કોણ કરશે?" મહા સુરિજીએ પ્રવીણના સામું જોયું. પોતે જે ન કરી શકે તે પોતાના શિષ્ય વધારે છુટથી કરી શકે તેનો વિચાર થયો, વળી પોતે છાનાં આકર્ષણનાં આંદોલનો કુંવરીને જૈન ધર્મ તરફ દોરવા પ્રેરવા માટે કયારનાંએ મોકલવા માંડયા હતા; પરંતુ કોણ જાણે કેમ મહારૂદ્રના ત્રિશુળથી વીંધાઈ કુંવરી પર અસર કરતાં જણાતાં નહીં."

જૈનધર્મમાં જાણે ગમે તે મત કે વિચાર ધરાવતી વનિતાને વશીભૂત કરવા માટે પાર વિનાનાં મંત્ર તંત્ર ભર્યાં હોય એટલુંજ નહીં પણ એ પ્રકારના મંત્ર તંત્ર ઉપરજ જૈન ધર્મના અસ્તિત્વનો આધાર હોય એવી અહીં વાચકના દીલ ઉપર છાપ પડે છે. વેદાન્તીઓ, બૌદ્ધો, વિગેરેની સામે ટક્કર ઝીલવામાં જૈન દર્શને-જૈન દર્શનના મુનિ સમાજે કેવળ કામણ—ટુમણનોજ ઉપયોગ કર્યો હોય એ કેટલી કંગાળ કલ્પના છે? વ્હેમીઓ અને અંધશ્રદ્ધાળુઓ એવી કલ્પનાને પોષે તો તે કંઇક ક્ષંતવ્ય ગણાય, પણ જે સાક્ષર, જનતાનો ઉપદેશક હોવાનો દાવો કરતા હોય, ઇતિહાસને ચોક્કસ સત્યો નિરૂપવા એને પોતાનો ધર્મ સમજતો હોય, તેજ જો આવા વ્હેમીઓની ઓથ શોધે તો એ સાહિત્યને કઇ કોટીમાં મૂકવું તે એક પ્રશ્ન થઇ પડે; છતાં આશ્ચર્યની વાત એ છે કે આજ વાર્તાને સુવર્ણમાળાના સમાલોચકોએ ઇનામને યોગ્ય ઠરાવી છે. રા. મુનશીની શૈલીને અનુસરવા ઉપરાંત આ આખી વાર્તામાં કંઈ વિશેષતા હોય એમ અમને નથી લાગતું. કોઇપણ સારો લેખક જુના જમાનાની કામણ-ટુમણવાળી દંતકથાઓને આવી રીતનું મહત્ત્વ ન આપે. બાળકોનાં મનનેજ વિસ્મિત કરનારી એ દંતકથા પણ જરા સાંભળવા જેવી છે.

"પ્રવીણસુરિએ મેવાડી રાણીને નમાવવાનું બીડું ઝડપ્યું. બીજે દિવસે બપોરે તે મનમાં કંઇ મંત્ર બોલતો નીકળ્યો અને રાજવાડીના દરવાજા સામે રસ્તાની પગથાર ઉપર આંટા મારવા લાગ્યો.....મેવાડીરાણીને માથે નાંખવાના તેલની જરૂર પડી તેથી ફુલ નામની એક દાસી તેજ વખતે એક કચોળું લઇ બજારમાંથી તેલ લાવવા બ્હાર નીકળી. દરવાજામાંથી બહાર નીકળતાંજ બે-ત્રણ કલાકથી ટેલી રહેલા પ્રવીણસુરિજી સામા મળ્યા. દાસીએ તેલવાળાની દુકાને જઈને સરસ તેલની માગણી કરી, દુકાનદારે ગમ્મતની ખાતર કહ્યું-"શું કરીએ? વાળ વિનાના પાટણમાં બહુ રહ્યા તે તેલ ઘાલે નહીં અને વાળવાળા જુ મરવાની બીકે વાપરે નહીં એટલે અમને ઉત્તેજન કોણ આપે?" એટલામાં પ્રવીણમુનિજી ત્યાં આવી પહોંચ્યા. તેમણે દુકાનદારને ઉદ્દેશીને પૂછ્યું-"વાતવિમર્દન તેલ રાખો છો?" દુકાનદારે તેનો નકારમાં જવાબ આપ્યો. પછી તો મુનિજીએ ફુલના હાથમાંનું કચોળું સ્પર્શી "સુંદર છે. જરા જોવા દ્યો-કયાંની બનાવટ હશે?" ફુલ ભડકી, લાલચોળ જેવી થઈ ગઈ. પૈસા ફેંકી ઉતાવળથી ચાલી ગઈ. મુનિજી પોતાનું અપમાન ગળી ગયા અને અપાશ્રયે પહોંચી ગયા.

એ તેલ મેવાડી રાણીએ એક શિલા ઉપર ઢોળી દીધું અને જાણે શિલામાં જીવ આવ્યો હોય તેમ આંચકો ખાઈ હાલીને જરા ઉંચી નીચી થઇ.

ત્રીજે દિવસે મેવાડ કુંવરી પેલા બારોટની સાથે મેવાડ ભણી નાઠી. બીજી તરફ પ્રવીણસુરિ પોતાની પથારીમાં વિચાર કરતો હતો. એની ગણત્રી એવી હતી કે કુંવરીના

માથામાં તેલ જતાં કુંવરીને મહાસુરિનો વિચાર આવશે-તેલ ટકશે તેમ વખત જતાં તે વિચાર ઘટ થતો જશે. બીજે દિવસે તે હેમસુરિમય થઇ જશે અને ત્રીજે દિવસે તો હેમસુરિના શરણે આવવા તત્પર થઇ જશે અને માનસિક ગમે તેટલો વિરોધ કરશે તો પણ ચોથા દિવસનું પ્રભાત થતાં થતાં તો નિરાધાર બની ઉપાશ્રય શોધતી આવી ગુરૂના પગે પડશે-સાધેલા તેલનો એ પ્રભાવ હતો. સાધના નિષ્ફળ નીવડેજ નહીં.

પ્રભાત થયું. એક પ્રચંડ શિલા જાણે સજીવ અને સમજતી હોય તેમ પાટણના રાજમાર્ગપર ગબડતી ગબડતી ચાલી રહી હતી. પ્રભાતનાં પ્રથમ કીરણ ફુટયાં અને એ શિલાએ રાજવાડીમાંથી બહાર નીકળતાં દ્વારપાળો ભડકયા. બહાર આવતાં વહેલા નદીએ જતા લોકોએ જોઈ અને આશ્ચર્ય ને ભયથી બુમ પાડી-વાત વાયે ઉડી અને શિલા નગરના દ્વારે પહોંચે તે પહેલાં તો માર્ગની બન્ને બાજુઓ પ્રેક્ષકોથી ભરચક ભરાઈ ગઈ. શિલા પણ અદ્ભૂત કામ કરતી હતી. ધીમે ધીમે એણે ગતિ વધારવા માંડી-જાણે એક ખાસ માર્ગ જોયો હોય અને અમુક સ્થળે જવાનું છે તે જાણતી હોય તેમ તે રસ્તા બદલતી હતી. તે ચાલતી ચાલતી પ્રથમ પેલા અત્તરવાળાની દુકાને પહોંચી. ક્ષણભર ત્યાં પગથીયા નજીક થોભી, જાણે વિચાર કરતી હોય, તેમ પાછી મરડાઇ આગળનો રસ્તો લીધો-થોડે ગઇ અને સીધા પહોળા રસ્તા તરફ દોડતી હોય તેમ ગબડવા માંડી, + + હેમસુરિજી એમની મોહક વાણીથી વ્યાખ્યાન આપી રહ્યા હતા. એવામાં બહાર લોકોનો બુમાટ સંભળાયો. સૌને આશ્ચર્ય થયું. હેમસુરિજી અને પ્રવીણ સમજ્યા કે કુંવરી આવતાં હશે અને લોકો હાંસી કરતાં તેમની પાછળ પડયાં હશે. મહામુનિજીને એ વિચાર રૂચ્યો. આજે એ ટેકીલી કુંવરી પર પોતાના અપમાનનો બદલો લેવા તે તૈયાર થયા હતા. + + + શિલા ધસી આવતી હતી. વાડો આવ્યો ને તે થોભી. જાણે દરવાજો જોઈ ઓળખતી હોય તેમ તે દરવાજામાં પેઠી-મેદાનમાં દોડી અને સભા હતી તે મંડપ તરફ ધસી. લોકો પણ તેની પાછળ ધસ્યા. + ÷ પ્રવીણની આંખો કુંવરીને શોધતી હતી. એની દૃષ્ટિ સૌથી પહેલાં શિલા ઉપર પડી અને તે ગભરાટમાં બોલી ઉઠયો-"ગજબ થયો !" મુનિઓ ગભરાઇ ઉભા થવા માંડયા. મહાસુરિજી જો કે અંદરથી પ્રજળી ઊઠયા હતા છતાં પરમ શાંતિ અને ગૌરવથી બોલ્યા-"સબુર ! શરણે આવી છે ? તારૂં કલ્યાણ થાઓ !" શિલા જાણે નમી રહી હોય તેમ ત્યાં શાંત અટકી.

"મહારાજ ! આ શો ભેદ છે ?" રાજાએ પૂછયું.

"રાજાજી ! જૈનધર્મની મહત્તા મારે તમોને નજરેજ બતાવવી હતી. જૈનધર્મ માને છે કે પત્થરમાં પણ જીવ છે-એને એક ઇન્દ્રિયનું જ્ઞાન છે. અને એનામાં પણ લાગણી હોઇ પોતાના આધ્યાત્મિક ઉદ્ધારની ભાવના એનામાં પણ છુપાયેલી હોય છે. બીજું એ કે એક જડ શિલા જ્યારે આત્મકલ્યાણમાં જૈનધર્મનું શરણ શોધશે તો માનવ હૃદયનું શું ગજું કે એ ટકી શકે ? રાજા ! તને અવિશ્વાસ પેઠો હતો કે મેવાડી રાણી નમશે કે નહિ ? તે દૂર કરવા મહાન તીર્થંકરોએ આ જડ શિલાને પ્રેરી છે."

**રાજા કુમારપાળને, તપાસ કરતાં મેવાડી-રાણી પાટણમાંથી રવાના થઇ ગયાના સમાચાર મળ્યા. લેખક કહે છે કે એજ દિવસે બપોર પછી મહામંત્રીને ઘટતી સૂચના આપી, શરમથી હેમસૂરિને મળ્યા વિના બે હજાર ચુનંદા સ્વારો લઇ, નાસી જતી મેવાડી રાણીને પકડી પાડવા પુરવેગથી નીકળી પડયા. રાજા અને રાણીના સૈનીકો વચ્ચે યુદ્ધ જામે તે પહેલાં તો મેવાડી રાણી, પોતાના પતિ રાજા કુમારપાળ સામે ચાલી આવી ઉભા રહ્યાં. લેખક માને છે કે એ વખતથી જૈન સત્તા ગુજરાતને અસહ્ય-ભારરૂપ હતી અને તેથી તે પોતાના અંતરની ઇર્ષા એ રાજા—રાણીના સંવાદમાં જ આ રીતે વ્યક્ત કરે છે:—**

"કેમ, પાટણના રાજા ! પાટણમાં આવી ત્યાં નવરાશ ન મળી, તે અહીં સુધી આવ્યા છો ?"

"પાટણ આવ્યાં અને મળ્યા વિના બારોબાર જાઓ તે મેવાડ કુંવરીને ઘટતું નથી, પાછા ચાલો-તમને લેવા આવ્યો છું," રાજાએ રીસ દાબીને શાંતિથી કહ્યું.

"મને લેવા આવ્યા છો ? પાટણનો દરવાજો તો બંધ છે ને ? રાજ મહેલે લઈ જશો કે હેમસૂરિના ઉપાશ્રયે ?' રાણીએ તિરસ્કાર દર્શાવ્યો.

"પ્રથમ હેમસૂરિના ઉપાશ્રયે-તે પછી રાજમહેલમાં, રાણી !" આ જવાબ સાંભળી રાણીની આંખમાંથી ક્રોધની જ્વાળા ભભૂકી.

"હેમસૂરિના ઉપાશ્રયે ? હજીયે એ કોડ છે ? પાટણના ધર્માંધ રાજા ! ધર્મ, હેમસૂરિને વાંદવામાં સમાઇ જતો નથી !-જે જતિ મંત્રેલ તેલ મોકલી તમારી રાણીને અપમાની રહ્યા છે, એના પગે પડવાના હજી અભિલાષ ધરાવો છો ?" એટલું કહેતાં કહેતાંમાં રાણી એક કટારીવડે

આત્મઘાત કરે છે અને પછી જયદેવ બારોટ, આ સૌ અનર્થની કારણભૂત થયેલી એક ધારી જૈન સત્તાને સદાકાળનું કલંક ચોંટાડવાનો નિશ્ચય કરે છે.”

સિદ્ધપુરની ભાગોળે બારોટની ન્યાત એકઠી કરી તેણે ઝમોરનો મહિમા વર્ણવ્યો અને હેમસૂરિને તેમજ જૈન સત્તાને શ્રાપ આપતા કેટલાય બારોટો, પોતાની સ્ત્રીઓ અને બાળકો સાથે જીવતાં બળી મુઆ. આ પ્રમાણે જીવતાં-શ્રાપ આપતાં બળી મરવું તેને ‘ઝમોર’ ના નામથી ઓળખવામાં આવે છે. ઘણું કરીને “ઝમોર” નો અર્થ એને અહીંઆ સમજાવવા માટેજ લેખકે આ વાર્તા આમ છેક નિરાધારપણે અવતારી હોય એમ લાગે છે. તેણે પોતાનું નામ તો નથી આપ્યું પણ કાંતો લેખક પોતે એ જ જ્ઞાતિના હોય અથવા તો જૈન સત્તા તરફ-જૈનોના ગૌરવવંતા ભૂતકાળ તરફ બહુ ઇર્ષાની નજરે જોતા હોય એવી પ્રતીતિ થાય છે, પણ અત્યારે એ એ વાત જવા દઇએ. આ વાર્તાને ઇતિહાસનો કેટલો આધાર છે, તે આપણે જોવું જોઇએ. મૂળ ન હોય તો પછી શાખાની વાત તો કોઇજ ન કહાડે. મેવાડી રાણી એ જ આ વાર્તાના મુખ્ય આધારરૂપ પાત્ર છે. ત્યારે શું કુમારપાળ રાજાને એવી કોઇ રાણી હતી? વિસ્તારના ભયથી એ ચર્ચા આવતા અંક માટે મુલતવી રાખીએ.

જૈન તા. ૧૩-૩-૨૭.

---

## ઇતિહાસ—પાત્રાલેખન અને કલ્પના.

### (૩)

ગુજરાતનો મધ્યકાલીન ઇતિહાસ જૈન અમાત્યો, આચાર્યો અને રાજતંત્રીઓના કીર્તિકલાપથી ભરપૂર છે. એ યથાર્થ ઇતિહાસને સજીવ તેમજ સાકાર કરી બતાવવા જૈનપાત્રો પણ અવતારવા પડે એ વાત અમે માનીએ છીએ; પરંતુ જૈન સત્તા અથવા જૈન પ્રભાવ વિષે જેના દીલમાં લેશ માત્ર પણ સહાનુભૂતિ વર્તતી ન હોય, પરમ મધ્યસ્થભાવે ઇતિહાસ અને ઐતિહાસિક પરિસ્થિતિનું અવલોકન કરવા જેટલું જેનામાં ધૈર્ય ન હોય તેમના વડે ઇતિહાસ કે સાહિત્યનો પૂરતો ન્યાય ન મળી શકે. સાંપ્રદાયિક ઇર્ષા અને મતમતાંતર સંબંધી ઝનુનવડે જેમનાં મન કલુષિત થયેલાં હોય તેઓ ઇતિહાસને પણ એટલોજ કલુષિત અને મલીન બનાવવાનો પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. “ઝમોર”ના લેખકે ઇતિહાસના નામે વસ્તુતઃ પોતાના અંતરના રાગ દ્વેષજ ઠલવી નાંખ્યા છે. જૈન સત્તા ગુજરાતને ભારભૂત હતી અને જૈન મુનિઓ કામણ-ટુમણમાંજ રચ્યા પચ્યા રહેતા, એટલુંજ નહીં પણ જે હેમચંદ્રાચાર્ય જેવા પુરૂષોની ખ્યાતિ પણ સહસ્ર મુખે ગવાઇ રહી છે તેઓ છેક અનુદાર અને અતિ સામાન્ય કોટીના પુરૂષ હતા એમ બનાવવા માટેજ તેણે ઇતિહાસને એક કોરે મૂકી કેવળ સ્વચ્છંદભાવે આ વાર્તા ચીતરી છે. જે વાર્તાની પાછળ લેખકે લગભગ ૪૦ જેટલાં પૃષ્ઠો રોકયાં છે અને જ્યાં જ્યાં લાગ મળ્યો ત્યાં ત્યાં જૈનોની-જૈન મુનિઓની પેટ ભરીને મજાક ઉડાવી છે, તે વાર્તાને યથાર્થતઃ ઇતિહાસનો કેટલોક આધાર છે તે આપણે આજે તપાસીએ. તાત્ત્વિક દ્રષ્ટિએ જોઇએ તો આ કથન કિંવા વાર્તાને ઇતિહાસની સાથે જરી જેટલો પણ સંબંધ નથી. ઘણીવાર ઇતિહાસના પુસ્તકોમાં કિંવદંતી-ગાલપુરાણનાં અવતરણ ઉતારી લેવામાં આવે છે. ઇતિહાસ સંબંધી હકીકતને વધુ સ્પષ્ટ તેમજ વિશાળ બનાવવા અર્થેજ એવી લોકકથાઓ ઇતિહાસની પડખો પડખ સ્થાન પામે છે. પરંતુ ઐતિહાસિક પાત્રો સાથે સંકળાયેલી બધીજ વાર્તાઓને ઇતિહાસના જેટલીજ પ્રમાણભૂત માનવી એ બાલીશતા છે. ઐતિહાસીક ઉપાદાન સંગ્રહ કરતી વખતે સંશોધક આસપાસની અનેક વિગતો એકઠી કરે, સુવર્ણ મેળવવા માટે જેમ માટી પણ પુષ્કળ પ્રમાણમાં સંઘરવી પડે છે, તેમ છેક વજુદ વગરની વાતો પણ નોંધવી પડે, પરંતુ સુવર્ણ અને માટીને પૃથક પાડવા જેટલી કુશળતા ન ધરાવનાર જેમ સુવર્ણ અને માટીને બરબાદ કરે છે તેમ જે

સાહિત્યક વાસ્તવિકતા અને કુત્રિમત્તાને પોતાના વિવેકવડે જૂદા ન પાડી શકે તેની સાહિત્યસેવા પણ એક ઉપદ્રવરૂપે જ લેખાઇ જાય. " ઝમેર " ના લેખકે જે ઐતિહાસિક ગ્રંથમાંથી પોતાની વાર્તાનો વિષય શોધ્યો છે તે ગ્રંથમાં સાવચેતીના શબ્દો તરીકે ગ્રંથકારે પોતેજ કહ્યું છે કે બ્રાહ્મણોએ જૈનાચાર્ય શ્રી હેમચંદ્ર તથા કુમારપાળ વિષે ઘણી " અદ્દભૂત દંતકથાઓ " ચલાવી છે. કોઇ પણ વાંચક અથવા સાહિત્યક તેને ઇતિહાસ માનવાને ન પ્રેરાય અને ભૂલેચૂકે પણ કોઇ જૈન આચાર્ય અથવા અમાત્યને અન્યાય ન મળે એટલા માટે ઇતિહાસના સંગ્રાહકે પોતે જ સ્પષ્ટ શબ્દોમાં તેને "અદ્દભૂત દંતકથાઓ" ની ઉપમા આપી છે; છતાં ઝમેરના લેખકે એ દંતકથાને–બ્રાહ્મવર્ગે વિનોદ અથવા તો વૈરની તૃપ્તિ માટે ઉપજાવેલી કપોળ કલ્પનાને વાસ્તવિક ઐતિહાસિક વિગત જેટલું જે મહત્વ આરોપ્યું છે તે પરથી તો માત્ર એકજ વાત સિદ્ધ થઇ શકે કે લેખકને જે વિરોધ ચીતરવાની લાંબા કાળથી ઝંખના રહેતી હશે તે વિરોધને તેણે વાર્તારૂપે અવતારવાની આ રીતે એક સરસ તક ઇરાદાપૂર્વક શોધી લીધી હોય. "રાસમાળા" ના મૂળ લેખકે પોતેજ "ઝમેર" વાળી વાર્તાને એક "બ્રાહ્મણ–વૃત્તાન્ત" તરિકે ઓળખાવી છે, ફાર્બસ સાહેબે પોતે તેને કદિપણ ઇતિહાસ તરીકે ચલાવી લેવાનો આગ્રહ નથી કર્યો. તેમના પોતાના શબ્દો તેમજ તેમણે રજુ કરેલી વાર્તા એક તુલના માટે અત્રે ઉપયોગી થઇ પડશેઃ–

રાસમાળાના પૃષ્ટ ૨૯૪ ઉપર " ઝમેર " સંબંધી હકીકત આ પ્રમાણે મળી આવે છેઃ–"બ્રાહ્મણોના વૃતાન્તમા લખે છે કે કુમારપાળ મેવાડના રાજાની કુંવરી સિસોદિણી વેરે પરણ્યો હતો. જ્યારે તેને પરણવાને ખાંડું મોકલ્યું ત્યારે તે કુંવરીના જાણવામાં આવ્યું કે રાજાને એવો નિયમ છે કે રાણિઓએ પ્રથમ હેમાચાર્યને અપાસરે જઇને જૈનધર્મની દીક્ષા લીધા પછી દરબારમાં પેસવું.' આ ઉપરથી રાણીએ પાટણ જવાની ના કહી ને કહ્યું કે મને આચાર્યના અપાસરે મોકલવામાં નહીં આવે એવી ખાતરી કરી આપો તો હું આવું. ત્યારે કુમારપાળનો દસોંદી ભાટ જયદેવ કરીને હતો તે વચ્ચે જામીન થયો. એટલે રાણીયે અણહિલપુર જવાની હા કહી. તેને આવ્યાને કેટલાક દિવસ વિત્યા પછી હેમાચાર્યે રાજાને કહ્યું કે સિસોદિણી રાણી કદિ મારી પાસે આવ્યાં જ નથી તે ઉપરથી કુમારપાલે તેને જવાનો આગ્રહ કર્યો, પણ તેણે ના કહી પછી રાણી માંદી પડી ત્યારે ભાટની સ્ત્રીયો તેને જોવાને ગઇ. ત્યાં તેની વાત સાંભળીને તેઓએ પોતાના જેવો તેને પોશાક પહેરાવીને છાનીમાની પોતાને ઘેર તેડી આણી, રાત્રે ગઢની ભીંત ભાટે કોચીને ત્યાંથી રાણીને લઇ ચાલ્યો. આ વાત જયારે કુમારપાળ રાજાના જાણવામાં આવી ત્યારે બે હજાર ઘોડું લઇને તેના ઉપર ચડ્યો, ઇડર દશ ગાઉ રહ્યું ત્યાં આગળ પેલા નાશી જનારાને રાજાએ ઝાલી પાડયાં ત્યારે ભાટે રાણીને કહ્યું કે "જો તમે ઇડરમાં જઇ પહોંચો એમ હોય તો ઉગરાય. મારી પાસે બસેં ઘોડું છે. જ્યાં સુધી અમારામાંનું એક પણ માણસ રહેશે ત્યાં સુધી અમે કોઇનો હાથ અડકવા દઇશું નહીં." એ પ્રમાણે કહીને સામા ચડી આવેલા ભણી તે ફર્યો; પણ રાણીની હિંમત ચાલી નહીં એટલે તેણે પોતાના રથમાં આપઘાત કર્યો ત્યારે દાસી બોલી કે " હવે લડીને શું કરો છો ? રાણી તો કયારનાંએ મરી ગયાં છે." પછી કુમારપાળ અને તેની ફોજ ઘર ભણી પાછી વળી..

જયદેવ ભાટે જાણ્યું કે મારી લાજ ગઇ માટે હવે મારે જીવવું નહીં. તે સિદ્ધપુર ગયો. અને પોતાની નાતના લોકોને કંકોતરી મોકલી કે "આપણી નાતની પ્રતિષ્ઠા લઇ લેવામાં આવી છે. માટે જેઓ મારી સાથે બળી મરવાનો રાજી હોય તેઓએ તૈયાર થવું. " પછી ત્યાં શેલડીનો ઢગલો કર્યો અને જેઓ પોતાની સ્ત્રી સહિત બળી મરવાના હતા તેમણે બબ્બે ઝંડા ( સાંઠા ) લીધા અને જે એકલા બળવાના હતા તેમણે દરેકે અકેકો લીધો. તેમણે ચિતા અને ઝમેર ખડકી. પહેલી ઝમેર સિદ્ધપુરમાં સરસ્વતિના તીરે કરી. બીજી પાટણથી એક તીરવાહને છેટે કરી, ને ત્રીજી તે નગરના દરવાજા પાસે ખડકી. પછી અકેકી

ઝમેરમાં સોળ સોળ ભાટ પોતાની સ્ત્રીઓ સુધાંત બળી મુવા. જયદેવનો ભાણેજ કનોજ હતો. તેને પણ કંકોતરી મોકલી હતી, પણ તેની માએ તેને પહોંચાડી નહતી; કેમકે તેને તે એકનો એકજ હતો. તથાપિ ભાટનો ગોર ઝમેરની રાખની ગુણો ભરીને ગંગામાં નાખવાને નીકળી ચાલ્યો. તે કનોજ આવ્યો. ત્યાં જયદેવનો ભાણેજ નાકાદાર હતો તેને જાણ્યું કે માલ લઇ જાય છે તેથી દાણ માગ્યું. એટલે બ્રાહ્મણે જે માલ હતો તેનું નામ લીધું એટલે વધારે પુછપરછ કરી ત્યારે જે નિપજ્યું હતું તે સર્વ કહી સંભળાવ્યું. પછી તે પોતાનું કુટુંબ એકઠું કરીને તેમને પાટણ લઇ આવ્યો અને કેટલીક ઝમેર ખડકીને સર્વ બળી મુઆં" વિગેરે.

મધ્યસ્થ સમીક્ષકો પણ રાસમાળામાંની આ દંતકથા ઉપરથી 'ઝમેર' ના લેખકે પોતાની વાર્તામાં કેટલી અતિશયોક્તિ કરી છે—જૈનાચાર્યોને અપમાનિત કરવાના આશયથી કેવી કુતર્કજાળ ગોઠવી છે તે બરાબર જોઇ શકશે. વિચિત્ર વાત તો એ છે કે પેલી શીલા અને કામણ–ટુમણનો જે દંતકથાને સ્પર્શ સુદ્ધાં નથી થયો તેજ વાત એક પરમ પ્રભાવશાલી જૈનાચાર્યના નામે ચડાવતાં એ લેખકને લેશમાત્ર પણ સંકોચ નથી થયો. લોકકથાના એક ઉંડા અભ્યાસી તરફથી અમને કહેવામાં આવ્યું છે કે આવી મંત્રેલી શિલા સંબંધી એક વાત મારવાડની લોકકથામાં મળી આવે છે અને તેનાં પાત્રો ઉમા–ઝુમા-અંચળો ખેશી અને મીનળદે વિગેરે છે. મેવાડ કુંવરી કે જૈન મુનિને એ મંત્ર–તંત્ર કે શિલા સાથે રજમાત્ર સંબંધ નથી. ગુજરાતના ઇતિહાસ વિષયક સાહિત્યમાં આવું એક જુઠાણું દાખલ કરવા માટે ઝમેરનો લેખક માત્ર જૈનોને જ નહી, પણ ગુજરાતી સાહિત્યના સાક્ષરોની પાસે પણ જવાબદાર ઠરે છે. ઇતિહાસના અભ્યાસીઓ પણ રાજા કુમારપાળના અંતઃપુરમાં મેવાડ કુંવરી જેવી કોઇ રમણી હોય એ વાતનો સ્પષ્ટ અસ્વીકાર કરે છે. નાગોરના રાજાઓ બન્ને કુમારપાળની સામે યુદ્ધક્ષેત્રમાં સખ્ત હાર ખાધા પછી પોતાની કુંવરી કુમારપાળને પરણાવી પોતાના અપરાધની ક્ષમા યાચી હોય એવો એક ઉલ્લેખ મળી આવે છે. પણ તેણીએ જૈનધર્મ સ્વીકારવામાં આનાકાની કરી હોય અથવા તો જૈન મુનિઓ તરફ તીરસ્કાર દાખવ્યો હોય એવો એક પણ ઉલ્લેખ મળી શકતો નથી. એટલે ટુંકામાં ઇતિહાસની દૃષ્ટિએ અવલોકતાં "ઝમેર"ની આખી વાર્તા કેવળ શૂન્ય અથવા માત્ર અતિશયોક્તિ રૂપજ પુરવાર થાય છે. ઇતિહાસના નામે જેમ મ્હોટું મીડું મૂકાયુ છે તેમ તેનું પાત્રાલેખન પણ એટલુંજ શિથિલ અને ઢંગ વગરનું છે. કુમારપાળના અંતઃપુરમાં કદાચ મેવાડીરાણી જેવું કોઇ પાત્ર હોય તો પણ તે આજની સુધરેલી સફ્રેજીસ્ટના જેવું તોફાની અને કેવળ બળવાખોર હોય એમ માનવાને કંઇ સબળ કારણ નથી. વંદના જેવા એકાદા નજીવા કારણસર સીસોદીયા વંશની કુંવરી પોતાના પતિ સામે સતત્ કંકાસ કરે અને પોતાના પતિનું ગમે તે થાય એમ માની એકાએક નાસી છુટે એ અસ્વાભાવિક અને રાજપુત રમણીને માટે લજ્જાસ્પદ છે. વળી લેખકના આ પાત્રચિત્રણમાં એવી કોઇ કુશળતા નથી કે જેથી મેવાડ કુંવરી તેમજ તેમનો સહાયક બારોટ, વાચકના દીલ ઉપર કંઇ સારી સ્થાયી અસર મૂકતા જાય. કોઇ કોઇવાર ઇતિહાસની મામૂલી વ્યક્તિઓમાં પ્રતિભાશાલી લેખકો ભારે ભવ્યતા ઉમેરવામાં સફળ થાય છે. તેમનું કાલ્પનિક ચરિત્રચિત્રણ આપણને બે ઘડી વિસ્મિત બનાવી મૂકે છે અને એ રીતે ઇતિહાસની અપૂર્ણતાને પોતાની કુશળતા વડે ભરી કહાડે છે. "ઝમેર" ના લેખનમાં તેમજ પાત્રચિત્રણમાં એવી કોઇ તાકાત દેખાતી નથી. તેણે જેમ ઇતિહાસની નરી અવગણના કરી છે, તેમજ જે જૈનશાસનના સંબંધમાં પોતે સંપૂર્ણ અજ્ઞાત અને અપરિચિત છે. તેની આચાર–નીતિ વિષે ટીકા કરવામાં કોઇ પણ પ્રકારનો સંયમ કે મર્યાદાનું પાલન કર્યું નથી. મધ્યકાળના ઇતિહાસમાં ગુજરાતના રાજાધિરાજ તરીકે કુમારપાળનું શાસન ઘણી ઘણી રીતે ગુજરાતીઓના દીલમાં ઉલ્લાસ તથા અભિમાન પ્રકટાવે તેવું છે. તે જેમ એક સબળ સૈનિક હતો તેમ તે તેટલો જ સંયમી અને ધર્મપરાયણ હતો. રાજનીતિ

અને ધર્માજ્ઞા એ ઉભયનું વિરોધરહિત પાલન કરવામાં કુમારપાળે જે આત્મશૌર્ય દાખવ્યું છે તેને લીધે એક રાજા તરીકે તેમજ એક ચુસ્ત શ્રાવક તરીકે ઇતિહાસના પૃષ્ટોમાં તેની કીર્ત્તિ ચિરંજીવ બની રહી છે. તેણે માત્ર મંદિરમાં કે ઉપાશ્રયમાં બેસી રહીને ધર્મની વાતોજ નથી કરી, વ્રતો પણ ઉચ્ચર્યા છે. વખત આવ્યે યુદ્ધમાં પણ ઝુકાવ્યું છે; એટલુંજ નહીં પણ જૈનમંદિર અને શિવમંદિરોના જીર્ણોદ્ધાર કરાવી તેમજ નવાં મંદિરો નિર્માણ કરી પોતાની ઉદારતા બતાવી આપી છે. તે પોતે જેમ સમર્થ રાજા હતો તેમ શ્રી હેમચંદ્રાચાર્ય પણ એવાજ એક પરમ પ્રતિભાશાલી, શક્તિસંપન્ન અને દેશ-કાળના જ્ઞાતા પુરૂષ હતા. તેમની અદ્‌ભૂત શક્તિ અને અગાધ જ્ઞાન વિષે તો આજે પણ શોધકો ભારે આશ્ચર્યમુગ્ધતા અનુભવી રહ્યા છે. ધર્મ અને રાજશાસનનો આવો અપૂર્વ યોગ એ ખરેખર એક અપૂર્વતા છે. જેને આ અપૂર્વતા જોવાને આંખો નથી, અને જેને એ અપૂર્વતાનો રસોપભોગ કરવા જેટલી યોગ્યતા નથી તેની સાહિત્યસેવા એ વિડંબણા માત્ર છે ખરૂં કહીએ તો "ઝમોર" ના લેખક પ્રત્યે અમને દયા જ પ્રકટે છે. જે લેખક એક જૈનાચાર્યમાં અને વૈષ્ણવના ગોસાઇઓમાં જરાએ ભેદ ન જોઇ શકે, જે લેખક વીતરાગદેવમાં અને સૃષ્ટિકર્તામાં કંઇ જ વિશિષ્ટતા ન પારખી શકે અને તાંત્રિકોના તંત્ર મંત્ર તેમજ જૈન મુનિઓનાં વૈરાગ્ય રંગને એકજ કોટીમાં મુકતાં જરીકે ન શરમાય તેના પ્રત્યે દયા સિવાય બીજો કોઇ ભાવ સંભવે પણ શી રીતે? આ આખી વાર્તામાં એક નહીં પણ એવા અનેક પ્રસંગો આવે છે કે જે વિષે સમાધાનકારક જવાબ આપવામાં અમારે આ કરતાં પણ દસગણું લંબાણ કરવું પડે. પરંતુ 'ઝમોર'ના લેખકની અપકવ શૈલી તેમજ અપૂર્ણ અભ્યાસ જોતાં તેને એટલું બધું મહત્વ આપવું, એ કદાચ અમારે માટે બહુ લાજીમ ન ગણાય. અમને આશા છે કે ઇનામી હરીફાઇના પરીક્ષકો આ "ઝમોર"માં રહેલી અસભ્યતા, અનાવડત અને અનૈતિહાસિકતા આટલા વિવેચન પરથી બરાબર જોઇ શકશે અને જે માસિકમાં એ વાર્તા પ્રકટ થઇ છે તેના સંપાદક પણ જૈનોની લાગણી આવી ખોટી રીતે દુભવવા માટે તેમજ ઇતિહાસ અને સાહિત્યના ક્ષેત્રમાં છેક નિરંકુશ બીનજવાબદારી દાખલ કરવા માટે પોતાની દિલગીરી દર્શાવી પોતાની કર્ત્તવ્યશીલતા બતાવી આપશે. સાહિત્યની શિષ્ટતા અને સંપ્રદાયો વચ્ચેની સમભાવતા સદા સુરક્ષિત રહે એ દૃષ્ટિએ પણ એટલી ઉદારતા આવશ્યકજ છે.

—જૈન તા. ૨૮-૪-૨૭.

---

## ઝમોર કે ઝેર?

સુવર્ણમાલા માગશીર્ષ અને પોષના બે અંકમાં તેના એક ઇનામી લેખકે આચાર્યશ્રી હેમચંદ્રચાર્ય પર પેટ ભરી આક્ષેપ કરી લીધા; તેમાં તેને પેટ પુરતો આનંદ થયો હશે. એક સમય એવો હતો કે જ્યારે વીર પુરૂષો સામ સામા ઘા કરતા, આ સમય એવો આવ્યો છે કે પીઠ પાછળ ઘા કરવામાં બહાદુરી ગણાય છે. જે મહાન નરનું પરમ વિશુદ્ધ જ્ઞાન અને પરમ તેજસ્વી ચારિત્ર એવું નીવડયું કે તે કાળે તેમના સામા થવાની જે અન્ય દર્શનીઓની હિંમત ચાલી નહિ; તે આઠસો વર્ષે પીઠ પાછળ જે મનુષ્ય હૈયાત નથી અને જે તેનાપર મૂકાતા આરોપો માટે જવાબ દેવાનો નથી માટે-ઘા કરવા માંડયા છે. ઇતિહાસમાં આ રીતે અસત્ય અને કલંકનો પેસારો થાય છે તે અતિદુઃખદ છે; આ ઉપરાંત સાહિત્યકારોની દૃષ્ટિ કેવી કલાની ઉપાસના ઇચ્છે છે તે પણ તે સ્પષ્ટ કરે છે. સાચી કલા કયી? સત્યને સત્ય સ્વરૂપે રજુ કરવું અને તેને તે પુરતું સ્પષ્ટ કરવા કલાને વાપરવી; આ કલાની વિકાસદૃષ્ટિ છે. સત્યને છુપાવવા અને તે ઉપરાંત સાચા ઇતિહાસનું ખુન કરવા અને અસત્ય આક્ષેપો બનાવી ઐતિહાસિક વ્યક્તિઓ પર આરોપવા તે કલાની વિકાર દૃષ્ટિ છે. આ પ્રમાણે કરવાથી સાહિત્યમાં વિકાસ થતો નથી; પણ વિકાર થાય છે. આવા સાહિત્યની અસર જનસમાજ પર કયા પ્રકારની અસર કરે તે સુજ્ઞજન સ્હેજે સમજી શકે તેમ છે. ઇતિહાસ પોકારીને કહે

કે કુમારપાળ રાજાને મેવાડી નામની રાણી ન હતી, તો પછી તેને જૈન ધર્મી બનાવવાની, હેમચંદ્રસૂરિને વંદાવવાની અને તે અર્થે સારા અગર ખોટા માર્ગો લેવાની જરૂર શી હોઇ શકે? અને તેમ ન બને તો કુમારપાળ રાજાની સમક્ષ તે રાણીનો અપરાધ અને તેને કારણે જયસિંહ બારોટને નવસો નવાણું બારોટના ઝમોરમાં જીવ અર્પવાનું પરાક્રમ કરવાની પણ આવશ્યકતા ક્યાં રહી? ઐતિહાસિક વિગતમાં કોઢ અને અજયપાળના રાજ્યમાં જૈનોની ઉતરતી દશાને આ ઝમોર સાથે ગૂંથવાની ચેષ્ટા શાને અર્થે થાય છે? શું બનાવટી આક્ષેપો દ્વારાજ પોતાના દર્શનનો ઝુંડો સર્વવ્યાપી કે દિગંતવ્યાપી કદી બન્યો સાંભળ્યો છે ખરો? સાહિત્યકારો આ પ્રકારે સાહિત્યમાં વિકાર પ્રવેશ કરે છે તે તરફ ક્યારે દૃષ્ટિ નાંખશે? અને ઇતિહાસકારો આ પ્રસંગે ઇતિહાસને-સાચા ઇતિહાસને અભરાઇ પરજ રહેવા દેશે? કે તેમના જ્ઞાનનો સાચો ઉપયોગ કરી જનસમાજ સમક્ષ આ વૃત્તાંત સંબંધી સત્ય પ્રકાશ નાંખવા તત્પર થશે ખરા? કલાની ઉપાસનામાં સાચી કળાને પસંદગી મળશે કે જુઠી કલાને? સાહિત્ય અને ઇતિહાસમાં વિકાસ કરવો છે કે વિકાર? આ સર્વ પ્રશ્નો જનસમાજને વિચારવાના છે.

અને જૈન ગ્રહસ્થ અને મુનિવર્યોને! તેમના જ્ઞાન અને ભંડારનો ઉપયોગ આવા પ્રસંગે સત્ય રજુ કરવા, ખોટા અને મલીન આશયથી થતા આક્ષેપોને માથાતોડ જવાબ આપવા સચોટ અને વ્યવસ્થિત જ્ઞાનની ઉપાસના કરતા આપણે ક્યારે થઇશું? ઇતિહાસ-તત્ત્વ મહોદધિ આદિ ઇલ્કાબધારીઓ આવા પ્રસંગે સેવા નહિ કરે ત્યારે કરશે પણ ક્યારે? ઇતિહાસનું તેમનું સાગર પ્રમાણુ જ્ઞાન જન સમાજને ઉપયોગી ક્યારે બનશે? સાચા ઇતિહાસ સાથે ખોટાનું મિશ્રણ કરવામાં આવે ત્યારે સાચાને સાચા રૂપે રજુ કરવાનું કાર્ય કોણ અને ક્યારે કરશે? જૈન મુનિઓનું પરમ કર્તવ્ય છે કે ચાલુ કાલને ઓળખી લઇ નવી પદ્ધતિ અનુસાર જ્ઞાન પ્રાપ્ત કરી તેનો વ્યવસ્થિત ઉપયોગ કરવો; તોજ આ 'મારે તેની તલવાર'ના જમાનામાં જૈન સંસ્કૃતિ, જૈન સાહિત્ય અને જૈન ઇતિહાસ ટકી શકશે; તેમ નહિ બને તો બીજા ખાસ અને અસત્ય સાધન સત્ય મનાવા લાગશે અને જૈન ઇતિહાસ અને તેને લગતાં લખાણો પર સમય જતાં કોઇ વિશ્વાસ પણ નહિ મૂકે. જ્ઞાન માટેની અખંડ ઉપાસના તે તેમને સ્વીકારેલ ધર્મ છે; તે ધર્મ બજાવવા સમર્થ બનવા શક્તિનો અપવ્યય કરવાનો મૂકી સન્માર્ગે વ્યય થતો જાય તેમ ઇચ્છીયે છીયે.

## ઐતિહાસિક સત્યના પિપાસુઓને:

અત્યારના સાચા ઇતિહાસને શોધી તેને શુદ્ધ રૂપે જનતા સમક્ષ રજુ કરવા ચારે તરફ પ્રયત્ન થાય છે, ત્યારે કેટલીક બાજુએ ઇર્ષ્યાને લઇ યા સાંપ્રદાયિક મોહને ઐતિહાસિક વ્યક્તિઓ પર જે વજ્ર સમાન ઘા થઇ રહ્યા છે તે પણ આપ સૌને માટે વિચારણીય વસ્તુ છે. આ રીતે સાચા ઇતિહાસને સમજવાની, તેને શોધી કાઢવાની આપણી મુશ્કેલીઓને આપણે પહોંચી વળી શકતા નથી, ત્યારે ભવિષ્યની પ્રજાને તે કેટલી વધારે મુશ્કેલીઓમાં મૂકશે તે પણ ભુલવાનું નથી. પુરાતત્ત્વ મંદિર જેવી સંસ્થા આવા પ્રસંગે શું મૂંગી રહેશે? અને પ્રજાના અવાજને રજુ કરતું સૌરાષ્ટ્ર પણ શું આવા ઐતિહાસિક બાબતોના ખુન ઉપર માત્ર પડદો ફેંકશે? વળી પ્રૌઢ વિચાર રજુ કરતું પ્રસ્થાન આ પ્રસંગે શું કરવું યોગ્ય ધારે છે? અને મુંબાઇ ગૂજરાતી તો આવા વિષયો પરત્વે સારી લાગણી ધરાવે છે તે પણ ઐતિહાસિક સત્ય અર્થે જરૂરી ગવેષણા નહિ કરે? પોત પોતાના વિચારો, દૃષ્ટિઓ, લાગણીઓ આદિ દર્શાવવાનો સૌને હક છે અને તેનો અખતરો નવલકથાઓમાં થાય; પણ તે કલ્પિત કથાનકોમાં થાય તે ઇષ્ટ છે, એટલે ઐતિહાસિક વ્યક્તિઓ પર આવા અખતરા કરવાથી સાચા ઇતિહાસની શી દશા અત્યાર સુધી થઇ છે અને થતી જાય છે તેટલા પરથી પણ કાંઇ આપણે ચેતીશું નહિ શું? ઐતિહાસિક નવલકથા લખાવા સામે પણ કોઇનો વિરોધ ન હોઇ શકે, પણ ઐતિહાસિક વ્યક્તિઓ હોય તે પ્રમાણે તેમાં બતાવવામાં આવે અને કલ્પિત પાત્રોમાં-માત્ર તેમાંજ લેખક પોતાની કલ્પનાના રંગ પૂરે તે શું ઇચ્છનીય નથી? આ વિચાર સાહિત્ય

પરિષદે પણ કરવા જેવો નથી શું? શું સાહિત્ય પરિષદ આવી રીતે સત્ય પર અસત્યના પડદા અને અસત્યને સત્ય તરીકે રજુ થતી વિગતો પ્રતિ આંખ આડા કાન કરશે? આજે તો જૈનોનો વારો છે, કાલે સૌનો પણ આવશે તે પણ શું ભૂલી શકાય તેમ છે! જો તે પરિષદ કાંઇ ન કરે તો પણ ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક વ્યક્તિઓ પર આક્ષેપો ન મૂકાય તેવા પ્રકારે કાંઇ કરવાની જરૂર તો સૌને લાગશેજ. જો સાહિત્ય પરિષદ આવી વિકૃત કળાને સાચી કળા માનતી હોય તો 'સાક્ષરો' કેવા વિપરીત બનેલ છે તેનો તોલ જનસમાજ કરી લેશે. વિચારસહિષ્ણુતાના જમાનામાં આ પ્રકારે સાંપ્રદાયિક રીત પ્રત્યે આક્ષેપ પ્રક્ષેપ કરવાથી કોમી વિખવાદ વધે અને આમ સાંપ્રદાયિક જડતા પણ તીવ્ર પ્રકારનાં બને તો તેમાં કાંઇ આશ્ચર્ય ન થાય! વિચારસહિષ્ણુતાના બાના હેઠળ આવું ધતીંગ નભાવી લેવાય તે આવા સંજોગોમાં શું ઇષ્ટ છે ખરૂં? વિચારવિનિમય અને વિચારસહિષ્ણુતા આમ કરવાથી વધે તેમ બની શકે ખરૂં? તેમ કદી ન બને; અને કોમી ભાવના તીવ્ર તેમજ જડ પણ બને તો તેથી પ્રજાને પણ નુકશાનજ છે. આ સર્વ રીતે વિચાર કરતાં આ વસ્તુસ્થિતિ ઉપેક્ષણીય નથી. માટે સૌ સાક્ષરો, ઐતિહાસિક સત્યના સંશોધકો આદિ વિચાર કરો! કે આ પ્રસંગે કયા પ્રકારનો 'સેઇફટી વાલ્વ' યા સંરક્ષક ઉપાય યોજવો જરૂરનો છે. આ સવાલ સુંવાળી ચામડીનો કહી કાઢી નાંખવા જેવો પણ નથી, કેમકે તેમાં પ્રજાના વિકાસ કરવાને બદલે હાનિકારક જે તત્વો રહેલ છે તે તેની અસર કોઇને કોઇ પ્રકારે અવશ્ય કરશેજ. આ વસ્તુ હવે સૌ સમજી લે અને તે અટકાવવા સચોટ આંદોલન મચાવે તેમ અમે ઇચ્છીએ છીયે.

—સુઘોષા તા. ૧૮-૩-૨૭.

# જૈન યુગ.

卐

## શ્રી મહાવીર જન્મોત્સવ ખાસ અંક.

હિન્દુ મુસલમાન વચ્ચે સંવાદ લાવવા માટે કલકત્તામાં 'ફેલોશિપ' નામની સંસ્થા અસ્તિત્વમાં લાવવા અર્થેની તા. ૨૨-૩-૨૭ ને દિને સભા ભરવામાં આવી હતી. ત્યારે ડા. રવીન્દ્રનાથ ટાગોરે નીચે પ્રમાણેનો સંદેશ મોકલ્યો હતો:—

The time has come when we must cultivate worldwide spiritual comradeship by training ourselves to realize the inner core of the truth in all religions, feeling glad when we discover the spiritual wisdom which we find in our creed, expressed in those of others, with their special characteristic idiom, accent and emphasis.

પુસ્તક ૨ અંક. ૮. વીરસંવત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩. ચત્ર.

## શ્રી વર્ધમાનના ગૃહવાસ—ત્યાગ પરથી બોધ.

'વર્ધમાન સ્વામીએ ગૃહાવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે; કર્ત્તવ્ય રૂપ નથી; એમ જાણ્યું હતું; તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી ને મુનિપણામાં પણ આત્મબળને સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે એમ જાણી, મૌનપણું અને અનિદ્રાપણું સાડા બાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઇ શકે નહીં.

'જે વર્ધમાન સ્વામી ગૃહાવાસમાં છતાં અભોગી જેવા હતા, નિસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્દ્ધમાન સ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને-નિરસ જાણી-દૂર પ્રવર્ત્યા તે વ્યવસાય બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે તે વિચારવા યોગ્ય છે; તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્ત્તને પ્રવર્ત્તને, સ્મૃતિમાં લાવી, વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રૂચિ વિલય કરવા યોગ્ય છે. જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે, હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઇ નથી, અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે; પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી, કારણકે બેય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય એમ ત્રિકાળમાં બનવા યોગ્ય નથી.

'સ્વપ્નેય જેને સંસાર સુખની ઇચ્છા રહી નથી અને સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે, એવા જ્ઞાની પુરૂષ પણ વારંવાર આત્માવસ્થા સંભાળી સંભાળીને ઉદય હોય તે પ્રારબ્ધ વેદે છે, પણ આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી. પ્રમાદના અવકાશ યોગે જ્ઞાનીને પણ અંશે વ્યામોહ થવાનો સંભવ, જે સંસારથી કહ્યો છે, તે સંસારમાં સાધા-

રણુ જીવે રહીને, તેનો વ્યવસાય લૌકિક ભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ; તો બીજાનું પરિણામ થવું સંભવે છે. અહિતહેતુ એવો સંસાર સબંધી પ્રસંગ, લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને-તેને સંક્ષેપીને-આત્મહિતને અવકાશ આપવો ઘટે છે. આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઇ જણાતું નથી; છતાં, તે સત્સંગ પણ, જે જીવ લૌકિક ભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રત્યે નિષ્ફળ જાય છે, અને સહેજ સત્સંગ ફળવાન થયો હોય તો પણ જો વિશેષ વિશેષ લોકાવેશ રહેતો હોય તો તે ફળ નિર્મૂળ થઇ જતાં વાર લાગતી નથી; અને સ્ત્રીપુત્ર, આરંભ પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે, તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શા રીતે બને? જે પ્રસંગમાં મહાજ્ઞાની પુરૂષો સંભાળીને ચાલે, તેમાં, આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી, સંક્ષેપીને ચાલવું એ વાત નજ ભૂલવા જેવી છે, એમ નિશ્ચય કરી પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે, અને પરિણામે પરિણામે, તેનો લક્ષ રાખી તેથી મોકળું થવાય તેમજ કર્યા કરવું: **એ શ્રી વર્દ્ધમાન સ્વામીની છદ્મસ્થ મુનિચર્યા ઉપરથી બોધ લેવાનો છે.**

'મોટા મુનિઓને જે વૈરાગ્ય દશા પ્રાપ્ત થવી દુર્લભ તે વૈરાગ્ય દશા તો ગૃહવાસને વિષે જેને પ્રાયે વર્ત્તતી હતી, એવા શ્રી મહાવીર ઋષભાદિ પુરૂષો પણ ત્યાગને ગ્રહણ કરી ચાલી નીકળ્યા એજ ત્યાગનું ઉત્કૃષ્ટપણું ઉપદેશે છે. ગૃહસ્થાદિવ્યવહાર વર્ત્તે ત્યાંસુધી આત્મજ્ઞાન ન થાય કે આત્મજ્ઞાન હોય તેને ગૃહસ્થાદિ વ્યવહાર ન હોય, એવો નિયમ નથી. તેમ છતાં પણ જ્ઞાનીને પણ ત્યાગ વ્યવહારની ભલામણ પરમ પુરૂષોએ ઉપદેશી છે, કેમકે **ત્યાગ આત્મઐશ્વર્યને સ્પષ્ટ વ્યકત કરે છે;** તેથી અને લોકને ઉપકારભૂત છે તેથી, ત્યાગ અકર્ત્તવ્યલક્ષે કર્ત્તવ્ય છે, એમાં સંદેહ નથી. સ્વસ્વરૂપને વિષે સ્થિતિ તેને 'પરમાર્થ સંયમ' કહ્યો છે. તે સંયમને કારણભૂત એવાં અન્ય નિમિત્તોના ગ્રહણને 'વ્યવહારસંયમ' કહ્યો છે. કોઇ જ્ઞાની પુરૂષોએ તે સંયમનો પણ નિષેધ કર્યો નથી. પરમાર્થની ઉપેક્ષાએ લક્ષવગર-જે 'વ્યવહાર સંયમ'માંજ 'પરમાર્થસંયમ'ની માન્યતા રાખે તેના 'વ્યવહારસંયમ'નો તેનો અભિનિવેશ ટાળવા નિષેધ કર્યો છે, પણ 'વ્યવહારસંયમ'માં કંઇપણ પરમાર્થની નિમિત્તતા નથી એમ જ્ઞાની પુરૂષોએ કહ્યું નથી. પરમાર્થના કારણભૂત એવા 'વ્યવહારસંયમ'ને પણ 'પરમાર્થસંયમ' કહ્યો છે. પ્રારબ્ધ છે એમ માનીને જ્ઞાની ઉપાધી કરે છે એમ જણાતું નથી, પણ પરિણતિથી છૂટયા છતાં, ત્યાગવા જતાં બાહ્ય કારણો રોકે છે, માટે જ્ઞાની ઉપાધિ સહિત દેખાય છે; તથાપિ તેની નિવૃત્તિના લક્ષને નિત્ય ભજે છે.

'મહાવીર સ્વામિના દિક્ષાના વરઘોડાની વાત-સ્વરૂપ-જો વિચારાય તો વૈરાગ્ય થાય. એ વાત અદ્ભુત છે. તે ભગવાન્ અપ્રમાદી હતા. તેઓને ચારિત્ર વર્ત્તતું હતું, પણ જયારે બાહ્યચારિત્ર લીધું ત્યારે મોક્ષે ગયા.

'જન્મથી જેને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હતાં, અને આત્મોપયોગી એવી વૈરાગ્ય દશા હતી, અલ્પકાળમાં ભોગકર્મ ક્ષીણ કરી સંયમને ગ્રહણ કરતાં મનઃપર્યવ નામનું જ્ઞાન પામ્યા હતા, એવા શ્રીમદ્ મહાવીર સ્વામી, તે છતાં પણ બાર વર્ષ અને સાડા છ માસ સુધી મૌનપણે વિચર્યા. આ પ્રકારનું તેમનું પ્રવર્ત્તન તે ઉપદેશમાર્ગ પ્રવર્ત્તાવતાં કોઇ પણ જીવે અત્યંતપણે વિચારી પ્રવર્ત્તવા યોગ્ય છે એવી અખંડ શિક્ષા પ્રતિબોધે છે. તેમજ જિન જેવાએ જે પ્રતિબંધની નિવૃત્તિ માટે પ્રયત્ન કર્યું, તે તે પ્રતિબંધમાં અજાગ્રત રહેવા યોગ્ય કોઇ જીવ ન હોય એમ જણાવ્યું છે, તથા અનંત આત્માર્થનો તે પ્રવર્ત નથી પ્રકાશ કર્યો છે. જેવા પ્રકાર પ્રત્યે વિચારનું વિશેષ સ્થિરપણું વર્ત્તાવું ઘટે છે. જે પ્રકારનું પૂર્વપ્રારબ્ધ ભોગવ્યે નિવૃત્ત થવા યોગ્ય છે, તે પ્રકારનું પ્રારબ્ધ ઉદાસીનપણે વેદવું ઘટે. જેથી તે પ્રકાર પ્રત્યે પ્રવર્ત્તતાં જે કંઇ પ્રસંગ પ્રાપ્ત થાય છે, તે તે પ્રસંગમાં જાગ્રત ઉપયોગ ન હોય, તો જીવને સમાધિ-વિરાધના થતાં વાર ન લાગે. તે માટે સર્વે સંગભાવને મૂળપણે પરિણામી કરી, ભોગવ્યા વિના ન છૂટી

શકે તેવા પ્રસંગ પ્રત્યે પ્રવૃત્તિ થવા દેવી ઘટે; તોપણ તે પ્રકાર કરતાં સર્વાંશ-અસંગતા જન્મે તે પ્રકાર ભજવો ઘટે છે.

'વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનઅધિકારીપણાને લીધે તથા સત્પુરૂષના યોગ વિનાં સમજાતું નથી; તોપણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઇ હિતકારી ઔષધ નથી એવું વારંવાર ચિંતવન કરવું. આ પરમતત્ત્વ છે તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્ત થાઓ! નિવૃત્ત થાઓ!! હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ; કાંઇક વિચારપ્રમાદ છોડી જાગૃત થા! જાગૃત થા!! નહીં તો રત્નચિંતામણિ જેવો 'આ મનુષ્ય દેહ નિષ્ફળ જશે. હે જીવ! હવે સત્પુરૂષની આજ્ઞા ઉપાસવા યોગ્ય છે.'

'શાન્ત'

# જય શ્રી મહાવીર.

( શ્રી દેવવાચકની સ્તુતિ પરથી-રાગ ભૈરવી ગઝલ. )

પુકારૂં જય મહાવીરની, મહાવીર જયવંતા રહો!
લોકો! વદો સૌ સ્થાનમાં, 'મહાવીર જયવંતા રહો'!
આ વિશ્વ સચરાચર ભર્યું, જ્યાં જ્યાં જુઓ ત્યાં જીવ છે,
તે જીવતત્ત્વને જાણતા, મહાવીર જયવંતા રહો!
જગના ગુરૂ. જગને સદા આનંદ દેનારા પ્રભુ,
જગનાથ ને જગબંધુ એ, મહાવીર જયવંતા રહો!
ભગવાન્ એ જગના પિતામહ, ને પ્રભવ છે શાસ્ત્રના,
તીર્થંકરોમાં અન્તના, મહાવીર જયવંતા રહો!
લોકો તણા ગુરૂ એ પ્રભુએ ધર્મને ઉપદેશિયો,
એ વીર ને મહાત્મા બધે, મહાવીર જયવંતા રહો!
જેણે બધા જગમાં કર્યો ઉદ્યોત નિશ્ચયથી ખરે,
તે વીર જિનનું ભદ્ર હો! મહાવીર જયવંતા રહો!-
જેને નમ્યા સુરાસુરો, ધૂળ ધોઇ જેણે પાપની
તેનું સદા કલ્યાણ હો!, મહાવીર જયવંતા રહો!

તંત્રી.

# મહાવીર-જયંતી.

( બોરસદમાં ગત શ્રી મહાવીર જયંતી પ્રસંગે પ્રમુખ તરીકે આપેલું ભાષણ. )

**जयइ जगजीवजोणिवियाणओ जगगुरु जगाणंदो।**
**जगणाहो जगबंधू जयइ जगपियामहो भयवं॥**
**जयइ सुआणं पभवो तित्थपराणं अपच्छिमो जयइ ।**
**जयइ गुरु लोगाणं जयइ महप्पा महावीरो ॥**

—દેવવાચક+

+આ દેવવાચકકૃત એક વધુ ગાથા આમાં નીચે પ્રમાણે છે અને આ ત્રણ ગાથાનો ગુજરાતીકાવ્યમાં અનુવાદ અમોએ કર્યો છે તે આ લેખની ઉપર અમે આપ્યો છે:—

भद्दं सव्वजगुज्जोयगस्स भद्दं जिणस्स वीरस्स ।
भद्दं सुरासुरंनीमयस्स भद्दं धुयरयस्स ॥

તંત્રી.

**नमो दुर्वाररागादिवैरिवारनिवारिणे ।**
**अर्हते योगिनाथाय महावीराय तायिने ॥**

—હેમચંદ્રાચાર્ય.

આપે શ્રીમાન્ અને બહુબુદ્ધિમાન્ બીજા સુયોગ્ય વિચક્ષણ પ્રમુખની યોજના ન કરતાં આજની સભાનું ગૌરવભર્યું ઉચ્ચ સ્થાન મ્હને આપી જે પ્રેમ પ્રદર્શિત કર્યો છે, તે માટે હું આપનો અન્તઃકરણથી આભાર માનું છું.

મ્હારી ન્યુનતાનો મ્હને ખ્યાલ હોવા છતાં, હું અનેક ઉપાધિથી વ્યગ્ર હોવા છતાં અને માત્ર એક દિવસ પહેલાં મ્હને સૂચન કરવા છતાં આપના આમંત્રણને મેં માન્ય રાખ્યું તે એવા હેતુથી કે

એ નિમિત્તે ઉત્સાહી **વીર**પૂજક બંધુઓના અને **વીર**ભૂમિનાં દર્શનનો મ્હને લાભ થશે.

પ્રાચીન સંસ્કૃત ઉલ્લેખોમાં જેને **બદર** (બોર) **સિદ્ધિ** મહાસ્થાનના નામથી ઓળખાવેલ છે, જ્યાંના સાહિત્યપ્રેમી બંધુઓએ લખાવેલાં સૈકાઓ પહેલાંનાં તાડપત્રીયાદિ પુસ્તકો અને જ્યાંના ધર્મપ્રેમી બંધુઓએ પ્રતિષ્ઠિત કરાવેલી સૈકાઓ પહેલાંની જૈન-પ્રતિમાઓ અત્યારે પણ જોવામાં આવે છે. જ્યાંની ભૂમિને પ્રભાવશાલી **હી**રવિજયસૂરિ જેવા સમર્થ મહાત્માઓએ પાવન કરી હતી, જ્યાં **પે**ટલાદનું ઐશ્વર્ય ભોગવતા **જ**યંતસિંહની-વીરમંત્રી વસ્તુપાલના સુપુત્રની એક સમયે આજ્ઞા મનાતી હતી, જ્યાંની વીરભૂમિએ ભારતમાતાની સ્વતંત્રતા માટે તન, મન, ધનથી અસાધારણ પ્રયત્ન કરનાર **વિ**ઠ્ઠલભાઇ, વલ્લભભાઇ જેવા વિખ્યાત વીરનેતાઓને આગળ ધર્યા છે, જ્યાં શ્રીયુત **ગો**પાલદાસજી જેવા રાજયોગીના નેતૃત્વ નીચે સત્યાગ્રહી વીરોએ રાજભયની પણ પરવા કર્યા વિના, કષ્ટપરંપરાને ગણકાર્યા વિના, તુચ્છસ્વાર્થવૃત્તિને વશ થયા વિના, શસ્ત્ર-અસ્ત્રાદિ સ્વીકાર્યા વિના પણ સર્વતંત્રસ્વતંત્ર સરકાર સ્હામે ધર્મયુદ્ધ માંડયું હતું અને દૃઢ નિશ્ચયથી અંતે અહિંસાનો વિજયધ્વજ ફરકાવવા સાથે સાધ્યસિદ્ધિ મેળવી હતી, ભવિષ્યમાં પણ પ્રસંગ પડે તો પરમપ્રિય તીર્થાધિરાજ '**શ્રી શત્રુંજય**'પ્રતિ થયેલા અન્યાયને દૂર કરાવવા જ્યાંના ઉત્સાહી વીરબંધુઓ જ આગળ આવે એવી પૂર્ણ સંભાવના છે; તેની સિદ્ધિકારિણી **બોરસદ**ની પુણ્યભૂમિનાં દર્શન કરવા કોણ ન આકર્ષાય? એ આકર્ષણથી આકર્ષાઇને હું પણ આજે મહાવીર જન્મજયંતીના મંગલમય પ્રસંગે આપની સમક્ષ ઉપસ્થિત થયો છું.

**મહાવીર**

અધ્યાત્મજ્ઞાનીઓને પણ અગમ્ય, વચસ્વીઓથી પણ અવાચ્ય, આંખવાળાઓને પણ પરોક્ષ એવા પ્રભુ મહાવીરના વિષયમાં સ્થૂલબુદ્ધિએ વક્તવ્ય કરવું એ પણ સાહસ કહી શકાય. જેમની સ્તુતિ કરવામાં યોગીઓની પણ અશક્તિ હોય, ત્યાં અન્યની શી ગણના? તેમ છતાં તેમના ગુણો પ્રત્યે અનુરાગ આપણને તેમ કરવા પ્રેરે છે. '**शुभे यथाशक्ति यतनीयम्**।'-શુભ કાર્યમાં શક્તિ પ્રમાણે યત્ન કરવો જોઇએ-એ નિયમ આપણને પ્રેરણા કરે છે.

આજે તે પરમપવિત્ર તિથિ છે કે જે તિથિએ આજથી અઢી હજાર વર્ષ ઉપર જગદુદ્ધારક, જગદ્ગુરુ, જગન્નાથ, જગદ્બંધુ, જગત્પિતામહ વિગેરે વિશેષણો જેને વાસ્તવિક રીતે આપી શકાય, તે મહાત્મા **મ**હાવીરદેવનો આ **ભા**રતભૂમિમાં જન્મ થયો હતો. જેમના પવિત્ર જન્મપર્વના દિવસે પ્રાણિમાત્રને પ્રમોદ પ્રકટયો હતો, ક્ષત્રિયકુંડગામમાં આજે જેમના જન્મમહોત્સવનો આનંદ ઉજવાઇ રહ્યો હતો, આજે જેમના જન્મથી **સિદ્ધાર્થ**રાજા અને **ત્રિશ**લાદેવીના આહ્લાદની અવધિ ન હતી. એ પ્રભુ **મ**હાવીરનું ચરિત્ર આપણે પ્રતિવર્ષ પર્યુષણપર્વમાં શ્રવણ કરીએ છીએ, એથી આપણને એ અપરિચિત નથી. **આ**ચારાંગ, **સૂ**ત્રકૃતાંગ, **આ**વશ્યક વિગેરે અનેક સૂત્રોમાં અને બીજા અનેક ઔપદેશિક તથા ચરિત-ગ્રંથોમાં પ્રભુ **મ**હાવીરનું ચરિત્ર દર્શાવેલું છે. પ્રભુ **મ**હાવીરનાં સેંકડો સ્તુતિ-સ્તોત્રો મળી આવે છે, પ્રભુ **મ**હાવીરનાં સેંકડો સ્મારકો-મંદિરો, મૂર્તિઓ વિગેરે અદ્યાપિ જોવામાં આવે છે; એ શું સૂચવે છે? મહાવીર પ્રતિ ભક્તિભાવ.

**મહાવીરપ્રત્યે ભક્તિભાવ કેમ?**

અઢી હજાર વર્ષ ઉપર થઇ ગયેલા **મ**હાવીર પ્રત્યે આપણો ભક્તિભાવ કેમ? એવો સહજ પ્રશ્ન થાય, પરંતુ આપણે વિચારીશું તો જણાશે કે-તેમના અસાધારણ ગુણોએજ લોકોને પોતાના તરફ આકર્ષ્યા છે. એથી તો ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા જન્મથી બ્રાહ્મણ છતાં જૈનાચાર્ય સુપ્રસિદ્ધ **હ**રિભદ્રસૂરિ કહે છે કે-

**बन्धुर्न नः स भगवानरयोऽपि नान्ये, साक्षान्न दृष्टतर एकतमोऽपि चैषाम्।**
**श्रुत्वा वचः सुचरितं च पृथग् विशेषं, वीरं गुणातिशयलोलतया श्रिताः स्मः॥**
**नास्माकं सुगतः पिता न रिपवस्तीर्थ्या धनं नैव तै-**

**दत्तं नैव तथा जिनेन न हृतं किञ्चित् कणादादिभिः।
किन्त्वेकान्तजगद्धितः स भगवान् वीरो यत-
श्चामलं
वाक्यं सर्वमलापहर्तृ च यतस्तद्भक्तिमन्तो वयम्॥**

—લોકતત્ત્વનિર્ણય.

**ભાવાર્થઃ**—તે ભગવાન્ મહાવીર કાંઇ અમ્હારા બંધુ નથી અને બીજા દેવો અમ્હારા શત્રુ નથી, વળી એમાંથી એકેને અમે સાક્ષાત્ જોયેલ નથી; પરંતુ તેઓનાં વચન અને ચરિત્રને જૂદાં જૂદાં સાંભળી ગુણોના અતિશયથી અધિક એવા **વીર**પ્રભુના અમ્હે આશ્રિત થયા છીએ.

સુગત (જિન) એ અમ્હારા પિતા નથી અને અન્ય મતવાળા અમ્હારા દુશ્મનો નથી, તેઓએ કે જિને અમ્હને ધન આપ્યું નથી અને કુણાદ વિગેરેએ હર્યું નથી; પરંતુ જે કારણથી તે વીરભગવાન એકાંતથી-નિશ્ચયે જગતના હિતકર છે અને જેનું નિર્મળ વાક્ય સર્વ મળને હરનારૂં છે, તેથી અમ્હે તેમના પ્રત્યે ભક્તિવાળા છીએ.

**જગદ્બંધુ કેમ ?**

પ્રભુ મહાવીર જગતમાં વર્તતા સકલ પ્રાણિગણના બંધુ કહી શકાય. કારણ કે—સકલ પ્રાણિસમુદાયના રક્ષણનો તેઓએ ઉપદેશ આપેલો છે, તેમજ તે પ્રાણીઓને સુખમાં સ્થાપન કરતા હોવાથી તે જગદ્બંધુ કહી શકાય. મહાવીરે ફરમાવ્યું છે કે–

**"सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा न अज्झावेयव्वा न परिघेतव्वा न उवद्दवेयव्वा एस धम्मे सुद्धे धुवे नीए सासए समेच्च लोयं खेयन्नेहिं पवेइए।"**

––આચારાંગસૂત્ર.

**ભાવાર્થઃ**—સર્વપ્રાણ, સર્વભૂત, સર્વજીવ, સર્વસત્ત્વને ન હણવા, ન ક્લેશ ઉપજાવવો, ન પરિતાપ ઉપજાવવો, ન ઉપદ્રવ કરવો આ ધર્મ શુદ્ધ ધ્રુવ ન્યાય શાશ્વત છે. લોકને સમ્યક પ્રકારે જાણી ખેદજ્ઞોએ જણાવ્યો છે.

પ્રભુ મહાવીરે ફરમાવેલી અહિંસાને દૂષિત કરવા, તેને કલંકિત દર્શાવવા કેટલાકોએ પ્રયત્ન કરી જોયા, પરંતુ પરિણામે પરંપરાએ અહિંસાને જ પ્રાધાન્ય મળ્યું છે. વૈરપરંપરાને અટકાવવા, જગતમાં સર્વત્ર શાંતિ સ્થાપવા, જગતના ક્લેશ-કંકાસોને દૂર કરવા કાયિક, વાચિક, માનસિક હિંસાનો ત્યાગ એ કેટલો આવશ્યક છે એ જગતના ઇતિહાસનો ગંભીર સૂક્ષ્મ અભ્યાસ કરનારા સમજી શકે છે અને ત્યારેજ એ સર્વજ્ઞ પ્રભુના પ્રરૂપેલા અહિંસાતત્ત્વની ઉત્તમતા વિચારી શકે છે.

**જગત્-પિતામહ**

જગતને-જગદ્વર્તી સકલ સત્ત્વને નરક વિગેરે દુર્ગતિમાં પડતાં બચાવનાર હોવાથી, તે સંબંધી ભય, અપાયથી રક્ષણ કરનાર હોવાથી ધર્મ એ જગત્પિતા કહી શકાય અને એ જગત્પિતા ધર્મના પણ અર્થથી ઉત્પાદક હોવાથી પ્રભુ મહાવીર જગત્પિતામહ કહી શકાય.

**ભગવાન મહાવીરની સમતા**

જે સમગ્ર ઐશ્વર્યથી, રૂપથી, યશથી, લક્ષ્મીથી, ધર્મથી અને સમગ્ર પ્રયત્નથી યુક્ત હોવાથી 'ભગવાન્' કહેવાય છે. કર્મનું વિદારણ કરવાથી સાડાબાર વરસની ઘોર ઉત્કૃષ્ટ તપસ્યાથી શોભતા હોવાથી, અચિન્ત્ય વીર્યયુક્ત હોવાથી જે **વીર** કહેવાય છે, તેમજ કષાયજય, ઉપસર્ગજય, પરિષહ-જય, ઇંદ્રિયાદિ શત્રુગણજય કરવામાં જે મહાન વીર હોવાથી યથાર્થ મહાવીર કહેવાય છે. અચિન્ત્ય શક્તિવાળા ભય-ભૈરવાદિથી ન ડરનાર નિષ્પકંપ એ મહાવીરની ઘોર તપસ્યા, એ મહાવીરે સમભાવથી સહન કરેલ ઘોર ઉપસર્ગો અને પરિષહોનું વર્ણન કરતાં પણ કંપારી છૂટે એ સમતારસના સાગર મહાભાગ, અપકારિજનો પર પણ ઉપકાર કરનાર-અપરાધી જનો પર પણ કૃપા-કરુણાભરી અમી નજરથી જોનાર એ કરુણાસિંધુ મહાવીરના પવિત્ર જીવનની ઉત્તમતા શું વર્ણવીએ ? શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ રાખનાર-રાગ-દ્વેષ કરવાનાં પ્રબલ કારણો ઉપસ્થિત થવા છતાં, જગતના રક્ષણ અને ધ્વંસ કરવાનું બલ સામર્થ્ય હોવા છતાં રાગ-રોષાદિને લેશ માત્ર પણ અવકાશ ન આપનાર એ વીતરાગ, વીતદ્વેષ વીરપ્રભુનો મહિમા કઇ રીતે વર્ણવી શકાય? એમના

સાધ્યની સિદ્ધિમાં સહાયભૂત એ સમતારસને આપણે આપણા જીવનમાં કેટલો ઉતાર્યો છે અને કેટલો ઉતારવાની આવશ્યકતા છે એ વિચારવાનું કર્તવ્ય આપણું છે.

**જયંતીની સફલતા** આપણે પ્રભુ મહાવીરની જયંતી ઉજવી ત્યારે જ કહી શકાય, જ્યારે આપણે એ પ્રભુના ફરમાવેલા પવિત્ર માર્ગે પ્રયાણ કરીએ.

આપણી ઉજવેલી જયંતી ત્યારે જ સફળ થઇ શકે કે જ્યારે આપણે આપણાં વૈમનસ્યોને, ક્ષુદ્રકલહોને, નજીવા કલેશકંકાસોને, પરસ્પરના કુસંપને તિલાંજલિ દઇ આપણી શક્તિ અને અમૂલ્ય સમયનો દુર્વ્યય ન કરતાં એ પ્રભુ મહાવીરના જીવનમાંથી ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભતાને આપણા જીવનમાં ઉતારીએ. વિષયજય, કષાયજય, ઇંદ્રિયજય, મનોજય કરવા પ્રયત્ન કરીએ. પ્રભુ મહાવીરે પ્રરૂપેલ ગંભીર સૂક્ષ્મ સત્ય તત્ત્વોને-ગહન સિદ્ધાંતોને સ્વયં સમજી અન્યને સમજાવવા-તેનો પ્રચાર કરવા પ્રશસ્ત પ્રયત્ન કરીએ. અજ્ઞાનથી, પક્ષપાતથી કરાતા અક્ષમ્ય અસત્ય આક્ષેપોના પણ શાંતિથી પ્રત્યુત્તર આપી અજ્ઞાન લેખક-વક્તાઓની સ્ખલનાઓ શાંતિ-સમાધાનીથી સુધરાવવા પ્રયાસ કરીએ. અને એ રીતે કંઇક અંશે જો પરમાત્મા મહાવીરને પુનિત પગલે ચાલીશું તો અવશ્ય આપણી ઉજવેલી જયંતી સફલ થશે, અને આપણે સાધ્યસિદ્ધિ સદ્યઃ સાધીશું.

આપે મ્હારા વક્તવ્યને શાંતિથી શ્રવણ કર્યું તે માટે આપનો પુનઃ આભાર માની મ્હારૂં વક્તવ્ય પૂર્ણ કરૂં છું.

વીર સં. ૨૪૫૩<br>ચૈત્ર શુ ૧૩<br>બોરસદ. } **લાલચંદ ભગવાનદાસ ગાંધી.**

---

# શ્રી વીરસ્તુતિ.

(રા. રા. ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ. B. A.)

ગીતિ.

**जो देवाणविदेवो**<br>**जं देवा पंजली नमंसंति ।**<br>**तं देव देव-महिअं**<br>**सिरसा वंदे महावीरं ॥**

(અનુવાદ ગીતિ)<br>વંદું છું શ્રી વીરને<br>નમે છે દેવો પ્રાંજલિ જેને<br>પૂજિત છે ઇંદ્રોથી<br>વળી જે છે દેવ, દેવોના.)

અગણિત વંદન હો—કોટિશઃ ધન્યવાદ હો તે સિદ્ધાર્થનંદન, ભયભંજન, મહાવીરને કે જેઓએ આજની પુણ્યતીથિએ ચરમ દેહ ધારણ કરી, સાચું જીવન જીવી, જગતને સાચો માર્ગ દેખાડયો છે.

જગદ્‌ગુરુ, શ્રી વીરપ્રભુના સર્વ ગુણોનું યથાસ્થિત વર્ણન કરવું તે દેવતાઓના ગુરુ માટે પણ અશક્ય છે તો પછી મારા જેવા પામર માટે તો તે તદ્દન અશક્ય હોય તેમાં શો સંદેહ ?

મનુષ્યવાણીને અગોચર, અતીંદ્રિય, અલખ અને અનુપમ તે શ્રી નિગ્ગંથ નાતપુત્તનું સ્વરૂપતો સ્વાનુભવજ દેખાડી શકે. યથાયોગ્ય દશા નહીં હોવાથી બાળકની માફક માત્ર હાથ પહોળા કરી 'તે જગદ્‌વંદ્ય મહાપુરૂષ આવા-આવા હતા' એજ મારે માટે કહેવાનું રહે છે.

પળે પળે, સમયે સમયે સ્મરવા યોગ્ય છે તે શત્રુંજય મહાવીર અને તેમનો જીવનસંદેશ. નહીં કે એકલા જન્મકલ્યાણક દિવસેજ. તેથીજ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ ગાયું છે કે:—

"તુમ ગુણ ગણ ગંગાજળે, ઝીલીને નિર્મળ થાઉંરે<br>અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે

—ગિરૂઆરે.

આસન્નઉપકારી ત્રિશલાતનુજ આજથી આશરે અઢી હજાર વર્ષ પૂર્વે સર્વ કર્મો દુર કરી, પોતાના સર્વ ગુણો પ્રકટાવી શુદ્ધ સ્વરૂપે મોક્ષમાં પ્રકાશી રહ્યા છે. તેમનું અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતચારિત્ર અને અનંતવીર્ય આપણને મુગ્ધ બનાવે છે. તેજ આપણો આદર્શ છે. તેજ આપણું લક્ષ્ય છે.

આપણો તે આદર્શ કંઇ અપ્રાપ્ય નથી. ત્રિકાળ અબાધ્ય સિદ્ધાંતો પ્રરૂપનાર શ્રી વીરપ્રભુની માફક તેમની અગાઉ અનેક અરિહંતો તે આદર્શપદે પહોંચ્યા છે. અને પોતાના જ્વલંત દૃષ્ટાંતરૂપ જીવનથી તે મહાપદે પહોંચવાનો તેઓએ માર્ગ બતાવેલો છે.

આદર્શો આપણને ભાવનાઓરૂપી પાંખો આપે છે તે પાંખો વડે આપણે ઉંચે અને ઉંચે ઉડીએ છીએ. આપણે સ્વીકારેલો તે આદર્શ અત્યંત શુદ્ધ હોવાથી-શ્રી મહાવીર જેવા જિનેશ્વરોનાં જીવનોથી જીવનમાં ઉતરાયેલો હોવાથી-અને અનેક મહાપુરૂષોના જીવનમાં ઉતારાતો હોવાથી-અવલંબનરૂપે તે નિઃસંદેહ અતિ ઉપકારી છે અને તે આદર્શનું ધ્યાન પ્રતિક્ષણ કરવા યોગ્ય છે.

આત્મવિકાસક્રમમાં સમભૂમિકાવાળાઓ સાથે મૈત્રી, ઉચ્ચ ભૂમિકાવાળાઓ તરફ પ્રમોદ, ઉતરતી ભૂમિકાવાળાઓ ઉપર કરૂણા અને અનાત્મ-જડ તરફ માધ્યસ્થ્ય એવી ઉચ્ચ ભાવનાઓ જીવી દેખાડનાર, ગુણદૃષ્ટિ, ગુણપ્રેમ અને ગુણગ્રાહકતાના માર્ગે જનાર અને તેજ માર્ગના ઉપદેષ્ટા, સત્પદાર્થોને અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, સૂક્ષ્મબોધ, મીમાંસા, પ્રતિપત્તિ અને પ્રવૃત્તિરૂપી અષ્ટાંગ યોગથી સાધનાર મહાયોગી, અનેકાંત વદનાર માત્ર નહીં પણ જીવનમાં ઉતારનાર, જ્ઞાન-દર્શન અને ચારિત્યના ઐક્યરૂપી અદ્વિતીય મૌલિક મોક્ષમાર્ગ બતાવનાર શ્રમણ ભગવાન્ મહાવીરનું જીવન આજના જડવાદના વાતાવરણમાં સમજવું મુશ્કેલ થઇ પડયું છે તોયે તેનાં થોડાંક પણ અમીમય સ્મરણો અપૂર્વ શાંતિ બક્ષે છે. અવનવો ઉલ્લાસ અર્પે છે, અને દિવ્ય પ્રેરણાઓ પ્રેરે છે, અને સ્વાભાવિક રીતેજ કવિ જિનહર્ષના શબ્દોમાં એમ ગવાઇ જાય છે કેઃ—

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરશન દીજે,
ધુંઆડે ધીજું નહીં સાહીબ પેટ પડયાં પતીજે.

—સેવક—

પ્રભુના પ્રત્યક્ષ દર્શન સિવાય અન્ય કંઇ ઇચ્છા થતી નથી. રસોડાના ધૂમાડાથી કંઇ બાળક રીઝાતો નથી. પેટમાં અન્ન પડે ત્યારેજ તેને પ્રતીતિ થાય. તે બાળકના જેવીજ આપણી સ્થિતિ છે.

શ્રી વીરનું પ્રત્યક્ષ દર્શન થાય તોજ સર્વે ઝઘડાઓ-આંતર બાહ્ય સર્વે મતમતાંતના ક્લેશો તરતજ દૂર થાય કારણ કે શ્રી આનંદઘનજી મહારાજના નીચલો શબ્દોમાં મને અતિ વિશ્વાસ છે.

'દર્શન દીઠે તુમ તણુરે, સંશય ન રહે વેધ,
દિનકર કર ભર પ્રસરતાંરે, અંધકાર પ્રતિષેધ;

—વિમલજિન.

જેમ ઘેટાના ટોળામાં ગયેલો અને સ્વભાન ભૂલેલો સિંહ બીજા ખરા સિંહને જોઇને પોતાનું સ્વરૂપ સમજે છે તેમ શ્રી વીરપ્રભુના પ્રત્યક્ષ દર્શનથી આપણને આપણું આત્મસ્વરૂપ સહજે સમજાઇ જાય. પણ નિર્વાણપ્રાપ્ત પુરૂષનું પ્રત્યક્ષ દર્શન તો તેમના જેવા મુક્ત પુરૂષનેજ હોઇ શકે. આપણા માટે તો તે અશક્ય છે. આપણે માટે તો રહ્યું છે તેમનું પરોક્ષ દર્શન-તેમના સિદ્ધાંતો અને તેમનાં અલૌકિક જીવનના કેટલાંક સંસ્મરણો અને તે પ્રત્યક્ષ અને પરોક્ષ દર્શનની દુર્લભતા માટેયે શ્રી આનંદઘનજીએ ખરૂં ગાયું છે કેઃ—

ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ,
ધીઠાઇ કરી મારગ સંચરૂં, સેગુ કોઇ ન સાથ,

--ત્રિશલાનંદન દરિશણ તરસીયે,

શ્રી મહાવીરનું જીવન એજ તેમનો જીવનોપદેશ અને સિદ્ધાંત તેજ જ્ઞાન ક્રિયાનું ઐક્ય નથી ત્યાં અંતર નિશ્ચય અને વ્યવહારમાં નથી ત્યાં ભેદ વિજ્ઞાન અને કળાનો અને તેજ પરમાર્થનો પંથ આ દિવ્ય જીવન આપણને ક્યાંથી સમજાય.

**આ યુગમાં,** કે જ્યાં જ્ઞાન અને ક્રિયા વચ્ચે રહે છે એક મહા સમુદ્ર તે ઉપર પૂલ કરવો રહ્યો શ્રદ્ધાન સમ્યગ દર્શનનો સમ્યગ દર્શન કરે છે જ્ઞાન અને ક્રિયાને ઓતપ્રોત અને એક રસ અને ત્યારેજ જીવાય છે દિવ્ય જીવન અને નથી આવતો ત્યારે જીવન મરણનો ત્રાસ.

આવું સમ્યગ્ દર્શન શ્રી મહાવીરના જીવને સરળ અને મજબુત બાંધાવાળા ગ્રામચિંતક નયસારના ભવમાં પ્રાપ્ત થયું હતું. લાકડા પડાવવાના અતિ શ્રમ પછી ભૂખ લાગવા છતાં, જમવાનો સમય વીતી ગયો હતો છતાં, ભયંકર અટવીમાંયે હૃદયની સ્વસ્થતા રાખી તે મુનીની શોધ કરાવે છે. શોધીને આનંદ પામે છે. તેમને અન્નાદિથી સંતોષે છે. સંતોષીને સાંભળે છે, સાંભળીને આદરે છે, અને માર્ગ દેખે છે. સત્સંગની ઇચ્છા, સત્સંગની પ્રાપ્તિ અને સત્સંગમાંજ રહેવાપણું એજ જીવન પલટો કરાવે છે, એજ દૃષ્ટિકોણ ફેરવાવે છે. અને સન્માર્ગે ચઢાવે છે. સાચા સંત પુરૂષો, સાચાં મુનિવર્યો ખરેખર પારસમણિ છે. લોઢાંનું સોનું બનાવે છે. દોષદૃષ્ટિને ગુણદૃષ્ટિમાં પલટાવી નાંખે છે. સત્સંગના આ દૃઢ સંસ્કારથી જ તે નયસારનો જીવ મરિચિ નામે શ્રી આદિનાથના પૌત્ર તરીકે જન્મેલ છે અને વૈરાગ્ય પામી તેમની પાસે જ બાળવયમાં દીક્ષા લે છે. પણ વૈરાગ્યનો પાયો કાચો હોવાથી અને હજી મન દૃઢ નહી હોવાથી સંયમ બરાબર રીતે પાળી શકતો નથી અને પોતાની અલ્પતા બતાવનાર ત્રિદંડીનો નવીન વેશ તે ધારણ કરે છે. પણ તે તે વખતે પણ સત્ય નથી ચૂકતા. અને દંભને હંમેશને માટે દેશવટો જ દે છે. અને કહે છે કે સત્ય માર્ગ તો શ્રી આદિનાથનો છે. હું તો પામર છું અને તે માર્ગે જવા અશક્ત છું. આ ભવમાં મિશ્ર સત્ય બોલવાનો માત્ર એકજ પ્રસંગ તે મરિચિના ભવમાં બન્યો. કે જેનું કટુ ફળ તેમને પાછળથી ભોગવવું પડયું. તે ભાવી મહાપુરૂષમાં નિર્ણયની સ્પષ્ટતા ઘણે અંશે થઇ છે પણ તેમાં જોઇએ તેવી દૃઢતા હજી આવી જણાતી નથી. પણ વગર હથીયારવાળા સિંહની સાથે હથીયાર છોડી લડનાર ત્રિપૃષ્ટ વાસુદેવનો ન્યાય પુરઃસર લડવાનો નિર્ણય તે ઉચ્ચગામી જીવમાં તે દૃઢતા લાવે છે. આ દૃઢતા એક વખતે આજ્ઞા પળાવતી વખતે કંઇક ઉગ્રસ્વરૂપ ધારણ કરે છે અને કઠોર બને છે. શય્યાપાલકના કાનમાં સીસું રેડવા જેવો પ્રસંગ ઉપસ્થિત થાય છે. પરંતુ તેજ કઠોરતાને પછી છેલ્લા ભવમાં સ્વાતંત્ર્ય અને સહનશીલતામાં પલટાવતાં અને તત્કાલીન આર્ય જગતમાં પ્રસરેલી અંધશ્રદ્ધાને મૂળથી ઉખેડી નાંખતાં અને ધર્મને નામે ચાલતી સત્તા અને હિંસા સામે પોકાર ઉઠાવતાં અને સર્વજન હિતકર ધર્મ તીર્થ પ્રવર્તાવતાં, આર્ય કે અનાર્ય, સ્ત્રી કે પુરૂષ, ઉંચ કે નીચ, સર્વને સમાન ગણતા અને સમાન ગણવા ઉપદેશ આપતા, આપણે શ્રીવીરને જોઇએ છે. તેમની માતૃપિતૃભક્તિ, ભ્રાતૃસ્નેહ અતુલ અંગબળ, મહા વૈરાગ્ય, અપૂર્વ આત્મબળ, અવર્ણનીય સહિષ્ણુતા, સર્વસંગ પરિત્યાગ, ઘોર તપશ્ચર્યા, મહાવિશાળ ભાવનાઓ કેવળ જ્ઞાન સ્વરૂપતા અને સંપૂર્ણ અહિંસામય જીવન અને પ્રવચન ઉપર જેટલું બોલીએ અથવા લખીએ એટલું ઓછું છે. નથી અત્યારે સમય તે ઉપર વધારે વિવેચન કરવાનો. હું તો અત્યારે એકજ ગુણ ઉપર તમારૂં વિશેષ ધ્યાન ખેંચી વીરમીશ. અને તે સત્ અને અસતનો વિવેક–સમ્યગ્ દર્શન છે, અને તેજ આપણે પ્રથમ તો શિખવાનો અને સમજવાનો અને સાક્ષાત્કાર કરવાનો છે.

જોઇએ છીએ અંધશ્રદ્ધાને સ્થાને તત્ત્વાર્થ–શ્રદ્ધા જરૂર જોઇએ છીએ. મત મતાર્થ સ્વમહત્ત્વાકાંક્ષી પ્રયત્નોની જગ્યાએ આત્માર્થ આત્મભોગી સ્વયંસેવા. જડતાને સ્થાને ચેતનતા. કદાગ્રહને સ્થાને સત્યનો સ્વીકાર અને સત્યાગ્રહ શુષ્ક જ્ઞાન અને શુષ્ક ક્રિયાની જગ્યાએ જરૂર છે હવે જ્વલંત જ્ઞાનક્રિયાની એકતાની. જૈન કેળવણી ખાતાઓના નેતાઓ સાંભળશો આ વીર સંદેશ અને પ્રગટાવશો હવે સત્સંગી નવયુગ.

અને તેમ થશે ત્યારેજ જૈન સમાજમાં સંગઠન થશે. ઐક્ય જામશે, હૃદયની વિશાળતા આવશે, ધર્મભકિત રસ ઝરશે અને શ્રી વીર પ્રભુનાં અત્યારે સંકુચિત બનેલાં શાસનમાં નવું જોત પ્રકાશશે. અને તે થશે અવશ્ય શ્રીમહાવીર જીવનના સતત્ સંસ્મરણથી અને ક્ષણે ક્ષણે તેના આચરણથી.

તે શ્રી મહાવીર કેવા છે તો કે

**(હરિગીત.)**

સંસાર દાવાગ્નિ તણી જ્વાળા બુઝાવા નીર છે.  
સંમોહ ધૂલી દૂર કરવા, જે પ્રચંડ સમીર છે,  
માયારૂપી પૃથ્વી વિદારણ, તિક્ષ્ણ હળ સમ શૂર છે,  
મેરૂ સમાનજ ધીર જે છે, જયવંત તે મહાવીર છે.

# વીરચરિત્રનો લેખક

## [ તે કેવો હોવો જોઇએ ને તેણે લક્ષ્યમાં શું રાખવું ઘટે ? ]

[ લેખક—મુનિમહારાજ શ્રી દર્શન વિજયજી ]

### ૧. ઉપોદ્‌ઘાત.

સામાન્ય રીતે દરેક ધર્મોમાં અમુક પ્રકારનાં તત્વોની જે વિશિષ્ટતા જોવાય છે, તેમાં જૈન તત્વની અસર સ્પષ્ટ નીહાળાય છે. સારાય દેશમાં અહિંસા માટે કાંઇ વક્તવ્ય હોય ત્યારે અનાયાસે જૈનધર્મની પ્રશંસા કરવીજ પડે છે. આ અહિંસા ધર્મના અંતિમ નિર્યામક પ્રભુ મહાવીર છે. હરકોઇ સહૃદય જૈન નામ ધારીને મુખે સાંભળો, પ્રમાણિક પૂરાતત્વ વિવેચકોના પાનીએ પાનીએ જુઓ, કે નિષ્પક્ષપાતી જૈનેતર લેખકોની ધર્મમીમાંસા તપાસો તો+[૧] ઐતિહાસિક નિર્ગ્રન્થજ્ઞાતપુત્ર તીર્થંકર મહાવીરની જોરશોરથી કરેલી પ્રશંસા સંભળાશે.

અત્યારનો કાળ તે વિશમી સદીનો ઉત્તરાર્ધ અને વિશમી સદીનો ઉત્તરાર્ધ એટલે સ્વતંત્રતાની રટના, સ્વચ્છંદતાની શહેનશાહત, યાને મનમોજી કલ્પનાનો મધ્યાન્હ.

અંગ્રેજ ગ્રંથકારોએ અત્યાર સુધી ઉડાવેલી જહેમતમાંથી એવું સ્હેજે પ્રતીત થાય છે કે તેમનાં વક્તવ્ય વાંચતાં આર્યાવર્તના સંસ્કારોનો લોપ થાય પણ આર્યાવર્તના ઉદાત્ત લેખકોએ કૃષ્ણચરિત્ર, બુદ્ધચરિત્ર વિગેરે આધુનિક શૈલીથી લખી આર્યાવર્તના જીવનોલ્લાસમાં નવચેતન રેડયું છે.

હવે માત્ર આધુનિક શૈલીમાં લખાએલા વીરચરિત્રની ખામી છે એમ કોઇ કહે તો તે સર્વથા યોગ્ય છે. કેમકે નવીનતામાં મોહ પામનારા યુવકોના હૃદયપટમાં વિશ્વાસાત્મક વીરચરિત્રની ઇચ્છા કેમ ન ચિત્રાય ?

આવું વીરચરિત્ર લખવાની મારી ભાવના થાય છે પણ તે તો લખાય ત્યારે ખરૂં ? તે દરમ્યાન બીજા ઘણાય લેખકો "વીરચરિત્ર" લખવાનો પ્રયાસ કરે છે અને અવારનવાર તે માટેનાં સાધનોની માગણી કર્યા કરે છે, એટલે મને જે જે સાધનો મલ્યાં છે તે

---

૧ હરિચંદ જૈન धर्मकी प्राचीनतामां જૈન લખે છે કે—એ એક ટીબેટી પુસ્તકમાં જૈન દર્શનનું વર્ણન વાંચેલ છે + + મહારાજ થિસરગંદી હુશાનને ઇ. સ. ની આઠમી સતાબ્દિમાં તિબેટમાં બૌદ્ધ વિદ્વાન હોશંગ મહાયાનની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે પ્રખર પંડિત જૈનાચાર્ય કમલશીલને બોલાવ્યા હતા. આ રાજાએ કમલશીલજીની યુક્તિને થીની નૈયાયિકોની યુક્તિથી વિશેષ બળવાન દેખી, આ ભારતીય નૈયાયિક (કમલશીલજી)ની ગરદનમાં જયમાળા આરોપી અને તે વખતે તિબેટના અનુયાયિઓ કમલશીલજીના અનુયાયી થયા.

ભારતવર્ષીય બૌદ્ધ ટેક્સ્ટ સોસાયટીના સેક્રેટરી બાબુ સરત્ચંદ્રદાસ સી. આઈ. ઈ. જ્યારે હિંદુસ્તાનમાં બૌદ્ધ મત અને હિંદુમતનું સંગ્રામ ચાલતું હતું. ત્યારે બૌદ્ધ મતના અને જૈન મતના મનુષ્યો અહીંથી નીકળી યુનાન, કાર્થેજ, ફીનીશીયા, ફીનસ્તીન, રૂમ અને મિશ્ર દેશમાં પહોંચ્યા. અને આબાદ રહ્યા. (પૃ. ૧) તમે કહી શકશો કે યુનાનના પર્ણાપસ Parnasas પર્વતનું બીજું નામ Devanika દેવાનિકા કેમ પડયું ? પણ અમો કહી શકીએ છીએ કે જૈન મતના સંતો પર્ણની ઝુંપડીઓમાં રહેતા હતા જેથી તે પ્રથમનું નામ થયું અને ત્યાં દેવોના નિવાસની ભૂમિ હતી જેથી બીજું નામ પાડયું. (પૃ. ૧૭)

જેમ યુનાનમાં હિંદીઓમાં શહેર અને પર્વતના નામો વિદ્યમાન છે તેમ મિશ્ર દેશ (આફ્રિકા)માં ગએલાઓ પણ પોતાના વતનને વીસરી ગયા નહિ. જે તેઓએ ત્યાંના બે પર્વતને Sumara સુમેરૂ અને Cailas કૈલાસનું નામ આપ્યું (પૃ. ૪૨)

એક Surse સુબાગુરના છે આજસુધી જ્યાંનાં મંદિરો અને મૂર્તિઓ ગિરનારની જેવાં માલુમ પડે છે.

હિંદુસ્તાન કદીય (ઉફે)માંથી મિશ્ર અને નાતાલમાં જૈન ધર્મ હતો (પૃ. ૨૫)

પં. લેખરાય આર્યમુસાફર મથુરાના જૈન સ્તૂપો ઇ. સ. પૂર્વે ૬૦૦ વર્ષના છે. તે ભારતવર્ષની જુનામાં જુની ઇમારત છે. D. 1-10-19 Oriental

મારે જાહેરાતમાં મૂકવાં જોઇએ એમ ધારી આ નિબંધ લખેલ છે તો "શ્રી વીરચરિત્ર"ના લેખકોએ આ નિબંધ વાંચી જવો અને તેમાં કાંઇ અન્યથા ઉલ્લેખ થયો હોય તો તે સબંધી મને (લેખકને) લખી જણાવશે તો વસ્તુની સત્યતા તારવવામાં વધારે સુલભતા થઇ પડશે. એમ મારી માન્યતા છે.

આટલો પ્રાસંગિક નિર્દેશ કર્યા પછી હવે આપણે મુખ્ય વિષય ઉપર નજર નાખીએ.

## ૨—યુરોપિઅન પંડિતોનું વલણ.

આપણે જ્યારે **વીરચરિત્ર** લખવા પ્રયાસ કરીએ ત્યારે પાશ્ચિમાત્ય પંડિતોના અભિપ્રાય તરફ પણ નેત્રકોણ ફેંકવો જોઇએ, એટલે પ્રથમ એજ તપાસીએ.

પાશ્ચિમાત્ય પંડિતો અથાગ પ્રયત્ન કરે છે પણ તે શ્રીમાનોનું કેટલુંક મંતવ્ય અમુક એકદેશીય ધોરણ સાથે અચૂક જોડાએલુંજ રહે છે. જેથી તેઓ ઘણી બાબતમાં વિચિત્ર કલ્પનામાં દોરાઇ જાય છે અને કેટલીક વખત સત્યતાની તારવણીમાં ઉલટો છબરડો વાળે છે. આ વિષયમાં લોકપ્રિય લેખક બાબુ **બંકિમચંદ્ર** ચેટરજીના ઉદ્દગારોની નોંધ લઇએ તો આધુનિક પંડિતોના સમસ્ત બુદ્ધિવિષયક રહસ્યનો નિચોળ નીતરી આવશે. બાબુજી ઐતિહાસિક ચર્ચાની આફતો પૈકી એક આફત પાશ્ચિમાત્ય પાંડિત્યની નિચેના શબ્દોમાં જણાવે છે "બીજી બાજુની આફત તે વિલાયતી લોકોના પાંડિત્યની છે. યુરોપિયન પંડિતો સંસ્કૃતનું શિક્ષણ લઈ પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં તવારીખની સચ્ચાઇ શોધવા મંડેલ છે તેમાંથી કેટલાકનું મન **"પરંતુ પરાધીન દુર્બળ હિંદીઓ કોઇ કાળે સુધરેલા હોય,**–તેમનો સુધારો પ્રાચીન હોય." આ સ્વીકારવામાં નાકબુલ થતું હોવાથી તેઓ જેમ બને તેમ પ્રાચીન ભારતનું ગૌરવ તોડી પાડવા મચ્યા રહ્યા છે. "હિંદના પ્રાચીન ગ્રંથો અર્વાચિન છે. વળી હિંદુના પુસ્તકમાં જે કાંઇ છે તે સચ્ચાઇ બહારતું અથવા પારકા દેશમાંથી ચોરી લીધેલ છે" એમ સાબીત કરવા પૂર્ણ પ્રયત્ન કરી રહ્યા છે.

આ શોધમાં તેઓ એકજ વાત શિખ્યા છે કે "જે બીના હિંદના તરફેણમાં હોય તે વાત ખોટી કે અનુકરણ કરેલી, અને જે બીના હિંદના રીતરિવાજોથી અલગ જતી હોય તે માત્ર ભરોંસાદાર." જેમકે–"પાંડવો વિગેરેનાં ચારિત્રો તે આર્યાવર્તનાં કલ્પનાકાવ્ય, પણ દ્રૌપદીના પાંચ પતિ તે હિંદની સત્ય કથાનો નમુનો." ('તીર્થંકરો થયા છે' એ કલ્પનાની ગુંથણી. જ્યારે તીર્થંકરો માંસ સ્વિકારનો સર્વથા નિષેધ કરતા નથી. તે સત્યોપદેશનો નિર્વાદ નમુનો) કેમકે આ પ્રમાણેની શોધ બતાવીને માત્ર હિંદીઓને અસંસ્કારી અધમજ ઠરાવવાનો પોતાનો મનોરથ સિદ્ધ કરવા પ્રત્યે તેઓ દોરાયા હોય છે.

**વેબર** સાહેબે ઉપરોક્ત નિયમને સદર કરી જાહેર કર્યું કે–હિંદીઓએ નક્ષત્ર મંડલનું જ્ઞાન બાબિલોનો પાસેથી મેળવ્યું છે પણ આ જ્ઞાન બાબિલોનો પાસે હતું એવું પ્રમાણજ જ્યારે મળે તેમ નહતું, ત્યારે તે સપ્રમાણ કેમ સાબીત કરવું એ ચિંતા વ્હીટનીને થઇ ને તેણે એવો કોરડો ઘડયો કે–" તે હિંદીઓએ શોધ્યું હોય એવું મનાય તેમ નથી. કારણ! હિંદીઓનું મગજ એવું તેજસ્વી નથી કે તે આટલી શોધ કરી શકે.'

કેટલાક કેળવાએલ હિન્દીઓ પણ સ્વપ્રજ્ઞાને તસ્દી આપ્યા વગર વિના સંકોચે આંખો મીંચીને પાશ્ચિમાત્ય પંડિતોના મતને પોતાના મત તરીકે સ્વીકારી લે છે જેમાંથી કેટલાકને **વિલાયતી તેજ બધું સારૂં છે.** ખરી પંડિતાઇ ! અરે કુતરાં સરખાં પણ વિલાયતીજ ગમે છે. અને દેશી પુસ્તકની વાત એક બાજુ રહી પણ જો દેશી ભિખારી હોય તો તે પણ એક પાઇ આપવા યોગ્ય નહિ. સત્યપ્રિય દેશભક્તો સિવાયના ઘણા સુધરેલા લગભગ આ સ્થિતિમાં મૂકી શકાય તેવા છે કારણ કે તેઓ ઉપરોક્ત કથનનો વગર આંચકે સ્વીકાર કર્યે જાય છે.

યુરોપીયનોના વેબર સાહેબ મોટા પંડિત કહેવાય છે પણ મને તો એમ લાગે છે કે–એણે જે દિવસે સંસ્કૃત શીખવા માંડયું, તે દિવસ ભરતખંડ માટે તો બહુજ કમુહૂર્તનો હતો. જર્મનોના એક વખતના જંગલી બર્બરોના એ વંશજથી હિંદુનુ પ્રાચિન ગૌરવ

જોઇ શકાયું નહીં. તેથી તેણેજ "ભરતખંડનો સુધારો તાજેતર છે" એમ સાબીત કરવા બહુજ પ્રયત્નો કર્યા. વેબર સાહેબે મહાભારતની પ્રાચીનતા ઉપર દૃષ્ટિ નાંખતા પોતાને પ્રશ્ન કર્યો "ચંદ્રગુપ્ત (ઇ. સ. પૂ. ૪૦૦) ના સમય કાળમાં યુરોપિયન પંડિત મિગાસ્થનીસે પોતાના ભ્રમણવૃત્તાંતમાં હિંદની બધી બાબતો માટે નોંધ લીધી છે તેમાં મહાભારતની નોંધ હશે કે નહીં હોય? પણ તે ગ્રંથ નાશ પામતાં બીજા ગ્રંથકારોએ લીધેલા તેના **ભારતવૃત્તાંતના** જે છૂટક ફકરાઓ મળે છે તેમાં મહાભારતનું નામ નિશાન નથી. જ્યારે ત્યાર પછીના ખ્રીસ્તી સાધુ ક્રિસોસ્ટમ મહાભારતનો ઉલ્લેખ કરે છે. તેથી મહાભારતને તેના કાળથી વધારે પ્રાચીનતામાં મૂકી શકાય નહીં એટલે તેમણે ઇચ્છાપૂર્વક ખોટો રસ્તો પકડી જાહેર કર્યું કે ચંદ્રગુપ્તના અરસામાં મહાભારત હતું નહીં. ઇસુના જન્મકાળે પણ નહીં હોય. ક્રિસોસ્ટમના હિંદગમન પહેલાં તે ગ્રંથની રચના થઇ છે. જો કે પાણિની સૂત્રમાં મહાભારત યુધિષ્ઠિર વગેરે નામો છે પરંતુ તેના ઉપર વિશ્વાસ રખાય નહીં. કેમકે તે અર્વાચિન છે" અહીં ભારતવૃત્તાંત ગ્રંથનો મોટો ભાગ લોપ થઇ ગયો છે નામનું બાકી રહેલ છે એ વાતની વેબર સાહેબને ખબર હોવા છતાં હિંદુસ્થાનની દ્વેષ બુદ્ધિને લીધેજ ઉપરની હકિકત લખેલી હોવી જોઇએ. એના હિંદુસ્થાન વિષયક સાહિત્યમાં પાને પાનાનો ઉદ્દેશ-માત્ર ભરતખંડની મોટાઇને તોડી પાડવી એટલોજ તારવી શકાય છે.

વળી ધારો કે મિગાસ્થનિસે પોતાના ભારતવૃતાં-તમાં કાંઇ ન લખ્યું તેટલાથી મહાભારતની હયાતીજ નહીં એમ મનાય ખરૂં? અહીં આશ્ચર્ય સાથે કહેવું જોઇએ કે ઘણા હિંદીઓએ લખેલ જર્મન મુસાફ-રીના વર્ણનમાં વેબર સાહેબનું નામ પણ જડતું નથી. તો તે સાહેબ હયાતજ નહતા, એમ મનાય ખરૂં? વળી વેબરે પાણીનીના મહાભારત શબ્દનો અર્થ (**પાણીની ૬-૨-૨૮**) ભરતનો વંશ એમ કરેલ છે તેમજ પાણીનીને અર્વાચીન ઠરાવેલ છે. આમાં તદ્દન દ્વેષજ કેળવાએલ છે.

જો કે આપણે વીલાયતી પાસેથી કેટલુંક શીખ-વાનું છે તેમ વિલાયતના લોકોએ પણ આપણી પાસેથી ઘણું શીખવાનું છે જેમકે:-એક વિવાહ તત્વ લઇએ તો-યૂરોપમાં એક ઉપરાંત બીજી સ્ત્રી થાય નહીં, (આ માર્ગ પ્રશસ્ય છે પણ તેમાં થતા અનર્થો માટે નાપસંદગી માનવી પડે છે.) એવી પ્રથા છે. હવે જો યૂરોપમાં આ પ્રથા ન હોત તો **બોનાપાર્ટને** જોસેફાઇનને છોડી દેવાનું જે ઘોર પાપ કરવું પડયું તે કરવું પડત નહીં, આઠમા હેનરીને પોતાની સ્ત્રી-ઓની હત્યા કરવી પડી તે વખત આવત નહી. હજુ પણ યૂરોપના સુધારાના ઝગમગતા તેજમાં એજ કારણે અનેક **પતિહત્યા**-પત્નિહત્યાઓ થાય છે. આપણા કેળવાએલા તો એમ માને છે, કે-વિલાયતી તે સઘળું પવિત્ર, દોષશૂન્ય, અને ઉપર નીચેની આગળ પાછળની ચૌદપેઢીના ઉદ્ધારનું સાધન છે, તેથી કેટલાક વિલા-યતી સાક્ષરો યુવક યુવતીના સુધારાના પડદા નીચે સર્વથા તેઓનું આંધળું અનુકરણ કરી રહ્યા છે. અરે એવા દૃષ્ટાંતો પણ મળી આવશે કે પોતે અને પોતાની રખાયતની હાજરીમાં વચ્ચે આડખીલી રૂપ સાચી સતી સ્ત્રીને રહેવાનો અધિકારજ ન હોય.

ડૉ૦ લોયમેને પણ "બુદ્ધ અને મહાવીર" શિર્ષક નિબંધમાં હિંદની બાબતમાં આવીજ ભાંગ ઘુંટી છે.

આ બાબતમાં કાંઇ એક બંકિમ બાબુજ ઉ-લ્લેખ કરે છે એમ નથી પણ કવિસમ્રાટ્ નાનાલાલે પોતાની "ભરતનો ઇતિહાસ" એ ભાષણમાં એક આંખે જોનારા અને બન્ને આંખે જોનારા પાશ્ચાત્ય પંડિતોને જુદી જુદી સીટ પર બેસાર્યા છે. તથા રા. બા. ગવરીશંકર હીરાચંદ ઓઝા વિગેરે હીંદિ લેખકોએ તેને મળતો અવાજ પૂર્યો છે. જો દરેક બાબત વિસ્તારના ભયથી અહિં લખવા ઉચિત ધારી નથી.

### ૩—શોધખોળ.

જૈનધર્મની શોધખોળમાં પણ યૂરોપીયન પંડિ-તોના હાથે આ રીતે ઘણો અન્યાય થએલ છે. પ્રથમતો તેઓએ એજ સ્વરૂપ પકડયું કે—"જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ બન્ને વસ્તુતઃ એકજ છે

માત્ર નામાંતરો કે દેશભેદો છે." મી. ટોડ સાહેબે તો ત્યાં સુધી શોધી કાઢ્યું કે "બૌદ્ધ દર્શનના ચોવિશ અર્હન્‌માં ૧-આદિનાથ ૨-નેમનાથ ૩-પાર્શ્વનાથ અને ૪-મહાવીરસ્વામી એ મુખ્ય બૌધ્ધો છે" સામાન્ય શોધમાં પણ જણાઇ આવે એવું છે કે-બૌદ્ધની ચોવીશીમાં આ નામોજ નથી. કારણ, તે જૈન તીર્થંકરોનાં નામો છે. છતાં શોધખોળની ધૂનમાં ટોડ સાહેબે આ ભૂલ કરી નાખી છે. જોકે ટોડ સાહેબની શોધમાં જૈનયતિ જ્ઞાનચંદ્રજીની સંપૂર્ણ સહાય હોવા છતાં આ ભૂલ કેમ થઇ હશે? એ સમજાતું નથી પણ જેમ વકીલ મોહનલાલ ડી૦ દેશાઇ પાસેથી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિનો વૃત્તાંત જાણી નવલકથાકાર ક. મા. મુનશીએ તેને મનગઢંત સ્થાનમાં ગોઠવી વિકૃતિનું રૂપ આપ્યું છે, તેમ ટોડસાહેબે એજ ધોરણે મનસ્વીપણે કામ લીધું હોય તો આવી અનેક ભૂલો થાય એ સર્વથા બનવા જોગ છે પરંતુ ટોડરાજસ્થાનના ગુજરાતી ભાષાંતરમાં આ ગોટાળો રહે અને તેના સંબંધમાં સુધારાનું ટિપ્પન ન મૂકાય એ પણ ગુજરાતી અનુવાદક માટે અક્ષમ્ય ગણાય.*૨

એ તો સ્પષ્ટ છે કે-પાશ્ચાત્ય પંડિતોએ સરખાવટ કરવાના પ્રવાહમાં તણાઇ, આવી અનેક અસત્ય વાતોને ઠોકી બેસારી છે એમાંથી થોડી શોધોના પુરાવા તપાસી લઇએ.

૧. પ્રાચિન આર્યો પ્રખર જ્ઞાનવાળા હતા. જ્ઞાનના બળથી અને મુસાફરીમાં થતા અનુભવથી વિશ્વાસના દરેક પ્રસંગોના સંપૂર્ણ જાણકાર હતા. તેઓને દેશોદેશમાં બનતી વિચિત્ર ઘટનાઓની માહિતી લક્ષ્યમાંજ હતી જેથી તેઓ ઉત્તરિય ભાગના છ માસવાળા દિવસ રાત્રીના જાણકાર હતા પણ આ વસ્તુસ્થિતિ જાણી શકાય તેવું બુદ્ધિસામર્થ્ય પ્રાચીન આર્યોને હોય એમ પાશ્ચિમાત્ય પંડિતોના ખ્યાલમાં નજ ઉતર્યું. તેથી તેઓએ પરંપરાજ્ઞાનથી છ-છ માસના દિવસ જાણનાર આર્યોને યુરોપિઅન પ્રજાના સંતાન તરીકે ઓળખાવવા પ્રયત્ન કર્યો.

૨. ફર્ગ્યુસને નગ્ન સ્ત્રિઓની કેટલીક પ્રાચિન મૂર્તિઓ જોઇ જાહેર કર્યું કે "પ્રાચિન ભારત સ્ત્રિઓને કપડાં પહેરવાનો ધારો ન હતો" અર્થાત્ તેઓ અસભ્ય હતી.

૩. તેજ ફર્ગ્યુસને મથુરાનું શિલ્પકામ જોઇ "હિંદમાં આવી કારીગરી હોઈ શકે નહીં. એમ માની નક્કી કર્યું કે-"આ બધું ગ્રીસ શિલ્પીના પ્રયત્નનું ફળ છે.

૪. કેટલાક યુરોપિઅનોએ સૂર્યપ્રજ્ઞપ્તિ-ચંદ્રપ્રજ્ઞપ્તિ વિગેરે ગ્રંથો સાંભળેલા નહીં એટલે તેમણે આર્યાવર્ત જ્યોતિષની બાબતમાં મત આપ્યો કે-"તે ગ્રીકનું અનુકરણ છે." "તે શિક્ષણ બાબિલનો પાસેથી મેળવેલ છે."

૫. કેટલાએકને યુરોપિઅન મૂર જાતિ સિવાયની કાળી-લાલ ચામડીવાળી કોઇ બીજી જાતિ જગતમાં વસે છે એવું સ્વપ્ન આવ્યું નહતું. એટલે તેમણે હિંદીઓને પ્રથમ દર્શનમાંજ "મૂર"નું બીરૂદ આપી દીધું.

૬. કેટલાકને વીર રસ સિવાયના ગ્રંથો પણ પદબંધ-આખ્યાનમાં હોય છે એવું જ્ઞાન નહતું તેમજ તેમના વિશ્વકોષમાં આવી બાબત માટે એપીક સિવાય બીજો શબ્દજ ન હતો. જેથી રામાયણ મહાભારતને દષ્ટિપથમાં આવતા વાર Epic કાવ્યની ગણતરીમાં ગોઠવી દીધાં.

૭. સંસ્કૃત ભાષાના અનભિજ્ઞ વ્હીલર સાહેબે મહાભારતના કરાવેલા તરજુમામાંથી ઉપરચોટિયું જ્ઞાન મેળવ્યું. વળી અમદાવાદના સુબાઓ અને દીલ્લીના મોગલ શહેનશાહોના કે ચંદ્રગુપ્ત વિગેરેના રાજ્ય કાળના પૂર્વપશ્ચિમ હિંદના રાજાઓના પરસ્પર સબંધની બાબતમાં અજાણ હતા એટલે તે સાહેબે કૃષ્ણપાંડવોના ગાઢ સબંધ કલ્પિતવાત તરીકે ઓળખાવવા પ્રમાણ આપ્યું કે-"દ્વારિકા હસ્તિનાપુરથી ૭૦૦ કોષ દૂર હતું, માટે તેઓનો સબંધ અસંભવિત છે."

*૨ ગુજરાતી તરજુમો કરનાર પણ કયારેક ગોટાળો કરે છે. કેમકે દિ૦ બ૦ રણછોડરામ ઉદયરામે ફાર્બસ રાસમાળાના તરજુમામાં એવુંજ કર્યું છે. અને ભાષાંતરના પાઠોમાં તથા ટીપ્પણીઓનો વધારો કરી ગુજરાતના ઇતિહાસને અન્યાય આપ્યો છે. (જુઓ નવી આવૃત્તિ ફા. રા. શીલગુણસૂરિ તથા શ્રી હેમચંદ્રસૂરિનો અધિકાર.)

૮ યૂરોપિયન સ્વચ્છંદી 'ફ્રીથિંકર'–નાસ્તિકોની પેઠે સ્વચ્છંદ વિહારી નવલકથાકાર **મુનશી** પણ "મટવા ચોરાશી ફરવા" માં રહેલ ભયને–કાર્ય સમાપ્તિને સમજી શકેલ નથી. "મનુષ્યદેહ મોંઘીરે ખોયો મણી હાથે ચઢયો" ના ભાવને ખેંચી શકેલ નથી, અને ભતૃર્હરી–પિંગલાનો કડવો સ્વાદ સમજેલ નથી, તેથી 'અર્વાચિન સાહિત્યનો પ્રધાનસ્વર' શિર્ષક પોતાના નિબંધમાં (પૃષ્ટ–૩) પોત પ્રકાશે છે કે– "પરભવનું હેત વિસરી આ ભવનું આકર્ષણ, આ વિશિષ્ટતા નવ્યકાળના આખા સાહિત્યમાં તરત નજરે ચઢે છે. અને તેજ પ્રમાણે નર્મદ પહેલાના કાળનું પ્રથમ લક્ષણ–પરભવનો પ્રેમ અને આ ભવની અરૂચિ." ખરેખર 'આ ભવ મીઠા, તો પરભવ કોણે દીઠા?' તે આનું નામ.

૯ એક દેશી વિદ્વાને પણ ગુજરાત કાઠિઆવાડમાં જૈનોની વસ્તી માટે બીન અનુભવી અનુમાન કરેલ છે. જે માટે મેં "ગુજરાત–સૌરાષ્ટ્રમાં જૈનોનું સ્થાન" શિર્ષક નિબંધ છ માસ પહેલાં લખેલ છે. અને પ્રસંગે બહાર મૂકીશ. પણ આ બાબતમાં તે વિદ્વાને ખાલી કલમ શાહી અને પત્રનોજ સદુપયોગ (?) કરેલ છે જે અહીં લખતો નથી.

આવી આવી ઘણી શોધખોળો થઇ છે. આને 'શોધખોળ' એ નામ આપવું એ પણ ભાષાનો દુરૂપયોગ કરવા જેવું છે.

તેઓએ આ શોધ કરવામાં પુરાણોનો પણ સારી રીતે આધાર રાખ્યો છે. જેથી આ ભૂલો કરવામાં પુરાણના ગપ્પો પણ પૂરવણી રૂપ મનાય.

પ્રથમ લોકવાયકાની વસ્તુના સંગ્રહમાંથી સૂત્રો રૂપે ચુટણી કરી ત્રણ ભાગ પાડયા. તે વાયકાસંગ્રહ હાલ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ રૂપે પ્રસિદ્ધ છે. જનતા આવા વિભાગ કરનાર પુરૂષને "વ્યાસ" એવા નામે ઓળખતી હતી. આ રીતે વેદ ઉપનિષદ્ અને પુરાણોના વ્યાસો જૂદા જૂદા છે. જેમકે–કૃષ્ણ, દ્વૈપાયન વ્યાસ. ઇત્યાદિ ઇત્યાદિ.

વળી વનવાસી ઋષિઓના પ્રશ્નોત્તર અને અધ્યયનમાં બ્રાહ્મણો તથા ઉપનિષદોનો સંગ્રહ થયો છે ત્યાર પછી તુરતમાં તેનાજ પુરાણોની રચના થઇ હતી.

બંકિમ બાબુ કહે છે કે–"વેદમાં **શતપથ બ્રાહ્મણ** વિગેરેના પુરાણો હોવાનું લખેલ છે" આ કથનથી આપણને બીજી પણ એક બાબત વિચારવાની રહે છે કે–ત્રણ ચાર હજાર વર્ષ પહેલાનાં વેદ-પુરાણોમાં અને અર્વાચિન કાળના વેદપુરાણોમાં અવશ્ય તફાવત હોવો જોઇએ. જેમાં પ્રાચિનકાળના ઘણાં સત્યોનો વિકાર થયેલો હોવો જોઇએ. કેમકે–તત્વ નિર્ણય પ્રાસાદમાં કહેલા આદિવેદો અને પ્રાપ્યવેદોની ભિન્નતા છે.

શતપથ પુરાણ વિગેરે અત્યારે ઉપલબ્ધ નથી. એટલે દશાવતાર વિગેરે બનાવટી કથાઓનો નવો સંગ્રહ થયો જે પ્રસંગે કાળાંતરે **સમાજપ્રિય** થતાં નવા પુરાણોની રચના થઈ છે. અને અત્યારે તેજ મોજુદ છે. **વિલ્સન** વિગેરે અત્યારના યુરોપિઅનો પુરાણકૃતિને ઘણીજ નજીકની–લગભગ બસો–ત્રણસો વર્ષ સુધીની, માને છે. પણ તે શોધ તદ્દન આગ્રહ-મૂલક છે

વસ્તુતઃ તેમના ધારવા પ્રમાણે અને બંકિમ બાબુના કથન પ્રમાણે પોતાની નામના ફેલાવવાની અનિચ્છાવાળા યશોલિપ્સા રહિત નિઃસ્વાર્થી બ્રાહ્મણોએ પ્રાચિન પુરાણોમાં માત્ર પોતાની કૃતિ ઉમેરી દીધી છે. તથા એ માન્યતા વિશ્વાસ કરવા લાયક છે કે પ્રાચિન બ્રહ્મવવર્તનું સ્થાન તદ્દન અર્વાચિન બ્રહ્મવૈવર્તે લીધું છે.

આ ઉપલબ્ધ થતાં પુરાણોમાં જૈનધર્મ અને તીર્થંકરો સબંધે બહુ વિચિત્ર ઘટનાઓ આળેખી છે *[3] આ પ્રમાણે કલ્પિત રંગો પુરાયા હોય એ પ્રસ્તુત પુરાણરચનાના ઇતિહાસથી સમજી શકાશે.

વિશેષ વખત જતાં અંતિમ તીર્થંકર **મહાવીર** સ્વામી અને અંતિમ બુદ્ધ શાક્યસિંહ જુદા જુદા છે, કેટલીક સમાનતા હોવા છતાં બંન્નેના ધર્મપંથો

* ૩ પુરાવા માટે જુઓ; શ્રમણપતાકામાં આવેલ મુનિ ન્યાયવિજયનો. "જૈનધર્મ સબંધે કંઇ કંઇ" નિબંધ.

જુદા જુદા છે એવો મત બંધાયો ×૪ તે માટેના પુરાવા બૌદ્ધ ગ્રંથોએ પૂરા પાડ્યા. અને આગળ વધીને ૨૩ મા શ્રી **પાર્શ્વ**નાથ તીર્થંકર પણ ઐતિહાસિક પુરૂષ છે, એ પણ પુરવાર થઇ ચુક્યું છે. એટલે અત્યારથી અઢીહજાર વર્ષ પૂર્વે પણ જૈનધર્મ હતો; એ વાત અન્ય ગ્રંથોથીજ સિદ્ધ થઇ ચુકી છે.

શોધખોળની ખાતાવહી ઉકેલતાં ઉકેલતાં કેટલાએક પુરાણોએ તેને પુષ્ટી આપી છે. **બર્લી**ના (બડલીના) વીરનિર્વાણ સંવત્-૮૪ ના શિલાલેખે નિઃશંકતા પ્રકટાવી છે, **ભદ્રાવતી**ના વીરાબ્દ-૨૩ ના શીલાલેખે (સમ્રાટ્ સંપ્રતિની ધર્મલીપિએ) અને કલિંગસમ્રાટ્ **ખારવેલ**ની હસ્તિગુફાની શિલાલીપિએ તો જૈનધર્મની પ્રાચિન જાહોજલાલીનો નવો પડઘોજ પાડ્યો છે.

હવે પછીના નવા પુરાણીઓ "**પાર્શ્વ**નાથ એ અમારા ભગવાધારી સંન્યાસી કે બ્રાહ્મણ હતા" આવી કલ્પના ન કરે તો સારૂં.

હવે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પહેલાં જૈનધર્મ હતો કે નહીં? આ પ્રશ્નનો ઉત્તર આપતાં સંશોધકો માથું ખંજવાળે છે. કેમકે વેદ અને ઉપનિષદોમાં પ્રાચિન જૈનત્વનો કોઇ પુરાવો મળતો નથી. પાર્શ્વનાથ પ્રભુની પહેલાં જૈનધર્મ હશે નહીં એવી પુરાતત્વીઓની માન્યતા છે. પુરાતત્વના રસિક જૈનો પણ આ બાબતમાં નવું અજવાળું પાડે તેમ લાગતું નથી.

હાલના સંશોધકો પ્રાચિન આચાર્યોના કથનને સત્યજ તરીકે માનવાનો ઇન્કાર કરે છે. એટલે દાદાસાહેબ **દેવર્ધિ**ગણી ક્ષમાશ્રમણ, શ્રી **જિન**ભદ્રગણી ક્ષમાશ્રમણ કે શ્રી **શિલાંકા**ચાર્યનું કથન હોય અથવા જગદ્ગુરૂ શ્રી **હીરવિજય**સૂરિ કે મહામહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજનો ઉલ્લેખ હોય તો પણ આજનો પુરાતત્વવિદ્ તેને સર્વથા માનવા તૈયાર નથી. તો પછી તેજ આજનો પુરાતત્વવિદ્ "કૈં પણ ગમે તેમ કહે" તેજ અવિસંવાદ વાક્ય છે, એ પણ શું સ્વતંત્ર વિચારકના મસ્તિષ્કમાં ઉતરે ખરૂં?

આ ઉપરથી હું એમ નથી કહેવા માગતો કે-અર્વાચીન યુગના સંશોધકો સર્વથા ભૂલ કરે છે, સત્ય મારી નાખે છે, યાને ગપ્પજ ચલાવે છે. કિંતુ મારો કહેવાનો હેતુ એવો છે કે-કેટલાક અસ્વાભાવિક વિષયમાં છાછરી માનવી બુદ્ધિ કામ કરી શક્તીજ નથી. મનુષ્યની જ્ઞાનેન્દ્રિયમાં જેટલી ખામી હોય છે, તેટલા પુરતી ભૂલો તેમના કાર્ય-પરિણામમાં આવે છે.

(૧) એકી વખતે બધી ચીજોનું જ્ઞાન સર્વજ્ઞપણા વગર અસંભવિત છે, જેમકે કેટલાક યુરોપિઅનો થોડા બૌદ્ધગ્રંથો જોઇ કથે છે કે-"બૌદ્ધગ્રંથોમાં કૃષ્ણનું નામ નથી" જ્યારે **લલિત**વિસ્તરા નામના બૌદ્ધગ્રંથમાં કૃષ્ણની અસુર તરીકે પિછાણ કરાવેલ છે. તથા બીજું આવું કાંઇક અંશે આપણે ઉપર વાંચી ગયા છીએ વિગેરે. વિગેરે.

(૨) વળી કેટલાએક એવા કુદરતી નિયમો છે કે જે આપણે જાણતાજ નથી. જેમ સહરાના રણમાં જીવનારો જંગલી પોતાની ભ્રમણભૂમિને જગત કલ્પી આનંદ માને છે, એક ટાપુમાં વસતો ભરવાડ ફોનોગ્રાફ સીનેમા કે વાયરલેસની પોતાને અપ્રત્યક્ષ બીનાને સત્ય તરીકે સ્વિકારતો નથી અને ટુંક બુદ્ધિવાળો દેડકો પોતાના કુવા સિવાય બીજું જગત માનવાને ઇનકાર કરે છે. આપણા બુદ્ધિવાનોની પણ અપ્રત્યક્ષ વાતમાં કેટલીકવાર આવીજ પ્રવૃત્તિ હોય છે. બેશક આ નિયમ દરેક વસ્તુ માટે એક સરખી રીતે લાગુ પાડી શકાય તેમ નથી. પરંતુ કેટલીક કુદરતી ઘટનાઓને સાચી માન્યા વિના ચાલી શકે તેમજ નથી. **બંકિમ** બાબુ પણ કહે છે કે-**પ્રાચિન ઇતિહાસના ઘણાં તત્વો અંધકારમાં છવાઇ રહેલાં છે.**

કેટલાક યુરોપિયનો તિર્થંકરોમાં સુમતિનાથ=સારી બુદ્ધિવાળા મોટા, વિશેષણ. શાંતિનાથ=શાંતિ દેનારા, વિશેષણ. કુંથુનાથ=કાંઇ નહીં, અર્થ વગરનું વિશેષ નામ. એવા કલ્પિત રૂપકો ઘટાવી, તીર્થંકર જેવી કંઇ વસ્તુજ નથી એમ કહેવા માટે પ્રેરાય છે. પણ આ વાક્પટુતામાં તો એક જાતનું ઉડાઉપણુંજ છે. કેમકે **લૉસને** મહાભારતના દરેક પ્રસંગોને આજ શૈલીથી તદ્દન નજીવા કરી નાખ્યા છે; તેઓ કહે છે

× ૪ આ માટે જુઓ શ્રી **चारित्रस्मारक सीरीझ** નું પુસ્તક 'જૈનતીર્થોનો ઇતિહાસ' ની પૂરવણીમાં છપાએલ મુનિ જ્ઞાનવિજયનો "પ્રભુ મહાવીર અને ગૌતમબુદ્ધ" શિર્ષક નિબંધ.

કે-પાંડવો=પાંચાલના મનુષ્યો. પાંચાલી લગ્ન=પાંચાલની પાંચ ક્ષત્રિય જાતિનો પરસ્પર વ્યવહાર. કૃષ્ણ=કાળું. મહાભારત=હિંદનું કલ્પનાપ્રધાન મોટું કાવ્ય. રામ=રમ્ ધાતુપદથી કલ્પી કાઢેલ નામ. રામાયણ=ખેતીવાડી......ઇત્યાદિ.

એક બંગાળી યુવકે અસિ=તરવાર ઇત્યાદિ રૂપકથી પ્લાસીના સાચા યુદ્ધને પણ ભૂતાવળ જેવું કલ્પનાચિત્ર ઠરાવ્યું છે. બંકિમચંદ્ર બાબુએ પણ એજ ચીલે ચાલીને લસ=ક્રિડા કરવી. લૅાસનની શોધ=ક્રિડાકૌતુક. એવો મનસ્વી અર્થ કરી રૂપકપ્રથાની બાલિશતા વ્યક્ત કરી છે.

ગો. ના. ગાંધીએ તો પ્રભુમહાવીરનો જીવન વૃત્તાંત સત્ હોવા છતાં "અધ્યાત્મ મહાવીર" નિબંધમાં એવું રૂપક ગોઠવ્યું છે કે જેમાં સત્ય જીવન વસ્તુ પણ ખોવાય જાય. યાને જેના વિવેકમાં પુરાવિદોનું સંમ્મેલન મેળવવા છતાં નિષ્ફળતા જ સાંપડે.

અર્થાત્—રૂપક એ એક જાતની સાહિત્યક સૃષ્ટિ છે. પણ તેને શોધખોળમાં સ્થાન નથી.

અહીં પ્રશ્ન એ થાય કે-પાણિનિની અષ્ટાધ્યાયિમાં "જિન" શબ્દજ નથી. જરૂર આપણ એક વિચારણીય પ્રશ્ન છે. પણ પાણિનિમાં દરેક શબ્દોની સિદ્ધિ કરેલ છે. એવું કાંઈ માની શકાતું નથી. કેમકે પાણિનિમાં મહાભારતના કેટલાંક નામો અરે કૃષ્ણશબ્દ પણ ઉલ્લેખગોચર નથી. ઐતિહાસિક પ્રભુ પાર્શ્વનાથ મહાવીરસ્વામી સિદ્ધાર્થ રાજા વિગેરે પણ મળતા નથી. તો પછી જિન શબ્દનો અભાવ હોય તેથી "તે" ન હતા એવું શા માટે માનવું ?

વેદ—ઉપનિષદોમાં જિન કે અરિહંત સબંધી ઉલ્લેખ નથી. આ એક બીજો પ્રશ્ન છે. પણ તીવ્ર વિચારસરણીના વેગમાં ઉત્તર મળે છે કે-જૈનધર્મ અને વૈદિક ધર્મ એ જુદા જુદા પાયા ઉપર ચણાએલા-પરસ્પરથી નિરાળા ધર્મો છે. જેથી વેદગ્રંથોમાં જૈનધર્મના ઉલ્લેખો સંબંધી આશા રાખી શકાતી નથી. વળી વેદમાં ઇતિહાસના મંગલદર્શનમાં નજરે પડતા બીજા પણ કેટલાક પુરૂષોનાં નામો નથી. જેમકે-ત્રણ સંહિતામાં કૃષ્ણચંદ્રનું નામ નથી. જો કે ઋગ્વેદમાં "કૃષ્ણ"નું નામ છે-અને સંહિતા વિભાગકાર કૃષ્ણ દ્વૈપાયન વ્યાસવેદ પ્રસિદ્ધ છે પણ તેથી વાસુદેવ-કૃષ્ણની સાબીતી મળી શકતી નથી. **શતપથ** બ્રાહ્મણમાં ધૃતરાષ્ટ્ર પરિક્ષિત અને જન્મેજય શબ્દગોચર છે. પાંડવોનાં નામ નથી છતાં આપણે તેને ઐતિહાસિક પુરૂષ માની શકીએ, અને જિનોને ન માની શકીએ.-આનું કારણ ?

ત્રણે સંહિતામાં ઋષભદેવ નેમિનાથ મહાવીર અને ચતુર્વંશતિ તિર્થંકર વિગેરેનાં નામો છે એમ ઘણાં અવતરણો સૂચવે છે પણ એ બાબતમાં બહુ (શાખા-પ્રશાખા ભેદોની) શોધખોળ કર્યા સિવાય અહીં કાંઈ લખવા ઉચિત ધાર્યું નથી. તોપણ વેદોમાં **अर्हन् नेमि ऋषभ** વિગેરે શબ્દપ્રયોગો છે એ વાતતો બહુ ચોક્કસ છે અને આ રીતે અર્હન્ શબ્દ જ "જિન"ની યથાર્થતા માટે બસ છે.

મી૦ ત્ર્યંબકકાળે ( **ज्ञानप्रकाश, ता. १३-२-१९२७** ) કહે છે કે-" શ્રી કૃષ્ણ અને જૈનોના બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ સમકાલીન હતા," એ વાત મને પૂર્વેજ લક્ષ્યમાં આવેલી છે.

પુરાણકારોએતો જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીનું વિવિધ કલ્પનાથી ઓતપ્રોત ચરિત્રજ આપેલ છે. બૌદ્ધ સિદ્ધાંતમાં પણ શ્રી પાર્શ્વનાથના શિષ્યો નિગ્રંથજ્ઞાતપુત્ર, નિગ્રંથ અગ્નિવેશ્યાયન, નિગ્રંથો, આનંદ શ્રાવકસંઘ વિગેરેના અનેક ઉલ્લેખો છે×૪

આ ઉપરથી આપણે જોઇ શકયા કે-જૈનધર્મ સબંધી પાસ્ચિમાત્ય શોધમાં હજી ઘણી અપૂર્ણતા છે તેમજ આ બાબતમાં જૈનસમાજ અજ્ઞ છે. અને જે જાણકાર-સાક્ષરો છે તે બેદરકાર છે. જેનું ફળ આપણે આ રીતે ભોગવી રહ્યા છીએ.

બંકીમચંદ્ર બાબુજી પણ કહે છે કે-"ઇતિહાસની નજરે જોતાં કઈ વાત ખરી અને કઇ વાત ખોટી તે પારખવાની શક્તિ ન હોવાથી અથવા તેપર શ્રદ્ધા ન હોવાથી, તે શોધી કાઢવાનો યત્ન થાય નહીં, ત્યાં એવુંજ બને. " આપણને આ શબ્દોમાંથી ઘણું શિખવાનું છે.

### ૪—ઐતિહાસિક સાધનો.

અત્યારસુધી પુરાતત્વની દૃષ્ટિએ વિચાર થયો.

હવે અંતિમ તીર્થંકર પ્રભુમહાવીરના જીવનવૃત્તાંત માટે શું શું સાધનો છે તે તપાસી લઇએ.

ઇતિહાસ માટે કહ્યું છે કે—

**धर्मार्थकाममोक्षाणा मुपदेशसमन्वितम्**
**पूर्ववृत्तकथायुक्त मितिहासं प्रचक्षते ॥ १ ॥**

અર્થાત્—**ધર્મ** અર્થ કામ અને મોક્ષના ઉપદેશ વાળું, પૂર્વવૃત્તની યાદીરૂપ વાર્તાવાળું કથન તે ઇતિહાસ કહેવાય છે.

આ ઇતિહાસ તો માત્ર બે પગાં પ્રાણીઓનો. બાકી ભાષા દર્શન વ્યાપાર ધર્મ અને જ્યોતિષ વિગેરેના પણ અલગ અલગ ઇતિહાસો છે પણ તે દરેકનું વિવરણ અહિં જણાવીશ નહીં.

ઇતિહાસના ઘણાં પ્રસંગો ઐતિહાસિક ઘટનામાં નિરૂપયોગી પણ હોય છે. જેમકે-**લિવિ**ના રોમના ઇતિહાસમાં, હિરોડોટસકૃત ગ્રિસના ઇતિહાસમાં, ચંદકવિકૃત પૃથુરાજ રાસામાં, અને ફિરસ્તાએ કરેલા મુસલમાની બાદશાહોના ઇતિહાસ વિગેરેમાં ઘણાં મિશ્રણો છે. ઐતિહાસિક નૉવેલોમાં તો નરી કલ્પના સૃષ્ટિજ છે, અને મહાભારતમાં તો પુરવણીનાં બે સ્તરો છે. છતાં તેને ઇતિહાસ તરીકે કબુલ રાખવાં પડે છે તેમજ હું અહીંજ ગ્રંથોની નોંધ આપીશ તે પૈકીના કેટલાક ગ્રંથોમાં અનૈતિહાસિક વસ્તુગુંથણી હોય પણ તેથી તે ઐતિહાસિક સાધનામાં અપૂર્ણ-બીન જરૂરી ગ્રંથ છે, એમ તો કહી શકાયજ નહીં.

આ ઉપરાંત પ્રાચિન બાબતો માટે તે કાળની માન્યતાઓ અને રીતરિવાજો ઉપર બહુ આધાર રાખવો પડે છે એટલે આપણે પ્રાચિન કાળનાં સાધનોથીજ પ્રાચિનતાના ઉંડાણમાં જઈ શકીએ, પણ ચાલુ યુગનાં સાધનોથી-રીતિરિવાજોથી પ્રાચિનકાળના પડ તપાસીએ એતો બેહુદું બુદ્ધિબળજ કલ્પી શકાય. જેમ બાર ગાઉએ બોલી બદલાય છે, સો સો વર્ષે ભાષા ફરે છે તેમ રીત રિવાજો અને માન્યતાઓમાં પણ દેશે દેશે સેંકડો રૂપાંતર થાય છે. એટલે બંગાળમાં ૮૦ રૂપૈયાભારનો **શેર**, મુંબઇમાં દુધડેરીમાં ૫૬ રૂપૈયાભારનો શેર, અને ગુજરાતમાં ૪૦ રૂપૈયાભારનો **શેર**. શરાફી વ્યાપારમાં કે રાજ્ય-ભંડારમાં સોલાખની ક્રોડ, અને દેઢિયા વ્યાપારમાં વીશની કોડી, ઉંટીયાકોશમાં ઉંટીયો ગજ અને વેંતીયા દેશમાં મુઠીઓ ગજ લઇએ તોજ યથાર્થ માપણી થઇ શકે તેમ છે.

હરકોઇ તીર્થંકરોક્ત હરકોઇકાળના ધાર્મિક સાહિત્યનો ચાલુ તીર્થંકરના સાહિત્યમાં સમાવેશ થાય છે. આ રીતે અત્યારે ઉપલબ્ધ થતા જૈનધર્મના સાહિત્યની શરૂઆત પરમાત્મા મહાવીરથી થાય છે. જેમાં મુખ્ય સાહિત્ય **એકાદશાંગી** છે.

એકાદશાંગી—એ પ્રભુ મહાવીરના પાંચમા શિષ્ય પટ્ટધર શ્રી **સુધર્મા** સ્વામીની રચના છે જેમાનું **આચારાંગ** સૂત્ર તો ભાષાશાસ્ત્રીની દૃષ્ટિએ પણ પ્રભુ મહાવીરના વખતનુંજ મનાય છે.

એકાદશાંગી પછીનું સાહિત્ય ઉપાંગો, પયન્નાઓ, અનુયોગદ્વારસૂત્ર નંદીસૂત્ર, કલ્પ સૂત્ર, છેદગ્રંથો વિગેરે વિગેરે છે. આ ઉપાંગોમાં અઢી હજાર વર્ષ પહેલાનું આર્યજ્યોતિષ સાહિત્ય સચવાઇ રહેલ છે. આ દરેક ગ્રંથોમાંની વસ્તુની વિશેષ સ્પષ્ટતા માટે ભાષ્ય નિર્યુક્તિ ચૂર્ણી અને ટીકાઓની સંકલના યોજાયેલ છે. જે પૈકીનું ભાષ્ય અને નિર્યુક્તિઓનું સાહિત્ય વધારે પ્રામાણિકતામાં-પ્રાચિનતામાં મૂકાય છે જ્યારે ચૂર્ણી અને ટીકાની રચના મધ્યકાલીન છે. અને તે મૂળ, ભાષ્ય, તથા નિર્યુક્તિને અનુસરે તોજ પ્રામાણિક મનાય છે.

આ સાહિત્ય ભંડોળનું "લેખનકાર્ય" પૂજ્યપાદ દાદા **દેવર્ધિ** ગણી ક્ષમાશ્રમણની×૫ દૃષ્ટિ નીચે

×૫ જૈન સાહિત્યના ચાર સ્તંભો છે.' ૧-આગમ સાહિત્યમાં પૂ૦ પા૦ દાદાશ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણ. ૨-પ્રાકૃત સાહિત્યમાં પૂ૦ પા૦ મહર્ષિ હરિભદ્રસૂરિજી. ૩-સંસ્કૃત સાહિત્યમાં ક૦ સ૦ શ્રી હેમચંદ્રસૂરિજી. ૪-ગુજરાતી સાહિત્યમાં પૂ૦ પા૦ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય વાચકજી શ્રી **યશો**વિજયજી મહારાજ. સાહિત્યમાં તો આ ચારે યુગપ્રવર્તકો માની શકાય.

થએલ છે. તેઓશ્રીએ કેટલાક પાઠોને સંકેલ્યા છે. જ્યારે કેટલાક ભાગમાં જરૂરીયાત ઉમેરો પણ કરેલ છે. દૃષ્ટાંત તરીકે–શ્રી ભદ્રબાહુસ્વામી કૃત કલ્પસૂત્રની પટ્ટાવળી. અનુયોગદ્વારસૂત્ર તથા નંદીસૂત્રમાના ભારત,–ષષ્ઠીતંત્ર, વિગેરે શબ્દસંકેતો, ઇત્યાદિ લેખનકાર્યમાં વધારેલ છે. શ્રી દેવવાચક કૃત નંદીસૂત્રનો રચનાકાળ દાદા દેવર્ધિ ગણીની લગભગમાંજ જાય છે. ટીકા અને ચરિત્રોનો રચનાકાળ વિક્રમની છઠ્ઠી સાતમી શતાબ્દી પછીનો છે અને ત્યાર પછીનું સાહિત્ય પણ વિશાળ છે.

આ દરેક સાહિત્યમાંથી વીરપ્રભુનું ચરિત્ર લખવાનાં સાધનો નીચે મુજબ છે.

૧–આચારાંગસૂત્ર શ્રુતસ્કંધ ૧ અધ્યયન ૯ મું, ચૂલિકા ૩ અધ્યયન ૨૪ મું.

૨ ભગવતીજી સૂત્ર.

૩ ઉપાસકદશાંગ સૂત્ર.

૪ ઉત્તરાધ્યયન સૂત્ર. કેશીગણધરવાદ.

૫ સૂયગડાંગ સૂત્ર. વીરસ્તુતિ, આર્દ્રકાધિકાર. ઉપાંગોમાનાં છુટક છુટક વૃત્તાંતો.

૬ વસુદેવ હીંડી (અપૂર્ણલભ્ય)

૭ ચૌદપૂર્વધારી શ્રી ભદ્રબાહુસ્વામીકૃત કલ્પસૂત્ર.

૮ ચૌ૦ પૂ૦ શ્રી ભદ્રબાહુ સ્વામીકૃત આવશ્યક નિર્યુક્તિ, જેમાં ત્રેસઠ પુરૂષોના સંગ્રહ ચરિત્રો અને પ્રભુ મહાવીરનું સંપૂર્ણ ચરિત્ર તથા કેટલાક વિશિષ્ટ પ્રસંગોનું વર્ણન છે×૬

૯ શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત–વિશેષાવશ્યક ભાષ્ય.

૧૦–૧૧ શ્રી નેમિચંદ્રસૂરિકૃત મહાવીર ચરિયં (આત્માનંદ સભાએ છાપેલું. શ્લોક ૧૧૩૯) તથા મહાવીર ચરિઅં (ખંભાતભંડાર, શ્લોક ૩૦૦૦)

૧૨ શ્રી ભદ્રેશ્વર સૂરિ કૃત કથાવળી.

૧૩ શિલાંકાચાર્ય કૃત મહાપુરૂષ ચરિત્ર.

૧૪ મહાવીર ચરિઅં (પાટણ ભં. ૫. શ્લોક ૪૧૦૦)

૧૫ શ્રી શીલાચાર્ય કૃત ચઉપન્ન મહાપુરૂષ ચરિઅં. રચના સં. ૯૨૫. (પાટણ ભં. ૪–જ્ઞાનમંદિર વડોદરા)

૧૬ જિનેશ્વરસૂરિ કૃત વીરચરિત્ર (અપભ્રંશભાષા)

૧૭ જિનવલ્લભસૂરિકૃત વીરચરિઅં (ગાથા–૪૪)

૧૮ શ્રી ગુણચંદ્રગણી કૃત મહાવીરચરિત્ર (પાટણ ભં. ૧–૫–૯, શ્લોક ૧૨૦૨૫)

૧૯ ક૦ સ૦ શ્રી હેમચંદ્રસૂરિકૃત ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્ર. માની શકાય છે કે વસુદેવ હીંડીના આધારે આ ચરિત્રની રચના થઇ હોય.

૨૦ વર્ધમાનચરિત્ર (જ્ઞાનમંદિર–વડોદરા શ્લોક ૩૦૩૫)

૨૧ પુષ્પદંતકૃત–ત્રિષષ્ઠિ મહાપુરૂષ ગુણાલંકાર (શ્લોક–૭૧૦૦)

૨૨ ગુણભદ્રાચાર્યકૃત ત્રિષષ્ઠી લક્ષણ મહાપુરાણ સંગ્રહ.

૨૩ અસગ કવિ (દિ૦) કૃત વીરચરિત્ર. (ડેક્કન કોલેજ. પીટર્સન રીપોર્ટ નં. ૪)

૨૪ પદ્મસુંદરજીકૃત રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય. રચના સં૦ ૧૬૧૫.

૨૫ વજ્રસેનસૂરિકૃત ત્રિષષ્ઠિ પ્રબંધસાર. માની શકાય છે કે કદાચ આ ગ્રંથ ગદ્યમાં હોય.

૨૬ અમરચંદ્રકવિકૃત પદ્માનંદ મહાકાવ્ય. (છાણીજ્ઞાનભંડાર શ્લોક ૮૧૯૧)

૨૭ ઉપાધ્યાયશ્રી મેઘવિજયજીકૃત લઘુ ત્રિષષ્ઠી શલાકા પુરૂષચરિત્ર. (વડોદરા જ્ઞાનમંદિર શ્લોક ૫૦૦૦)

૨૮ મહાવીર વિવાહલઉ ગૂ. સં. ૧૬૭૪ (વ૦ સેંટ્રલ લાઇબ્રેરી)

૨૯ પં૦ શિતલપ્રસાદજી (દિ૦)કૃત મહાવીરચરિત્ર.

૩૦ પં૦ કામતાપ્રસાદજી (દિ૦)કૃત ભગવાન મહાવીર. જેમાં કેટલીક કદાગ્રહી બાબતો પણ છે.

૩૧ પં૦...ભંડારી (દિ૦)કૃત, મહાવીર ચરિત્ર.

૩૨ સુશીલકૃત વીરચરિત્ર. જેની લેખન શૈલી ગ્રાહ્ય છે.

૩૩ વકીલ નંદલાલ લલ્લુભાઇનું વીરચરિત્ર જેમાં પં૦ મ૦ શ્રી પ્રતાપવિજયજી મ૦ ના પાઠોથી અને શિક્ષણથી ઘણા પ્રમાણોનો સંગ્રહ થએલ છે.

---

૬× જુઓ આત્માનંદ પ્રકાશ વર્ષ ૨૩ મું–ચૈત્રના અંકમાં આવેલ મારો "ફાંસીને લાકડે" એ નિબંધ.

૩૪ વેદો ઉપનિષદો અને પુરાણો.

૩૫ બૌદ્ધ-ત્રિપિટકો

૩૬ હર્મનયાકોબીએ લખેલ આચારાંગસૂત્ર સમવાયાંગ અને કલ્પસૂત્રની પ્રસ્તાવના.

૩૭ ડો. હોર્નલે લખેલ ઉપાસકદશાસૂત્રની પ્રસ્તાવના.

૩૮ યૂરોપમાંના જૈનગ્રંથોની પ્રસ્તાવના કે છુટક નિબંધો વિગેરે.

**૫ તત્વોપદેશ.**

પ્રો૦ **લૉયમન કહે** છે કે—હિંદીઓએ પૂર્વજન્મની કલ્પના કરી. અને ધર્મતત્વમાં એક નવા તત્વનો ઉમેરો કર્યો. અર્થાત્ પૂર્વાજન્મ અને સ્વર્ગ વિગેરેનું અસ્તિત્વ માનવું તે કલ્પના તરંગ છે. **બંકિમ** બાબુ પણ કહે છે કે ઈંદ્ર, ઇંદ્રાલય, અને પારિજાતનું ફુલ હોય એ માની શકાતું નથી. અર્થાત્ પરોક્ષ મનાતી વસ્તુ જગતમાં હશે, એવી સાબીતી નથી. આવાં લખાણોથી અત્યારનો કેટલોક સમાજ પરોક્ષ બનાવોથી રહિત ચરિત્રની માગણી કરે છે.

હવે વીરચરિત્રમાં દૃષ્ટિ સ્થાપીએ તો આ માન્યતામાં વિરલ આંતરૂં છે. કેમકે દેવના પ્રસંગો બાદ કરીએ તો વીરભગવાનના ચરિત્રમાં લગભગ નહીં જેવો પ્રાણ રહે છે. બીજી તરફ હાલના સુધરેલા પણ ભૂત પ્રેત વિગેરેની હસ્તી તો સ્વિકારે છે. અને તે કરતાં પણ વિશેષ પ્રમાણતા એ છે કે-શ્રી તીર્થંકરોના ઉપદેશમાંજ સ્વર્ગની હૈયાતી દેખાડેલ છે તો તેમના ચરિત્રમાં સ્વર્ગ વિગેરેને લગતા પ્રસંગો આવે તેને કઈ રીતે નકામા-નિરૂપયોગી ગણી શકાય? તીર્થંકરો તો ઉપદેશે છે કે-જેમ બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા વિગેરે એક જીંદગીના વિભાગો છે, તેમ મનુષ્યભવ, પશુભવ, વિગેરે પણ એક સંસાર જીવનના અંગો છે. જેમ વૃદ્ધાવસ્થામાં શાંતિ ઇચ્છનારાઓ યુવાવસ્થામાં લક્ષ્મી સંગ્રહ કરે છે તેમ ભવિષ્યની શાંતિ ઇચ્છનારે ચાલુભવમાં કાંઇ સંગ્રહ કરવોજ જોઇએ. તે માટે આભવમાં મળેલા ક્ષણિક સુખને પણ ઇચ્છાપૂર્વક ત્યજી અશાંતિને નિર્મૂળ કરવા, કટિબદ્ધ રહેવું જોઇએ, કે જેથી પૂર્ણાનંદમય સ્થાન મળે છે અને તે ન મળે ત્યાં સુધી ઇચ્છાપૂર્વક ત્યજેલ ક્ષણિક સુખ વડે ઉપાર્જન કરેલ પુણ્યના પ્રતાપે દેવલોક વિગેરે રૂડાં સ્થાનો મળેજ છે. અર્થાત્ પુણ્ય, પાપ, ધર્મ, અધર્મ, સ્વર્ગ, મોક્ષ, વિગેરે પણ જગત્‌ના સત્ પદાર્થો છે, ઇત્યાદિ.

પ્રસ્તુત **તત્વોપદેશ** પ્રકરણ તીર્થંકરોક્ત વસ્તુ દર્શાવવા માટે, અને તેમના ચરિત્રમાં અમુક પ્રસંગો અસ્વાભાવિક માની શકાય નહીં એટલું સ્પષ્ટ કરવા માટેજ લખેલ છે.

A—તીર્થંકરો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સ્વતંત્રપણે તથા આનુષંગિકપણે **છ દ્રવ્યો**ની પીછાણ કરાવે છે. જેઓ જ્ઞાનગોચરીમાં જણાવે છે કે—

જીવ અને પુદ્દગલો વગેરે દ્રવ્યો સ્વતંત્ર સિદ્ધ છે. આ વસ્તુઓને કોઇએ બનાવી નથી. જગત્કર્તા વિશેષણ વાળી વ્યક્તિ કોઈ છેજ નહીં. જેમ બાલકને રૂદન શાંત કરવા માટે " એ બાવો આવ્યો " ઇત્યાદિ બોલાય છે, તેમ અજ્ઞજીવોને પાપથી પાછા વાળવાને " પરમેશ્વરનો ડર રાખ " એમ ભય સંચાર કરાવવા માટે પંડિતોએ કલ્પનાથી શબ્દ ઉભો કર્યો છે. બાકી દરેક વસ્તુમાં અનંતા ધર્મો છે જે **સ્વતઃ** પરાવર્તન પામ્યાં કરે છે. પુદ્ગલ દ્રવ્યના અણુઓ બહુ સૂક્ષ્મ છે. જે સૂક્ષ્મતા માનવી જ્ઞાનથી અપ્રતકર્ય હોવાથી તદ્દન અસ્વભાવિક જેવી લાગે, પરંતુ તે અસત્યતા સાયન્સની શોધમાં સત્યતાનુંજ રૂપ લ્યે છે.

શબ્દો પણ પૌદ્દગલિક વસ્તુ હોઇ દ્રવ્ય છે.

B—ક્ષેત્રનું મહત્પરિમાણ ૧૪/૭ રાજલોકનું છે. જેમાં સ્વર્ગ મૃત્યુ અને પાતાળ લોકનો સમાવેશ થાય છે. જીવો સ્વર્ગમાં દેવરૂપે, મૃત્યુલોકમાં મનુષ્ય કે પક્ષિ રૂપે, અને પાતાળમાં અસુરકુમાર કે નારકી રૂપે અવતરે છે, વસે છે, અને મૃત્યુપામી બીજે સ્થાને ચાલ્યા જાય છે.

C—સમયથી પ્રારંભીને ઉત્સર્પીણી-અવસર્પીણી સુધીના સંકેતો વિગેરે કાળસૂચક છે. પણ યથાર્થ રીતે કાળ મૂળ છેડા વિનાનો-અનાદિ અનંત છે.

D—દરેક પદાર્થો પોતપોતાના સ્વરૂપમાં અચળ રહી વિકૃતિઓમાં પણ વ્યાપક બને છે.

જિનેશ્વરોએ જીવનોલ્લાસમાં **અહિંસાને** પ્રથમ સ્થાન આપ્યું છે. જ્યાં અહિંસા છે-સર્વ પ્રાણીઓ પ્રત્યે ભાઇચારો છે ત્યાંજ ન્યાય છે, પારમાર્થિક સ્વતંત્રતા છે, સાચી સમાનતા છે, ધર્મરાજ્ય છે. જ્યાં સુધી જીવનમાં અહિંસા–સમાન પ્રેમ ઓતપ્રોત થતા નથી ત્યાં સુધી સમાજસુધારણાના પ્રશ્નો નિરર્થક છે. કારણ? દરેકના હૃદયમાં એકમેકની પીછાણ થાય, નીતિમય જીવન થાય. એટલે અન્યાય ગુન્હા ઓછા થાય. યાને કાયદાની પણ જરૂર ન રહે. પણ જ્યાં ઇર્ષ્યા, દ્વેષ, મારવું અને મરવુંની નોબત ગગડતી હોય, ત્યાં તેનું નિયંત્રણ કરવા માટે સખ્ત થવાની અને કાયદાકાનુનોની જાળ પાથરવાની આવશ્યકતા મનાય છે. આ વિચાર સિદ્ધ સત્ય છે. આપણે બંકિમબાબુના કહેવા પ્રમાણે મહારાજા કૃષ્ણચંદ્રના જીવનમાં પણ દૃષ્ટિપાત કરીએ તો તેમની પાંડવ કૌરવના યુદ્ધમાં **હથીઆર નહીં લેવાની પ્રતિજ્ઞા** વાંચકના મન ઉપર અજબ અસર કરે છે. આ પ્રતિજ્ઞાના મૂળમાં પણ બાબુજીની માન્યતા પ્રમાણે અહિંસા–હિંસાનીજ છણવટ છે. વળી તેઓ આગળ વધીને કહે છે કે—

"માણસની ઉન્નતિનું મૂળ ધર્મની ઉન્નતિમાં રહેલ છે, **દેશનું નૈતિક પુનર્જીવન** પ્રકટાવવા માટે **ધર્મપ્રચાર** જોઇએ. જે થતાં સુધારો પણ એની મેળેજ થાય છે. આ સિવાય ઝાડની ડાળ ઉપર પાણી સીંચી, તેના ફળ મેળવવાની ઇચ્છા જેવું થાય છે. આપણે તે સમજી શકતા નથી જેથી સમાજનો સુધારો એ તેનાથી કાંઇ જુદી બાબત સમજી નકામો ખળભળાટ કરી મૂકીએ છીએ. કારણ? સુધારાવાળામાં પોતાનું નામ ખપાવે તો માણસને બહુ નામના મળે છે, અને તેમાં પણ ઈંગ્રેજી **રીત પ્રમાણે** સુધારો કરનારની આબરૂમાંતો કાંઇ મણાજ રહેતી નથી. એ સઘળા માણસો એટલું ધ્યાનમાં રાખે કે–"**રાજનૈતિક ઉન્નતિનું મૂળ** ધર્મની ઉન્નતિ છે" તો બસ છે. તે હશે તો બીજા બધા સુધારા એની મેળે થશે" નવલયુગના નવલકારો યુવકો કે યુવતિઓ આ વાંચશે કે?

બંગાળના ગવર્નર લૉર્ડ **લિટન** કહે છે કે–"આપણા ફોજદારી કાયદાના મૂળમાં **વેરનું તત્વ રહેલું** છે, તેને ઠેકાણે સુધારણાનું તત્વ દાખલ કરવું. × × નૈતિક ઉદ્ધારના સાધન તરીકે શિક્ષા (દંડ–માર)નો કશો ઉપયોગ નથી. અને એનો ત્યાગ થવો જોઇએ. દુખ દઇને અને શિક્ષા કરીને જોર જુલમથીજ જે નીતિ પળાવી શકાય એ **ખોટી નીતિ** છે. × × શિક્ષા કે દબાણથી કદી ન ઉત્પન્ન કરી શકાય એવી એક વસ્તુ તે **ભલાઈ** અથવા **નીતિ** છે એટલે દુષ્ટતા ટાળવા માટે અથવા ભલાઇ શિખવવા માટે કરવામાં આવતી બધી શિક્ષા સ્પષ્ટ રીતે હાનિકારક છે, ભલાઇ એ મનની સ્થિતિ છે તેમ આરોગ્ય એ શરીરની સ્થીતિ છે એટલે જેમ શરીરના દોષો શિક્ષા કરીને નથી મટાડી શકાતા, તેમ ચારિત્ર્ય–દોષો પણ શિક્ષાથી નહીં સુધરી શકે × × એવાં કામતો પરોપકારી સજ્જનોથીજ થાય?" આમાં પણ અશિક્ષા અને નીતિનો એક મૂંગો સંદેશ છે.

કેટલાક પુરાતત્વવિદો અહીં પુછે છે કે–પ્રભુ મહાવીરના આવા નૈષ્ઠિક સંદેશામાં આવશ્યકતાએ–છતાં નાખુશીએ લેવાતો વનસ્પતિ આહાર પણ અનૈચ્છિક છે. તો પછી માંસાહાર વિગેરેની આશા તો નજ રાખી શકાય! છતાં અમુક પાઠો એવા છે કે જે કદાચ પ્રક્ષેપકજ હોય, પણ તે ખરેખર પ્રક્ષેપક ન હોય તો એવા પાઠોનું શું રહસ્ય હશે?

આ પ્રશ્ન વ્યાજબી છે અને તેમ થવાનાં કારણો નીચે મુજબ છે.

(૧) એકતો કલ્પનાને ખાતર સ્વિકારી લઇએ કે–જેમ લેપ વિગેરેમાં અભક્ષ્ય દારૂ વિગેરેનો ઉપયોગ કરાય છે તેમ શરીરલેપ માટે કદાચ નિર્દોષ વસ્તુ પ્રાપ્તિની અપેક્ષા (ન) રાખી હોય એ સંભવિત મનાય ખરૂં.

(૨) બીજું–પ્રાકૃત માગધી અને સંસ્કૃત ભાષામાં કેટલીક વનસ્પતિનાં એવાં નામો છે કે–જેના

અર્થમાં વનસ્પતિ અને પક્ષિ એ બન્નેનો ભ્રમ થાય. જેમકે-**मत्स्या, मत्स्यखंडी, चक्रांगी, शकुलादिनी, पेरावणी, वृकी, शीखंडीनी, (मास सरिसव.)** વિગેરે.

વળી પન્નવણા સૂત્રમાં વનસ્પતિના અધિકારમાં દરેક સ્થાને ફળના ગર્ભને બદલે **માંસ** શબ્દનો અને ઠળિયાને બદલે **अस्थि** શબ્દનો પ્રયોગ થએલ છે.

આગમોમાંના બે અર્થ વાળા ઉપરોક્ત શબ્દ-પ્રયોગો સ્થૂલ બુદ્ધિમાં સંશય પાડે એ સ્વાભાવિક છે. પરંતુ તે દરેકનો અમુક વનસ્પતિ એવો અર્થ બંધ બેસતો છે.

(૩) ત્રીજું આપણે એ પણ નિકાલ કરી શકીએ કે-બીજાને મનથી પણ દુભવવામાં અન્યાય માનનારાઓ માંસ ખાવાનો ઉપદેશ આપે, એ કયા મગજમાં કબુલ કરવું ?

હવે વિચારકના હૃદયમાં એકજ મુંઝવણ છે કે-વિક્રમ પછીના નિઘંટુ શાસ્ત્રમાં એ અર્થસંગતિ છે પણ તેની પહેલાના ગ્રંથોમાં ઉપરોક્ત અર્થસંકળના મળે નહીં ત્યાં સુધી આપણો તે ખુલાસો યથાર્થ છે એ કેમ માની શકાય ? પણ તેમાં મુંઝાવા જેવું કશુંય નથી. કારણ ? સ્પષ્ટ છે કે ભાષાના ક્રમ ઉપર વ્યાકરણ રચાય છે. તેમ લોક વ્યવહારના શબ્દોના સંગ્રહ માટે નિઘંટુ કે **શબ્દકોષ** રચાય છે એટલે જે નામો શબ્દગોચર હોય છે તેનેજ કોષમાં સ્થાન મળે છે. આ રીતે પ્રભુ મહાવીરના વખતમાં કે વિક્રમાર્કના વખતમાં જે શબ્દો જે અર્થમાં લોકપ્રસિદ્ધ હતા તેનો આગમોમાં અને ગ્રંથોમાં ઉલ્લેખ થયો, જેથી પછીના નિઘંટુકારોએ પોતાના કોષમાં તે નામોને દાખલ કર્યા.

વળી કદાચ આ શબ્દાર્થોને નિરૂપયોગિ કે અપ્રાસંગિક બાબત માની વૈદિક નિરૂક્તોમાં સ્થાન મળ્યું નહીં હોય. કેમકે "દરેક ગ્રંથકારો દરેક શબ્દોનો સંગ્રહ કરેજ" આવો એકાંતિક નિયમ નથી. અર્થાત્ એતો ગ્રંથકારની સ્વતંત્રતાની બાબત છે.

શ્રી **નેમિનાથ**ચરિત્રના વાંચકો કહે છે કે-રાજીમતીના લગ્નમાં માંસવ્યવહાર હતો, અને પોતાની જાનમાં શ્રી નેમિનાથજી બળભદ્ર અને કૃષ્ણચંદ્ર વિગેરે જૈનો હતા તો શું તેઓ માંસ લેતા હશે ?

આના ખુલાસામાં એટલુંજ કહેવાય કે-તે જ્ઞાતિ બંધારણનો પ્રશ્ન છે. કેમકે તે કાળમાં જૈન અને જૈનેતરો એક જ્ઞાતિમાં રહી પરસ્પર રોટી બેટીનો વ્યવહાર કરી શકતા હતા. જેમાં જ્ઞાતિના નિયમો એક સરખાજ લાગુ પડતા, જેથી **ઉગ્રસેન**ની જ્ઞાતિમાંના જૈનેતરો માંસ લેતા હોય, અને વ્રતધારી જૈનો માંસ ન લેતા હોય એ સંભવિત છે. આથી તે જ્ઞાતિવ્યવહારનો દોષ હરકોઇ ધર્મવ્યવહારમાં આરોપી શકાય નહીં. અરે ચોથા વર્ષનું દૃષ્ટાંત લઇએ કે-"એક મૂર્તિ નહીં માનનાર જૈન વણિક જ્ઞાતિમાં લગ્નપ્રસંગે અભક્ષ્ય મનાતા બટાટાનું શાક થયું હશે. એટલે એક વિચારક વ્યક્તિએ પુછ્યું કે "આ અભક્ષ્ય શાક કેમ કર્યું ?" જેથી ઉત્તર મળ્યો કે-"મીસ્ટર...તમો લેશો નહીં" એમ કહી આખી જ્ઞાતિમાં તે શાક પીરસાયું. માત્ર અભક્ષ્યના ત્યાગીઓએ તે શાકનો સ્પર્શ કર્યો નહીં. હવે આવા જ્ઞાતિના પ્રશ્નોનું જોખમ તેજ જ્ઞાતિના અમુક એક માન્યતાવાળા સમુદાય ઉપર કેમ ઓઢાડાય ?

આ ઉપરાંત અર્વાચિન બીજી જ્ઞાતિઓમાં લગ્ન પ્રસંગે ડુંગળી દારૂ કે અમુક વસ્તુઓનાં બંધારણો ગોઠવાઇ ગયાં છે જેમાં ઘણાં ધર્મવાળા જમવા જાય છે અને જેને જે વસ્તુઓનો ત્યાગ હોય છે તેઓ તે પદાર્થને સ્પર્શતાજ નથી. પણ અમુક વસ્તુની પ્રતિજ્ઞા વાળો પુરૂષ તે જ્ઞાતિની સાથે સંબંધ રાખે છે, એટલા પરથી તે દોષિત થતોજ નથી.*૭

---

* ૭-ઉનાવા. (પેથાપુર)નો કુંભાર **નારણજી** અણગળ પાણી વાપરતો નથી. તે વાસણ વિગેરે બનાવવામાં પણ ગળેલ પાણીજ વાપરે છે વળી ત્યાંનો **હરિ** ભંગીઓ પણ ગળેલુંજ પાણી વાપરે છે. તેણે મકાનના ચણતરમાં ગળેલ પાણીનીજ વ્યવસ્થા રાખી હતી. તથા તે અભક્ષ્ય દારૂ લેતો નથી. હવે આ બન્ને વ્યક્તિઓ મુંબઇ જાય કે પોતાનાજ પુત્રના લગ્નમાં, જ્યાં તેના નાતીલા અણગળેલ પાણી પીવે, અને દારૂ વિગેરેની વપરાશ કરે. પરંતુ તેથી એમ ન કહેવાય કે-તે નારણજી અણગળેલ પાણી વાપરતો હશે. અને તે હરિ અણગળેલ પાણી, દારૂ, કે માંસ વાપરતો હશે.

એટલે અહિંસાનો ઝૂંડો ફરકાવનારમાં આવી છુટ છાટ માનવી, એતો નરી કલ્પનાજ છે.

આ દરેકનો નિષ્કર્ષ એ નીકળે છે કે-દરેક બાબતમાં પ્રત્યેક આત્મા જેવો બીજો કોઇ જોખમ- દાર નથી. તેથી જિનેશ્વરોએ જ્ઞાતિ, સમાજ કે દેશ- સુધારણાના પ્રશ્નોને અનાવશ્યક માની આત્મસુધાર- ણાનો પ્રશ્ન સ્વતંત્ર હાથ ધર્યો છે.

આ જીવનસુધારણાનું મૂળ અંગ, અભેદ-અખેદ યાને ભ્રાતૃભાવ છે.

આ પ્રમાણે તીર્થંકરોનો તત્વોપદેશ છે.

### ૬. જીવનનાં સંસ્મરણો.

આપણે ઉપર જોઇ ગયા કે-પ્રત્યેક ઉન્નતિનું મૂળ ધર્મ છે, તો આ બાબતમાં સમાજને પણ એવો આદર્શ પુરૂષ મળવો જોઇએ, કે જે જીવનસુધાર- ણામાં સંપૂર્ણ હદે પહોંચેલ હોય.

હિંદીઓએ દરેકે દરેક સારાં નરસાં કાર્યોમાં જુદા જુદા આદર્શો ગોઠવ્યા છે. જેમકે શિલ્પમાં વિશ્વકર્મા, કામવિલાસમાં લક્ષ્મીપુત્ર, ન્યાયીશાસનમાં રામચંદ્ર, યુદ્ધમાં કૃષ્ણ, બાણાવળીમાં અર્જુન. તેમ જેમાંથી દરેક ઉચ્ચ બાબતોનું શિક્ષણ મળે એવો આદર્શ પુરૂષ કોણ ?

ભલે, ઉપાસક તે પુરૂષને પ્રથમ સાધનામાં યથાર્થ ઓળખી ન શકે પણ સાધનાના પરિણામે અંતિમ ધ્યેયે પહોંચી શકે. એવો સ્વયંસિદ્ધ આદર્શ હોવો જોઇએ. આવા આદર્શ નરો તીર્થંકરો છે.

જે પૈકીમાં અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી છે.

એટલે હવે તેમના ચરિત્રભાગો તપાસી લઇએ.

**પૂર્વભવ**—પૂનર્જન્મ માટેની માન્યતા ઉપર સ્પષ્ટ કરેલ છે. પ્રભુમહાવીરના પૂર્વના છવ્વીશ જન્મોનું વૃત્તાંત મળી શકે છે. બૌદ્ધ સંજ્ઞામાં આવા પૂર્વભવોને જાતકસંગ્રહ કહે છે.

**ગર્ભાપહાર**—મહારાજા કૃષ્ણચંદ્રના વડીલ બંધુ બળભદ્ર માટે એવું બન્યું છે કે-દેવે દેવકીના સાતમા ગર્ભને રોહિણીના ઉદરમાં સ્થાપ્યો હતો. જેનો જન્મ થતાં બળભદ્ર નામ રાખ્યું હતું. જ્યારે દેવકીજીએ મૃતબાલિકાને જન્મ આપ્યો હતો.

દેવકીજીનો આઠમો ગર્ભ તે મહારાજા કૃષ્ણચંદ્ર છે.
આજ પ્રમાણે પ્રભુ મહાવીરસ્વામી માટે બન્યું છે.

તેઓ વિશાલા નગરીમાં બ્રાહ્મણકુંડ પરામાં ઋષભદત્ત બ્રાહ્મણની સ્ત્રી દેવાનંદાની કુક્ષિમાં ૮૨ દિવસ સુધી ગર્ભપણે રહ્યા હતા. ત્યાર પછી હરિ- ણગમેષી દેવે ગર્ભપરાવર્તન કર્યું, એટલે ક્ષત્રિયકુંડ પરાના સિદ્ધાર્થ ક્ષત્રિયની સ્ત્રી ત્રિશલાદેવીની કુક્ષિમાં ઉતરી જન્મ પામ્યા હતા. જોકે આ વાત અજ્ઞબુદ્ધિથી સ્વિકારી શકાય તેવી નથી. જ્યારે બુદ્ધિશાળિઓને આ બનાવમાં જરાય અવિશ્વસ્યતા લાગતીજ નથી. કેમકે અત્યારના ડૉકટરો બહુ સાવચેતીથી એકબીજી સ્ત્રિઓના ગર્ભનો પાલટો કરી શકે છે. તો પછી આ કાર્ય કરવામાં દૈવી સામર્થ્ય અશક્ત મનાય ? હર- ગીજ નહીં. આ ગર્ભાપહારની શાહેદી શ્રી ભગવતી સૂત્રમાં છે.

**દંપતીવ્યવહાર**—જો સ્ત્રી અને પુરૂષ આખી રાત્રિ શય્યામાં સુઇ રહે તો બ્રહ્મચર્ય પાળવા છતાં સ્ત્રીના શરીરનાં આકર્ષણ-તત્વોથી પુરૂષના શરીરમાં ઘસારો શરૂ થાય છે અને પરિણામે યુવાવસ્થામાંજ પુરૂષને ક્ષય લાગુ પડે છે. માટે દંપતીએ અલગ અલગ શયન કરવું જોઇએ. આ અત્યારના ડોકટરો- નો જાહેર અભિપ્રાય છે પણ આપણે શ્રી કલ્પસૂત્ર- ના સ્વપ્નના અધિકારમાં જોઇ શકીએ છીએ કે- (ઋષભદત્ત અને દેવાનંદા તથા) સિદ્ધાર્થ ક્ષત્રિય અને ત્રિશલા ક્ષત્રિયાણીનાં શયનસ્થાનો જુદાં જુદાં હતા, જેથી ત્રિશલા ક્ષત્રિયાણીએ સ્વામી પાસે જઇ પોતાનું સ્વપ્ન કહી સંભળાવ્યું હતું. આ પાઠમાં ગર્ભના ત્રીજે મહીને શુદ્ધ બ્રહ્મચર્યની ઝાંખી છે.

જ્યાં આવું નિરૂપમ ગૃહસ્થજીવન હોય, નૈષ્ઠિક બ્રહ્મચર્ય હોય, ત્યાં સમર્થજ્ઞાની વિશ્વોદ્ધારક પુત્રની માતા થવાનું ભાગ્ય સાંપડે એમાં શું નવાઇ ?

દંપતીવ્યવહારમાં રહેલાંને આ આદર્શ શું શીખવે છે ?

**ગર્ભનું જ્ઞાન**—પ્રથમ ગર્ભમાં ઉત્પન્ન થાય ત્યારે શરીરની ખામીને લીધે જીવો બેભાન હોય છે. છતાં કેટલાક જીવોની જ્ઞાનદશા સતેજ હોય છે. પાંચમા માસે ગર્ભ-શરીરનાં ઉપાંગો વ્યક્ત થાય છે જ્યારે સામાન્ય જીવોની પણ સ્વાભાવિક આત્મ-જાગૃતિ હોય છે. **શિવાજી** ગર્ભમાં હતો ત્યારે તેના માતાજીના વિચારોમાંજ શિવાજીના ભવિષ્યની પીછાણ થાય છે. એ ગર્ભમાં રહેલો શિવાજી પોતાની જનની **જીજીઆ**નાં મન વચન અને શરીર-દ્વારા ક્ષત્રિય-બળને બહાર કાઢતો હતો. (આ બાબતનો **દોહદમાં** સમાવેશ થાય છે.)

અભિમન્યુનો ચક્રાવો વાંચનાર તો કુદીને કહી શકે છે કે અભિમન્યુને સુભદ્રાની કુક્ષિમાંજ ચક્રયુદ્ધના કોઠાનું જ્ઞાન મલ્યું હતું.

શ્રીમતી **ભગવતી**જીમાં લખેલ છે કે-'ગર્ભના જીવો યુદ્ધના આવેશમાં આવી જાય છે ઉશ્કેરાઇ જાય છે વૈરાગ્ય રસને પી શકે છે અને મૃત્યુ પામે તો દેવ મનુષ્ય વિગેરે પરગતિનો બંધ પાડે છે.' એટલે ગર્ભસ્થ જીવોમાં પણ આત્મદશા-જ્ઞાનચેતના જાગૃત હોય છે. પ્રભુ મહાવીરને પણ ગર્ભમાંજ સુંદરતમ જ્ઞાન વ્યક્ત હતું.

તેમણે મારાં અંગોપાંગના સંચલનથી માતાને દુઃખ થશે એમ માની ગર્ભમાં અંગોપાંગ સંકોચ્યાં. પરંતુ ત્રિશલા દેવીએ ગર્ભ મૃત્યુ પામ્યો હશે ઇત્યાદિ ચિંતવી છાતીફાટ રૂદન કર્યું તેમણે પોતાના સહેતુક પ્રયત્નનું આવું વિચિત્ર પરિણામ દેખી એક આંગળીને હલાવી. જેથી ત્રિશલા માતાએ પણ હર્ષમાં આવી જઇ પોતે કરેલી ખોટી કલ્પના માટે પશ્ચાત્તાપ કર્યો.

અત્યારે પણ ગર્ભ નિશ્ચેષ્ટ થતાં માતાને આવુ દુઃખ થતું અનુભવિએ છીએ.

**જન્મ**—૯ માસ અને ૭ દિવસ થતાં ચૈત્ર શુદિ ૧૩ દિને સિદ્ધાર્થ ક્ષત્રિયની પત્ની ત્રિશલા ક્ષત્રિયાણીએ બાલકને જન્મ આપ્યો. જેનું નામ રાખ્યું **વર્દ્ધમાન** કુમાર.

આ વર્દ્ધમાનકુમાર આત્મભાન પણ ખોવાઇ જાય એ પ્રસંગોમાં પણ જરાય અસ્થિર થયા નથી. વીરતાથી અટલ રહી અનેક ઉપસર્ગની કસોટીમાં પસાર થયા છે જેથી તેઓના યથાર્થ ગુણને દર્શાવનારા "વીર" અને "મહાવીર" એવાં નામો જગજાહેર થયાં છે.

ઇતિહાસ કહે છે કે-વિશાલાનું રાજ્ય **ગણુસત્તાક** હતું. એટલે પાર્લામેંટ-ધારાસભાની જેમ મોભાદાર અગ્રેસરોના મંડળથી રાજ્યવ્યવહાર ચાલતો હતો. જેમાં સિદ્ધાર્થ ક્ષત્રિય હોદ્દાદાર હશે, કેમકે-તેઓ ધનધાન્યની સમૃદ્ધિવાળા, ચતુરંગી સેનાવાળા, પ્રજામાં રાજા જેવી આજ્ઞા પ્રવર્તાવનાર, સત્તાદાર અને જ્ઞાત કુલમાં અગ્રેસર હતા.

આ ઉલ્લેખ કરવાનો હેતુ એ છે કે બ્રાહ્મણકુંડ કે ક્ષત્રિયકુંડનું સ્વતંત્ર રાજ્ય ન હતું. કદાચ સ્વતંત્ર રાજ્ય હોય તો પણ તે વિશાળ રાજ્ય ન કહી શકાય. જ્યારે આપણે અર્વાચીન કાળમાં સિદ્ધાર્થ ક્ષત્રિયને "રાજા" તરીકે ઓળખીએ છીએ. તેનું કારણ એજ મનાય કે તેઓ રાજ્યમંડળમાં એક ઉચ્ચસ્થાનના માલેક હતા આટલા પુરતુંજ.

બાકી શ્રી કલ્પસૂત્ર અને આવશ્યક નિર્યુક્તિમાં તો વિશેષ પ્રકારે "ક્ષત્રિય" અને "ક્ષત્રિયાણી" શબ્દનાંજ સંબોધનો છે, એટલે આ બાબતમાં સંપૂર્ણ શોધ થવાની જરૂર છે.

**બાળવય**—વર્દ્ધમાન કુમારના કુમાર દશાના બધા જીવનપ્રસંગો મળી શકતા નથી, કેમકે દોડવું, ખાવું, પીવું, મારવું, કુટવું. એકડો ગોખવો ઇત્યાદિ પ્રસંગો કાંઇ આદર્શ જીવનમાં આવશ્યક નથી. આ સ્થિતિ, બુદ્ધ, કૃષ્ણ, પાતંજલ, શંકર, વ્યાસો, રામાનુજ ખલીફા-જરથોસ્ત ઇસુ અને **ચોહાન** વિગેરે હરકોઇના ચરિત્રમાં સમાન છે. કેમકે તે દરેકના બાલ્યાવસ્થાનાં સંભારણાં મળતાંજ નથી. પરંતુ જ્યારથી આદર્શતાનાં કાર્યો કર્યાં હોય ત્યારથી તેઓનું જીવન આવશ્યક છે, અને લેખકો પણ તેની નોંધ લ્યે છે.

છતાં વર્દ્ધમાન કુમારનું નૈષ્ઠિક-કૌમાર્યબળ દર્શાવવાને 'આમલકીક્રિડા' 'લેખનશાલા' વિગેરે સ્મૃતિઓ મોજુદ છે.

**દીક્ષા**—જગતના સમસ્ત પ્રાણીઓને એક કુટુંબ માનનારા વર્ધમાન કુમારને સગાં ભાઇ સ્ત્રી પુત્રિ રાજ્ય આટલા પુરતા કુંડાળામાં મારાપણું રાખવું એ ઉચિત લાગ્યું નહીં. વળી જ્યારે પરસ્પરની ઇર્ષ્યા દ્વેષ હિંસા અધર્મથી જગત ધમધમી રહ્યું હતું ત્યારે કયો સુજ્ઞ સુઇ શકે ? એટલે તેમણે દરેક અસ્થિર વસ્તુનો મોહ ત્યજી દિક્ષાનો સ્વિકાર કર્યો-જગતના ઉદ્ધાર માટે દેહ-કર્મયજ્ઞ આદર્યો.

**ઉપસર્ગો**—તેઓએ આદર્શની કોટિએ પહોંચતાં પહોંચતાં બહુ વેઠ્યું, નિર્ભયતાથી વિટંબનાઓમાં પેઠા અને પસાર થયા. અરે દુઃખોનો જ્વાળામુખી સળગાવનાર **સંગમક** પ્રત્યે પણ માત્ર " મારા નિમિત્તે આ દેવનું ભાવિ શું થશે ? એનો ઉત્તર હૃદયદ્રાવક છે" એજ વિચારથી દયાર્દ્ર મનથી આંખનાં આંસુ વરસાવવાનોજ બદલો વાળ્યો; નહીં કે રોમાંચમાં પણ માઠું ચિંતવીને.

હાલમાં તેઓના દેહ સામર્થ્યની કે સહનશીલતાની ઝાંખી કરાવનાર દષ્ટાંત બીલકુલ મળી શકશે નહિ. છતાં સામાન્ય ખ્યાલ આપવા માટે એટલું કહી દઇએ કે-વીશમી સદીના પ્રો૦ રામમૂર્તિ સેંડો અને પ્રો૦ કે. કે. શાહ જેવા વિરલાઓ હેરત પમાડે તેવા સામર્થ્યબળથી જગતનું અગ્રસ્થાન ભોગવે છે તો પછી આવી પરમોચ્ચ વિભૂતિનું શું સામર્થ્ય ? કે સહનશીલતા ? તે કોણ કથી શકે.

તેમની નિર્ભયતાનો નમુનો ચંડકૌશિકના દષ્ટાંતમાં સોળેસોળ કળાથી ખીલેલ છે. જેમ મદારી સાપને રમાડે તેમ તેઓ પોતાના શરીરને યથેચ્છપણે રમાડી શકતા હતા, આ તીવ્ર દેહસાધનાના પરિણામે હાલવું, ચાલવું, ઉઠવું, બેસવું વિગેરે ક્રિયાઓ કરવા છતાં કદાચ છ છ માસ સુધી આહાર પાણી ન મળે તો તેમના દેહને રંચમાત્ર ગ્લાનિની અસર થતી ન હતી.

**લેશ્યા**—તેઓના ત્રાટક પ્રાણાયામ અને સમાધિ અપ્રયાસસિદ્ધ હતા. મેસ્મેરિઝમની અદ્દભૂત શક્તિ સ્મૃતિસાધ્ય હતી. તે પ્રભુને તપસ્યાથી અને સ્વાત્મલીનતા સમાધિથી ક્રોધના કિરણમાં જગતને ભસ્મીભૂત કરનાર **તેજોલેશ્યા**, અને કૃપાકટાક્ષથી ધગધગતા પદાર્થમાં-જ્વાળામુખીમાં પણ અપૂર્વ શાંતિ પ્રકટાવનાર **શીતલેશ્યા** વિગેરે અગણ્ય શક્તિઓ પ્રકટી હતી.

પણ તેઓનું સાધ્યબિંદુ આ દરેક પદાર્થોથી પર, કાંઇ નિરાળી શાંતિ તરફ હતું. અર્થાત્ વર્ધમાન પ્રભુના મનોજય અને દેહસાધના અતિ ઉચ્ચ કક્ષાનાં હતાં.

**ગોશાળો**—શ્રી વર્ધમાન પ્રભુના છદ્મસ્થ જીવનમાં ખટકતો પ્રસંગ ગોશાળાનો છે. જે અર્વાચિન વિચારકોને બેડોળ લાગે છે. ગોશાળાની પ્રાથમિક જીંદગી નિઃસત્વ છે પણ પ્રભુ મહાવીરના સંસર્ગથી અને પાર્શ્વનાથ પ્રભુના સંતાનિય મુનિઓ પાસેના અધ્યયનથી તેમનો સારો વિકાસ થયો છે. તે એક કાળે મૂર્ખ જેવો હતો, અને તેજ બીજી વખતે "જિન" જેવી સંજ્ઞાથી બનાવટી દર્શન આપે છે. આ ઘટનામાં માત્ર ગુપ્ત શકિતનો અપૂર્ણ વિકાસજ છે. જે વિકાસ થવાના હેતુરૂપ ઉપરોક્ત બન્ને પ્રસંગો છે. જૈન ગ્રંથોમાં ગોશાળાનું જીવન એવું આલેખાયું છે કે તે સામાન્ય વાંચકોને અતિશયોક્તિથી ભરપૂર લાગે છે. બીજી બાજુ જૈનગ્રંથો અને બૌદ્ધગ્રંથો ગોશાળાને **ધર્મસ્થાપક** તરીકે ઓળખાવે છે. તો પછી ગોશાળાનું યથાર્થજીવન આળેખવામાં કયા ઉલ્લેખો પ્રમાણવાહી છે ? એ પ્રશ્ન છે. પણ અત્યારના કેટલાંક દષ્ટાંતો આ પ્રશ્નની ગુંચવણનો સરલ નિવેડો લાવે છે.

અત્યારે કેટલીક વ્યકિતઓ એવી છે કે-જેની બાલ્યવયમાં તેની માતાઓ " આ બાળક કોઇ બીજીના છોકરા સાથે બદલાવી લઉં તો સારૂં " એવો બળાપો કરતી હતી, તેજ બાળકો ભવિષ્યમાં મહાન પુરૂષ તરીકે પ્રસિદ્ધિ પામે છે. અરે તદ્દન નજીકમાંજ આંખ ઉઘાડીએ તો. ધર્માનન્દ કોશાંમ્બી અને પ્રો૦ + + + + નું જીવન કેટલું વિચિત્રતાપૂર્ણ છે ?

આજ રીતે ગોશાળો પણ ચીંથરે બાંધ્યુ રતન છે. માત્ર તે લોક કહેતી પ્રમાણે " ભણેલ પણ ગણેલ નહીં " બુદ્ધિશાળી પણ બુદ્ધિનો ઉપયોગ કરવાની ખામી વાળો સદ્દજ્ઞાની નહીં પણ વિરૂપજ્ઞાની હતો.

તે ખામી વીરપ્રભુના સહવાસથી અલ્પાંશે દૂર થાય છે.

એટલે જૈન ગ્રંથોમાં આળેખેલ ગોશાળાનો પ્રસંગ બીલ્કુલ સચ્ચાઇથીજ પૂર્ણ છે.

**જ્ઞાન**—પ્રભુ મહાવીરને સંપૂર્ણ જ્ઞાન હતું જ્યારે નિયત કરેલ જગતના પદાર્થોની-દ્રવ્યોની વ્યવસ્થા હજી પણ તેઓના જ્ઞાનસામર્થ્યની સાક્ષી આપે છે તેઓનો ઉપદેશ જગતના ઉદ્ધારની ચાવી છે.

**મોક્ષ**—તેઓએ જડ-ચૈતન્યની વહેંચણી કરી, આત્માને પોતાના મૂળ સ્વરૂપમાં સ્થાપી, આનન્દમય-સ્થાનની પ્રાપ્તિ કરી. આ મોક્ષની પ્રાપ્તિ એ પ્રભુ મહાવીરના આદર્શમાં અંતિમ સૂત્ર છે.

**ઉપસંહાર**—વીરચરિત્રનો લેખક કોણ હોઇ શકે ? તેણે કેટલું વિચારક થવું ઘટે ? તેની રેખા માત્ર આ નિબંધમાં દર્શાવવાથી આ નિબંધનું નામ "વીરચરિત્રનો લેખક" એવું રાખેલ છે.

વાંચકો વાંચી વિચારી યોગ્ય સૂચના આપશે. એ ઇચ્છા સાથે આ **રેખાચિત્ર** પુરૂં કરૂં છું.

---

# શ્રી મહાવીરના શ્રાવકો.

**શ્રી** મહાવીરજયંતી પ્રસંગના **જૈનયુગનો** આ ખાસ અંક હોવાને લીધે આમાં શ્રી વીરપ્રભુના ચરિત્રને અનુસરતા લેખોજ વિશેષ શોભાસ્પદ થાય એવા હેતુથી જૈનયુગના માનદતંત્રી શ્રીયુત મોહનલાલ દલીચંદભાઇ દેશાઇએ પસંદ કરી બહાર પાડેલા વિષયો પૈકીના 'શ્રી મહાવીરના શ્રાવકો' આ વિષય ઉપર યથામતિ બે શબ્દો લખવા આ પ્રયત્ન આદર્યો છે.

શ્રી મહાવીર પ્રભુના મહાન્ શ્રાવક સમુદાયમાં વિવિધગુણસમ્પન્ન અનેક શ્રાવકો હશે પરંતુ વાચનના પરિણામે અને શોધખોળના અંગે મને જેના જેના સંબંધે માહીતી મળી શકી તેટલાનોજ અહિં ઉલ્લેખ કરીશ, અને તે પણ લેખ વિશેષ લાંબો ન થઇ જાય તેવા ભયથી ટુંકાણમાંજ પતાવીશ માટે વિશેષ જાણવા માટે તેમનાં ચરિત્રો વિગેરે જોવાં.

**૧. ચેટક રાજા.**

એ વિશાલી નગરીના મહાન્ પ્રતાપી રાજ્યકર્ત્તા હતા, ક્ષત્રિયકુંડ ગ્રામના શ્રી સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલાના સગા ભ્રાતા હોવાને લીધે શ્રીમહાવીર સ્વામીના મામા થતા હતા. એમનું રાજ્ય અત્યંત વિશાળ હતું, નવમલ્લઇ અને નવલચ્છઇ સંજ્ઞક કાશી અને કૌશલ દેશના રાજાઓ અને પાવાપુરીનો રાજા હસ્તિપાળ વિગેરે એમના આજ્ઞાધારક ખંડણી ભરનારા રાજાઓ હતા. ગમે તેવા વિકટ પ્રસંગે પણ એક દિવસમાં એકથી અધિક બાણ કદિ છોડયું નથી એવી દઢ પ્રતિજ્ઞા પાળનાર હોવાથી એમનામાં કેટલું શૌર્ય, ધર્મપ્રેમ અને પ્રાણીઓ પ્રત્યે દયાભાવ હશે એ ચોખ્ખુ જણાઇ આવે છે, દૈવી સ્ખલના શિવાય એમનું બાણ કદિ પણ નિષ્ફલ જતું નહી. એમની સાતે પુત્રીઓ મહાસતી પરમ શ્રાવિકા હતી. તેમનાં નામ નીચે મુજબ—

૧. **પ્રભાવતી** વીતભયપત્તનના રાજા ઉદયનની પટ્ટરાણી.

૨. **પદ્માવતી**-ચંપાનગરીના દધિવાહન રાજાની પત્ની અને પહેલા પ્રત્યેકબુદ્ધ કરકંડુની માતા.

૩. **મૃગાવતી**—કૌશાંબી નગરીના શતાનીક રાજાની પત્ની.

૪. **શિવા**—ઉજ્જયિની નગરીના ચંડપ્રદ્યોત રાજાની પટ્ટરાણી.

૫. **જયેષ્ઠા**-કુંડપુરના સિદ્ધાર્થરાજાના પુત્ર અને મહાવીરના વડિલબંધુ નંદિવર્દ્ધનની પત્ની.

૬. **સુજયેષ્ઠા**-શ્રેણીકે પ્રપંચ કરી ચેલણાને વરી તેથી કુંવારાવસ્થાએજ દીક્ષા લીધી.

૭. **ચેલણા**-રાજગૃહનગરના રાજા શ્રેણિકની પત્ની

ચેટકરાજા શ્રી મહાવીર પ્રભુના મામા હોવાને લીધે અને જૈનધર્મની અભિવૃદ્ધિને માટે પોતાની રાજ્યઋદ્ધિનો

બનતો ભોગ આપેલો હોવાથી બૌદ્ધગ્રંથોમાંથી આ ચેટકરાજા સંબંધે વિશેષ કંઇ પણ માહિતી મળતી નથી માત્ર એમની રાજ્યધાની વિશાળા નગરીને પાંખડીઓની ભૂમિકા અથવા શારદાપીઠના નામે ઓળખાવી છે.

## ૨ શ્રેણિકરાજા.

રાજગૃહ નગરીના રાજા પ્રસેનજીતનો પરમપુણ્યશાલી સકળ ગુણસંપન્ન પુત્ર બૌદ્ધગ્રંથોમાં એને બિંબિસારના નામે ઓળખવામાં આવે છે, એ પ્રથમથીજ જૈનધર્માનુયાયી ન્હોતો, પરંતુ ચુસ્ત જૈનધર્માનુયાયી ચેટકરાજાની પુત્રી પરમશ્રાવિકા ચેલ્લણા સાથે લગ્ન થયા બાદ પોતપોતાના ધર્મગુરૂઓ સંબંધે પરસ્પર ચર્ચા થતી તેના પરિણામે અંતે સુવર્ણની પેઠે પરીક્ષા કરી રાજા શ્રેણિકે જૈનધર્મ અંગીકાર કર્યો અને પ્રભુ મહાવીરનો પરમભક્ત બન્યો.

જિનેશ્વર વર્દ્ધમાન પર, તેમનાં સાધુસાધ્વીઓપર અને જૈનધર્મ ઉપર તેમની એટલી અડગ શ્રદ્ધા થઇ હતી કે દેવતાઓએ માછીની જાળ પકડેલા સાધુનું અને ગર્ભવંતી સાધ્વીનું રૂપ વિકુર્વી માર્ગમાં મળી દરેક સાધુસાધ્વીઓને પોતાના જેવા અને તેથી પણ વિશેષ કુત્સિતાચારપરાયણ (ખરાબ ચાલના) જણાવ્યા છતાં જરાપણ શ્રદ્ધામાં ભેદ પડયો નહી.

શ્રેણિકરાજા હમેશાં સુવર્ણના એકસોઆઠ યવ ઘડાવી ત્રિકાળ જિનપૂજન કરતો એવું વર્ણન મેનાર્ય રુષિની કથામાં આવે છે તેથી પ્રભુપૂજા ઉપર એમની કેટલી ભાવના હતી એ સ્પષ્ટ જણાય છે.

એમનાથી જન્મભરમાં એકે શ્રાવકના વ્રતનું પાલન થઇ શક્યું નહોતું પરન્તુ માત્ર પ્રભુ મહાવીર ઉપર નિઃસીમ હાર્દિક ભક્તિભાવને લીધે તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું. એમના પુત્ર નંદિષેણ-મેઘકુમાર હલ્લ વિહલ્લ વગેરે શ્રી મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી હતી.

## ૩. અભયકુમાર.

પોતાના પિતાના ઠપકાને લીધે મુસાફરીએ નીકળેલા શ્રેણિક કુમારે પોતાના અનેક નિર્મલ ગુણોના પરિચયથી બેનાતટનિવાસી ધનવાહ શ્રેષ્ઠીની પુત્રી સુનંદા સાથે પાણિગ્રહણ કર્યું હતું તેનો પુત્ર અભયકુમાર મહાનબુદ્ધિશાલી અને અત્યંત વિચક્ષણ હતો. ગમે તેવા વિષમકાર્યમાં પણ એની બુદ્ધિ કદી પણ મુંઝાતી નહીં. એજ હેતુથી આજ પણ બેસતા વર્ષે ચોપડા લખવાની શરૂઆતમાં **'અભયકુમારની બુદ્ધિ હજો'** એમ લોકો લેખે છે.

આ અભયકુમાર સંબંધે જૈન ગ્રંથોમાં ઘણું વર્ણન કરવામાં આવેલું છે પરંતુ બૌદ્ધ ગ્રંથોમાં પણ એને નિગ્ગંઠ નાત્તપુત્તનો અનુયાયી જણાવેલો છે. જુઓ મજ્ઝિમનિકાયના ૫ મા (અભયકુમાર) સુત્તમાં લખ્યું છે કે-"નિગ્ગન્ઠ નાતપુત્તે તેને (**અભયકુમારને**) બુદ્ધની સાથે વાદ કરવા મોકલ્યો હતો. પ્રશ્ન એવો ચાલાકી ભરેલો તૈયાર કરવામાં આવ્યો હતો કે બુદ્ધ તેનો ગમે તેવા હકાર અગર નકારમાં જુબાપ આપે પણ તે સ્વાવરોધવાળા ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ દોષમાં સપડાયા વિના રહેજ નહી. પરંતુ આ યુક્તિ સફળ થઈ નહી અને પરિણામ તેથી ઉલટું આવ્યું કે અભય બુદ્ધાનુયાયી થયો. આ વર્ણનમાં નાતપુત્તના સિદ્ધાંત ઉપર પ્રકાશ પાડે એવું કંઇ તત્ત્વ નથી.

## ૪. ઉદયન રાજર્ષિ.

એ વીતભયપત્તનનો પ્રતાપી રાજા હતો, એને ચેટકરાજાની પુત્રી પ્રભાવતી નામે રાણી હતી, એકદા કોઇ વહાણના વેપારીએ ગોશીર્ષચંદનની દેવાધિદેવની પ્રતિમા રાજાને આપી તેની પૂજા કરી રાજા વાજીંત્ર વગાડતો હતો અને પ્રભાવતી રાણી ભક્તિથી નૃત્ય કરતી હતી. અનુક્રમે પ્રભાવતી મરણ પામી સ્વર્ગે ગઇ ત્યારે રાજાની આજ્ઞાથી તે પ્રતિમાની પૂજા કુબ્જિકા દાસી કરવા લાગી. એકદા ગંધાર નામનો શ્રાવક તે પ્રતિમાના દર્શન કરવા આવ્યો, દૈવયોગે તે માંદો પડયો, તેની ચાકરી તે દાસીએ કરી તેથી ખુશી થઇ ગંધારે તેણીને કેટલીક ગુટિકા આપી પછી તે ત્યાંજ મરણ પામ્યો. ગુટિકાના પ્રયોગથી તે દાસી મનોહર રૂપવતી થઇ તેથી તે ગુટિકાના અધિષ્ઠાયક દેવના સાહાય્યથી ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતના હૃદયમાં વસી. તે રાજા અનલગિરિ હાથી ઉપર ચઢી આવી તે પ્રતિમા સહિત દાસીનું હરણ કરી ગયો. તેની ખબર પડતાં ઉદયન રાજા ઉજ્જયિની-(અવંતી)

નગરીમાં સૈન્ય સહિત આવ્યો અને ચંડપ્રદ્યોતનો પરાજય કરી તેને પકડી કેદ કર્યો તથા તેના કપાળમાં 'આ દાસીપતિ છે' એવા અક્ષર લખ્યા. પછી ઉદાયન તે પ્રતિમા લેવા ગયો પરંતુ પ્રતિમા ચાલી નહી, છેવટ તેના અધિષ્ઠાયકે કહ્યું કે–"વીતભયપતન નગર ધૂળથી દટાઇ જશે માટે આ પ્રતિમા લઇ જવી નહી." પછી ઉદાયનરાજા ચંડપ્રદ્યોતને લઇ પોતાના નગર તરફ ચાલ્યો. માર્ગમાં વર્ષાઋતુ આવવાથી ત્યાંજ પડાવ નાખ્યો. અનુક્રમે પર્યુષણ પર્વમાં ઉદાયનને ઉપવાસ હોવાથી રસોઇઆએ ચંડપ્રદ્યોતને 'શું ખાવું છે?' એમ પુછ્યું એટલે તેણે પણ વહેમ આવવાથી કપટવડે પોતાને પણ પર્યુષણાનો ઉપવાસ છે એમ કહ્યું તે જાણી ઉદયન રાજાએ તેને સધર્મી કહી છોડી મુક્યો. અને તેના કપાળે તે અક્ષરો અદશ્ય કરવા માટે સુવર્ણપટ્ટ બાંધ્યો. પછી વર્ષાઋતુ પૂર્ણ થએ ઉદાયન રાજા પોતાના નગરમાં આવ્યો. અંતે પોતાના ભાણેજ કેશીને રાજ્ય સોંપી પ્રભુ મહાવીર પાસે દીક્ષા લઇ અંતિમ રાજર્ષિ થયો.

### ૫. ચંડપ્રદ્યોત.

આ રાજા શ્રી ચેટક મહારાજાનો જમાઇ અને પરમશ્રાવિકા શિવા દેવીનો ભર્તા હોવા છતાં પ્રથમ જૈન ધર્મ નહોતો પાળતો પરન્તુ ઉદાયન રાજા સાથે ઉપરોક્ત બનાવમાં કપટથી પણ પર્યુષણનો ઉપવાસ કર્યો અને બંદીખાનામાંથી મુક્તિ મળી તેથી ત્યાર પછી શુદ્ધ રીતે જૈન ધર્મ પરિપાલક બન્યો હતો.

### ૬. રાજા કોણિક.

રાજગૃહનગરીના શ્રેણિક અને ચેલ્હણાનો પુત્ર કે જેને બૌદ્ધગ્રંથોમાં અજાતશત્રુના નામે ઓળખવામાં આવે છે. તે પોતાના રાજ્ય ખટપટના કાર્યમાં ગમે તેવો હશે પરન્તુ પ્રભુ મહાવીરનો અનન્ય ભક્ત હતો. પ્રભુ મહાવીરના સામૈયામાં એણે જેટલી ધામધૂમ કરેલી અને પોતાનો દ્રવ્યનો સદુપયોગ કરેલો તેટલો બીજા કોઇ રાજાએ ભાગ્યેજ કર્યો હશે એથી જૈન આગમોમાં સામૈયાના પ્રસંગે **जहा कोणीए**ની સાક્ષી આપવામાં આવે છે. કેટલાકો એમ માને છે કે બુદ્ધના મૃત્યુ પહેલાં ૮ વર્ષે તેણે બૌદ્ધ ધર્મને આશ્રય આપ્યો હતો અને બૌદ્ધધર્મ વિષે એને મોટી શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી પરંતુ તે માન્યતા મોટી ભૂલ ભરેલી છે. એને બૌદ્ધધર્મ વિષે બિલકુલ લાગણી હતીજ નહી.

### ૭. શતાનીક રાજા

કૌશાંબી નગરનો ન્યાયનીતિમાન્ પ્રજાપાળક નરેશ રાજા ચેટકનો જમાઇ છદ્મસ્થપણે વિચરતા પ્રભુમહાવીરે પોષ વદિ પડવેને દિવસે અભિગ્રહ કર્યો કે–"પગમાં લોહની બેડી હોય, મસ્તક મુંડેલું હોય ત્રણ ઉપવાસી હોય, રૂદન કરતી હોય, રાજાની પુત્રી હોય છતાં તે દાસીની પેઠે રહેતી હોય, ઉંબરા વચ્ચે બેઠી હોય એવી કોઇ સ્ત્રી જો મને ભિક્ષા વેળા ટળી ગયા બાદ સુપડાના ખૂણામાંથી અડદના બાકળા વહોરાવે તો મ્હારે પારણું કરવું, અન્યથા નહી." આવો ઘોર અભિગ્રહ લઇ પ્રભુ મહાવીર હમેશાં ભિક્ષાવૃત્તિ માટે ઘરોઘર ફરતા પરંતુ કોઇથી પણ તે પૂર્ણ કરી શકાયો નહી. પરમ જૈન ધર્મી શતાનીક રાજા, ચેટકરાજાની પુત્રી મૃગાવતી રાણી, સુગોત્ર મંત્રી અને તેમની પત્ની નંદાએ ભિન્ન ભિન્ન જાતના ઘણા ઘણા ઉપાયો યોજેલા છતાં અભિગ્રહથી અજાણ હોવાને લીધે તેમાં તેઓ સફળ નિવડયા નહી; આખરે પાંચ દિવસ ઉન છ માસે સર્વ પ્રકારની અનુકુલતાએ ચંદનબાલાના હાથે પ્રભુએ પારણું કર્યું–સર્વને આનંદ થયો. પ્રભુને કેવળજ્ઞાન થયા બાદ ચંદનબાલાએ દીક્ષા લીધી અને શતાનીક રાજાની પત્ની મૃગાવતીએ તેનું શિષ્યત્વ સ્વીકાર્યું.

### ૮. નવમલ્લઇ અને નવલચ્છઇ.

કાશી દેશનાં મલ્લઇ જાતીના નવ રાજાઓ અને કોશલદેશના લચ્છઇ જાતીના નવ રાજાઓનાં જુદાં જુદાં નામ કે રાજ્યસ્થળો વગેરેની માહિતી મળતી નથીઃ માત્ર તેઓ વૈશાલી નગરીના ચેટકરાજાના સામંતો હતા અને નવમલ્લઇ, નવલચ્છઇની સંજ્ઞાથી ઓળખાતા એટલુંજ મલે છે. પ્રભુમહાવીરે પાવાપુરી નગરીના હસ્તિપાળ રાજાની કારકુન યોગ્ય સભામાં અંતિમ (છેલ્લું) ચાતુર્માસ કરેલું ત્યારે પ્રભુના આયુષ્ય કર્મની પૂર્ણતાની છેલ્લી રાત્રીએ એ અઢારે

રાજાઓ કારણ પ્રસંગે ત્યાં એકત્રિત થયા અને પ્રભુ મહાવીર પાસે અન્ન પાણી વગરનું અષ્ટમ ભકત (ત્રણ ઉપવાસ) કરેલું. ભાવઉદ્યોતકારક જ્ઞાનદિવાકર પ્રભુ મહાવીરનું નિર્વાણ થવાથી **गए से भावुज्जोए दव्वुज्जोयं करिस्सामो** એમ વિચારી તેઓએ રત્નાદિથી દ્રવ્યઉદ્યોત કર્યો ત્યારથી દીવાળી પર્વની પ્રવૃત્તિ થઇ.

બૌદ્ધગ્રંથ અંગુત્તરનિકાય, ૩,૭૪ માં વૈશાલીના લિચ્છવીઓમાંના વિદ્વાન્ રાજકુમાર અભય (આ અભયકુમાર-શ્રેણિકના પુત્રથી ભિન્ન સમજવો) માટે કેટલુંક લખવામાં આવેલું છે તેમ મહાવગ્ગ ૬,૩૬ (S. B. E. પુ. ૧૭ પૃ. ૧૦૮)માં સિંહનું એક વૃત્તાંત આપેલું છે તેમાં લખ્યું છે કે-"તે સિંહ લિચ્છવીઓનો સેનાપત્તિ હતો અને નાતપુત્તનો ઉપાસક હતો. તે બુદ્ધને મળવા ઇચ્છતો હતો. પરંતુ નાતપુત્ત ક્રિયાવાદી હોઇ બુદ્ધ અક્રિયાવાદી હતો તેથી તેની પાસે જવાની તેને ના કહેવામાં આવી હતી. પરંતુ તે તેની આજ્ઞાને ઉલ્લંઘી પોતાની મેળે બુદ્ધ પાસે ગયો અને બુદ્ધની મુલાખાતના પરિણામે તે તેનો અનુયાયી બન્યો" આથી પણ લિચ્છવી રાજાઓ મહાવીરના ભકત હતા એમ ચોખ્ખું જણાઇ આવે છે.

**૯ નંદિવર્દ્ધન**—પ્રભુમહાવીરના સગા વડિલબંધુ હોવાથી તેમના પૂર્ણ ભકત હોય એમાં નવાઈ નથી.

**૧૦ દશાર્ણભદ્ર**-દશાર્ણપુરનો રાજા, જેણે મોટા વિસ્તારવાળી સામગ્રીથી પ્રભુમહાવીરને વાંદ્યા હતા. અને ઇંદ્રની અવર્ણનીય ઋદ્ધિ દેખી પ્રતિબોધ પામી મહાવીર પાસે દીક્ષા લીધી હતી.

**૧૧ હસ્તિપાળ**—પાવાપુરીનો રાજા જો અન્ય ધર્માવલંબી હોત તો પ્રભુમહાવીરને ચતુર્માસ માટે અનુકુલતાવાળી પોતાની કારકુન યોગ્ય સભામાં સ્થાન આપતજ નહી.

## ૧૨ જીર્ણ શ્રેષ્ઠી.

એ વિશાલાપુરીનો પ્રખ્યાત શેઠ હતો, એનું અસલ નામ જિનદત્ત હતું. સ્વભાવે ઘણો દયાલુ હતો. પૂર્વ દુષ્કર્મના યોગે વૈભવનો ક્ષય થવાથી 'જીર્ણ-શ્રેષ્ઠી' નામે પ્રખ્યાત હતો. પ્રભુ મહાવીર છદ્મસ્થ અવસ્થાએ વિચરતા આવી ઉદ્યાનમાં બલદેવનાં મંદિરમાં પ્રતિમાએ રહ્યા. પ્રભુના શરીરનું દિવ્યતેજ અને અનેક લોકોત્તર લક્ષણો જોઇ 'આ છદ્મસ્થપણે રહેલા ચરમ તીર્થંકર છે' એમ નિશ્ચય થવાથી પ્રભુને વંદન કરી પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે-પ્રભુએ આજે ઉપવાસ કરી પ્રતિમા ધરી હોય એમ જણાય છે. આવતી કાલે મારે ઘેર પારણું કરે તો ઘણું સારૂં થાય. આવી આશાથી ચાર માસ સુધી હમેશાં પ્રભુની સેવા બંદગી બજાવી. ચાતુર્માસના છેલ્લા દિવસે પ્રભુને આમંત્રણ કરી ઘેર જઇ પ્રાસુક અને એષણીય ભોજનની તૈયારી કરી માર્ગ તરફ દૃષ્ટિ રાખી આનંદિત થતો અનેક ભાવના ભાવતો વાટ જોવા લાગ્યો, પ્રભુ કોઇના આમંત્રણની ઇચ્છા ન્હોતા કરતા. રાગીદ્વેષી પર સમાન ભાવે ફરતા ફરતા ત્યાંના અન્યધર્માવલંબી અને લક્ષ્મીના મદમાં છકેલા **'નવીન શેઠ'** ને ઘેર જઇ ચઢયા. તેણે દાસી પાસે અપાવેલા સુકાપાકા બાકલા વ્હોરી શુભ, અશુભ, શત્રુ, મિત્ર, રંક, રાજ ઉપર સમાન ચિત્તવાલા પ્રભુએ પારણું કર્યું. તત્કાળ ચેલોત્ક્ષેપ, વસુધારા, સુગંધીપુષ્પ, સુગંધીજલની, વૃદ્ધિ થઇ. અને દેવદુંદુભિ નાદ થયો. તે ધ્વનિ સાંભલી 'અહો મારા જેવા ભાગ્યહીનને ધિક્કાર છે. મારા મનોરથ સફલ ન થયા' વિગેરે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. જો દુંદુભિનો નાદ ક્ષણવાર મોડો સાંભલવામાં આવ્યો હોત તો કેવલજ્ઞાન પ્રાપ્ત કરત. અંતે બારમા અચ્યુત દેવલોકમાં દેવ થયો.

## ૧૩ ઢંકશ્રાવક.

એ શ્રાવસ્તી નગરીનો રહીશ અત્યંત સમૃદ્ધિમાન કુંભકાર હતો. એના સંબંધે નીચેની નોંધ ખાસ લેવાજેવી છે-'પ્રભુ મહાવીરનો જમાઇ જમાલીએ પ્રભુના વિચારથી ભિન્ન માન્યતાની પ્રરૂપણા કર્યા બાદ ગામાનુગામ વિચરતો આવીને શ્રાવસ્તી નગરીના ઉદ્યાનમાં નિવાસ કર્યો અને તેમની પત્ની (પ્રભુ મહાવીરની પુત્રી) એક હજાર આર્યાના પરિવાર સહિત એજ ઢંક શ્રાવકના ઘેર શાલામાં ઉતરી. તેને પ્રભુ મહાવીરનો સિદ્ધાંત સમજાવવાને ખાતર પોતાના નિભાડામાંથી એક તણખો તે પ્રિયદર્શના સાધ્વી ન જાણે તેવી રીતે તેના વસ્ત્ર ઉપર નાંખ્યો. વસ્ત્રને

બલતું જોઇ પ્રિયદર્શના બોલી કે–' અરે ઢંક ! જો, તારા પ્રમાદથી આ મારૂં વસ્ત્ર બળી ગયું.' ઢંકે કહ્યું કે–'હે સાધ્વી ! તમે મૃષા બોલો નહી, તમારા મત પ્રમાણે તો જ્યારે બધું વસ્ત્ર બલી જાય ત્યારેજ બલ્યું એમ કહેવું ઘટે. બળતું હોય તેને બળી ગયું કહેવું એતો શ્રી મહાવીર પ્રભુનું વચન છે અને આ અનુભવ તેમનું તે વચન સ્વીકારવાને યોગ્ય જણાય છે' પછી સાધ્વી પ્રતિબોધ પામી તત્ત્વ સમજી પોતાના પતિ જમાલીનો મત છોડી સર્વ પરિવારસહિત પ્રભુ મહાવીર પાસે આવી પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ સિદ્ધાંતમાં રૂચિવાલી થઇ.

**૧૪/૧૫/૧૬ ધન્નો, શાલિભદ્ર અને કૃતપુણ્યક.**

આ ત્રણે પુણ્યાત્માઓ માટે જૈન ગ્રંથોમાં ઘણો આકર્ષક અને આશ્ચર્યજનક ઘટના વાળો ઇતિહાસ મળે છે પરંતુ તે પ્રાયઃ પ્રચલિત હોવાથી અહિં વિશેષ લંબાણ કરતો નથી.

**૧૭ પુણિઓ શ્રાવક.**

આ શ્રાવક રાજગૃહી નગરીનો રહીશ હતો, હમેશાં રૂની પુણી વેચીને તેમાં મળતા ૧૨॥ દોકડા (બે આના) થીજ સંતોષ રાખીને આજીવિકા ચલાવતો હોવાથીજ તે પુણીયાના નામે પ્રસિદ્ધ થયો. પ્રભુ મહાવીરનો ખરેખરો ભક્ત અને પ્રથમ પંક્તિનો શ્રાવક હતો. તે સ્ત્રી ભર્ત્તાર બે જણ હતા. લાભાંતરાયના યોગે વધારે લક્ષ્મીની પ્રાપ્તિ ન થવાથી તેટલાથીજ સંતોષ માનતા. દરરોજ સહધર્મિવાત્સલ્ય (પોતાના સમાન ધર્મવાલાની ભક્તિ) કરવાના હેતુથી બન્નેજણ એકાંતરે ઉપવાસ કરતા પરંતુ જે દિવસે પુરૂષ ઉપવાસ કરે તે દિવસે સ્ત્રી જમતી અને સ્ત્રી ઉપવાસ કરે તે દિવસે પુરૂષ જમતો. એટલે એક શ્રાવકનું સાધર્મિવત્સલ્ય થતું. તે શિવાય બે આનામાંથી કંઇક બચાવીને દરરોજ પ્રભુ પાસે ફૂલના પગર ભરતા–ફૂલો ચઢાવતા. એ સંબંધે પૂજાકાર શ્રી વીરવિજયજી મહારાજ જણાવે છે કે–

"જેમ પુણીયો શ્રાવકરે સંતોષ ભાવ ધરે,
નિત્ય જિનવર પૂજેરે ફૂલપગાર ભરે."

બન્ને દંપતી દરરોજ સાથે બેસી સામાયિક કરતા. તેમની દ્રવ્ય શુદ્ધિ માટે એક વખતનો પ્રસંગ આ પ્રમાણે છે–એક દિવસ સામાયિક કરતાં ચિત્ત બરાબર સ્થિર થતુ ન હોવાથી આ શ્રાવકે શ્રાવીકાને પુછ્યું કે 'આજે ચિત્ત બરાબર સ્થિર કેમ થતું નથી ? આપણા ઘરમાં કંઇ અનીતિનું અથવા અદત્ત દ્રવ્ય–વસ્તુ આવેલ છે ? શ્રાવિકાએ બહુ વિચાર કરી કહ્યું કે–' બીજુંતો કાંઇ નહીં પણ આજે માર્ગમાં પડેલાં અડાયાં છાંણાં હું લાવી છું. શ્રાવકે કહ્યું કે–તમે ભૂલ કરી, એ છાણાં તો રાજદ્રવ્ય ગણાય, એ આપણાથી લેવાય નહી માટે આપણે રાખવા યોગ્ય નથી. પાછા રસ્તા ઉપર નાંખી દેજો.' પછી તે શ્રાવિકાએ તેમ કર્યું.

એક વખતે રાજા શ્રેણિકે પોતાની ગતિ માટે પ્રભુ મહાવીરને પ્રશ્ન કર્યો. પ્રભુએ નરકાયુ બાંધ્યાનું જણાવ્યાથી નરકે ન જવાય એવા ઉપાયો પુછ્યાં, પ્રભુએ બીજા ઉપાયો બતાવવા સાથે આ પુણીયા શ્રાવકની સામાયિક વેચાતી લેવાથી પણ નરકે ન જવું પડે એમ બતાવ્યો, શ્રેણિકે પુણીયાને બોલાવી બેઆની આપવા માગણી કરી, તેણે કહ્યું કે– હું આપવાની ના પાડી શકતો નથી પણ કિંમત શું લેવી તે હું જાણતો નથી તેથી જેણે તમને એ વેચાતી લેવાનું કહ્યું હોય તેને કિંમત પુછી આવો. તેની કિંમત પુછતાં પ્રભુ મહાવીરે સમગ્ર રાજ્ય આપવાથી તેની કિંમત પૂર્ણ ન થાય એવું જણાવવાથી નિરાસ થઈ શ્રેણીક સ્વસ્થાને ગયો.

**૧૮ અંબડ પરિવ્રાજક.**

આ મહાશય પ્રથમ શૈવધર્માનુયાયી હતો. પરંતુ પાછલથી પ્રભુ મહાવીરના ઉપદેશામૃતનું પાન કરવાથી તેમનો દૃઢ ભક્ત શ્રાવક બન્યો હતો. અનેક પ્રકારની તપશ્ચર્યા કરવાને લીધે એને અનેક રૂપ કરવા યોગ્ય વૈક્રિય લબ્ધિ અને આકાશગમનવિદ્યા પ્રાપ્ત થઇ હતી. ઇચ્છાનુકૂલ રૂપવિકુર્વણા માટે સુલસા શ્રાવિકાનો અને એનો પ્રસંગ વિચારીએ–એક દિવસે પ્રભુ મહાવીરની દેશના સાંભલી પ્રજા વિસર્જન થયે આ અંબડ સંન્યાસીએ પોતાને રાજગૃહ નગર તરફ જવાની ઇચ્છા દર્શાવી. ત્યારે પ્રભુ મહાવીરે સ્વયંમુખ રાજગૃહ નગરીમાં વસતા નાગ નામના રક્ષકારની પત્ની

સુલસા શ્રાવિકાને ધર્મલાભપૂર્વક કુશલતા પુછવાનું જણાવ્યું. પ્રભુ મહાવીરને વંદના નમસ્કાર કરી આકાશમાર્ગે ઉડી તત્કાળ રાજગૃહી નગરીમાં આવ્યો.

પોતાને તો શ્રી મહાવીર સ્વામીના વચન ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો પરંતુ પ્રભુ જેને કુશળતા પુછાવે છે તે સુલસાને કેવી અડગ શ્રદ્ધા છે તેની પરીક્ષા માટે રાજગૃહ નગર બહાર પૂર્વ દિશાના દરવાજા આગળ ચાર મુખ, ચાર ભુજા, બ્રહ્માસ્ત્ર, ત્રણ અક્ષસૂત્ર અને જટા મુકુટ ધારણ કર્યા. પદ્માસન વાળ્યું, સાવિત્રી અને હંસવાહનથી અલંકૃત થઇ વેદોચ્ચાર કરતા સાક્ષાત્ બ્રહ્માજીનું સ્વરૂપ ધારણ કર્યું. આ વાતની લોકોને ખબર થતાં લોકોનાં ટોળેટોળાં દર્શનાર્થે આવવા લાગ્યા અને સાક્ષાત્ બ્રહ્માનાં દર્શન કરવાથી પોતાનાં અહોભાગ્ય માનતા આનંદિત થયા. પણ સુલસા ત્યાં ગઇ નહી. તેતો પોતાના મનમાં વિચાર કરવા લાગી કે-જ્યાં સ્ત્રી સંગ છે ત્યાં કામેચ્છા અસંપૂર્ણ પણ હોય છે. જે અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરે તેને કોઈ પણ શત્રુનો ભય હોવો જોઇએ. શ્રમ, ખેદ ન હોય તો વાહનની પણ જરૂર ન હોય. જપમાલા ધારણ કરનારને પોતાના જાપમાં ભૂલ થવાનો પ્રસંગ વ્યંજિત થાય અથવા તેનો ઉપરી પણ કોઇ આશામી હોવો જોઇએ કે જેનું તે સ્મરણ કરે. જેને શૌચ કરવાની જરૂર હોય તેને કમંડલુ રાખવાની ફરજ પડે. તો પછી એવા અનેક દોષોથી યુક્ત આપણા જેવા સંસારી-સામાન્ય જીવ મુક્તિ આપવાને કેમ સમર્થ થઈ શકે ? જેઓ પોતે દરિદ્રી હોય તે શું બીજાને ધનાઢય બનાવી શકે ? માટે સર્વ દોષમુક્ત પ્રભુ મહાવીરજ અસલ બ્રહ્મા છે. કહ્યું છે કે:—

"उर्वश्या मुदपादि रागबहुलं चेतो यदीयं पुनः
पात्रीदण्डकमण्डलुप्रभृतयो यस्याऽकृतार्थस्थितिम्।
आविर्भावयितुं भवन्ति स कथं ब्रह्मा भवेन्मादृशा
रागद्वेषकषायदोषरहितो ब्रह्मा कृतार्थोऽस्तु नः ॥

બીજે દિવસે દક્ષિણ દિશાના દરવાજા બહાર શંખ, ચક્ર, ગદા અને ખડ્ગ ધારણ કરી, લક્ષ્મી યુક્ત ગરૂડ ઉપર બિરાજમાન થઇ સાક્ષાત્ વિષ્ણુ ભગવાન્ પધાર્યાનો લોકોને વ્યામોહ ઉત્પન્ન કર્યો. સર્વ લોકો દર્શનાર્થે તેજ પ્રમાણે ગયા અને સુલસાને દર્શન કરવાનું કહ્યું પણ સુલસા તો તેજ પ્રમાણે વિચાર કરી દોષ રહિત વિષ્ણુના સ્વરૂપનું ચિંતવન કરવા લાગી. જેમકે—

"यत्नाद् येन विदारितं कररुहै दैत्येन्द्रवक्षःस्थलं
सारथ्येन धनञ्जयस्य समरे योऽमारयत् कौरवान्।
नाऽसौ विष्णुरनेककालविषयं यज्ज्ञानमव्याहतं
विश्वं व्याप्य विजृम्भते सतु महाविष्णुर्विशिष्ये मम॥

ત્રીજે દિવસે પશ્ચિમ દિશાના દરવાજે શંકરનું રૂપ ધરીને બેઠો. ઋષભનું વાહન રાખ્યું. લલાટે અર્ધચંદ્રને ધારણ કર્યો. પાર્વતી સાથે રાખી, ગજ ચર્મના વસ્ત્રો પહેર્યાં, ત્રણ નેત્ર કર્યાં, શરીરે ભસ્મનો અંગરાગ કર્યો. ભુજામાં ખટ્વાંગ, ત્રિશૂળ અને પિનાક રાખ્યા, ગળામાં કપાળોની રૂંડમાળા ધારણ કરી અને ભૂતોના વિવિધ ગણોથી સંયુક્ત થઇને ધર્મોપદેશ કરી લોકોને આકર્ષિત કર્યા, પરંતુ ઉપર પ્રમાણે વિચાર કરી સુલસા જરા માત્ર પણ ડગી નહી. અને

"दग्धं येन पुरत्रयं शरभवा तीव्रार्चिषा वन्हिना,
यो वा नृत्यति मत्तवत् पितृवने यस्यात्मजो वा गुहः।
सोऽयं किं मम शङ्करो भयरुषाऽज्ञानार्त्ति मोहक्षयं
कृत्वायः स तु सर्ववित् तनुभृतां क्षेमंकरः शङ्करः ॥

એવા શુદ્ધ શંકરનું સ્મરણ કરતી રહી.

ચોથે દિવસે ઉત્તર દિશામાં ત્રણ ગઢ વિગેરે દિવ્ય શોભાયુક્ત સમવસરણ રચી જિનેશ્વરનું રૂપ ધારણ કરી બેઠો. લોકોની મોટી મેદિની ધર્મમાં ભળવા આવવા લાગી, સુલસાને ત્યાં પણ આવેલી જોઈ નહી તેથી તેને ચળાવવા માટે ખાસ માણસ મોકલી કહેવડાવ્યું કે-'શ્રી વીરસ્વામી સમોસર્યા છે છતાં તું વંદનાર્થે અને ધર્મોપદેશ સાંભળવા આવવામાં કેમ વિલંબ કરે છે ?' ત્યારે સુલસાએ કહ્યું કે-'આ ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ નથી,'

'અરે મુગ્ધા ! આતો પચ્ચિસમા તીર્થંકર છે.' માણસે કહ્યું.

'કદિ પણ પચીસમા તીર્થંકર થાયજ નહી. આ કોઈ પાખંડી હશે.' સુલસાએ ઉત્તર વાળ્યો. આખરે

કોઈ પણ રીતે સુલસાને ચલાયમાન ન કરી શકવાથી પોતાનું અસ્કલ રૂપ કરી 'નૈષેધિકી' બોલતો સુલસાને મળ્યો. સુલસાએ પણ ધર્મબંધુ જાણી યથાયોગ્ય સત્કાર સન્માન કર્યું. પછી વીરપ્રભુએ કહ્યા પ્રમાણે કુશળતા પુછી પોતાને સ્થાનકે ગયો." શુદ્ધ મનોભાવથી શ્રી વીર પરમાત્માના વચન ઉપર અડગ શ્રદ્ધા રાખી ધર્મારાધન કરી અન્તે તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કર્યું. જેથી આગામી ચોવીસમો દેવ તીર્થંકર થશે.

પ્રભુ મહાવીરનો શ્રાવક વર્ગ એકંદરે એક લાખ ઓગણસાઠ હજારનો હતો પરંતુ તે સર્વમાં આદિ દશ શ્રાવકો મુખ્ય ગણાતા હતા, તેમનું વૃત્તાન્ત ઉપાસક દશાંગ સૂત્રમાં મોટા વિસ્તારથી આપવામાં આવેલ છે પરંતુ તેનાથી ઘણો ખરો જૈનસમાજ વાકેફગાર હોવાથી અત્રે માત્ર તેમની નોંધ પુરતી હકીકત આપી વાચક વર્ગને વિશેષ કંટાળો ન આપતાં હું મારા લેખની પરિસમાપ્તિ કરીશ.

**૧૯ આનંદ શ્રાવક.**

આ વાણિજ્યગ્રામનો રહેવાસી ગૃહપતિ હતો. એમની પત્નીનું નામ શિવાનંદા હતું. ચાર ક્રોડ સોનૈયા ભંડારમાં, ચાર ક્રોડ વ્યાજે અને ચાર કરોડ વ્યાપારમાં ફરતા હતા. અને દશ દશ હજાર ગાયોના પ્રમાણવાળા ચાર ગોકુલનો માલિક હતો છતાં પણ અનેક પ્રકારની સાવદ્ય વસ્તુઓનો પરિત્યાગ કરી અત્યંત કડક શ્રાવકવ્રતનું પાલન કરતો હતો.

**૨૦ કામદેવ.**

ગંગા નદીના તટ ઉપર આવેલી ચંપા નગરીનો રહીશ કુળપતિ હતો, એને ભદ્રા નામે ભદ્ર પ્રકૃતિ ધર્મપત્ની હતી. અઢાર કરોડ સોનૈયા અને છ ગોકુળની સંપત્તિ હતી.

**૨૧ ચુલની પિતા.**

કાશીનગરીનો રહેવાસી ચોવીસ કરોડ સોનૈયા અને આઠ ગોકુલનો સ્વામી ધનાઢ્ય ગૃહસ્થ હતો. એમની સહધર્મચારિણીનું નામ શ્યામ હતું.

**૨૨ સૂરદેવ.**

એજ કાશીનગરીનો રહીશ ગૃહસ્થ, ઉપરોક્ત કામદેવ શ્રાવક જેટલી સમૃદ્ધિવાળો પ્રખ્યાત ગૃહસ્થ હતો. એની પતિધર્મપરાયણ પત્નીનું નામ ધન્યા હતું.

**૨૩ ચુલ્લશતક—**

આ ગૃહસ્થ આલંભિકા નગરીનો રહીશ કામદેવ જેટલી સંપત્તિવાળો હતો. એમની પત્નીનું નામ બહુલા હતું.

**૨૪ કુંડકોલિક—**

એ પણ કામદેવ જેવી લક્ષ્મીવાળો કાંપિલ્યપુરનો પ્રખ્યાત ગૃહસ્થ હતો. એમની ધર્મપત્ની પુષ્પા પણ એમના જેવીજ ધર્મપરાયણ હતી.

**૨૫ શબ્દાલપુત્ર—**

એ પોલાશપુર નગરનો કુંભકાર હતો. પત્નીનું નામ અગ્નિમિત્રા હતું. ત્રણ કરોડ સોનૈયા એક ગોકુળ અને પાંચસો કુંભકારની દુકાનોની સંપત્તિ હતી. એ પ્રથમ ગોસાળાનો અનુયાયિ હતો. પાછળથી પ્રભુ મહાવીરનો પરમ શ્રાવક બન્યો હતો.

**૨૬ મહાશતક—**

એ રાજગૃહ નગરીનો પ્રખ્યાત ગૃહસ્થ હતો. સંપત્તિમાં ચુલનીપિતાની સમાનતાવાલો હતો. એને રેવતી વિગેરે તેર સ્ત્રિઓ હતી. તેમાં રેવતી આઠ કોટી સુવર્ણ અને આઠ ગોકુળ પોતાના પિહરથી લાવી હતી. બીજી સ્ત્રીઓ એકેક ગોકુળ અને એકેક કોટી સુવર્ણ લાવી હતી.

**૨૭ નંદિની પિતા—**

શ્રાવસ્તી નગરીનો રહીશ અને ઉપરોક્ત આનંદ શ્રાવક જેટલી સંપત્તિવાળો હતો એને અશ્વિની નામે ગૃહિણી હતી.

**૨૮ લાંતકપિતા—**

એજ નગરીનો નિવાસી આનંદ શ્રાવકના જેવી સમૃદ્ધિ યુક્ત પ્રખ્યાત ગૃહસ્થ હતો, એને ફાલ્ગુની નામે ધર્મપત્ની હતી. એમનાં ઘણાંખરાં વ્રતો-નિયમો આનંદ અને કામદેવાદિના સરખાંજ હતાં અને સર્વે શ્રાવકો સ્વર્ગગતિ પામ્યા હતા.

આ પ્રમાણે **ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત્રે**નું દશમ પર્વ અને ભરતેશ્વર બાહુબલી વૃત્તિના

આધારે જે જે શ્રાવકોના અંગે કંઇક માહીતી મળી શકી તે અત્રે આપી છે. તથા શ્રેણિક, કોણિક, અભયકુમાર અને સિંહ લિચ્છવીના સંબંધમાં પ્રાતઃ સ્મરણીય ગુરૂવર્ય શ્રી અમરવિજયજી મહારાજ કૃત **જૈનેતર દૃષ્ટિએ જૈન**નો પણ ઉપયોગ કર્યો છે. એ શિવાય ભગવતીસૂત્ર, સૂત્રકૃતાંગ વિગેરે સૂત્રોમાંથી બીજા કેટલાક શ્રાવકોનાં નામો તથા ટુંક બીના મળી શકવાનો સંભવ છે પરંતુ મ્હારી પાસે અત્યારે તેવાં સાધનોના અભાવ હોવાથી એટલેથીજ સંતોષ માની, પ્રમાદ કે દૃષ્ટિદોષને લીધે લખાએલા શાસ્ત્ર-પરંપરા વિરૂદ્ધ ઉલ્લેખ માટે **મિચ્છામિ દુક્કડં** દેઇ તે તે સ્થળે સુધારી વાંચવા અને યોગ્ય જણાય તો મને સૂચિત કરવા સજ્જન પુરૂષો પ્રત્યે અભ્યર્થના કરી વિરમું છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**ભરૂચ**. તા. ૨-૨-૨૬,
લિ. મુનિ **ચતુરવિજય.**

---

# શ્રી જિનેશ્વર સૂરિકૃત મહાવીર જન્માભિષેક.

**૧ આ મૂલ અપભ્રંશમાં છે. સંગ્રાહક સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસ.**

સિદ્ધત્થ મહા નરરાય વંસ, સર રાયહંસ મુણિરાય હંસ,
તેલુક્કનાહ જય દીહબાહ, જય ચરમ જિણેસર વીરનાહ ॥૧॥
તુહ મજ્જણુ જે જિણ કુણહિ, ભવ્વ તે પાવહિં સપઇ નાહ સવા,
ઉચ્છિન્નરૂદ્દ દાલિદ્દકંદ, પણયામરવિંદ જિણિંદ ચંદ. ॥૨॥
સાધન્ન પુન્ન સુકયત્થ વીર સિરિ તિસલદેવિ જસુ ઉયરિ ધીર;
ઉપ્પન્નુ સયલ તેલુક્કનાહુ, તુહુ ગુણગણરયણુહ સલિલનાહુ. ॥૩॥
સુરસિહરિ મિલિય ચઉસટ્ઠિં ઇંદ જંમકખણિ. તકખણિ તુહ જિણિંદ,
કેઊર મઉડ કડિ સુતહાર, ચલ કુંડલ મંડિય ભત્તિ સાર. ॥૪॥
નિય નિય વિસેસ પરિવાર જુત્ત, ઉલ્લસિય ચારુ રોમંચ ગત્ત;
ખીરોહિ ખીર ભરપૂરિએહિં, સયવત્ત વિહાણુ વિભૂસિએહિં. ॥૫॥
મણિ કણગ રયણ ગણ નિમ્મિએહિં,
કલસેહિ વિસાલ સુનિમ્મલેહિં,
તુહ મજ્જણુ સજ્જણુ વિહિય તોસુ. ॥૬॥
કલ્લાણવલ્લિ કય પરમ પોસુ, અગમ વિહાણિ કરિં વયણ કોસુ;
વિરમંતિ સુરેસર સયલ તત્થ, સંપુન્ન પુન્ન ભાવણુ કયત્થ. ॥૭॥
વર રંભ તિલુત્તમ અચ્છરાઉ, નચ્ચંતિ ભત્તિભર નિબ્ભરાઉ;
ગાયંતિ તાર હારૂજ્જલાઇં, તુહ ચરિયઇ જિણવર નિમ્મલાઇં. ॥૮॥
વજ્જંતિ ઢંક ઢંઘુક્ક ઘુક્ક, કંસાલ તાલ તિલિમાહુ ડુક્ક;
ઉપ્પિંપતઇં ત સુરવરવિમાણુ, મહમંડલિ દીસહિ પવર જાણુ. ॥૯॥
જય જય રવુ કેવિ કરંતિ દેવ, જોડિય કરસંપુડ કરહિ સેવ,
કિવિ અટ્ઠ વર મંગલાઇં, તુહ પુરઉ કરહિ કય-મંગલાઇં. ॥૧૦॥
મન્નંતિ અપ્પુ સુકયત્થુ પુન્ન, તહિં સયલ સુરાહિવ સુકયપુન્ન;
જં ન્હવિઉ અજ્જ સિરિ તિજયનાહુ, નિવ્વિય ભવિય ભવ દહણુ દાહુ. ॥૧૧॥
કલ્લાણવલ્લિ ઉલ્લાસ કંદુ, તેલુક્ક પરમ આણંદચંદુ;
હલ્લુપ્ફલ સુર કરઇ નટ્ટ રંગ, જંમકખાણુ, તુહ જિણુ જયઉ ચંગુ. ॥૧૨॥
જમ્માભિસેઉ કયતિ જગસેઉ, ભવિયણ નિન્નાસિય પાવ લેઉ,
તુહ કરહિ દેવ દેવિંદ વિંદ છે અસુરિંદ ફણિંદ સ જોઇ-સિંદ. ॥૧૩॥
જિમ મેરુંમિ અમરેસરા મજ્જણું, કરહિ તુહ વીર ગિરિધીર દુહ તજ્જણું;
સદ્દ સુવિયટ્ટત તહ કુણહિ જે સંપય, સુત્તવિહિણાઉ તે લહહિ પરમં પયં. ॥૧૪॥

—શ્રી મહાવીર દેવજન્માભિસેઉ કૃતિ રિયં શ્રી જિનેશ્વર સૂરીણાં

## ૨. સંસ્કૃત છાયા

( છાયાકાર—પં. લાલચંદ ભગવાનદાસ ગાંધી )

सिद्धार्थ महानर राजवंशसरो–राजहंस ! मुनि-
राजहंस ! ।
त्रैलोक्यनाथ ! जय दीर्घबाहो ! जय चरम
जिनेश्वर ! वीरनाथ ! ॥१॥
तव मज्जनं ये जिन ! कुर्वन्ति भव्यास्ते प्राप्नु-
वन्ति सत्पदं नाथ ! सर्वो ।
उच्छिन्नरौद्रदारिद्र्यकन्द ! प्रणतामरवृन्द !
जिनेन्द्रचन्द्र ! ॥२॥
सा धन्या पुण्या सुकृतार्था वीर ! श्री त्रिश-
लादेवी यस्या उदरे धीर !
उत्पन्नः सकलत्रैलोक्यनाथस्त्वं गुणगणरत्ना-
नां सलिलनाथः ॥३॥
सुरशिखरिणि मिलिताश्चतुःषष्टिरिन्द्रा जन्म-
क्षणे तत्क्षणं तव जिनेन्द्र !
केयूर–मुकुट–कटिसूत्र–हार–चलकुण्डमण्डिता
भक्तिसाराः ॥४॥
निजनिजविशेषपरिवारयुक्ता उल्लसितचारु-
रोमाञ्चगात्राः ।
क्षीरोदधिक्षीरभरपूरितैः शतपत्रविधानवि-
भूषितैः ॥५॥
मणि–कनक–रत्नगणनिर्मितैः कलशैर्विशालैः
सुनिर्मलैः !
तव मज्जनं सज्जन विहित तोषम् ॥६॥
कल्याणवल्लिकृतपरमपोषमागमविधानेन कृत्वा
वदनकोषम् ।
विरचयन्ति सुरेश्वराः सकलास्तत्र सम्पूर्ण-
पुण्यभावनाकृतार्थाः ॥ ७ ॥
वररम्भा–तिलोत्तमा अप्सरसो नृत्यन्ति
भक्तिभरनिर्भराः ।
गायन्ति तार–हारोज्ज्वलानि तव चरितानि
जिनवर ! निर्मलानि ॥ ८ ॥
वाद्यन्ते ढक्का ढबुक्बुकं (?) कांस्यताल–ताल
–त्रिवलिहुडुक्कं (?)
दीप्यन्ते तानि सुरवरविमानानि मह(ही)
मण्डले दृश्यन्ते प्रवरयानानि ॥९॥
जय जय रवं केऽपि कुर्वन्ति देवा योजितक-
रसम्पुटाः कुर्वन्ति सेवाम् ।
केऽप्यष्ट वरमङ्गलानि तव पुरतः कुर्वन्ति कृत-
मङ्गलानि ॥ १० ॥
मन्यन्त आत्मानं सुकृतार्थं पुण्यं तत्र सकल-
सुराधिपाः सुकृतपूर्णाः ।
यत् स्नापितोऽद्य श्रीत्रिजगन्नाथो निर्वापित.
भव्यभवदहनदाहः ॥११॥
कल्याणवल्ल्युल्लासकन्दस्त्रैलोक्यपरमानन्द-
चन्द्रः ।
ससम्भ्रमं सुराः कुर्वन्ति नृत्यरङ्गं; जन्मक्षण-
स्तव जिन ! जयतु चङ्गः ॥१२॥
जन्माभिषेकं कृतत्रिजगच्छ्रेयसं भविजन
निर्नाशितपापलेपम् ।
तव कुर्वन्ति देवदेवेन्द्रवृन्दा असुरेन्द्राः फणी-
न्द्राः सज्योतिषेन्द्राः ॥१३॥
यथा मेरावमरेश्वरा मज्जनं कुर्वन्ति तव वीर !
गिरिधीर ! दुःखतर्जनम् ।
शब्दसुविदग्धास्तथा कुर्वन्ति ये साम्प्रतं सूत्र-
विधिना तु ते लभन्ते परमं पदम् ॥१४॥
श्री महावीरदेवजन्माभिषेकः कृतिरियं
श्री जिनेश्वरसूरीणाम् ।

## ૩ ગૂજરાતી છાયા.

### (પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી)

સિદ્ધાર્થ મહાનરરાજવંશ-સરોરાજહંસ ! મુનિ-રાજહંસ !
ત્રૈલોક્યનાથ ! જય દીર્ઘબાહુ ! જય ચરમજિનેશ્વર ! વીરનાથ ! ૧
તુઝ મજ્જન જે જિન ! કરે, ભવ્યો તે પામે સંપદ્ નાથ! સર્વે;
ઉચ્છેદક રૌદ્ર દારિદ્ર-કંદ ! પ્રણમે અમરવૃન્દ જિનેંદ્રચંદ્ર !૨
તે ધન્ય પુણ્ય સુકૃતાર્થ વીર !, શ્રી ત્રિશલાદેવી જસ ઉદરે ધીર !;
ઉત્પન્ન સકલ-ત્રૈલોક્યનાથ !, તું ગુણગણ-રત્નોનો સલિલનાથ ! ૩
સુરશિખરી પર મલ્યા ચોસઠ્ઠ ઇંદ્ર, જન્મક્ષણે તત્ક્ષણ તુઝ જિનેંદ્ર !
કેયૂર-મુકુટ-કટિસૂત્ર-હાર-ચલકુંડલમંડિત ભક્તિસાર.૪
નિજ નિજ વિશેષ પરિવાર યુક્ત, ઉલ્લસ્યાં ચારુ રોમાંચ ગાત્ર;
ક્ષીરોદધિ-ક્ષીર-ભરપૂર, શતપત્રવિધાન-વિભૂષિત. ૫
મણિ-કનક-રત્નગણ-નિર્મિત, કલશે વિશાલે સુનિર્મલે;
તુઝ મજ્ઝન સજ્જનને કરે તોષ ૬
કલ્યાણવલ્લિનો કરે પરમપોષ, આગમવિધાને કરે વદનકોષ;
વિરચે સુરેશ્વર સકલ તત્ર, સંપૂર્ણ-પુણ્ય ભાવના-કૃતાર્થ. ૭
વર રંભા તિલોત્તમા અપ્સરા, નાચે ભક્તિભર-નિર્ભરા;
ગાય તારા-હાર-ઊજલાં, તુઝ ચરિતો જિનવર ! નિર્મલાં. ૮
વાગે ઢક્કા ઢમુક્કમુક્ક, કાંસતાલ તાલ તબલાં હુડુક્ક (?);
ઓપતાં તે સુરવર-વિમાન, મહીમંડલે દીસે પ્રવર યાન.૯
જય જય રવ કોઇ કરે દેવ, જોડી કરસંપુટ કરે સેવ;
કેઇ આઠ વર મંગલ, તુઝ પાસ કરે કૃતમંગલ. ૧૦
માને આત્માને સુકૃતાર્થ પુણ્ય, ત્યાં સકલ સુરાધિપ સુકૃતપુણ્ય;
જેથી ન્હવરાવ્યો આજે શ્રી ત્રિજગનાથ, બૂઝવનાર ભવ્યભવ-દહન-દાહ. ૧૧
કલ્યાણવલ્લિ-ઉલ્લાસ-કંદ, ત્રૈલોક્ય-પરમાનંદ-ચંદ્ર;
હલ્લપ્ફલ સુર કરે નાટ્યરંગ, જન્મક્ષણ તુઝ જિન ! જયો ચંગ. ૧૨
જન્માભિષેક કૃતાત્રજગત-શ્રેય, ભવિજન-નિર્નાશિત-પાપલેપ;
તુઝ કરે દેવ-દેવેન્દ્ર-વૃંદ, અસુરેંદ્ર ફણીંદ્ર સહ જ્યોતિષેંદ્ર. ૧૩
જેમ મેરુ પર અમરેશ્વરો મજ્જન, કરે તુજ વીર ! ગિરિધીર ! દુઃખતર્જન;
શબ્દ (?) સુવિદગ્ધો તેમ કરે જે સાંપ્રત, સૂત્ર વિધિએ તે લહે પરમપદ. ૧૪

[ શ્રી મહાવીરદેવ-જન્માભિષેક. આ શ્રી જિનેશ્વર[1]સૂરિની કૃતિ[2] છે. ]

---

૧ આ જિનેશ્વરસૂરિ મ્હારા ધારવા પ્રમાણે તે હોવા જોઇએ કે-જેનો થોડો પરિચય મેં 'વીરરાસ'ના ટિપ્પનમાં આપ્યો છે.—લા. ભ.

૨ આ જન્માભિષેક (મૂલ) ની ભાષા અપભ્રંશ (પ્રાકૃત વ્યાકરણ નિયમિત) કહી શકાય, જેના પર પાઠકોનો દૃષ્ટિપાત પ્રથમ થશે; તેની સંસ્કૃત અને ગૂજરાતી અમ્હારી કરેલી છાયાથી પાઠકોને યત્કિંચિત અંશે સહાયતા થશે, તો અમ્હારો પ્રયાસ સફલ થયો માનીશું.—લા. ભ.

# રાજતિલક ગણિકૃત શાલિભદ્ર રાસ.

[ સંગ્રાહક—સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસ. ]

**થંભણપુરિ** પહુ **પાસ**નાહ પણમેવિણુ ભત્તિએ,
હઉં **પભણિસુ** સિરિ**સાલિભદ્દ** મુણિતિલયહ રાસૂ;
ભવિયહુ નિસુણહુ જેણ તુમ્હ હુઇ સિવપુરિ વાસુ ॥૧॥
**અત્થિ** પુહવિ વર નયર **રાઉગિહિ** લચ્છિહિ પુન્નઉ,
**જિણુ** નિજિજય ગય અંતરિકિખ **અમરાવઇ** મન્નઉં,
**રજ્જુ** કરઇ તહિં અમરરાઉ જિવ **સેણિઉ** રાઉ;
**ભંજિય** બલ ભુયદંડ ચંડ વેરિય ભડવાઉ. ॥૨॥
**તત્થ વસઇ ગોભદ્દ** સિટ્ઠિ ધણુજિય **ધણઇ**સરુ,
દીણ દુહિય **સાહારુ** નિચ્ચહિય વાસિ જિણેસરુ;
**રૂવિણુ** નિજિજય **ગઉરિ લચ્છિ** ભજ્જા તસુ **ભદ્દા**,
**નિરુવમ** સીલપભાવ ભાવિ મણવંચ્છિય ભદ્દા. ॥૩॥
**ઉપ્પન્નઉ** તસુ કુચ્છિ **લચ્છિ** જિવ કામુ સુરૂવિણ,
**ગોવાલય સંગમય** જીવુ મુણિદાણ—પભાવિણ,
**ઉજ્જોયં**તઉ દિસહ ચકકુ સંજાયઉ પુત્રુ,
**સાલિખિત્ત—સુમિણેણ**, કહિય સોહગ્ગ પુન્નૂ. ॥૪॥
**ઘાત—અત્થિ** સિરિ પુરુ પુરુ **રાયગિહ** નામુર, પાલેઇ
**સેણિઉ** પરવરાઉ, રજ્જ તહિં વેરિ—ખંડણુ,
**ગોભદ્દ** સિટ્ઠિ પવર તાસ ભજ્જ સંજાઉ નંદણુ,
**કંતહિં** જોઈય દિસિ પડલુ **સંગમિઉ** ગોવાલુ,
સાહુદાણ—**કમલહ**તણઉં વિત્થરિયઉ કિરિ નાલુ. ॥૫॥
**તસુ સુહ વાસરિ સાલિભદ્દ** ઇય રઇયં નામૂ,
**માય પિયરિ** પિય બંધવાણ સંગમિ **અભિરામૂ**
**વદ્ધઈ** જિવ જિવ **ચંદુ** જેવ સો જણયાણંદુણુ,
**તિવ** તિવ વિયસિય કુમુય જેવ **ભદ્દા** હરિસિયતણુ. ॥૬॥
**અહિ** પરિણાવિઉ **સાલિભદ્દ** બત્તીસ કુમારી,
**તિહુયણિ સયલવિ** જાહ નત્થિ પડિછંદઉ નારી;
**ચરમ** જિણેસર પાસિ દિકખ લેઇ **ગોભદ્દુવિ**,
**દેઉ હૂઅઉ** દેવલોઈ કરઇ મણ—ચિંતિઉ સવ્વવિ. ॥૭॥
**દેઉ સુ** પૂરઇ દેવ તણઉ નિતુ નિતુ આહાર,
**ભજ્જા—સહિતહિ** નિયય **પુત્ત** આભરણહ ભારુ;
**અચ્છર—ગણ સઉ** ઈંદુ જેવ વિલસઇ તિત્ર નિચ્ચૂ,
**કામિણિ—જણ** સઉ **સાલિભદ્દુ** અગણિય—નિય—
કિચ્ચૂ. ॥૮॥
**ઘાત**—પુત્રુ જાયઉ પુત્રુ જાયઉ સુહ—મુહતુંમિ,
વદ્ધાવિઉ સિદ્ધિ તહિ દિયઇ દાણુ દાલિદ્દ—ખંડણુ;
તસુ પુત્તહ નામુ કિઉ **સાલિભદ્દુ** ઇહ પાવખંડણુ,
વિજજા સયલવિ પાઢિયઉ પુત્રસુખ પરણાવિઉ વરનારિ,
વ્રતુ લેઇવિ **ગોભદ્દુ** ગઉ સગ્ગિ પત્રુ **સુહ**—પારિ. ॥૯॥
તત્થ સમાગય વણિયા લેઉ, રયણ કંબલ રુઇજિય
રવિ તઉ,
ચહુટ્ટઇ લકખુ લકખુ **મૂલુ** અલહંત,
પત્તા **સેણિય** ભૂમિવઇંત. ॥૧૦॥
લકખુ લકખુ મૂલુ દિયઇ નહુ રાઉ,
તીહ તણઇ **મણિ** હુયઉ વિસાઉ;
સાલિભદ્દ—ઘર ગુરુ પિકખેવિણુ, પહુતા હરિસિણ
પૂરિય મણ તણુ. ॥૧૧॥
સયલ કંબલ **ભદ્દા** ગિણ્હેઇ, લકખુ લકખુ **તીહ** તણઉ
મૂલુ દેઇ;
**ભદ્દા** કંબલ સવિ ફાડેઇ, ભજ્જુહ પાઉંછણુય
કરેઇ. ॥૧૨॥
ઇય સંભલિઉ દેવી **ચિલ્લણ** નિવ અગ્ગઇ,
રયણકંબલ મહ દેહિ બહુ વારં મગ્ગઇ. ॥૧૩॥
રાઇણ **સાલિભદ્દ** ઘરિ મંતી, **પેસિઉ** પિકખઇ ઘોડય દંતી,
પભણઇ કંબલ મગ્ગિય **ભદ્દા**, ભજ્જહ પાઉંછણકિય
ભદ્દા. ॥૧૪॥
કંબલ—વત્ત કહિય **જઉ** મંતિણ, નિવુહક્કારઇ **સાલિ**-
ભદ્દ **હરિસિણુ**,
**ભદ્દા** આવી તઉ વિનવેઇ, **મહ** પુત્રુ ઘર—બારિ પગુ
ન ધરેઇ ॥૧૫॥
તઉ તસુ ઘરિ નિવુ **સેણિઉ** આવઇ, પુત્તહ માયા
જાઇ સંભાલઇ,
પુત્રુ ભણઇ તુહુ લેઇ કિરાણું, જિવ તઇં લીયઉ તિવ ઇ
પ્રમાણું ॥૧૬॥
માય ભણઇ વચ્છ તુહ યઉ નાયકુ, સયલહ પુહવિહિ
**સેણિઉ** નાયકુ;
મજ્ઝવિ ઊપરિ અછઇ સામિઉ, મિલ્હિસુ ભવુ હઉં
જિણુ જગુ નામિઉં. ॥૧૭॥

ઇય ચિંતિવિ વંદઇ નિવ-પાયા, ઉચ્છંગે તઉ
ગિન્હઇ રાયા;
મયણુ ગલઇ જિમ ઉણ્હઇ પડિયઉ, તિમ સો ગલઇ
ઉચ્છંગે ચડિયઉ. ॥૧૮॥

તઉ નિવિ મુક્કઉ ઠાણિ પહુત્તઉ, સો અચ્ચંતં ભવ-
હ વિરત્તઉ;
મજ્જણુ કરતહ રાયહ પડિયા, મુદ્દા કૂવ-મઝિ તઉ
ગઇયા. ॥૧૯॥

જલિ ઉત્તારિય મુદ્દારેહઇં, અંગારઉ જિવ ભૂરણુ ફેડઇ;
જિમિવિ નિઉહ ધવલહરિ પહુત્તઉ, હરિસિની-મણુ
કજ્જિજ પયટ્ટઉ. ॥૨૦॥

**ઘાત**-રયણકંબલ રયણકંબલ સવિફાડેઇ, ભજ્જાણ
પાઉંછણય વિહિય મંતિ-વયણેણ જાણિઉ,
કોઉહલિ પૂરિયઉ **સાલિભદ્દ** ઘરિ જઇ **સેણિઉરાય**,
પહુતુહ આઇયઉ **ભદ્દા** સુયહ કરેઇ,
તઉ સંસાર-વિરત્ત મણુ સો સામી વંદેઇ. ॥૨૧॥

પત્તઉએ **વીર** જિણિંદુ તહિ પુરિ સાહુહિ પરિયરિઉ,
**સાલિભદ્દુ** એ જણણિ પભણેઇ, **વીર** પાસિ હઉં
વ્રતુ ગ્રહિસુ. ॥૨૨॥

જંપઇ એ જણણિ સું આલિ કહ સંજમ-ભરુ
તુહુ વહિસિ,
ન સકઇ એ વહિવા વાચ્છ વાચ્છડઉ મહારહહ
ભરુ. ॥૨૩॥

આગહિં એ જણણિ મંનાવિ **ધન્નઇ** સહિયઉ
**સાલિભદ્દુ**;
પરિહરિવિ એ ધણ-ધન્નાઇ વેરગ્ગિણ વાસિય
હિયઉ. ॥૨૪॥

વિચ્છડિવિ એ તઉ ગિણ્હેઇ પાસિ **વીર** તિત્થંકરહ,
વિહરઇ એ સહ **વીરેણ** ધન્નઇ સહિયઉ તવુ
તવેઇ. ॥૨૫॥

વિહરંતઉ એ આવિઉ સામિ **વીર** જિણેસરુ **રાયગિહિ**;
**વીરિણ** એ કહિયં માય કરિ તુહું **સાલિભદ્દ**
પારિસિહિ. ॥૨૬॥

ગોચરિ એ ફિરતઉ પત્તુ જણણિ-ઘરે તવકિસિયતણુ,
ઉલખિઉ એ નહિ માયાઇં જિણ-વંદણ-
ઊધસિય મણુ. ॥૨૭॥

તઉ મુણિ પહુત્તઉ પોલિ-સમીવિ, હરિસિય **ધન્ના** તં
વિક્ખેવિ,
વિહરાવઇ દહિ પૂજંતઉ, વિય પુચ્છિય તિણિ મુણિ **વીરુ**;
કહઇ પુવ્વ ભવુ તસુ અપ્પ ધીરુ, **સાલિ** ગામિ **ઉચ્છિન્ન**
કુલુ. ॥૨૮॥

**ધન્નાસઉ સંગઉ** ગોવાલૂ, તં આસી દય-દાણુવિસાલૂ;
ખીરિણ તઇ મુણિ પારિયઉ, દાણ-પભાવિણ એરિસ રિદ્ધી
જાયા કમિ તુહુ હુઇસી સિદ્ધી, પુવ્વ **જણણિ** વિહરા-
વિયઉ. ॥૨૯॥

ઇય જાઇસર-લાભિણ તુટ્ઠા, તવ-સોસિય-તણુ
ધમ્મિણ પુટ્ઠા;
**ધન્નઉ સાલિભદ્દુ** બેવિ મુણિ, **વૈભારહ** ગિરિ ઉપરિ જંતા;
અણસણુ કાઉસગ્ગુ કુણંતા, સુદ્ધ સિલાઇય ભૂમિ
ઠિય. ॥૩૦॥

અહ **ભદ્દા** વક્ખાણ-અણંતરુ, જિણ પુચ્છઇ મહ
નત્થિહ સુહવર,
ભણિયં જિણિ વેભારિ ઠાઉ, **સેણિય** સહિયા **ભદ્દા** જાએ,
જિહિ ઠે તે મુણિ ઉજ્જિઝયકાએ, પિક્ખઇ નિશ્ચલ
દોવિ મુણિ. ॥૩૧॥

પણમિય **ભદ્દા** બોલાવેઇ, વાછ પુત્ત મુહ સંમુહુ જોઇ;
મહ હિયડઉં નહુ પુટ્ટિસઇ, મુણિ નહુ જોયઇ નહુ બુલ્લેઇ.
**ભદ્દા** ઢણહણ તઉ રોએઇ, આય મુચ્છ ધરણિહિ
પડિય. ॥૩૨॥

ગઇય મુચ્છ તઉ સા વિલવેઇ, હઇઉ દૈવુ મહ આસ હરેઇ,
મઇં જાણિઉ ઇઉ બોલિસ એ, કઠિણ ઠાણિ કહ ઇત્થ રહેસી;
તુહ કોમલુ કિવ સીઉ સહેસી, ધ્રસકઇ હિયડઉ મજ્ઝ
તણઉ ॥૩૩॥

**સેણિય** બોહિય **ભદ્દા** નિય ઘરિ, પત્તા સવ્વટ્ઠ
સિદ્ધિ તે મુણિવર,
**રાજતિલક** ગણિ સંથુણઇ, **વીર** જિણેસરુ ગોયમ
ગણહરુ;
**સાલિભદ્દ** નઇ ધન્નઉ મુણિવરુ, સયલ સંઘ-
દુરિયઇં હરઉ. ॥૩૪॥

**સાલિભદ્દ** મુણિં રાસો જે ખેલા દિંતી,
તેસિં સાસણદેવી જણયાઉ સિવ સંતી. ॥૩૫॥

શ્રી શાલિભદ્રમુનિ રાસઃ સમાપ્ત.

[ અર્વાચીન ગૂજરાતીમાં છાયાકાર—**પં. લાલચંદ ભગવાનદાસ ગાંધી.** ]

**સ્તં**ભનપુર-પ્રભુ **પાર્શ્વ**નાથ પ્રણમીને,
**ભક્તિએ** હું પ્રભણીશ શ્રી **શાલિભદ્ર**મુનિતિલકનો રાસ;
ભવ્યો ! સુણો જેહથી તુમ હોય શિવપુર વાસ ૧
છે પૃથ્વી [૫૨] વરનગર **રાજગૃહ** લક્ષ્મીથી પૂર્ણ,
જેથી નિર્જિત ગઇ **અંતરીક્ષે અમરાવતી** માનું;
રાજ્ય કરે ત્યાં અમરરાજ જેમ **શ્રેણિક**રાય,
ભંજિતબલ ભુજદંડ-ચંડવૈરી-ભટવાદ. ૨
ત્યાં વસે **ગોભદ્ર**શેઠ ધનજિત **ધનેશ્વર**,
દીન દુઃખિત આધાર નિત્ય હૃદય વસે જિનેશ્વર;
રૂપે નિર્જિત **ગૌરી લક્ષ્મી** ભાર્યા તસ **ભદ્રા**,
નિરુપમ શીલ-પ્રભાવ ભાવે મનવાંછિત ભદ્રા. ૩
ઉપન્યો તસ કુક્ષે લક્ષ્મીને જેમ કામ સુરૂપે,
ગોપા(વા)લ **સંગમ**-જીવ મુનિ-દાન પ્રભાવે;
ઉદ્યોત કરતો દિશાનું ચક્ર જન્મ્યો સુપુત્ર,
**શાલિક્ષેત્ર-સ્વપ્ને** કહેલ સૌભાગ્યે પૂર્ણ. ૪
**ધાત**—છે શ્રીપુરવર **રાજગૃહ** નામે પાલે **શ્રેણિક** પ્રવર રાય રાજ્ય ત્યાં વૈરિ-ખંડન,
ગોભદ્ર શેઠ પ્રવર તસ ભાર્યા સંજાત નંદન;
કાંતિએ દ્યોતિત દિશા-પટલ **સંગમ** ગોવાલ,
સાધુદાન-કમલ તણું વિસ્તર્યું કિલ નાલ. ૫
તસ શુભ વાસરે **શાલિભદ્ર** એ રચ્યું નામ,
માતપિતા પ્રિય બંધવોના સંગમે અભિરામ;
વધે જેમ જેમ ચંદ્ર જેમ તે જન-આનંદન,
તેમ તેમ વિકસિત કુમુદ જેમ **ભદ્રા** હર્ષિતતનુ. ૬
**અથ** પરણાવ્યો **શાલિભદ્ર** બત્રીશ કુમારી,
ત્રિભુવને સકલે જાસ નથી પડછંદો નારી;
ચરમજિનેશ્વર પાસે દીક્ષા લેઇ **ગોભદ્ર**,
દેવ હૂઓ (થયો) દેવલોકે કરે મન-ચિંતિત સર્વે. ૭
દેવ તે પૂરે દેવ-તણો નિત (ત્ય) નિત(ત્ય) આહાર,
ભાર્યાસહિત નિજ પુત્રને આભરણનો ભાર;
અપ્સર-ગણ સહિત ઇંદ્ર જેમ વિલસે તેમ નિત્ય,
કામિની-જન સહિત **શાલિભદ્ર** અગણિત નિજ કૃત્ય. ૮
**ધાત**—પુત્ર જન્મ્યો પુત્ર જન્મ્યો શુભ મુહૂર્તે
વધાવ્યો સિદ્ધે ત્યાં દિયે દાન દારિદ્ર-ખંડન,
તસ પુત્રનું નામ કિયું (ધું) **શાલિભદ્ર** એહ પાપ-ખંડન;
વિદ્યા સઘલી પઢાવીઓ પરણાવ્યો વર નારી,
વ્રત લેઇ **ગોભદ્ર** ગયો સ્વર્ગે પામ્યો (પુત્ર) સુખ પાર. ૯
ત્યાં આયા વાણિયા લેઇ, રત્નકંબલ રુચિ-જિત રવિ તો;
ચઉટે લાખ લાખ મૂલ્ય-અલાભે, પહોંચ્યા **શ્રેણિક** ભૂમિ-પતિ-પાસે. ૧૦
લાખ લાખ મૂલ્ય દિયે નહિ રાય, તેહ તણા મનમાં હૂ(થ)યો વિષાદ;
**શાલિભદ્ર**-ઘર ગુરુ પેખીને, પહોંચ્યા હર્ષે પુરિત મન તનુ. ૧૧
સઘલી કામલ **ભદ્રા** ગ્રહે, લાખ લાખ તેહ તણું મૂલ (લ્ય) દેય;
**ભદ્રા** કામલ સૌ ફાડે, ભાર્યા (પુત્ર-વધૂ)નાં પાદ-પુંછન કરેય. ૧૨
એ સાંભલ્યું દેવી, **ચેલણા** નૃપ આગે (આગળ);
રત્નકંબલ મને દ્યો, બહુ વાર માગે. ૧૩
રાયે **શાલિભદ્ર-ઘરે** મંત્રી પ્રેષ્યો પેખે ઘોડા દંતી;
પ્રભણે કામલ માગી **ભદ્રા**, ભાર્યાનું પાદ-પુંછન કર્યું ભદ્ર ! ૧૪
કામલ-વાત કહી જઇ મંત્રીએ, નૃપ હકારે **શાલિભદ્ર**ને હર્ષે;
**ભદ્રા** આવી તો વિનવે, મુઝ પુત્ર ઘર-બાર પગ નધરે.૧૫
તો તસ ઘર નૃપ **શ્રેણિક** આવે, પુત્રને માતા જઈ સંભલાવે;
પુત્ર ભણે તું લે કરિયાણું; જેમ તેં લીયું (ધું) તેમ જ પ્રમાણ. ૧૬
મા ભણે વચ્છ(ત્સ) ! તુમ એ નાયક, સઘલી પૃથ્વીનો **શ્રેણિક** નાયક;
'મુઝ ઉપર પણ છે સ્વામી, મેલ્હીશ ભવ હું જેણે જગત્ નમાવ્યું.' ૧૭
એમ ચિંતવી વંદે નૃપ-પાય, ઉત્સંગે તો ગ્રહે રાય;
મીણ ગલે જેમ ઉન્હે પડ્યું, તેમ તે ગલે ઉત્સંગે ચડ્યો. ૧૮
તો નૃપે મૂકો ઠામે (સ્થાને) પહોંચ્યો, તે અત્યંત ભવથી વિરક્ત;
મજ્જન કરતાં રાયની પડી, મુદ્રા કૂવામાં તો ગઇ. ૧૯
જલે ઉતારી મુદ્રા નીરખે, અંગારો જેમ ભૂરત્ન ? ફેડે;
જમીને નૃપ ધવલગૃહે પહોત્યો, હર્વતો મન કાજ પેઠો.૨૦

ધાત-રત્નકંબલ રત્નકંબલ સૌ ફાડી, ભાર્યાનું પાદપુંછન
કર્યું મંત્રિ-વચને જાણ્યું.
કુતૂહલે પૂર્યો **શાલિભદ્ર**-ઘરે જાય શ્રેણિકરાય
પ્રભુ તુમ આવ્યો **ભદ્રા** સુતને કહે
તો સંસાર-વિરક્તમન તે સ્વામીને વંદે. ૨૧
પહોત્યો(ચ્યો) એ **વીર** જિનેન્દ્ર, તેહ પુર સાધુએ પરવર્યો
**શાલિભદ્ર** એ જનનીને પ્રભણે, વીર પાસે હું
વ્રત ગ્રહીશ. ૨૨
જંપે એ જનની શું આળ, કહે સંયમ-ભાર તું વહેશે;
ન શકે એ વહેવા વચ્છ !, વાછડો મહારથનો ભાર.૨૩
*આગ્રહે એ જનની મનાવી, **ધન્ના** સહિત **શાલિભદ્ર**;
પરિહરી એ ધન ધાન્યાદિ, વૈરાગ્યે વાસિત હૃદય. ૨૪
વિચ્છ(છો)ડીને એ તો ગ્રહે, પાસે **વીર** તીર્થંકરની;
વિહરે એ સાથ **વીર**ની, **ધન્ના** સહિત તપ તપે. ૨૫
વિહરતાં એ આવીઓ (વ્યો) સ્વામી **વીર** જિનેશ્વર
રાજગૃહે;
**વીરે** એ કહીયું (હ્યું)માત-કરે તું **શાલિભદ્ર**! પારશે.૨૬
ગોચરી એ ફરતો પહોત્યો, જનની-ઘરે તપ-કૃશતનુ;
ઓલખીઓ (ખ્યો) એ નહિ માતાએ જિનવંદન-
ઉદ્(ચ્છ્વ) સિત મને. ૨૭
તો મુનિ પહોત્યો પોળ-સમીપે, હરખી **ધન્ના**(ન્યા)
તેને પેખી,
વોહરાવે દહી પૂજતાં (સૂઝતું), આવી પૂછતાં
તેને મુનિ **વીર**;
કહે પૂર્વભવ તસ અતિધીર, **શાલિગામે** ઉચ્છિન્ન કુલ ૨૮
**ધન્નો**-સુત સંગમ ગોવાલ, તું હતો દયા-દાન વિશાલ,
ખીરે તું મુનિ પાંરિયો, દાન-પ્રભાવે આવી રિદ્ધી;
જાતા (થય) ક્રમે તુઝ હોશે સિદ્ધી, પૂર્વજનની
વોહરાવ્યું. ૨૯
એ જાતિ-સ્મરણ-લાભે તુષ્ટ, તપ-શોષિતતનુ ધર્મે પુષ્ટ,
**ધન્નો**(ન્ય)**શાલિભદ્ર** બેય મુનિ, વૈભારગિરિ ઉપર જાતાં
અનશન કાઉસગ્ગ કરતા, શુદ્ધ શિલા ભૂમિએ રહ્યા.૩૦
હવે **ભદ્રા** વકખાણ અનંતર, જિનને પૂછે મુઝ નથી
અહિં સુતવર,
ભણિયું (કહ્યું) જિને વે(વૈ)ભારે રહ્યા, **શ્રેણિક**
સહિત **ભદ્રા** જાય;
જિહાં છે તે મુનિ ઉજ્ઝિતકાય, પેખે નિશ્ચલ
દોય મુનિ. ૩૧
પ્રણમી **ભદ્રા** બોલાવે, વચ્છ! પુત્ર! મુઝ સામું જોય,
મુઝ હિયડું નહિ ફૂટશે, મુણિ નહિ જોય નવ બોલે,
**ભદ્રા** ઢણહણ (ઢળહળ)તો રોએ (વે), આવી મૂર્છા
ધરણીએ પડી. ૩૨
ગઈ મૂર્છા તો સા(તે) વિલવે(પે), હત (હા!) દૈવ
મુઝ આશ હરે,
મેં જાણ્યું એ બોલશે, કઠણ ઠામે કેમ અહિં રહેશે?
તુઝ (તું) કોમલ કાય (કેમ) શીત (સર્વ) સહેશે,
ધ્રસકે હિયડું મુઝ તણું. ૩૩
**શ્રેણિક** બોધી **ભદ્રા** નિજ ઘરે, પહોત્યા સર્વાર્થસિદ્ધે
તે મુનિવર,
**રાજતિલકગણિ** સંસ્તવે, **વીરજિનેશ્વર ગૌતમ**
ગણધર;
**શાલિભદ્ર** ને **ધન્નો** મુનિવર, સકલ સંઘ-દુરિત હરો ૩૪
**શાલિભદ્રમુનિરાસો**-જે ખેલે દેવે,
તેહને શાસનદેવી કરો શિવ શાંતિ. ૩૫

---

* આ સંબંધનો માતા **ભદ્રા** અને **શાલિભદ્ર**નો સંવાદ કવિ **પઉમે (પદ્મ)** કક્કાના અક્ષરોથી શરૂ કરી ૭૧ કડીમાં પ્રાચીન ગૂજરાતીમાં રચેલ છે; જે ગાયકવાડ ઑરિયન્ટલ સિરીઝ તરફથી પ્રકાશિત થયેલ 'પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ'માં પ્રકટ થયેલ છે. અર્વાચીન છાયાનુવાદ સાથે તેનો આસ્વાદ સાહિત્ય રસિક પાઠકોને હવે અવકાશે કરાવીશું. **લા. ભ. ગાંધી.**

# છદ્મસ્થ દશામાં શ્રી મહાવીર પ્રભુનાં વિહાર–સ્થલો.

( લેખકઃ—**રા. ડી. જી. ભણશાળી બી.** એ. ૧૬ પોલોકસ્ટ્રીટ કલકત્તા. )

**કુંડપુરઃ**—કનીંગહામ માને છે કે આ સ્થલ **વૈશાલી**નો એક ભાગ હોવો જોઇએ. કારણ મહાવીર પ્રભુને "વૈશાલિય" કહેવામાં આવેલ છે. જો કે આ વિશેષણ વિશાલા નગરીનો વતની તેમજ પ્રાન્તનો વતની બન્નેને લાગુ પાડી શકાય. તેઓ (ડો. હરનલ પણ એમજ) માને છે કે ક્ષત્રીયકુંડ અને બ્રાહ્મણકુંડગ્રામ આ બંને વૈશાલીના શાખાપુર અગર સ્પષ્ટ રીતે કહીએ તો "પાડા" હતા. આ બધી માન્યતાને અંગે તેઓ વિશાલા નગરીને "બેસાર" Besarh ગામ તરીકે જણાવે છે જે સ્થલ બૌદ્ધ ગ્રન્થોમાં અને ચીની મુસાફરના આપેલા અંતરો સાથે બરાબર મળતું આવે છે. આ ગામથી ૭ માઇલને આંતરે બ્રાહ્મણગામ નામે ગામડું આની પણ અસ્તિ ધરાવે છે. પ્રાચીન બ્રાહ્મણકુંડગ્રામ હોય તો તેમાં કાંઇ બાધ નથી. બેસારમાંથી તો ખોદકામ કરતાં તેમજ વિશાલાનો મહેલ વિગેરે સ્થળો ભગ્નાવશેષ સ્થીતિમાં આજે પણ મૌજુદ છે (જુઓ કનીંગહામ) શેષમાં કનીંગહામ હિંમતપૂર્વક કથે છે કે " ભગ્નદશામાં પડેલો બેસારનો કિલો નામ ક્ષેત્રફળ, અને સ્થાન એટલી સચોટ રીતે પ્રાચીન વિશાલા નગરીની ખાતરી આપે છે કે હવે શંકા રહી નથી". આ રીતે વિશાલાને બેસાર સાથે બ્રાહ્મણગ્રામનો તેજ નામના ગામ સાથે અને તેનીજ પાસે આવેલું "બસુકુંડ"ને શાયદ ક્ષત્રીયકુંડ સાથે આપણે સ્થલ નિર્ણય કરી શકીએ.

આ સ્થલનિર્ણયમાં બાધ માત્ર એક આવે છે કે આધુનિક લછવાડ પાસે ડુંગરપર જેને આપણે ક્ષત્રીયકુંડ તરીકે ગણીએ છીએ તે સ્થાપના તીર્થ માનવું પડે. પણ તેમ માનવાને આપણી પાસે સબળ પુરાવો નથી. પં. હંસ સોમ આદિ કવિઓએ પણ આધુનિક ક્ષત્રીયકુંડની યાત્રા કરી છે એમ તેમના પૂર્વ ક્ષેત્રોની તીર્થમાળા પરથી જણાય છે. આ પ્રશ્નનો ઉકેલ કરવા બહુજ અગત્ય છે.

**વાણિજ્યગ્રામઃ**—શ્રી કલ્પસૂત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. 'વૈશાલી અને વાણિજ્યગ્રામની **નિશ્રાએ** પ્રભુએ બાર ચોમાસાં કર્યાં.' આ પરથી કહેવાની જરૂર રહેતી નથી કે વાણિજ્યગ્રામ અને વિશાલા તદ્દન નજીકજ હોવા જોઈએ. વળી વિશાલાથી વાણીજ્યગ્રામ પ્રતિ વિહાર કરતાં વચ્ચે ગંડકી નદી નાવમાં ઉતરવી પડી હતી. એટલે વૈશાલી ગંડકી નદીના તીરપર હોવું જોઈએ અને વાણિજ્યગ્રામ સામે તીરે. નકશામાં બજીઆ યા બનીઆ બેસારથી સામે તીરે છે તે વાણીજ્યગ્રામ હોવા દરેક સંભવ છે એમ શ્રી વિજયધર્મસૂરી જણાવે છે.

ડો. હરનલ પોતાના ઉપાસક દશાંગની નોટમાં જણાવે છે કે કુંડપર અને વિશાલા એકજ હોવી જોઇએ કારણ પ્રભુને 'વૈશાલીય' કહેલ છે માટે તે કુંડપુરને વિશાલાનો ક્ષત્રીય પાડો કહે છે જ્યાં રાજા (ખિતાબ) તરીકે સિદ્ધાર્થ હતા. ઉપરાંત શ્રી આચારાંગના ભાવનાધ્યયનથી (દ્વિતીય શ્રુતસ્કંધ) જણાય છે કે **उत्तरेखत्तीयकुंडग्राम** અને **दाहिणे माहणकुंडग्राम** આથી કુંડગ્રામના બંને પાડા હોય એ નિશંક થાય છે.

**કુમારગ્રામ:**—એક વખત ક્ષત્રીય કુંડગ્રામના સ્થલનો નિર્ણય કીધા પછી આ ન્હાનકડા સ્થલ માટે એટલુંજ કહી શકાય કે તે કુંડપુરથી ૧૦ થી ૧૫ માઇલ પર હોવું જોઈએ કારણ પ્રભુ લગભગ ૧॥ થી ૨ કલાકમાં એ સ્થલે પહોંચ્યા હતા.

**કોલાગ સન્નિવેશ:**—નાલંદાની ઉત્તરે આ સ્થલ હતું એમ શ્રી ભગવતી સૂત્રના ઉલ્લેખ પરથી માલુમ પડે છે.

નાલંદાથી **અંદર સામંતે** કાલાક સન્નિવેશ હતું. અને નાલંદા રાજગૃહીથી ૭ માઇલ પર ઉત્તરે હતી.

**મોરાક–અને અસ્થિગ્રામઃ**—નાલંદાથી મોરાક આવ્યા. મોરાક અસ્થિગ્રામની નજીકજ હતું કારણ

અડધા ચોમાસે પ્રભુ અસ્થિગ્રામ ગયા અને ચોમાસું પુરૂં થતાં પણ શરદ્ ૠતુમાં ત્યાં આવ્યા એટલે અસ્થિગ્રામથી ૫ થી ૧૦ માઈલથી દૂરતો નજ હોય.

**અસ્થિગ્રામ:**—જેને વર્ધમાન કહેવામાં આવતું હતું એમ આવશ્યક સૂત્રની સાખ છે તો જેને આજે 'બર્દવાન' (સંસ્કૃત વર્ધમાન) કહે છે તેજ પ્રાચીન વર્ધમાન-અસ્થિગ્રામ તરીકે લેવામાં કશો બાધ નથી. આ બર્દવાન દામોદર નદ નામે વેગવતી નદીને કિનારે છે.

**વાચાલ પ્રદેશ:**—બર્દવાનથી ઉત્તર તરફ વિહાર કરતાં તુરતજ દક્ષિણ વાચાલ. સુવર્ણવાલુકા નદી-કનકખલ આશ્રમ-રૂપ્યવાલુકા નદીમાં થઈ પ્રભુ શ્વેતામ્બી પહોંચ્યા.

**કનકખલ:**—આશ્રમ શ્વેતાંમ્બીની પાસેજ હતું આવશ્યકજી પૃષ્ઠ. ૧૯૫. "**तस्यादूरे श्वेताम्बिका नगरीं**" અને આશ્રમ પછી રૂપ્યવાલુકા નદી પાર ઉતરી ઉતર વાચાલમાં દાખલ થયા ત્યાંથી શ્વેતામ્બિમાં પધાર્યા. માટે ઉત્તર વાચાલ પ્રદેશનું પાટનગર શ્વેતમ્બી હોય એ દરેક સંભવ છે, અને કનકખલ આશ્રમ રૂપ્યવાલુકાને કિનારે હોય અને નદી પછી તુરતજ ઉત્તરવાચાલ-આમ આ ચારે સ્થલ દૂર નથી માત્ર દક્ષિણ વાચાળજ દૂર હતું. માટે ઉત્તર વાચાલનો સ્થલનિર્ણય અગર શ્વેતમ્બીના સ્થળ નિર્ણયપર બીજા ચારનો આધાર છે.

**શ્વેતામ્બી:**—શ્રી રાયપસેણી સૂત્ર પરથી જણાય છે કે તે સાવત્થી નગરીથી બહુ દૂર નહોતી અને સાવત્થીનો સ્થલનિર્ણય સેતમેહત નામે ગામ અજોધ્યાથી ૩૦ માઇલપર છે ત્યાં થઇ શકે છે માટે શ્વેતમ્બી તેની પૂર્વ અગર પૂર્વોત્તરમાં હોય. આ પ્રદેશ આધુનિક નેપાલ સાથે બંધબેસ્તો છે માટે શ્વેતમ્બી તે વખતની નેપાલ દેશની રાજધાની હતી એમ અનુમાન થાય છે. અને ઉત્તરવાચાલમાં શ્વેમ્બી હતી તો ઉત્તરવાચાલ અને નેપાલ બંને એકજ હોવા જોઇએ.

**સુરભીપુર:**—શ્વેતમ્બીની દક્ષિણે અને ગંગાની ઉત્તરે આ શહેર અને થુણાગ સંનિવેશ હોવા જોઇએ. સ્થલનિર્ણય હજી થઇ શકયો નથી.

**રાજગૃહ:**—આધુનિક રાજગીર-રાજગૃહ. વિશેષ વિવેચનની જરૂરજ નથી.

**નાલંદા:**—રાજગૃહથી ૭ માઈલ ઉત્તરે બડગામ પાસે થએલા ખોદકામ નાલંદાનો નિર્ણય કરાવે છે

**સુવર્ણખલ:**—આ આશ્રમ કનકખલથી તદ્દન ભિન્ન હોવું જોઇએ એમાં શક નથી કારણ કનકખલ શ્વેતમ્બી પાસે છેક ઉત્તરમાં છે જ્યારે આ સુવર્ણખલતો રાજગૃહથી બ્રાહ્મણકુંડગ્રામ જતાં રસ્તામાં આવે છે અને બ્રાહ્મણકુંડ શ્વેતંબીથી ઘણે દૂર દક્ષિણે છે. તેમજ સુવર્ણખલ તેથીયે દક્ષિણે છે. માટે સ્થલનિર્ણયની જરૂર છે.

**બ્રાહ્મણગ્રામ:**—ઉપર વૈશાલીમાં વિવેચન કીધેલ છે.

**ચંપાનગરી:**—આએ નામનું સ્થળ ભાગળપુરથી પશ્ચિમે નાથનગર પાસે ગંગાકિનારે આજે પણ મૌઝુદ છે જેને ચંપાનાલા કહે છે.

**પૃષ્ઠચંપા કયંગલા:**—ચીની મુસાફરનાં લખાણ મુજબ ચંપાથી ૪૦૦ લી યાને ૭૦ માઇલ પર પૂર્વમાં કયંગલા નગરી હતી. ચંપાથી નદી રસ્તે જતાં તો અંદાજ ૯૦ માઇલ થાય છે પણ ખુસ્કી માર્ગે ૭૦ માઇલ થાય. આ કયંગલા રાજમહાલથી દક્ષિણે ૧૮ માઇલપર છે. (કનીંગહામ), અને કયંગલા નામનું ગામ હૈયાત છે કે જે આગ્રીમગંજથી ઉત્તરે બરહરવા અને જીલદંગાની વચે મુકી શકાય. આવી રીતે જ્યારે કયંગલાનો નિર્ણય થાય છે કે ચંપાથી પૂર્વમાં ૭૦ માઇલપર છે તો પૃષ્ઠચંપા તે બે સ્થલોની વચ્ચેજ હોવી જોઇએ. કારણ પ્રભુ ચંપાથી નીકલી પૃષ્ઠચંપામાં ચોમાસું રહ્યા અને ત્યાંથી તુરત કયંગલા ગયા.

**સાવત્થી:**—બલરામપુર સ્ટેશનેથી ૧૨ માઇલપર સેટ મેટનો કીલ્લો છે તે અકોનાથી ૫ માઇલપર છે અને તે અયોધ્યાથી ઉત્તરે ૩૦ માઇલ છે. તે અકોના અને સેટ મેટનો સંયુક્ત પાંચ માઇલનો પ્રદેશ સાવત્થી તરીકે લઇ શકાય ( જેને માટે જુઓ કનીંગહામ અને વિજયધર્મસૂરિની પ્રાચીન તીર્થમાલા ભાગ ૧ ) તીર્થકલ્પમાં પણ લખ્યું છે કે **संपइकाले महेठित्ति रुढा.**

અહિંથી હાલેદુર્ગ-નંગલા-આવર્ત્તા થઇ તેઓ ચોરાગસંનિવેષે આવ્યા તે ચોરાગ પૃષ્ઠચંપાની નજીક છે માટે હાલેદુર્ગ આદિ સાવત્થીથી પૃષ્ઠચંપા જતાં રસ્તામાં હોવા જોઇએ તેનો સ્થળનિર્ણય કરવો.

**લાઢ-રાઢ**—બંગાલનો રાઢ નામે પ્રદેશ. આ રાઢ પ્રદેશની ઉત્તર સિમા રાજમહાલના ટેકરાઓ છે પ્રાચીન કાલમાં રાજમહાલના ટેકરાઓથી આરંભી દક્ષિણે પૂર્વાર્ધ મીદનાપુર બાંકુરા બર્દ્વાન હુગલી હાવરા વિગેરે જીલ્લાઓ સમેત રાઢ પ્રદેશ કહેવાતો હતો. વલી ઉત્તર રાઢ અને દક્ષિણ રાઢ આ બે પ્રદેશો અજયા નદીથી વિભકત થતા હતા.

**પૂર્ણકલસઃ**—આ સ્થળનો નિર્ણય થયો નથી. પણ શ્રી આવશ્યક પરથી જણાય છે રાઢ નામે અનાર્ય ભૂમિની સરહદ પર આ એક અનાર્ય ગામ હતું.

**ભદ્દિલ નગરી કદલિસમાગમ જંબુષંડતંબાયકૂપિકા**—આ શહેર યા નગરીઓનો પણ નિર્ણય થઈ શકતો નથી.

(કદલી સમાગમ અને તંબાય માટે એક સૂચના માત્ર થઇ શકે છે કે રાઢ દેશની હદ છેક તારકેશ્વર-કલકત્તા પાસે-સુધી છે એટલે કદલી સમાગમ તે કોલાઘાટ જે કલકત્તાથી બેંગોલ નાગપુર લાઇનમાં રૂપનારાયણ નદીને તીરે ( ) માઇલ પર આવેલું છે. બંગ ભાષામાં કેળાં-કદલી-ને કલા-ઉચ્ચાર કૅાલા-કહે છે આ સ્થળ નામ સાથે ઘણુંજ બંધ બેસતું છે, અને જો કોલા ઘાટને કદલી સમાગમ લઇએ તો તંબાયને તામલુક-તામ્રલિપ્તિ એક લઇ શકાય જે કોલાઘાટથી નજીકજ છે અને તે સમયમાં પ્રખ્યાત બંદર હતું.

**ગ્રામાક શાલિશીર્ષક ભદ્રિકાઃ**—આ ગામ અને નગરીનો સ્થાન નિર્ણય આલંભીકાના નિર્ણય પર નિર્ભર છે. કારણ આ ત્રણે સ્થલો વૈશાલિ-બેશાડ-અને આલંભિકાની વચ્ચે આવેલાં છે.

**આલંભિકાઃ**—આ નગરીનો નિર્ણય અતિ વિવાદાસ્પદ છે. ડૅા. હરનલ પોતાના ઉપાસકદશાંગની નોટ-પાના ૫૧-૫૩ માં સર કનીંગહામના સ્થળ નિર્ણય સાથે મળતાપણું બતાવી જણાવે છે કે આલવી અગર આલો અને ચીની મુસાફરનું નવદેવકુલ બે એકજ હોવા જોઇએ અને આ સ્થલ કનોજથી અગ્નીકોણમાં ૧૯ માઇલ પર આવેલ **નેવાલ** સાથે નિર્ણિત કરી શકાય.

પણ આ વાતમાં સત્ય હોય એમ લાગતું નથી. વિહાર માર્ગ તરફ દૃષ્ટિ કરતાં તે સ્થલ બિહારમાંજ હોવું જોઇએ અને તે પણ આધુનિક આરા શહરની આસપાસ લઇ શકાય. પ્રભુજીએ છઠ્ઠું ચોમાસુ ભદ્રિકામાં કર્યું ત્યાંથી મગધમાં ફરીને આલંભિકા પહોંચ્યા અને સપ્તમ વર્ષારાત્ર ત્યાંજ પ્રસાર કર્યું.

**કુંડાક, મર્દના, બહુશાલક, લોહાર્ગલાઃ**—જો આલંભિકાને આરા લઇએ જે માટે પૂરાવાની જરૂર છે તો આ ચાર સ્થલો આરાથી અલાહબાદ-પુરિમતાલ જતાં રસ્તામાં લેવા જોઇએ.

**ઉર્ણાક ગોભૂમિઃ**—સ્થલનિર્ણય યા સૂચનમાત્ર પણ મુશ્કેલ છે.

**રાજગૃહઃ**—જાણીતું છે.

**રાઢ વજ્રભૂમિ શુદ્ધભૂમિઃ**—અનાર્ય સ્થલો પૈકી રાઢનો ઉલ્લેખ ઉપર થઇ ગયો છે અને સુહમ પણ મિદનાપુર જીલ્લાને લઇ શકાય. રાઢ અને સુહમ ઘણા ભાગે સાથેજ બોલાય છે. અને વજ્રભૂમિ-બીરભૂમ-વીરભૂમિના પ્રદેશને લેવાથી બાધા નથી આવતી.

**સિદ્ધાર્થપુર કૂર્મગ્રામ**—નિર્ણય નથી.

**વાણિજ્યગ્રામ**—ઉપર લખાઇ ગએલ છે.

**સાવત્થી**-સંત મહંતનો કિલો, દશમ વર્ષારાત્ર દશમા અને અગીઆરમા ચોમાસા જે વૈશાલીમાં થયું છે તેની વચ્ચે અનેક સ્થલો આવી જાય છે અને પંથ પણ અતિ લાંબો છે.

સાવત્થીથી સાનુલષ્ઠ અનિર્ણિત.

**દઢભૂમિ, વાલુકા, સુક્ષેત્રા, હસ્તીશીર્ષ, તાંસલી, મોસલી, વજ્રગામ**—આ સ્થલોમાં કર્મ નિર્જરાર્થે છ માસ ગાળ્યા અને મુનિ શ્રી ન્યાયવિજયજીએ વર્ણન કરેલા સંગમ દેવના ઉપસર્ગો અહિં થયા.

દઢભૂમિને સિંગભૂમ તરીકે લેવા સૂચના માત્ર છે. **તાંસલી** કટક પાસે આવેલું ધવલી જે ખારવેલ રાજાના વખતમાં ઉત્તર કલિંગનું પાટનગર હતું

તેને પ્રો. જયસ્વાલ અનેક પૂરાવાથી તાંસલી તરીકે સાબીત કરે છે.

**હસ્તીશીર્ષ**:--પ્રસિદ્ધ હાથી ગુફા તો ન હોય જ્યાં હાથીની શુંઢ છે અને તોસલીથી નજીકજ છે.

**આલંભિકા**:--કનોજ પાસેનું નેવાલ લેવાથી પંથ અતિ દૂર થઈ પડે છે પણ આરા પાસે કોઈ સ્થલ લેવાથી અનુકુલતા જણાય છે.

**શ્વેતંબિ**--નેપાલનું મુખ્ય શહેર. આ નગરી જૈન ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે પણ બૌદ્ધ ગ્રન્થોમાં તેનો નામ નિર્દેશ જાણમાં નથી. અને છે કે નહિ તેનો વિદ્વાનો સાથે પત્ર વ્યવહાર થાય છે. ચીની મુસાફર કોઈ આ નગરીનું વર્ણન આપતા નથી. નેપાલમાં લલિત પટ્ટન તેઓ ગયા છે અને આ લલિત પટ્ટનથી સાવત્થી અતિ દૂર નથી. ત્યાંથી

**કોશાંબિ**--યમુનાના તીરે પ્રયાગ પાસેનું કોસમ ગામ.

**મિથિલા**--જનકપુર.

સાવત્થીથી દૃઢભૂમિ આદિમાં છ માસ કાઢ્યા બાકી રહ્યા વિહારના બે માસ જેમાં પ્રભુ વજ્જગામ કટક પાસેથી નેપાલમાં શ્વેતમ્બી ગયા ત્યાંથી ફરી સાવત્થી, ત્યાંથી કોશમ્બી બનારસ મીથીલા ફરીને વૈશાલી આવ્યા.

**સુંસુમારપુર ભોગપુર નંદિગ્રામ મેંઢીઆ**-વૈશાલી અને કોસમ વચ્ચે નક્કી કરવા જોઇએ.

**જંભિઆ**:--શ્રીવિજયધર્મસૂરી **જમગ્રામ** લેય છે ત્યારે પં. બહેચરદાસ જમૂઈની સૂચના કરે છે.

(આ લેખ સંબંધી લેખક જણાવે છે કે:-

'આ મ્હારો સ્વતંત્ર લેખ નથી પણ અનેક શોધખોળ કરનારાના મતનું દોહન છે. આ પ્રયાસ એક વ્યક્તિ કરે તો ફાવી શકે તેમ નથી, પણ ચાર પાંચ વિદ્વાનો પોતાનો મત સાબીતી સહિત બતાવે તો પાર પડે તેવું કાર્ય છે માટે આપ આપનો અભિપ્રાય, તેમજ મુનિ ન્યાયવિજયજી આદિ આ કાર્યમાં રસ લેનારી વ્યક્તિઓનો અભિપ્રાય દર્શાવશો. આ લેખ રૂપે છેજ નહિ પણ દરેક જણના અભિપ્રાય એકઠા થયે લેખ રૂપે લખવો એવો મારો આશય છે. જોઇએ તો તંત્રી પોતે લખે તો પણ મને વાંધો નથી. આપના અભિપ્રાય અને નવીન સૂચના બાદ સ્થલ નિર્ણય માટે વધુ પ્રયત્ન કરીશ. આમા બ્હોળા વાંચનની જરૂર છે અને બૌદ્ધ ગ્રંથોનો પણ અભ્યાસ જોઇએ. ધર્માનન્દ કોસામ્બીને શ્વેતમ્બી, કયંગલા અને આલંભિકા બાબે પૂછાવી જોશો. આંમાં આધાર જેનો લીધો છે તેનાં નામઃ કનીંગહામની ભૂગોળ, બીલ-બુદ્ધિસ્ટ રેકર્ડ, સ્મિથ-અર્લિ હિસ્ટરી, હૉનેલ ઉપાસક દશાંગ, ડેવિડસ-બુદ્ધિસ્ટ ઈંડિયા, વિજયધર્મસૂરિ-પ્રાચીન તીર્થમાળા, આવશ્યક સૂત્ર, શ્રી આચારાંગ-માત્ર એક સ્થળે. "

ગત શ્રી મહાવીર ખાસ અંકમાં પં. બહેચરદાસે એક લેખ લખેલો પ્રકટ થયો છે અને આ બીજો છે. હજુ પણ આ સંબંધે વિશેષ શોધખોળ કરવાની રહે છે. તો ખોજકો વિશેષ પ્રયાસ કરી સ્થલોની નિશ્ચિતતા કરશે અને એ રીતે તે પુણ્ય ભૂમિઓનો ઉદ્ધાર કરવામાં નિમિત્તભૂત થશે. [ **તંત્રી.**

---

# શ્રી મહાવીર ચરિત્ર રહસ્ય.

મહાવીર પરમાત્માના ચરિત્રમાં મળેલો કોઈ પણ ભાગ નથી કે જે રહસ્ય વિનાનો હોય. એમના **છદ્મસ્થપણા**માં પણ એમનામાં સર્વે ગુણો ઘણી **ઉચ્ચકોટીએ** પહોચેલા હતા. તેમના પૂર્વ ભવનું ચરિત્ર જોતાં પણ **પ્રથમથીજ** એ જીવ ઉચ્ચકોટીનો હતો એમ સિદ્ધ થાય છે. પ્રાયે એવા જીવોના પાછલા જીવો પણ રહસ્યથી ભરપૂર હોય છે.

શ્રી પરમાત્માનો ૨૭ ભવો પૈકીનો પ્રથમ ભવ જોઈએ કે જે ભવમાં તેઓ સમકિત પામ્યા છે. એ **નયસાર**ના ભવમાં પણ કાષ્ટ એકઠાં કરીને જમવા બેસતાં એમની ભાવનાઓ થાય છે કે 'જો કોઈ અતિથિ આવી જાય તો તેમને આપીને પછી જમું.' એવામાં ભૂલા પડેલા મુનિ આવે છે અને તેમને આહાર વહોરાવ્યા પછી પોતે જમે છે. ઉત્તમ જનોની

પ્રવૃત્તિ એવીજ હોય છે. એમની પાસે આવેલો યાચક અથવા નિરાશ્રિત મનુષ્ય કાંઇ પણ મેળવ્યા શિવાય ખાલી જતો નથી. એનું મનજ કાંઇ પણ આપ્યા સિવાય શાંતિ પામતું નથી. આટલા માટેજ પણ કૃપણુ[1] મનુષ્યને ધર્મને અયોગ્ય કહેલ છે. બીજાને ખરેખરો દુઃખી જોવા છતાં અને પોતાની શક્તિ છતાં તેના દુઃખનું કાંઇ પણ નિવારણ કરવાની વૃત્તિ ન થાય એનામાં કૃપણતા ઉપરાંત દયાળુપણાની પણ ખામી દેખાય છે.

હવે પ્રસ્તુત પ્રસંગમાં નયસાર જમ્યા પછી મુનિને રસ્તે ચડાવવા જાય છે. પરોપકારપરાયણ મનુષ્યો એવે વખતે પોતાના કામ કરતાં પરના કામને વધારે વજન આપે છે. મુનિને રસ્તો બતાવીને પાછા વળતાં મુનિ પણ તેને યોગ્ય જીવ જાણી તેના ઉપકારનો બદલો ભાવદયા કરવા વડે વાળવા ધારે છે. એને શુદ્ધ ધર્મનો ઉપદેશ આપે છે. સંસાર પરિમિત થઇ ગયેલો હોવાથી યોગ્યતા પ્રાપ્ત થયેલી છે તેથી તેને તરતજ ઉપદેશ લાગે છે ને તે સમકિત પામે છે. અહીં તે નયસારના અતિથિને કાંઇ પણ આપીને પછી ખાવાના વિચારે તેનું કલ્યાણ કર્યું છે અને તેની પરોપકાર વૃત્તિ સફલ થઇ છે.

ત્યાર પછીના મધ્યના ભવોમાં તો અનેક પ્રકારની જુદી જુદી પરિસ્થિતિઓ જીવે ભોગવી છે. પરંતુ છેવટના પચીશમા નંદનઋષિના ભવમાં એક લાખ વર્ષ પર્યંત માસ ખમણુ કરી પૂર્વે બાંધેલી અશુભ કર્મની પરંપરાને ત્રોડી નાખે છે. આવો તપ શું લાભ ન આપે? તે ત્રીજે ભવે મોક્ષે જવાની સ્થિતિને પમાડી દેય છે. તીર્થંકર નામ કર્મનો નીકાચીત બંધ કરાવે છે. પણ એ તપમાં સમતા કેવી હશે? ક્ષમા કેવી હશે? નિરભિમાન વૃત્તિ કેવી હશે? ગુરૂભક્તિ કેવી હશે? શાસનરાગ કેવો હશે? અને 'સર્વ જીવ કરૂં શાસન રસી'—એ વાકય કેવું હૃદયપર અસર કરી ગયું હશે? એનો વિચાર કરીએ છીએ ત્યારે એ બધી બાબતો અત્યંત ઉંચા પ્રકારની હોવાની ખાત્રી થાય છે. તે સિવાય પૂર્વના પારાવાર કર્મોની શ્રેણી ત્રુટે નહિ અને તીર્થંકર નામ કર્મ બંધાય નહીં. આ હકીકત ઉપરથી આધુનિક મુનિમહારાજાએ ઘણો ધડો લેવાનો છે. પરંતુ અત્યારે તો સમજુને કોણ સમજાવે, એવી સ્થિતિ થઇ ગયેલી છે.

હવે મહાવીર પરમાત્માના નામમાં સંસારી પણાનું તો ઘણું વર્ણન આવતું નથી અને એમાં ખાસ જાણવા જેવો વિભાગ પણ બહુ નથી. પરંતુ ચારિત્ર ગ્રહણ કર્યા અગાઉ ગર્ભમાં કરેલ વિચાર 'માતપિતા જીવંતા સંયમ નવિ લહું' એને અમલમાં મૂકે છે. માતાપિતાના ઉપકારનો બદલો વળી શકે તેમ નથી, એને માટે તો ભગવતિ સૂત્ર પણ શાક્ષી પૂરે છે, છતાં હાલમાં એ વાત કેમ ભૂલી જવામાં આવતી હશે? તે સમજી શકાતું નથી. ગૃહસ્થ વર્ગમાં માતાપિતાની આજ્ઞામાં વર્તનારા—તેમને દુઃખ નહીં ઉપજાવવાની ઇચ્છાવાળા પુત્રોની સંખ્યા બહુ ઓછી દેખાય છે. પોતે પોતાનાં બાળકો માટે કેટલું કરે છે? કેટલાં ને કેવાં દુઃખો સહન કરે છે? તે ધ્યાનમાં રાખીને પોતાના માતાપિતાએ પણ તેવાં દુઃખો આપણે માટે સહન કર્યાં હશે, તેનો વિચાર કરે તો કયો પુત્ર માતાપિતાનું દિલ પણ દુઃખાવી શકે? કેટલાક મનુષ્યો સંસાર છોડીને ચારિત્ર લેવાની ઇચ્છા વાળા પણ આ વાતને બીલકુલ ભૂલી જાય છે. જૈન શાસ્ત્ર તો દરેક સ્થળે માબાપને સમજાવીને—સંતોષીને ચારિત્ર લેવા કહે છે. જુઓ પંચસૂત્ર. છતાં આત્માનું હિત કરવામાં ઉતાવળા થઇ ગયેલા બંધુઓ તે વાત કેમ ભૂલી જતા હશે? અને તેને દીક્ષા આપનારા ગુરૂમહારાજ પણ તે વાત તેને કેમ સમજાવતા નહીં હોય? મહાવીર પરમાત્મા શું માતાપિતાની ભક્તિ માટે પોતાનું દૃષ્ટાંત આપીને એ વાત આપણને સમજાવતા નથી? આગળ જતાં માતાપિતાનો અભાવ થયા પછી ભાઇના આગ્રહથી પણ બે વર્ષ સંસારમાં રહે છે. જોકે ત્યાગી પણાની સ્થિતિએજ રહે છે, પણ એ કેવો વિવેક સુચવે છે? આટલા ઉપરથી ચારિત્ર લેતાં અટકવું કે વધારો પડતો વિલંબ કરવો એમ અમારૂં કહેવું નથી, પણ એ

૧ અહીં કૃપણ અતિ કૃપણ સમજવો અને ધર્મ પ્રાપ્તિ ઉચ્ચ પ્રકારની નથી થતી એમ સમજવું.

સંબંધમાં ઉચિત વિવેક જાળવવાની ખાસ જરૂર છે. એટલુંજ કહેવું છે.

વીરપરમાત્મા ચારિત્ર લીધા પછી પણ બ્રાહ્મણને અર્ધ વસ્ત્ર આપવા પડે દાનવૃત્તિ ને મુર્છાભાવ બને બતાવે છે. છદ્મસ્થપણાના બારવર્ષમાં એમણે જે ઉપસર્ગો સહન કર્યા છે તે બીજો સામાન્ય મનુષ્ય તો સહન કરી શકે તેમજ નથી. એવા ઉપસર્ગોમાં પણ એમની ક્ષમા અતિ અદ્ભુત દેખાઇ આવે છે. ચંડકોશીઓ સર્પ વારંવાર ડસે અને મૃત્યુ પમાડવા ઇચ્છે છતાં પ્રભુ તો તેના પર કૃપાનો વરસાદજ વરસાવે છે અને 'ચંડકોશીક! બુઝ! બુઝ!' કહી તેને બુઝવે છે. આ મહાત્માનો પ્રસંગ પડતાં પ્રથમ કષાયની બહુળતા છતાં પણ પછી તેનું કામ થઇ જાય છે. તે ખરેખરો બુઝે છે. અને મુનિપણાને યોગ્ય સમતા બતાવી આપે છે. એણે એ વખત દુઃખ ઓછું સહન કર્યું નથી. પરંતુ શરીર ઉપરથી મમતા ઉઠી જવાથી અને સ્વપરનું વિવેચન ખરેખરૂં સમજીને અમલમાં મૂકવાથી–શરીરને પર જાણવાથી એ બધી પીડા સમભાવે સહન કરે છે–સહન કરી શકે છે, અને પ્રભુની કૃપા દૃષ્ટિથી સદ્દગતિનું ભાજન થાય છે.

કાનમાં ખીલાના ખનાર ગોવાળ ઉપર અને તે ખીલા કાઢનાર વૈદ્ય ને વણિક ઉપર પણ પ્રભુ સમભાવ રાખે છે. આ જેવી તેવી વાત છે? એક પ્રાણુાન્ત ઉપસર્ગ કરે અને એક તેમાંથી બચાવે તે બંને ઉપર સમભાવ રહી શકે ખરો? એને આપણે ન્યાય કહીએ ખરા? ન કહીએ. પણ અહીં ન્યાય જુદો છે. અહીં તો તે જીવો પોત પોતાના કર્મને વશ છે, અને ઉપકાર કે અપકાર કરીને શુભાશુભ કર્મના ભાગી થાય છે એ વિચારણા છે. તે સાથે પોતાને અશુભ કર્મનો ઉદય છે, તેમાં ગોવાળ તો માત્ર કારણીક–નિમિત્ત કારણજ છે, એની ઉપર દ્વેષ શેનો કરવો? જો મારે એવા અશુભ કર્મનો ઉદય ન હોત તો એ કાંઇપણ કરી શકત? નજ કરી શકત તો પછી વિચાર તો આપણે પૂર્વે બાંધેલા અશુભ કર્મનો કરવો. ખેદ કરવો તો તે કર્મ ઉપર કે તેના બાંધનાર આત્મા ઉપર કરવો. ઠેશ વાગતાં પથ્થર ઉપર દ્વેષ કરવાની જેવો અયોગ્ય દ્વેષ શેનો કરવો? અહીં આવા ન્યાયની વિચારણા છે. આ કામ કરવા આવનારે પ્રભુની પીડાનું નિવારણ કર્યું નથી પરંતુ પોતાના આત્માનું કામ કરી નાખ્યું છે. શ્રેયના ઢગલા મેળવ્યા છે.

હવે સંગમના ઉપસર્ગનો વિચાર કરીએ. એણે તો ઉપસર્ગ કરવામાં બાકી રાખી નથી. પ્રાણાંત ઉપસર્ગો પણ અનેક કર્યા છે. મોટું કાળચક્ર મૂકીને પણ છેવટ બાકી રાખી નથી. ત્યાર પછી પણ છ મહિના પર્યંત શુદ્ધ આહાર મળવા દીધો નથી. પ્રભુએ તો સાદ્યંત એક સરખી સમતા રાખી છે. યત્કિંચિત્ પણ તેના ઉપર દ્વેષ કર્યો નથી. એટલુંજ નહીં પણ જ્યારે તે થાકીને પાછો જાય છે ત્યારે પણ પ્રભુને તો તેના પર દયાજ આવે છે. અને આ બીચારાનું શું થશે? એ કેટલા ભવ રઝળશે ને દુઃખ પામશે? તેના વિચારથી પ્રભુની આંખમાં અશ્રુ આવી જાય છે. એટલા માટેજ કહ્યું છે કેઃ–

**कृतापराधेऽपि जने, कृपामंथरतारयोः।**
**इषद् बाष्पार्द्रयोर्भद्रं, श्री वीरजिननेत्रयोः॥**

'કર્યો છે અપરાધ જેણે એવા જીવની ઉપર પણ જેના નેત્રના તારા (કીકી) કૃપાયુક્ત છે અને કાંઇક બાષ્પવડે આર્દ્ર થયેલ છે એવા શ્રી વીર પરમાત્માના નેત્રોનું કલ્યાણ થાઓ. અર્થાત તે તમારૂં ભદ્ર–કલ્યાણ કરો.'

હવે વીર પરમાત્મા કેવળ જ્ઞાન પામ્યા પછી ૩૦ વર્ષ વિહાર કરીને અનેક જીવોપર ઉપકાર કરી અંત સમયે પાવા પુરી પધારે છે. તે વખતનો એક પ્રસંગ બહુ ચિત્તાકર્ષક લાગે છે. તે પ્રસંગ એ છે કે —મહાવીર પરમાત્મા પોતાનો અંત સમય નજીક જાણી અત્ર પાવા પુરી પધાર્યા. ત્યાં આવ્યા પછી ગૌતમસ્વામી પોતાની ઉપર અત્યંત રાગવાળા હોવાથી તે અંત સમય જોઇ શકશે નહી એમ ધારી તેમને નજીકના કોઇ ગામમાં રહેનારા દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ કરવા મોકલ્યા. તેને પ્રતિબોધ કરી તેઓ પાછા પ્રભુ પાસે આવવા ચાલ્યા, ત્યાં તો આ-

કાશ માર્ગે દેવતાઓનું થતું ગમનાગમન જોઇ પ્રભુનું નિર્વાણ થયેલ જાણ્યું. તે વખતે તેમને એવો આઘાત થયો કે તેઓ મૂર્ચ્છિત જેવા થઇ ગયા. પછી સાવધ થઇને વિચારવા લાગ્યા કે-'પ્રભુએ આ શું કર્યું? મને ખરેખરા ભકતને ખરે વખતેજ દુર કર્યો? શું લોકવ્યવહાર પણ ન પાળ્યો? લોકોમાં તો એવે વખતે ઉલટા પોતાના સંબંધીને દુરથી પણ નજીક પોતાની પાસે બોલાવે છે.' આ હકીકત સંબંધી વિચાર કરતાં આપણને પણ એમજ લાગે તેવું છે. આપણા ખરેખરા પ્રેમવાળા અને ખાસ અતલગના સંબંધી પોતાને અંત વખતે—ખાસ તેવું જાણ્યા છતાં આપણને દૂર મોકલે તો આપણને કેવું લાગે? આ આઘાત કાંઇ જેવો તેવો નથી પણ તે વિરાગ-વૃત્તિ આવવાથીજ ગૌતમસ્વામી સહન કરી શક્યા છે. તેમણે વિચાર્યું કે-'હું જેટલા વિચાર કે કલ્પના કરૂં છું તે બધી રાગવાળા જીવોની છે, અને પ્રભુ તો સર્વથા વીતરાગ છે-તેનામાં યતકિંચત્ પણ રાગનો અંશ નથી. હું તેમના પર અપ્રતિમ રાગ ધરાવતો હતો, પરંતુ તેઓ તો પોતાની વીતરાગ દશામાંજ વર્તતા હતા. તો તેઓ મને શા માટે પાસે રાખે? એને મારૂં શું કામ હતું? શી ભલામણ કરવાની હતી? એઓતો સર્વજ્ઞ હોવાથી જાણતા હતા કે-મારી પાછળ દરેકની આ પ્રમાણેની સ્થિતિ બનવાની છે. મને રાગના કારણથી વધારે આઘાત લાગશે એમ ધારી મારાપરની હિતબુદ્ધિથી મને છેટે મોકલ્યો તો હવે મારે પણ રાગ કરવો કે રાગથી મુંઝાવું તે નકામું છે-નિષ્ફળ છે-હાનિકારક છે. રાગ દ્વેષ ને મોહથીજ આ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.' આવા શુભ વિચારની શ્રેણીએ ચડતાં ક્ષપકશ્રેણિ માંડી, અને જે કેવળજ્ઞાન માત્ર પ્રભુ ઉપરના પ્રશસ્તરાગને લઇને પણ પ્રાપ્ત થતું નહોતું તે તત્કાળ પ્રાપ્ત થયું. દેવોએ અવધિજ્ઞાનથી તે હકીકત જાણી એટલે તેમના કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. ગણધર મહારાજે દેશના આપી અને પછી વિહાર કરી અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. આ પ્રસંગ બહુજ વિચારવા જેવો છે.-ઘણું શિક્ષણ લેવા જેવો છે. ઉચ્ચકોટીનો છે. આપણે પણ તે સ્થિતિના ઇચ્છક છીએ તેથી આ હકીકત ખાસ લક્ષમાં ધારી લેવા યોગ્ય છે.

મહાવીર પરમાત્મા તો લોકોત્તર પુરૂષ હતા, અને તેમનામાં અનંત ગુણો હતા, તે બધા શીરટોચે પહોચેલા હતા. એ પુરૂષના ચરિત્રમાંથી રહસ્ય શોધનારને તો ડગલે ડગલે ને પગલે પગલે રહસ્ય મળી શકે તેમ છે, પરંતુ બીજા સાધારણ ગુણવાન કે જેમાં એકાદ ગુણ પણ ઉચ્ચ કોટીનો અને ઉચ્ચ સ્થિતિએ પહોંચેલો હોય તો તેના ચરિત્રમાંથી પણ રહસ્ય મળી શકે છે. દરેક મનુષ્યે વિશિષ્ટ ગુણીતો થવાય ત્યારે ખરૂં પરંતુ સામાન્ય રીતે પણ ઉચ્ચ પુરૂષોની સામી દૃષ્ટિ કરીને તેમનામાંથી અમુક ગુણ કે તેના અંશો લઇને ગુણી ગણાવાની તો જરૂર છે. કારણ કે જે મનુષ્ય ગુણીમાં ગણાતો નથી તેનો મનુષ્યજન્મજ નિરર્થક છે. એક કવિ કહે છે કે-

**गुणोगणगणनारंभे, न पतति कठिनी ससंभ्रमाद्यस्य ।**
**तेनांबा यदि सुतिनी, वद वंध्या कीदृशी नाम ॥१॥**

'અમુક શહેરમાં, ગામમાં કે સમુદાયમાં ગુણી કોણ છે? ને કેટલા છે? તેની ગણના-ગણત્રી કરવાના પ્રારંભમાંજ જે મનુષ્યના નામ ઉપર કઠિની એટલે આંગળી પડતી નથી તેવા પુત્રની માતાને તેવા પુત્રથી જો પુત્રવાળી કહેશું તો પછી વંધ્યા કોને કહેશું? અર્થાત જે મનુષ્યો ગુણીમાં ગણાતા નથી તેવા પુત્રોની માતા પુત્રવતી છતાં પણ વંધ્યા તુલ્ય છે."

આ શ્લોક ખાસ વિચારવા યોગ્ય છે, એટલું સુચવી આ ટુંકો લેખ સમાપ્ત કરવામાં આવે છે. મહાવીર પરમાત્માના ચારિત્રમાંથી તો જે પ્રસંગ લઇએ તે રહસ્યવાળો હોય છે અને તેમાંથી સારગ્રાહી બુદ્ધિવાળા સાર ગ્રહી શકે છે. બાકી સમાન બુદ્ધિવાળા છતાં તેમની વિચારણા ઉપર બહુ આધાર રહે છે. એકને એક હકીકતમાંથી એક વિચારક મનુષ્ય ઘણો અને ઉપયોગી સાર ગ્રહણ કરી શકે છે ત્યારે બીજો તેવો સાર ગ્રહણ કરી શકતો નથી. એટલુંજ નહીં પણ છદ્મસ્થ પ્રાણીઓને અગોચર

એવું અપૂર્વ વસ્તુ સ્વરૂપ વિગેરે કેવળ જ્ઞાન વડે જાણીને કહેવામાં આવે છે ત્યારે એક ગુણગ્રાહી મનુષ્ય તેમના અપૂર્વ જ્ઞાનનું બહુમાન અને વિશિષ્ટતા ચિંતવે છે, ત્યારે બીજો દોષગ્રાહી તેનું અસંભવિતપણું માની અનેક પ્રકારના કુતર્કો કરે છે. તેથી જ જ્ઞાનીઓએ સર્વ ગુણમાં પ્રથમ સમકિત ગુણની આવશ્યકતા બતાવી છે, કારણ કે શ્રદ્ધા શિવાય ગુણગ્રાહી થવાતું નથી અને ખરૂં રહસ્ય પ્રાપ્ત થતું નથી. માટે દરેક મનુષ્યે પ્રથમ સમકિત ગુણ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો અને એ ગુણ પ્રાપ્ત થયેલ હોય તો તેનું બરાબર રક્ષણ કરવું. શંકાકાંક્ષાદિ દૂષણો વડે એ ગુણને મલિન થવા દેવો નહીં, કેમકે એ ગુણ પ્રાપ્ત થવો અતિ મુશ્કેલ છે. ઇત્યલમ્

કુંવરજી આણંદજી.

# ભગવાન્ મહાવીરની સિદ્ધાન્તભૂમિકા.

આજ આપણે ચર્ચાનો નવોજ પ્રદેશ ઉઘાડીએ. આપણે સર્વ આપણી જાતને ભગવાન મહાવીરના શાસનના અનુયાયી તરીકે ઓળખાવીએ છીએ અને તેમણે જગતમાં જે તીર્થ પ્રવર્તાવ્યું તેનું અવલંબન ગ્રહણ કરીને આપણા જીવનના વિવિધ અંગોની ઘટના કરતા રહીએ છીએ. ભગવાન્ મહાવીરે જે તીર્થ પ્રવર્તાવ્યું તે કાંઇ આકસ્મિક મનઃકલ્પિત સિદ્ધાન્તોનો પ્રચાર નહોતો પણ જે દેશકાળ વચ્ચે તેમણે જન્મ લીધો હતો તે દેશકાળની યોગ્ય સમીક્ષા ઉપર તેમના સમગ્ર તીર્થની રચના કરવામાં આવી હતી. એથી ભગવાન્ મહાવીરના સિદ્ધાન્તોને સમજવા માટે તેમના દેશકાળને યથાર્થપણે સમજવાની પ્રથમ આવશ્યકતા ગણાય.

તેમના સમયમાં બ્રાહ્મણસમુદાયનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. બ્રાહ્મણને તરણતારણ માનવામાં આવતા હતા, ક્ષત્રીઓ પણ બ્રાહ્મણને નમતા, સર્વ ધર્મકાર્યના પ્રવર્તક બ્રાહ્મણો હતા, લોકોની બ્રાહ્મણવર્ગ ઉપર અપૂર્વ શ્રદ્ધા હતી, જન્મ એજ માણસની ઉચ્ચતા કે નીચતા સિદ્ધ કરવા માટે પૂરતું કારણ મનાતું; હલકા કુળનો માણસ ઉંચે જઇ ન શકે. ઉંચા કુળનો નીચ બની ન શકે---આવી માન્યતા સર્વત્ર રૂઢ હતી. આજના અન્ત્યજવર્ગની તે વખતે પણ હયાતી હતી શુદ્રો. પણ મનુષ્યને યોગ્ય અનેક અધિકારોથી વંચિત રહેતા. બ્રાહ્મણની શ્રેષ્ઠતા જન્મસિદ્ધ મનાતી, એ બ્રાહ્મણવર્ગ પોતાની સત્તા સ્થિર રાખવા સર્વ પ્રકારના પ્રયત્નો આચરતો અને ભોળા લોકોને અનેક રીતે ભમાવતો. ધર્મ વિષયમાં પણ ક્રિયાકાંડનું જોર વ્યાપી રહ્યું હતું, મોટા યજ્ઞો કરવામાંજ ધર્મની પરિપૂર્તિ સમજવામાં આવતી, યજ્ઞના નામે હિંસાનો પાર રહેતો નહિ, અહિંસાનું તત્ત્વ કોઇ જાણતું નહિ. સંયમ-તપની કોઇને દરકાર નહોતી, બાહ્યાડંબરમાંજ ધર્મનો સાર સમાઇ જતો, સુખદુઃખનો આધાર કર્મકાંડજ લેખાતો, 'સ્વર્ગની ઇચ્છા હોય તો યજ્ઞ કરો' એ એ યુગનો પ્રતિષ્ટિત આદેશ હતો, ઇશ્વરની કૃપાથી સુખ મળે છે; તેની અકૃપાથી દુઃખ આવે છે, માટે તેને પ્રસન્ન કરો.' આ પ્રમાણે માત્ર ઇશ્વરજ નહિ પણ અનેક દેવ-દેવીઓ લોકોની શ્રદ્ધા અને ઉપાસનાનું સાધન થઇ પડયાં હતાં. આત્મા શું ? કર્મ શું ? મનુષ્ય જીવન શું ? એ વિષે ગાઢ અજ્ઞાન પ્રવર્તતું હતું. વેદની સત્તા સર્વોપરિ હતી. સર્વ શંકાઓનું સમાધાન વેદથી થતું. વેદ ઇશ્વરકૃત માનવામાં આવતા હતા. માણસે પોતાની બુદ્ધિથી કશું વિચારવાનુંજ નહિ. વેદ પણ સમજવા-સમજાવવાનો ઇજારો બ્રાહ્મણોનેજ હતો. સંસારવ્યવહાર સ્મૃતિઓ નિર્માણ કરતી. સ્મૃતિઓનું મુખ્ય સૂત્ર **ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ** હતું. એ સંસારમાં પુરૂષ પ્રધાન હતો, સર્વ અધિકાર પુરૂષોને હસ્તજ હતા, સ્ત્રીનો અધિકાર માત્ર ભરણપોષણનો અને તેનો કાર્યપ્રદેશ કુટુંબમાં રહી સેવા કરવાનો ગણાતો, તેને કશી માલિકી હતી નહિ. તેને કશું સ્વાતંત્ર્ય હતું નહિ. ધર્મપ્રદેશમાં પણ સ્ત્રીનું સ્થાન ગૌણ હતું. સ્ત્રી એ પતિની જાણે કે મિલ્કત ન હોય એવી રીતની ગણના હતી. તેને

સંન્યાસનો અધિકાર નહિ, નિયમ બંધન સર્વ સ્ત્રીઓ માટે, પુરૂષને અનેક પ્રકારની છુટ. સ્ત્રી એટલે કોઇ અવનત આત્મા–ઓછી શક્તિઓ વાળી, રક્ષણ કરવા યોગ્ય–સેવા લેવા યોગ્ય–જરા પણ છુટ આપતાં છટકી જાય એવી અધોગામી પ્રકૃતિવાળી માનવામાં આવતી. વળી ધર્મ યા કર્મમાં હિંસાનું ભારે પ્રાબલ્ય હતું. માંસાહાર છુટથી પ્રચલિત હતો. વનસ્પતિમાં તો કોઇને જીવની પણ કલ્પના નહોતી. પ્રાણી માત્ર માટે દયાની ભાવનાનું સ્વપ્ન સરખું પણ નહોતું. ભગવાન્ મહાવીરના સમયની આવી પરિસ્થિતિ હતી.

ભારતના ઇતિહાસમાં આ અસાધારણ કાળ હતો. લોકોમાં અજ્ઞાન–વહેમ–અંધકારનું સામ્રાજ્ય હતું, સર્વત્ર માનસિક ગુલામી પ્રવર્તી રહી હતી. લાંબા કાળના પડેલા ચીલે લોકો ચાલતા હતા. તેમાં ન હતી પ્રગતિ, ન હતી નૂતનતા કે ન હતો સર્જનશક્તિનો આવીર્ભાવ. લોકોના ધાર્મિક જીવનનું સૂત્ર બ્રાહ્મણોને હાથ હતું; બ્રાહ્મણોનું જીવનસૂત્ર વેદ અને રૂઢીને પરાયણ હતું. લોકોમાં અસંતોષ–દુઃખ–બંડવૃત્તિ વધતાં જતાં હતાં. આ બંડવૃત્તિ તે કાળની કેટલીએક મહાન્ વિભૂતિઓદ્વારા જગત્ સમક્ષ મૂર્તિમન્ત બની અને પરિણામે લોકજીવનમાં મહાન્ ઉત્ક્રાન્તિ જન્મ પામી. તે સમયની આવી મહાન્ વિભૂતિઓમાં એક ભગવાન મહાવીર હતા. તેમણે પોતાના સમયની પૂરી ચિકિત્સા કરી; પોતાના સમયના દર્દને સારી રીતે પીછાણ્યું અને તે સર્વના ઉચિત ઉપાય સૂચવી યોગ્ય નિદાન કીધું. નિદાન એટલે અત્યારે આપણે જેને જૈન ધર્મ તરીકે ઓળખીએ છીએ તેની સ્થાપના અને પ્રવર્તના. તે કાળનું બારીક અવલોકન કરીને તેમાં અનુભવ, મનન અને ચિન્તનની મેળવણી કરી ભગવાન્ મહાવીરે ભૂમિકારૂપે નીચેના સિદ્ધાન્તો નીપજાવ્યા–પ્રરૂપ્યા.

(૧) જે આત્મા આપણામાં અન્તર્ગત છે તેવોજ આત્મા જગત્ના સર્વ જીવોમાં છે. માત્ર પ્રાણીઓમાંજ જીવાત્મા છે એટલુંજ નહિ પણ વનસ્પતિ અને પૃથ્વી, પાણી, અગ્નિ તથા વાયુ પણ સજીવ છે.

(૨) જગત્માં જન્મનાજ કારણે કોઇ મોટો કે નાનો નથી. સર્વ મનુષ્યો સરખા છે, શુદ્ર ઉચ્ચ કોટિનો પણ હોઇ શકે; બ્રાહ્મણ હલકી કોટિનો પણ હોઇ શકે.

(૩) જે વસ્તુતઃ નીચી કોટિનો હોય તે સ્વપ્રયત્નથી ઉંચામાં ઉંચી કોટિને પહોંચી શકે. માણસની પોતાની ઉપરજ પોતાની અવનતિ કે ઉન્નતિનો ખરો આધાર છે.

(૪) સ્ત્રીમાં પુરૂષ જેટલીજ આધ્યાત્મિક શક્યતાઓ ભરેલી છે, સ્ત્રી સ્ત્રી હોવાના કારણે કે પુરૂષ પુરૂષ હોવાના કારણે એકમેકથી નીચા ઉંચા નથી. એક સરખો આત્મા ઉભયમાં વ્યાપેલો છે.

(૫) 'વેદમાં લખ્યું તેજ 'સાચું' ' એ બુદ્ધિથી સ્વીકારી શકાય તેમ નથી. વેદ પણ માણસની કૃતિ છે, તેથી માણસની અપૂર્ણતા તેમાં પણ સંભવે છે. વેદ હોય કે અન્ય ધર્મગ્રંથ હોય પણ જેતું વચન યુક્તિમંત હોય, આપણી સમજશક્તિમાં ઉતરી શકતું હોય તે સત્ય, કોઈ પણ કથનમાં અબાધિત સત્ય હોતુંજ નથી. દરેક કથનમાં રહેલું સત્ય સાપેક્ષ છે.

(૬) યજ્ઞયાગાદિ માણસને કશું ફળ આપી શકતા નથી. બાહ્ય ક્રિયાકાંડ માત્રથી કોઇનો કાંઈ ઉદ્ધાર થતો નથી. માણસના ઉદ્ધારનો ખરો આધાર તેના ચારિત્ર ઉપર છે અને તે ચારિત્રની શુદ્ધિનો આધાર તેના દર્શન અને જ્ઞાનની નિર્મળતા ઉપર રહેલો છે; એટલે માણસે બાહ્યાવલંબન છોડીને અન્તર્મુખ બનવું જોઈએ અને પોતાના જીવનનું બને તેટલું સંશોધન કરવું જોઈએ.

(૭) દરેક પ્રાણી કર્મવશ છે. સંસારમાં સુખદુઃખઅને પરિભ્રમણનું કારણ કર્મ છે. આત્માની સ્વાભાવિક સ્થિતિ ચિન્મય-સત્યમય-આનંદમય છે. કર્મના આવરણને અંગે પોતાની સ્વાભાવિક સ્થિતિથી દરેક પ્રાણી દૂર રહે છે. કર્મો બંધાવાના જગત્માં અનેક કારણો છે. તેમાં મુખ્ય હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ છે, માટે આ કારણોથી મુક્ત બને તો માણસ કર્મના પાશથી છુટો થવા માંડે. મુક્તિનાં સાધનો જ્ઞાન, તપ અને ભક્તિ છે. એ ત્રણ સાધનોના અવલંબનથી પ્રાણી મોક્ષને પામે. મોક્ષનું અસ્તિત્વ આત્મસ્વરૂપના સૂક્ષ્મ પરીક્ષણથી સહજ સિદ્ધ છે.

આ રીતે ભગવાન્ મહાવીરે પોતે જગત્ના હિતાર્થે પ્રરૂપેલા પ્રવચનની ભૂમિકા રચી અને તેના ઉપર સમગ્ર તીર્થનું મંડાણ કીધું, મનુષ્યને ઉન્નત્તિનો સાચો માર્ગ દર્શાવ્યો; તેની આંખોનાં પડળ દૂર કીધાં અને અનેક જીવનસત્યો પ્રકાશિત કીધાં. બ્રહ્મત્વ વિનાના બ્રાહ્મણને તેમણે પ્રતિષ્ટાભ્રષ્ટ કીધો. પ્રગતિના પિપાસુ શુદ્રને માટે ધર્મનાં દ્વાર ખુલ્લાં કીધાં. વેદને ઉંચેથી નીચે ઉતાર્યા; માનુષિક પ્રજ્ઞાને

ઉન્નત સ્થાને પ્રતિષ્ઠિત કીધી. દરેક પ્રાણીને આત્મોત્કર્ષ સાધવાને સંપૂર્ણ સ્વાતંત્ર્ય બક્ષ્યું. તેમણે જગતને જણાવ્યું કે માણસ પોતેજ પોતાનો સંહારક કે ઉદ્ધારક છે. માણસની કિંમત માણસના ચારિત્રમાંજ રહેલી છે. પોતે પોતાને સમજે અને યોગ્ય માર્ગે પોતાની જીવનસરિતાને વહાવે.

જે અધિકાર અને સ્વાતંત્ર્ય તેમણે પુરૂષોને આપ્યાં તેજ અધિકાર અને સ્વાતંત્ર્ય તેમણે સ્ત્રીઓને આપ્યાં સ્ત્રી સ્વતંત્ર છે. અને પુરૂષસમાન છે. પુરૂષના દોષ પુરૂષને લાગે; સ્ત્રીના દોષ સ્ત્રીને લાગે. સ્ત્રી એટલે દાસી અને પુરૂષ એટલે દેવ એ માન્યતાનો તેમણે નિષેધ કર્યો; સ્ત્રી-પુરૂષ બન્ને સરખાં, સારી-ખરાબ વૃત્તિઓથી ભરેલાં, એકમેકની મદદથી સંસારવ્યવહાર ચલાવવાને સરજાયેલાં અને આત્મપ્રગતિ સાધવાને નિર્માયેલાં પોતપોતાનાં કર્મોના સ્વતંત્ર ફળભોગી છે. કોઇ કોઇથી એવું બંધાયલું નહિ કે કોઈપણ કારણે એક અન્યથી છૂટીજ ન શકે. પુરૂષ ઉચ્ચકોટિનો હોય અને સંસાર ઉપર વિરક્તિ આવતાં જેમ સ્વસ્ત્રીનો ત્યાગ કરી પરિવ્રાજક ( સાધુ ) બની શકે તેમજ ઉચ્ચકોટિની સ્ત્રી વૈરાગ્યવશ બનતાં અથવા તો આત્મોત્કર્ષની ભાવના બળવાન્ થતાં પોતાના પરિણીત પતિને છોડીને સંયમ ગ્રહણ કરી શકે અને પ્રાંતે બંનેનો મોક્ષ થઇ શકે. ભગવાન્ મહાવીરે ચંદનબાળાને પોતાની પ્રથમ શિષ્યા બનાવી. આ બનાવ તે સમય વિચારતાં કાંઇ ઓછા મહત્વનો નહોતો.

આવીજ રીતે તેમણે હલકામાં હલકી કોટિના મનુષ્યને ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિના અધિકારી બનાવ્યા. તેમને મન શુદ્ર, અંત્યજ કે ચંડાલનો ભેદ નહોતો. તેમનું સમવસરણ સર્વ માટે ખુલ્લું હતું. તેમની દીક્ષા સૌ કોઇ લઇ શકતું. મેતાર્ય મુનિ અને હરિબળ મચ્છીના દાખલા જૈન કથાઓમાં સુપ્રસિદ્ધ છે. આ રીતે અંધકાર અને ઉજાસ વચ્ચે ઝોલા ખાતા તે કાળના લોક-માનસ ઉપર તેમણે નવો પ્રકાશ પાડયો; જીવનવ્યવહારની પુનર્ઘટનાનો નવો સંદેશ આપ્યો, અનેક જુના ચીલા તોડયા અને નવી સડકો બાંધી; અંધશ્રદ્ધાના અંધારાં દૂર કર્યા. સ્વતંત્ર વિચારશક્તિને લોકચિત્તમાં જાગ્રત કરી અને અવનત ભારતમાં પોતાના ભગીરથ તપથી સદ્ધર્મવાહિની ભાગીરથીનો અવતાર કીધો.

પરમાનંદ.

# વર્ધમાન સ્વામીની વ્યવહાર્યતા.

[ लेखक-लक्ष्मण रघुनाथ भिडे २९७ शनवार पुना. ]

**सिद्धं संपूर्ण भव्यार्थसिद्धेः कारणमुत्तमम् ।**
**प्रशस्तदर्शनज्ञानचारित्र प्रतिपादनम् ॥**
**सुरेन्द्रमुकुटाश्लिष्ट पादपद्मसुकेसरम् ।**
**प्रणमामि महावीरं लोकत्रतयमङ्गलम् ॥**

જિનશાસનની શુદ્ધતા આજે સૌ કોઇ સ્વીકારે છે; પણ આ શાસન વ્યવહારમાં આચરી શકાય એવું નથી એમ એક બીજાજ પ્રકારના આક્ષેપ કેટલાક બુદ્ધિવાદિઓ હવે આગળ મૂકવા લાગ્યા છે. ખરૂં જોતાં જિનશાસન અબાધ્ય છે એજ આ આક્ષેપમાં પણ સિદ્ધ થાય છે. કેમકે આ આક્ષેપજ એવો છે કે જે બીજા તત્વના આક્ષેપો ન હોય ત્યારે આગળ મૂકાય છે. જો જિનશાસનની શ્રેષ્ટતા સ્વીકારીએ છીએ તો તે અવ્યવહાર્ય છે એમ કહેવું આ એક જાતની આક્ષેપકની પોતાની નબળાઇ છે, ન કે શાસનની કાંઇક ત્રુટી. શાસનને અવ્યવહાર્ય વિશેષણ લગાડી ચાણાક્ષ વ્યવહારી કે પ્રપંચી લોકો પોતાની નબળાઇ ઢાંકવા માગે તો તેઓ તેમ ભલે કરે પણ તેનાથી શાસન કાંઇ દૂષિત થતું નથી.

વળી અવ્યવહાર્ય પણ શા માટે કહેવું ? શું આ શાસન અસ્વાભાવિક છે કે આચરણમાં ન લાવી શકાય એમ છે ? જિનશાસન તો તેવું નથી. કેમકે અનંતાનંત તીર્થંકરોએ, સિદ્ધોએ, આચાર્યોએ,

ઉપાધ્યાયોએ કે નિગ્ગંથ સાધુઓએ આ શાસનની આજ્ઞા મુજબ આચાર પાળી બતાવ્યો છે. જ્યાંસુધી એક પણ વ્યક્તિ જે કામ કરી બતાવી શકે છે ત્યાં સુધી તે કામને અવ્યવહાર્ય ન કહી શકાય. જનસામાન્યનો જે વ્યવહાર છે તેનાથી બીજોજ માર્ગ જિનશાસન ઉપદેશે છે તેથી તે ભલે કઠણ હોય કે લોકરૂચિને વિરૂદ્ધ હોય પણ અવ્યવહાર્ય તો કદીપણ ન કહી શકાય. કઠણ કામને અવ્યવહાર્ય કહેવું એ એક જાતનું દાર્બલ્ય છે; પણ વ્યવહારી લોકોએ એવો પ્રપંચ રચ્યો છેકે તેમાંએ દૌર્બાલ્યના દુર્ગુણને સદ્ગુણનું રૂપ આપ્યું છે જ્યારે વ્યવહારી લોગો કોઈ કામને અવ્યવહાર્ય કહે છે ત્યારે તેઓ પોતે મુત્સદ્દી કહેવાડવા માગેછે અને આ કામને હલકું લેખવા માગેછે.

મહાવીર પ્રભુ કે ગૌતમબુદ્ધથી નેપોલિયન, રસ્કિન, ટૉલસ્ટૉય અને મહાત્મા ગાંધી જેવા પુરૂષાર્થના હિમાયતી આજ સુધી જેવા થયા છે. તેઓના વિષયમાં પ્રપંચી લોકોએ અવ્યવહાર્યતાનું જાળ રચી પોતાની નબળાઇને સારૂં રૂપ આપવાની કોશીશ કરી છે. તેવાઓના એવા પ્રપંચથી અલ્પજ્ઞ લોકો ઠગાઇ જાય છે અને પુરૂષાર્થ બતાવવું છોડી દે છે. પોતાને માટે સાધ્ય હોય એવી વાત પણ અસાધ્ય સમજે તેથી તેઓ પ્રયત્નજક રતા નથી અને આત્મનાશ વ્હોરી લે છે.

વીર શાસનના વિષયમાં પણ એવોજ બનાવ બન્યો છે, ગૌતમ બુદ્ધે પોતાનો મધ્યમ માર્ગ લોકોને ઉપદેશી નિગ્ગન્થ નાત્તપુત્રનો માર્ગ અસામાન્ય છે એમ કહ્યું, તો વૈદિકોએ લોકાભિરૂચિને અનુકુળ એવો માર્ગ બતાવી નિગ્ગન્થ સિદ્ધાના માર્ગ અવ્યવહાર્ય છે એમ કહી દીધું. પણ અમેતો જાણીએ છીએ કે નાતપુત્તનો માર્ગ પણ ઘણાએ આચરી બતાવ્યો છે અને આ માર્ગનું અનુસરણ કર્યા વગર મોક્ષેચ્છુ લોકોને છુટકોજ નથી. વીરશાસન આત્મસિદ્ધિનો સીધો માર્ગ બતાવે છે. પુદ્ગલ પરમાણુઓના સંબંધથી બંધ પામેલાઓને આ બંધ વધે એવો માર્ગ બતાવ્યાથી કોઇનું ન વળે. આ બંધની નિર્જરા કરવાનોજ માર્ગ બતાવવાનો રહ્યો; અને એવો એનો હેતુજ હોઇ શકે એમ છે. જડ અને ચેતન બન્ને સ્વભાવથી ભિન્ન હોવાથી તેમાંના માર્ગો પણ ભિન્ન છે. આ બેમાં કદીપણ તડતોડ થઇ શકે એમ નથી.

વર્દ્ધમાનસ્વામીએ જિનશાસન પોતે આચરી તે વ્યવહાર્ય છે એમ બતાવી આપ્યું છે. પ્રભુ બાલ્યપણથીજ ત્રિજ્ઞાનધારી હતા. પણ પૂર્વભવોમાં તેઓશ્રીએ તે માટે પ્રયત્ન પણું ઘણા કરેલા હતા. સાપ કરડે, વ્યંતર દેવતાઓ બાધા કરે તો પણ પ્રભુ સમભાવ રાખતા હતા એવો પુરુષાર્થ અનંતવીર્યના સિવાય થઇ શકે એમ નથી. મહાવીરપ્રભુ જ્યારે ત્યારે બે વર્ષના યુવક હતા ત્યારે ગૌતમબુદ્ધ તપશ્ચર્યા છોડી મધ્યમ માર્ગનો ઉપદેશ આપતો ફરતો હતો અને તેમણે ઘણા લોકોને ભિક્ષુની દીક્ષા આપી પણ મહાવીરપ્રભુ પોતાનું શ્રાવકવ્રત છોડી બુદ્ધની પાછળ નથી દોડયા તેઓશ્રી ભાવનાપ્રધાન ન હતા. સારાસાર વિવેકી ને વ્યવહારૂ હતા જ્યારે ચોતરફ ખળભળાટ હોય ત્યારે પણ પોતાના મત ઉપર અડગ રહેવું એ એક યુવકને માટે કેટલું બધું કઠણ છે તે સૌ લોક જાણે છે. મહાવીર પ્રભુએ તો ૭ વરસની ઉમર સુધી ઘેર રહી માતપિતા કે બંધુ જેવા વડિલોની સેવા કરતા કરતા ધર્માચરણ કરેલું અને યોગ્ય લાગતાં દીક્ષા લીધેલી. તેઓશ્રી પરિસ્થિતિના દાસ ન હતા; પણ અકાળની પરિસ્થિતિને પ્રભુએ દાસ બનાવી હતી. એમ ન હોત તો બીજાની જેમ પ્રભુ પણ ભિક્ષુ બનત. બીજા યુવકોની માફક તેઓશ્રી પણ શિકાર રમત કે વિષયોપભોગમાં લિપ્ત થાત. પણ અનંતવીર્યશાળી પ્રભુના આગળ એક વિશેષ કાર્ય (Mission) હતું અને તેની સિદ્ધિને માટેજ તેઓશ્રી કોશિશ કરતા હતા. દીક્ષા લીધા પછી બારહ વર્ષ સુધી પ્રભુએ એવી ઘનઘોર તપશ્ચર્યા આચરી કે તેના પ્રભાવથી પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. મંહમદ પૈગંબર, ઇશુખ્રિસ્ત, કૃષ્ણ હતા તેમાં કોઇપણ ધર્મસંસ્થાપક જેટલું કઠણ તપ આચરેલું ન હતું અને જે તપ ગૌતમબુદ્ધે પણ અડધું છોડી દીધું હતું તેટલું સામાન્ય તપ મહાવીર પ્રભુએ આચરેલું હતું; એટલુંજ નહિ પણ કોઇપણ બીજા તીર્થંકરે, શ્રીવીર નિગ્ગંથ તપસ્વીના જેટલું કઠણ તપ આચરેલું નહતું.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ મુનિવ્રત આ-ચરતાં આચરતાં પ્રભુ વિહાર કરતા હતા અને ભવ્ય જીવોને દેશના આપતા હતા. આ દેશના એવી ભાષામાં પ્રભુ આપતા કે જે કોઇ પણ ગતિનો જીવ સમજી શકે. આ ભાષા આત્માની ભાષા હતી, ન કોઇ પર્યાયની કે પ્રદેશની. એવી આ ભાષા તિર્યંચ પણ સમજી શકતા હતા. પ્રપંચી લોક આ વાતને ભલે ન સમજી શકે પણ તે તદ્દન અશક્ય માત્ર નથી. મહાવીરસ્વામી નિર્વૈર હતા એટલે તેઓશ્રીની પાસે જીવગણ નૈસર્ગિક વેર પણ ભૂલી જતા હતા. પ્રેમબ-ળથી એમ થતું હતું. સરકસ વિગેરેમાં ભયથી જે બને છે તે પ્રેમથી શા માટે ન બને? એમાં અશક્ય જેવું કાંઇ પણ લાગતું નથી.

એવી રીતે મહાવીર પ્રભુ પોતે બાહોશ વિવેકી ને વ્યવહારી હોવાને લીધે તેઓશ્રીનો ઉપદેશ પણ શુદ્ધ વ્યવહાર્ય રહેતો હતો જે ધર્માચરણ કરશે તેમને ઇશ્વર સારૂં ફલ આપશે ને જે બુરાઇથી વર્તશે તેમના ઉપર ઇશ્વર નારાજ થશે એવાં ભાવના પૂર્ણ પણ વિવેકહીન વચનો પ્રભુએ કદી પણ કહ્યાં નથી. તમે ધર્માચરણ કરશો તો સારૂં ફળ મળશેજ. ઇશ્વ-રની કૃપા, અવકૃપાનો કશો પણ સંબંધ તેથી રહેતો નથી. ભલા રાજી થવું કે નારાજ થવું વીતરાગ ઇશ્વરને કેમ સંભવે? એ વાત અવ્યવહાર્ય છે. વીત-રાગ ને નિરૂપાધિક ઇશ્વરને કર્તૃત્વ કે ઉપાધિ નથી. એવી વિવેકપૂર્ણ વૃત્તિ મહાવીર પ્રભુની છે.

એકાંતમત અવ્યવહાર્ય હોય છે. પ્રભુએ અપેક્ષા-યુક્ત અનેકાંતમત ઉપદેશ્યું છે. કાંઇપણ વિધાન કોઇ એક અપેક્ષાથીજ સત્ય હોય છે. નહિં કે સદાય સત્ય રહે છે. બીજા મતોપદેશકોની આ ભૂલ પ્રભુના શાસન માં નથી એટલે સ્યાદ્વાદ વિવેકપૂર્ણ કે પૂર્ણ રીતે વ્ય-વહાર્ય છે.

હિંસાદિ પાપકર્મો પણ પુણ્યકર્મોપાર્જન કરે છે એમ વિવેકહીનનું અવ્યવહાર્ય વચન કેટલાક મતો-પદેશકોનું છે. વીરપ્રભુએ સમ્યક ધર્મ ઉપદેસ્યો છે જેમાં જરાપણ કિલ્મીષ નથી.

મારી પૂજા કરો કે મને શરણ આવો એટલે તમારૂં કલ્યાણ થશે; હું દેવપુત્ર છું, દેવદૂત છું; એવાં અવિવેક વચનો પ્રભુએ કહ્યાં નથી. સમ્યક ધર્મનું આચરણ કરો તમારો આત્મા ઉન્નત થશે. એમ ન કરો તો ભવમાંજ ડૂબતા રહેશો. તમારી મુક્તિ બીજા ઉપર અવલંબિત નથી. તમારૂં સારૂં ને નઠારૂં તમા-રાજ હાથમાં છે. એવું સત્ય વચન મહાવીર પ્રભુએ કહ્યું છે.

પ્રભુએ પ્રપંચ કર્યો નથી કે કાંઇપણ બોલી લોકોને ઉશ્કેર્યા નથી. જે કાંઇ સર્વ બાજૂથી સત્ય અને નિરાબાધ્ય હતું તે તેઓશ્રીએ ઉપદેસ્યું. એવો આત્મમાર્ગ ઉપદેશથી ધ્યાનમાં ન આવે એવો હોવાથી પોતે આચરી ખરેખર વ્યવહાર્ય છે એમ બતાવ્યો. એનાથી વ્યવહારી બીજા કોણ છે ને વીરશાસનથી પણ વિવેકપૂર્ણ શાસન બીજું કયું છે? એવા શાસ-નને અવ્યવહાર્ય કહેવું પોતાની મૂઢતા અને નબળાઇ બતાવવા જેવું છે. સામાન્ય લોકો જોકે પુદ્ગલાનંદ-માંજ મગ્ન હોય અને તેમને આત્માનંદની વાત ન રૂચે તેથી આત્માનંદ જેવી કોઇ સ્થિતિ નથીજ એમ ન કહી શકાય. પ્રયત્નથી આ સ્થિતિ પ્રાપ્ત થાય એમ છે. પ્રયત્ન કરવાવાળા ઓછા હોય છે તેથી આ શાસન અવ્યવહાર્ય નથી થતું. વીરશાસન સંપૂર્ણ રીતે વ્યવહાર્ય છે, નિષ્કલંક છે. નિરાબાધ્ય છે. સર્વને માટે સુસાધ્ય છે. એવા શાસનનો જય થાઓ.

વર્ધતાં જિનશાસનમ્.

# વિવિધ નોંધ.

( કૉન્ફરન્સ ઑફીસ-પરિષદ્ કાર્યાલય તરફથી )

## ૧. મી. કનૈયાલાલ એમ. મુન્શી સાથે થએલો પત્રવ્યવહાર.

*13 March 1927.*

KANAIYALAL M. MUNSHI, ESQR.
B. A. LL. B.

Sir,

We beg to draw your immediate attention to the fact that the feelings of the Jain Community are very much offended by certain objectionable chapters, passages and remarks contained in your various writings published by you from time to time. Without making an attempt to give an exhaustive list of such chapters, passages and remarks we draw your attention to the following chapters and passages in your books which are considered by our Community as specially objectionable.

Patan Ni Prabhuta ... Chapters 7, 12, 21, 29, 32, and 41.
Gujrat No Nath ... Chapters 13, 14 and 18. pt. 1.
" " ... Chapter 7 ... pt. 2.
" " ... Chapter 10 pt. 3.
Gujrat na Jyotirdharo ... Remarks in respect of Shri Hemachandracharya.

These chapters and other passages in your writings lead the Jain Community to believe that there is an attempt on your part deliberate or otherwise to lower the Jains, Jainism and Jain preceptors in the eyes of the public and to show historical Jain characters in false light. Your delineation of Shri Hemchandracharya Suri in some of these writings have evoked the greatest resentment amongst the Jains. They also think that there is absolutely no warrant or justification for your delineation of so imaginary a character as Anandsuri. The effect is to create disgust towards Jain Sadhus when history does not show a single instance of a Jain Sadhu of the type of Anandsuri.

Criticism and protest were made in different quarters immediately on publication of your such offensive writings. It seems, however, that in spite of certain attempts made by common friends and well wishers you have done nothing till now to right the wrong done to the Jains.

The matter has, therefore, been referred to our Conference and a Committee has been appointed. The said Committee has held several meetings and has prepared its report. Before the said report is published and action taken on it the Committee has asked us to write to you to give you an opportunity to express your regret for what you have written and to give us an undertaking to cease publishing and circulating literature offending the feelings of our Community.

We personally do not think that once you are made aware of the extent to which the feelings of the Jains have been wounded by your such writings, you are likely to persist in the attitude adopted by you till now. This is but to give you a final opportunity to make amends.

We have to request you to let us have your reply before Tuesday the 15th inst., to enable us to place the matter before our Committee which is going to meet on that day to consider this question,

Yours truly,
(Sd.) MOHANLAL B. JHAVERY,
*Resident General Secretary.*

૧૩ માર્ચ ૧૯૨૭.

મી. કનૈયાલાલ એમ. મુનશી બી. એ. એલ. એલ. બી. મુંબઇ.

સાહેબ,

વખતો વખત તમે પ્રસિદ્ધ કરેલાં તમારા જૂદાં જૂદાં લખાણોમાંના ચોક્કસ વાંધા ભર્યાં પ્રકરણો, ફકરાઓ, અને ઉલ્લેખોને લઇને જૈન કોમની લાગણી ઘણીજ દુઃખાએલી છે તે બિના તરફ તમારૂં તાત્કાલિક લક્ષ ખેંચવાની રજા લઇએ છીએ. એવાં પ્રકરણો અને ઉલ્લેખોની સંપૂર્ણ યાદી આપવાનો પ્રયાસ કર્યા વિના તમારા પુસ્તકો માંહેના નીચેનાં પ્રકરણો અને ફકરાઓ, જેને અમારી કોમ ખાસ કરીને વાંધા ભર્યાં ગણે છે તે તરફ તમારૂં ધ્યાન ખેંચીએ છીએ.

પાટણની પ્રભુતા...પ્રકરણ ૭-૧૨-૨૧-૨૯-૩૨ અને ૪૧

ગુજરાતનો નાથ...પ્રકરણ-૧૩-૧૪-૧૮ ભાગ ૧લો
,, ... ,, ૭ ,, ૨જો
,, ... ,, ૧૦ ,, ૩ ,,

ગુજરાતના જ્યોતિર્ધરો...શ્રી હેમચંદ્રાચાર્ય સબંધી ઉલ્લેખ—

તમારા લખાણોમાંના આ પ્રકરણો અને અન્ય ફકરાઓથી જૈન કોમ એમ માનવા દોરાય છે કે જાહેરની નજરમાં જૈનોને, જૈનધર્મને, અને જૈન ધર્માચાર્યોને બુદ્ધિપૂર્વક યા અન્યથા ઉતારી પાડવાનો અને ઐતિહાસિક જૈન વ્યક્તિઓને ખોટા સ્વરૂપમાં દેખાડવાનો પ્રયાસ તમે કર્યો છે. આ લખાણોમાંના કેટલાકમાંના શ્રી હેમચંદ્રાચાર્ય સૂરિના ચિતારથી સૌથી વધુ રોષવૃત્તિ પેદા કરી છે. તેઓ એમ પણ માને છે કે આનંદસૂરિ જેવા કાલ્પનિક પાત્રના તમારા ચિતાર માટે કંઇ પણ પ્રમાણ નથી તેમજ તેનું વ્યાજબીપણું પુરવાર થઇ શકે તેમ નથી. આનંદસૂરિ જેવી કક્ષાના એક પણ જૈન સાધુનો દાખલો હોવાનું જ્યારે ઇતિહાસ દેખાડતો નથી ત્યારે અસર એ થાય કે જૈનસાધુઓ પ્રત્યે તિરસ્કાર ઉદ્ભવે.

તમારાં આવાં વાંધા ભરેલાં લખાણો પ્રસિદ્ધ થતાંજ જૂદી જૂદી દિશાએથી ટીકા અને વિરોધ કરવામાં આવ્યાં હતાં. અરસ્પરસના મિત્રોએ અને શુભેચ્છકોએ કરેલા કેટલાક પ્રયાસો છતાં એમ જણાય છે કે તમે અત્યાર સૂધી જૈનોને કરવામાં આવેલ અન્યાયને અન્યથા કરવા કંઇપણ કર્યું નથી.

તેટલા માટે આ વાત અમારી કૉન્ફરન્સ સમક્ષ રજુ કરવામાં આવી છે અને એક કમિટી નીમવામાં આવી છે.

ઉક્ત કમિટીની કેટલીએક બેઠકો મળી છે અને તેણે પોતાનો રિપોર્ટ તૈયાર કર્યો છે. ઉક્ત રિપોર્ટ પ્રસિદ્ધ થાય અને તે પર કંઇ પણ કાર્ય કરવામાં આવે તે પહેલાં કમિટીએ અમને જણાવ્યું છે કે તમે જે લખ્યું છે તે બદલ દિલગીરી જાહેર કરવા અને અમારી કોમની લાગણીઓને દુઃખવનારૂં સાહિત્ય પ્રસિદ્ધ કરતાં અને ફેલાવતાં તમે અટકો એવી અમને ખાત્રી આપવાની તક આપવા માટે તમને લખવું.

તમારાં આવાં લખાણોથી જૈનોની લાગણી દુઃખાઇ છે તેથી તમને વાકેફ કરવામાં આવે તો અમે જાતે નથી ધારતા કે તમે અત્યાર સુધી ગ્રહણ કરેલી વૃત્તિ સંભવિત રીતે જારી રાખો. બદલો વાળવાની છેલ્લી તક આપવા માટેજ આ લખાયું છે.

અમારે તમને વિનંતિ કરવી પડે છે કે તા. ૧૫ મંગળવાર પહેલાં તમારો જવાબ અમને મળવો જોઇએ કે જેથી આ પ્રશ્ન સબંધે વિચાર કરવા માટે તેજ દિવસે મળનારી અમારી કમિટી આગળ આ બાબત અમે મૂકી શકીએ.

લી.
સહી. મોહનલાલ બી. ઝવેરી.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,

*Bombay, 14th March 1927.*

**The Resident General Secretary.**
Shri Jain Swetamber Conference,

Sir,

With reference to your letter dated yesterday which is to hand to-day noon, I regret to inform you that I could not

find time to give a detailed reply. In a matter like this, the points of difference cannot be settled by correspondence. If your Committee can see its way to give me some time after the 22nd Instant when I can meet them I am sure some solution of this difficult question can be arrived at to the satisfaction of both the sides.

Will you kindly let me know whether your Committee is willing to give me such time when I can meet them for a friendly discussion.

yours faithfully,

(Sd). **K. M. Munshi.**

મુંબઇ ૧૪ મી માર્ચ ૧૯૨૭.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,

શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ ૨૦ પાયધુની મુંબઇ.

સાહેબ,

તમારો ગઇ કાલની તારીખનો પત્ર જે આજે બપોરે મ્હને મલ્યો છે તે સંબંધે જણાવવાને દિલગીર છું કે વિગતવાર જવાબ આપવા માટે મ્હને વખત મલી શકયો નથી. આવી બાબતમાં મતભેદનાં બિંદુઓ પત્રવ્યવહારથી નક્કી થઇ શકે નહિં. તમારી કમિટી તા. ૨૨મી પછીનો કોઇ સમય કે જ્યારે હું તેઓને મલી શકું તેવો સમય મ્હને આપવા પોતાનો માર્ગ જોઇ શકે તો બન્ને પક્ષને સંતોષ મળે તેવો આ કઠિન પ્રશ્નનો ઉકેલ આવી શકે એવી મ્હને ખાત્રી છે.

મિત્રાચારી ભરી ચર્ચા માટે તમારી કમિટીને હું મલી શકું તેવો સમય આપવા તમારી કમિટી ખુશી છે કે કેમ તે જણાવવા મહેરબાની કરશો.

તમારો વિશ્વાસુ.

(સહી) કે. એમ. મુન્શી.

---

*16th March 1927.*

**Kanaiyalal M. Munshi Esqr.** B. A. LL. B.
Advocate Bombay.

Sir,

With reference to your letter dated 14th inst. delivered to us yesterday, we beg to inform you that the same was placed before the meeting of our Committee and it was found to be un-assuring. We regret to note that it seems you have not realised to what extent the feelings of our Community have been wounded by your writings and that there is no inclination on your part shown therein, to make satisfactory amends immediately.

It was expected of you, at least, to indicate that there was no intention on your part to wound the feelings of the Jains and your readiness to allay the same.

In this connection we beg to draw your attention that some of the leading Jain Institutions of the Community are very shortly going to commence agitation against you in this matter and have already started a compaign asking the Jain voters not to vote for you in the ensuing elections on that score.

We understand that a public meeting is shortly to be held to protest against your offensive writings and we apprehend it will mar your prospects in the ensuing election.

We earnestly desire that such agitation against you should be stopped but we are also keen that amends should be made as soon as possible, before the date of election. It is therefore considered necessary and highly desirable that the discussion as desired by you, with our Committee should take place immediately. We hope therefore that you will be good enough to fix an appointment to discuss the matter with our Committee either for to-day or tomorrow at any time suitable to you. Please treat the matter as urgent.

Yours truly,

(Sd.) **M. J. Mehta,**

(Sd.) **Mohanlal B. Jhavery,**

Resident General Secretaries.

૧૬ માર્ચ ૧૯૨૭.

નં. ૮૫૦

મી. કનૈયાલાલ. એમ. મુન્શી.

બી. એ. એલ એલ બી. એડવોકેટ

મુંબઇ.

સાહેબ,

ગઇ કાલે અમને મળેલા તમારા તા. ૧૪ મીના પત્ર સબંધે તમને જણાવવા રજા લઇએ છીએ કે ઉક્ત પત્ર અમારી કમિટીની બેઠકમાં રજુ થતાં તે ખાત્રી ન આપનારો માલુમ પડયો હતો. નોંધ કરવા માટે અમે દિલગીર છીએ કે અમારી કોમની લાગણી કેટલી હદ સુધી દુઃખાઇ છે તેનો ખ્યાલ તમને આવ્યો જણાતો નથી અને તાત્કાલિક સંતોષકારક બદલો વાળવાનું તમારૂં વલણ તેમાં દેખાડવામાં આવ્યું નથી.

ઓછામાં ઓછું તમારા તરફથી એટલું તો અપેક્ષિત હતું કે જૈનોની લાગણી દુઃખવવાનો તમારો ઇરાદો નહોતો અને તે શાંત કરવા તમે તત્પર છો એમ દર્શાવો.

આ સબંધમાં તમારૂં ધ્યાન ખેંચવા રજા લઇએ છીએ કે કોમના કેટલાક આગેવાન જૈન મંડળો આ બાબતમાં તમારી સામે થોડા સમયમાં ચળવળ શરૂ કરનાર છે અને તે કારણસર આવતી ચુંટણીમાં તમને મત ન આપવા જૈન મતદારોને જણાવવાની હિલચાલ ક્યારનીએ શરૂ થઈ ચુકી છે.

અમે સમજીએ છીએ કે તમારાં દુઃખવનારાં લખાણો સામે વિરોધ જાહેર કરવા એક જાહેર સભા ટુંકમાંજ મળનાર છે અને અમને ભય રહે છે કે તેથી આવતી ચુંટણીમાં તમારા ભવિષ્યને ક્ષતિ પહોંચે.

તમારી સામે આવી ચળવળ બંધ કરવી જોઇએ એમ અમે ઉત્કંઠાપૂર્વક ઇચ્છીએ છીએ. પરંતુ ચૂંટણીના દિવસ પહેલાં જેમ બને તેમ સત્વરે બદલો વાળવામાં આવે તે માટે પણ અમે ઉત્સુક છીએ. તેથી તમારી ઇચ્છા મુજબ અમારી કમિટી સાથેની ચર્ચા તુર્તજ થાય એ જરૂરી અને ઘણુંજ ઇષ્ટ છે એમ માનીએ છીએ. તેટલા માટે અમે આશા રાખીએ છીએ કે તમને સવડ પડે તે સમયે આજે યા આવતી કાલે અમારી કમિટી સાથે તે બાબતની ચર્ચાને માટેના સમયની ગોઠવણ નક્કી કરવા કૃપા કરશો. મહેરબાની કરી આ બાબતને તાકીદની ગણશો.

લી.

સહી. એમ. જે. મ્હેતા.

,, મોહનલાલ બી. ઝવેરી.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

---

*Bombay 17th March 1927.*

To,

**The Resident General Secretary.**

Shri Jain Swetamber Conference.

BOMBAY.

Dear Sirs,

With reference to your letter dated 16th instant I shall feel obliged if you or any members of your Committee can make it convenient to see me on Saturday, morning at 9 a. m. at my place (Beach House, Napen Sea Road.

I have repeatedly made it clear and in particular in my correspondence with Vidyavi jayji–that I neither entertain nor have entertained any intention at any time to lower or to jujure any body's feelings. The regard which I have for my friends in your Community ought to have been sufficient that I could not harbour any other intention.

Yours faithfully,

Sd/- **K. M. Munshi.**

---

૧૧૧ એસ્પ્લેનેડ રોડ, ફોર્ટ મુંબઈ,

૧૭ મી માર્ચ ૧૯૨૭

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ મુંબઇ.

વહાલા સાહેબો,

તમારા ૧૬ મીના પત્ર સંબંધે જણાવવાનું કે તમે અગર તમારી કમિટીના કોઇ પણ સભ્યો મ્હારે ત્યાં (બીચ હાઉસ, નેપીઅનસી રોડ,) શનિવારે સ-

વારના નવ વાગે મ્હને મળવાને અનુકુળતા કરી શકશે તો હું ઉપકૃત થએલો માનીશ.

મ્હેં વારંવાર અને ખાસ કરીને વિદ્યાવિજયજી સાથેના પત્રવ્યવહારમાં સ્પષ્ટ કર્યું છે કે કોઈની પણ લાગણી દુઃખવવા અથવા તો હલકા પાડવાનો ઉદ્દેશ હું રાખતો નથી તેમજ કોઇ પણ વખતે રાખ્યો પણ નથી. તમારી કોમ માંહેના મ્હારા મિત્રો પ્રત્યે જે માન હું ધરાવું છું તે પુરતું હોવું જોઇએ કે હું બીજો કોઈ ઇરાદો ધરાવી શકયો ન હોઉં.

*17th March 1927.*

KANAIYALAL M. MUNSHI ESQR.

B. A. LL. B.

Dear, Sir,

With reference to your letter of date delivered at the office of Messrs, Jhavery & Co., Solicitors, we beg to inform you that it would have been better if an appointment was made for to-day as suggested.

As to the correspondence with Muni Maharaj Shri Vidyavijayji your reply being unsatisfactory the Conference had to appoint a Committee. The Committee's report is to be placed before the public meeting of the Jains to be held to-morrow at 7-30 p. m. (B.T.) at Mangrol Jain Sabha's hall and the meeting may pass resolutions thereon.

We therefore suggest that you should see our Committee to-morrow at Mangrol Jain Sabha's Hall, Pydhonie at 3 p. m. (B. T.)

We shall inform the members of our Committee to be present on hearing from you that the appointment suits you in course of the day.

Yours faithfully.

Sd/- **M. J, Mehta**.

Sd/- **Mohanlal B. Jhavery**.

Resident General Secretaries.

## તાકીદનો

૧૭ મી માર્ચ ૧૯૨૭

મી. કનૈયાલાલ એમ. મુન્શી

બી. એ. એલ એલ બી. એડવોકેટ. મુંબઇ.

વ્હાલા સાહેબ,

મેશર્સ ઝવેરી એન્ડ કો. સોલિસિટરોની ઑફીસે પહોંચાડવામાં આવેલા આજની તારીખના પત્ર સબંધે અમે જણાવવા રજા લઇએ છીએ કે સૂચવવામાં આવ્યા મુજબ આજને માટે મળવાની ગોઠવણ કરવામાં આવી હોત તો વધારે સારૂં હતું.

મુનિ મહારાજશ્રી વિદ્યાવિજયજી સાથેના પત્ર વ્યવહાર સંબંધે (જણાવવાનું કે) તમારો જવાબ અસંતોષકારક હોવાથી કૉન્ફરન્સે કમિટી નીમવી પડી; કમિટીનો રિપોર્ટ માંગરોળ જૈન સભાના હૉલમાં આવતી કાલે સાંજના ૭-૩૦ (મું-ટા.) વાગતે મળનારી જૈનોની જાહેર સભા સમક્ષ મુકવાનો છે અને મીટીંગ તે ઉપર ઠરાવો પસાર કરે.

અમે તેટલા માટે સૂચવીએ છીએ કે અમારી કમિટીને પાયધુનીપર આવેલા માંગરોળ જૈન સભાના હૉલમાં બપોરના ૩-૦ (મું-ટા) વાગતે તમારે મળવું યોગ્ય છે.

આ ગોઠવણુ તમને અનુકુળ છે એમ આજના દિવસમાં તમારા તરફથી સાંભળશું એટલે અમારી કમિટીના સભ્યોને હાજર રહેવા જણાવશું.

તમારા વિશ્વાસુ.

સહી. એમ. જે. મ્હેતા.

" મોહનલાલ બી. ઝવેરી.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

*17th March 1627.*

To

KANAIYALAL MANEKLAL MUNSHI ESQR.,

B. A. LL. B., Advocate.

BOMBAY.

Sir,

Referring to the first para of our letter dated 13th instt., we regret through typists

oversight, the portion "Rajadhiraj Chapters 23,26 and 27" was ommitted which please now add and read duly corrected.

Yours truly.

Sd/- **Mohanlal B. Jhavery,**
Resident General Secretary

૧૭ મી માર્ચ ૧૯૨૭

નં. ૧૦૯૮

મી. કનૈયાલાલ માણેકલાલ મુન્શી.
બી. એ. એલ. એલ. બી.

સાહેબ,

અમારી તા. ૧૩ મીના પત્રના પહેલા પેરા સંબંધે દિલગીરી સાથે જણાવવાનું કે ટાઇપીસ્ટની શરતચુકથી "રાજાધિરાજ પ્રકરણો ૨૩-૨૬-૨૭" એટલો ભાગ રહી ગયો છે કે જે મહેરબાની કરી ઉમેરશો અને યોગ્ય રીતે સુધારીને વાંચશો.

લી.
સહી. મોહનલાલ બી. ઝવેરી.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

---

૧૧૧ એસપ્લેનેડ રોડ, કોટ,
મુંબઇ. તા. ૧૭-૩-૨૭.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના સ્થાનિક મંત્રીઓજોગ,
મુંબાઇ. નં. ૩.

વિ. તમારો આજ તા. ૧૭ મીનો પત્ર મળ્યો. તમારા પત્રોની શાસનાત્મક અને ધમકી ભરેલી રીત અને પત્રો પર પત્રો લખી ધમધમાટ કરવાનો ઇરાદો કોન્ફરન્સ જેવી જવાબદાર સંસ્થાને ભાગ્યેજ શોભાપ્રદ છે. જ્યારે તમારી અને મારી વચ્ચે વાતચીત ચાલે છે, તે વખતે જાહેર સભા બોલાવવાનું તમારૂં પગલું તમારી સમાધાન વૃત્તિનો પુરાવો આપતું દેખાતું નથી.

૨—કેટલાંક કારણોસર તમે નિશ્ચય કરી દીધો છે, અને આ અવસરનો લાભ લઈ તમારી કમીટીના કેટલાક સભ્યો ચુંટણીમાં મને કૈંક ઇજા થાય એ સંકલ્પથી તત્પર બન્યા છે. એમ સ્પષ્ટ દેખાય છે. જો કોઇ પણ પ્રકારે ચુંટણીમાં મને હાની પહોંચે એજ ઇરાદે આ ધમાલ ઉભી કરી હોય તો તે નિરર્થક છે.

૩—તમારી કમીટી અને કોન્ફરન્સની વાત તો જુદી રહી, બાકી જૈનો સાથેનો મારો સંબંધ તો જેવો બીજા હીંદુ ગુજરાતીઓ જોડે છે તેવોજ છે. ગુજરાતનો ઇતિહાસ સંશોધતાં કે 'ચીતરતાં' અથવા ગુજરાતી સાહિત્યની સેવા કરતા બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર ઇતિહાસ અને સાહિત્ય વચ્ચે કદી મેં ફેર જોયો નથી, કે કર્યો નથી તમારી કમીટીના સભ્યો પૈકી સાહિત્યમાં જેઓ મારા સહયોગી છે તેમને આ વાતની ખબર છે, અને છતાં તમારા આગળ તે રજુ નથી થઇ તે જોઇ મને અજાયબી લાગે છે. ગુજરાતના કોઇ પણ સમાજ તરફ મેં કદી તિરસ્કાર વૃત્તિ કેળવી નથી અને ગુજરાતના ભૂત અને વર્તમાન જીવનમાં જૈનોએ જે ભાગ ભજવ્યો છે એને મેં કદી અન્યાય કર્યો નથી આ મારાં દૃષ્ટિબિંદુઓ અનેકવાર પ્રગટ થયાં છે.

૪—છતાં તમારી કમીટીનો એવો ઇરાદો હોય કે મારી ચુંટણીના પ્રસંગનો લાભ લેવો અને તમારા પહેલા પત્રમાં મોકલેલા હુકમો મારી પાસે બળજોરીથી કબુલાવવા—તો આ ઇરાદો સમાધાન વૃત્તિનું ચિન્હ નથી. તમારી કમીટીના સભ્યો જે મને અંગત પીછાણે છે, તે જાણતા હોવા જોઇએ કે ધમકીથી મારી સાથે સમાધાન ભાગ્યેજ થઇ શકશે.

૫—કમીટીને જે કૈં કરવું હોય તેની આડે હું આવી શકું તેમ નથી. જૈનોનો અને મારો સંબંધ નીરાળો છે. તેમને હું ગુજરાતનું અંગ ગણું છું, અને એવા અંગ તરીકે જે માન તેમને ઘટે તે હું આપતો આવ્યો છું; અને આપતો રહીશ.

૬—આપ મંત્રીવર્યો એ પત્ર વ્યવહારમાં જે પદ્ધતિ રાખી છે, તે જોતાં તમે મને સમાધાનવૃત્તિથી મળવા માંગતા હો એમ મને લાગતું નથી. જો તમે કાલની સભા મુલતવી રાખીને તા. ૨૨મી પછી આ બાબતમાં વિચાર કરવા સમાધાન વૃત્તિથી મળવા તૈયાર હો તો હું ખુશીથી તમને મળીશ. તમારો ઇરાદો બળજોરી કરવાનો જ્યાં સુધી છે ત્યાં સુધી તમે મને મળવાનું જણાવ્યું તે નિમંત્રણ સ્વીકારવાનું સદ્ભાગ્ય મારે પાછું ઠેલવું પડશે. એજ. લી.

ક. મા. મુન્શીના યથાયોગ્ય.

## ૨ તા. ૧૮ મી એ મળેલી જાહેર સભામાં પસાર થએલા ઠરાવો.

ઠરાવ ૧–આજે મળેલી જૈનોની જાહેર સભા ઠરાવે છે કે મી. કનૈયાલાલ માણેકલાલ મુન્શીએ પોતાના પુસ્તકોમાં દાખલા તરીકે "પાટણની પ્રભુતા" "ગુજરાતનો નાથ" "રાજાધિરાજ" "ગુજરાતના જ્યોતિર્ધરો" વિગેરેમાં જૈન ધર્મ તથા ધર્મ ગુરૂઓ તેમાં ખાસ કરીને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અને ઐતિહાસિક જૈન મહાપુરૂષો પર અસત્ય અને અણઘટતા આક્ષેપો કરી જૈનોની લાગણી અત્યંત દુભવી છે તે માટે આ સભા પોતાનો તિરસ્કારપૂર્વક સખ્ત વિરોધ જાહેર કરે છે.

દરખાસ્ત મુકનારઃ–મી. ઓધવજી ધનજી શાહ.
ટેકોઃ–શેઠ મણીલાલ માણેકચંદ
અનુમોદકઃ–મી. સાકરચંદ માણેકચંદ ધડીઆલી.

ઠરાવ ૨ જો–શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સે મી. મુન્શીને, આવાં વાંધાભર્યાં લખાણો લખી જૈન કોમની લાગણી દુખવી છે તે માટે દીલગીરી જાહેર કરવા અને ભવિષ્યમાં તેવાં લખાણો લખશે નહિ અથવા પ્રગટ કરશે નહિ તેવી ખાત્રી આપવા માટે, પુરતી તક આપવા છતાં તેમણે તેમ કર્યું નહિ તેથી આ સભા એવો ઠરાવ કરે છે કે જ્યાંસુધી મી. મુન્શી સંતોષકારક જવાબ તથા ઉપરોક્ત પ્રકારની ખાતરી આપે નહિ ત્યાંસુધી વિરોધની નીશાની તરીકે જૈન મતદારોએ મી. મુન્શીની તરફેણમાં મત આપવા નહિં. તેમ કોઇપણ જૈને તેમને મત મેળવી આપવામાં સીધી કે આડકતરી રીતે મદદ કરવી નહીં.

દરખાસ્તઃ–શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ.
ટેકોઃ–શેઠ સારાભાઇ મગનભાઇ મોદી.

ઠરાવ ૩ જો–મી. મુન્શીના પાસેથી સંતોષકારક જવાબ તથા ખાત્રી મેળવવા માટે કોન્ફરન્સે જે પગલાં ભર્યાં છે તેને આ સભા સંપૂર્ણ ટેકો આપે છે અને વિનંતિ કરે છે કે આ બાબતમાં જ્યાંસુધી સંતોષકારક નીવેડો ન આવે ત્યાંસુધી તે દિશામાં દરેક પ્રકારની હિલચાલ ચાલુ રાખવી તથા જરૂર જણાય તો કાયદેસર પગલાં પણ લેવાં.

દરખાસ્તઃ–શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી.
ટેકોઃ–શેઠ ઉમેદચંદ દોલતચંદ બરોડીયા.

ઠરાવ ૪ થો–મુંબઇ યુનીવર્સીટી અને સરકારી કેળવણી મંડળ તરફથી લેવાતી જુદી જુદી પરીક્ષાઓ માટે પાઠય પુસ્તક તરીકે જૈન સમાજની લાગણી દુખવનારાં અને વાંધાભર્યાં લખાણોથી ભરેલાં મી. મુન્શીનાં પુસ્તકો પૈકી "પાટણની પ્રભુતા" "ગુજરાતનો નાથ" "રાજાધિરાજ" અને "ગુજરાતના જ્યોતિર્ધરો" માંથી કોઇ પણ પુસ્તક પાઠય પુસ્તક તરીકે દાખલ કરવા તરફ આ સભા સખ્ત વિરોધ જાહેર કરે છે.

દરખાસ્તઃ–શેઠ વીરચંદ પાનાચંદ.
ટેકોઃ–ડૉકટર મોહનલાલ શાહ.
અનુમોદનઃ–શેઠ મોહનલાલ મગનલાલ ઝવેરી.

## Resolutions Passed by the Public Meeting held on 18th March 1927.

1. This public meeting of the Jain Community in Bombay strongly protests with contempt against the false and objectionable writings by Mr. K. M. Munshi against the Jain religion, the religious preceptors of the Jains in general and the most reverable and Kali-omniscient shri Hemchandracharya Suri in particular and great historical Jains in his works viz:—

Patan ni prabhuta, Gujrat no nath, Raja Dhiraj and Gujrat na Jyotirdharo-calculated to wound the feelings of the whole Jain Community.

Moved by:–Mr. Odhavji Dhanji Shah,
Supported by:–Mr. Manilal Mohkamchand
" Mr. Sakerchand Manekchand

2. This meeting records that though sufficient opportunity was given to Mr. Munshi by the Jain Swetamber Conference office to express his regret for offending the feelings of the Jain Community by his various objectionable writings and give an assurance that he would not in future publish such writings but he has not availed of the same. This meeting therefore resolves that until

Mr. Munshi expresses his regret and gives an assurance as aforesaid, no Jain graduate should, as a mark of protest, vote in favour of Mr. Munshi at the ensuing election for the Bombay Legislative Council nor should any Jain help him directly or indirectly by canvassings votes for him.

Moved by:-Seth Lallubhai Karamchand Dalal
Supported by:-Mr. Sarabhai M. Mody., B. A.,

3. This meeting whole-heartedly supports the Jain Conference for their action for obtaining a satisfactory reply and assurance from Mr. K. M. Munshi and further requests them to continue their efforts until a satisfactory reply is obtained and to take legal steps if necessary.

Moved by;-Seth Lallubhai Gulabchand Jhavery.
Supported by:-Mr. Umedchand Barodia., B. A.

4. This meeting strongly disapproves the introduction of any of the books of Mr. Munshi viz: Patan ni Prabhuta, Gujrat No Nath. Rajadhiraj and Gujrat na Jyotirdharo which are full of historically untrue and objectionable writings offending the feelings of the Jains as a text book in the Curriculum for any of the examinations taken by the Bombay University and Goverment Department of Public Instruction and requests those bodies not to prescribe any of the said books as a text book.

Moved by:-Seth Virchand Panchand Shah, B. A.,
Supported by:-Mohanlal Hemchand Shah
" Mr. Mohanlal Maganlal Jhavery.

---

### ૩ મુંબઈ યુનિવર્સીટી સાથે થએલો પત્રવ્યવહાર.

No. 798.

The Registrar,
The University of Bombay, BOMBAY.

Sir,

We understand that certain books written by Mr. Kanaiyalal Maneklal Munshi, B. A., LL. B., Advocate, are going to be prescribed as text books for Gujrati Courses of the various examinations of this University. We have therefore to draw your attention to the fact that some of his works contain matter which has greatly offended the religious feelings of the Jain Community of the whole of India. We are therefore obliged to request you not to include such books of Mr. Munshi which are against the tenets and beliefs of the Jains and cast aspersions on their honoured preceptors such as Hemchandracharya and other Jain historical characters and offend their religious feelings. Although stray remarks of the kind may be seen in almost all the works of Mr. Munshi including the magazine-"Gujarat" edited by him, we note below some of his works which have been particularly offensive to the Jains.

(1) Patan ni Prabhuta. (2) Raja Dhiraj and (3) Gujrat na Jyotirdharo.

We further request you to place the matter before the proper authorities and inform us of your decision.

Thanking you in anticipation.

We are,
Yours faithfully,
Sb/ **Mohanlal B. Jhavery.**
Resident General Secretary.

---

No. 2822 of 1927 Bombay, 17th March 1927.

To,
THE RESIDENT GENERAL SECRETARY.
Jain Swetamber Conference.
20. Pydhonie, Bombay 3.

Sir,

I have the honour to acknowledge receipt of your letter No. 798 dated the 7th of March 1927, on the subject of the pres-

cription of the text books in Gujrati for the University examinations, and to state that it has been brought to the notice of the Board of studies in Gujrati.

Yours faithfully,

Sd/-**Fardunji M. Dastur,**

Registrar, University of Bombay.

---

No. 1099. 17th March 1927.

**The Registrar,**

The University of Bombay.

BOMBAY.

Sir,

Referring to the first para of our letter dated 7th inst. we regret that through typist's oversight the book 'Gujarat no Nath' was ommitted which please now add and read the letter duly corrected.

We have the honour to be,

Sir,

Your most obedient servant.

---

*20th March 1927.*

**The Registrar,**

The University of Bombay, BOMBAY.

Dear Sir,

In continuation of our letter dated 7th of March 27 we beg to enclose herewith a copy of the resolution passed at a Public Meeting of the Jains held under the auspices of Shri Jain Swetamber Conference, The Jain Association of India and the Bombay Mangrol Sabha. The resolution speaks for itself.

We shall thank you to forward the said resolution to the proper authorities.

Yours faithfully,

Sd/- **M. J. Mehta,**

Sd/- **Mohanlal B. Jhavery.**

Resident General Secretaries.

Shri Jain Swetamber Conference.

Copy of the resolution passed at a public meeting of the Jains on 18th March 1927. Resolution No. 4.

---

21 March 1927,

To,

The Registrar,

The University of Bombay, BOMBAY.

Sir,

We are in receipt of your letter dated 17th March 1927. We note that the subject matter of our letter dated the 7th of March 1927 has been brought to the notice of the Board of studies in Gujrati.

We understand that the books recommended by the Board of studies are prescribed for the University Course without any reference to the Syndicate.

We beg to point out that it is necessary that if any book of Mr. Munshi, referred to in our first letter is likely to be recommended or is already recommended by the board of Studies-the matter should be placed before the Syndicate or if necessary before the Senate.

We shall thank you to circulate a copy of our letters dated the 7th and 17th of March 1927 to the members of the Syndicate for their information and necessary action. Copies of the said letters are sent herewith.

We may point out that the feelings of our Community in the matter are very strong as would appear from a copy of the resolution passed at the public meeting of the Jains held on 16th March 1927 which we send you along with a seperate letter addressed to you to-day.

Trusting that you will do the needful and oblige.

Yours faithfully,

Sd/ **M. J. Mehta.**

Sd/ **Mohanlal B. Jhavery.**

Resident General Secretaries.

**Letter from the Registror Bombay, University.**

No. 3694, Dated 13th April 1927.

Sir,

I am directed to acknowledge receipt of your letter No. 1465, dated the 11th April 1927, and to state that your letters of the 20th and 21st March and 5th April. 1927 are being circulated to the members of the Board of studies in Gujrati, and that they will be placed before the proper authorities in due course of time for disposal.

2. I am to add that so far, no books of Mr. Munshi have been prescribed by the University Board of studies in Gujrati.

I have etc.

Sd/ **Furdunji M. Dastur.**
Registrar, University of Bombay.

---

**Letter from the Secretary, School, Leaving, Examination.**

Boards No. 595 dated 20th April.

Gentlemen,

In my letter No. 3694 of 1927 dated the 13th instant I, as University Registrar, informed you that so far, no books of Mr. Munshi had been prescribed by the University Board of Studies in Gujrati.

As Secretary of the School Leaving Examination Board I may inform you that the S. L. Examination Board of 1926 the first 200 pages of Mr. Munshi's ' Gujrat No Nath" as portion of the course for studies in Gujrati. The University Board of Studies in Gujrati had nothing to do with the prescription of this book as the S. L Examination Board had appointed Sub-Committee of its own to prescribe text books in the Vernaculars.

I have etc.

Sd/- **Furdunji M. Dastur,**
Secretary,

૪. બેલગાંવમાં પ્રચારકાર્ય—આગલો રીપોર્ટ મલ્યા બાદ શ્રી શત્રુંજય પ્રચારકાર્ય સમિતિના સભ્ય સ. હિરાલાલ સુરાણાએ બેલગાંવમાં તા. ૧૦-૧-૨૭ના રોજ શ્રીયુત વાય. એસ. આંકલે બી. એ. એલ. એલ. બી. ના અધ્યક્ષપણા નીચે એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. જે વખતે સર્વે જૈન બંધુઓએ મ્હોટી સંખ્યામાં હાજરી આપી હતી. દિગંબર ભાઇઓને પણ ખાસ આગ્રહપૂર્વક બોલાવવામાં આવ્યા હતા અને આશરે એક હજાર માણસો એકઠાં થયાં હતાં. શ્રી શત્રુંજય સબંધી તમામ માહિતિ આપવામાં આવી હતી અને પાલિતાણા દરબાર તથા જૈન કોમ વચ્ચેના ચાલતા ઝઘડા સબંધીની સંપૂર્ણ હકીકતો કહી સંભલાવતાં તમામ જૈનોએ એકત્ર થવા ભલામણ કરી હતી. તેમજ બ્રિટિશ સરકારે આ બાબતમાં વચ્ચે પડી આ ધાર્મિક ઝઘડાનો સંતોષકારક નિવેડો લાવવાની આવશ્યકતા બતાવી હતી અને સર્વાનુમતે ઠરાવ અંગ્રેજીમાં પસાર કરવામાં આવ્યો હતો.

" The Digamber and Shwetambar Jains of Belgaum assembled in a public meeting resolved that it is derogatory to the exalted position occupied by the British Government as the Paramount power, that the Palitana Darbar should levy a religious tax on pilgrims in connection with Shri Shatrunjaya Hills even on British Indian subjects. They threfore humbly pray that His Excellency Lord Ervin, Viceroy and Governor General and the Secretary of State for India in Council will be graciously pleased to take due steps in order to protect their loyal subjects from the oppression of the Palitana Darbar and safeguard the rights and interests of the Jain Community in matters religious.

They further sincerely trust that justice will be meted out to them by abolishing the levy of the said obnoxious and illegal tax. "

Sd/ **Y. S, Ankle.**
President.

અનુવાદઃ—બેલગાંવના દિગંબર અને શ્વેતાંબર જૈનો એક જાહેરસભામાં એકઠા થઇ ઠરાવે છે કે સાર્વભૌમ સત્તા તરીકે બ્રિટિશ સરકાર શ્રી શત્રુંજય સબંધમાં બ્રિટિશ હિંદી પ્રજા ઉપર પણ પાલિતાણા દરબારને યાત્રિક વેરો નાંખવા દે એ તેની ઉચ્ચ સ્થિતિને હિણપદ લગાડનારૂં છે અને તેઓ (અમે) તેટલા માટે નમ્રતાપૂર્વક અરજ કરે છે કે નામદાર લૉર્ડ અર્વીન. વાઇસરોય અને ગવર્નર જનરલ, તેમજ સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઇન્ડીઆ ઇન કાઉન્સીલ, પાલિતાણા દરબારના આ જુલમમાંથી પોતાની પ્રજાને બચાવવાને અને જૈન કોમની ધાર્મિક બાબતોમાં તેના હક્ક અને હિતનું રક્ષણ કરવાને યોગ્ય પગલાં લેશે. તેઓ (અમે) અંતઃકરણ પૂર્વક વિશ્વાસ રાખે છે કે આ ગેરકાયદે અને દુઃખકર વેરો રદ કરી ન્યાય આપવામાં આવશે.

આ ઠરાવની નકલો વાઇસરૉય, સેક્રેટરી ઑફ સ્ટેટ તથા પાલિતાણા દરબારને મોકલવામાં આવી છે.

### ૫ મણિલાલ ખુશાલચંદ (પાલણપુરવાલા) નો વિશેષ પ્રવાસ.

મા. વ. ૨. **ચંડીસર** જાહેરસભા મેલવી શત્રુંજયનો પ્રશ્ન સમજાવવામાં આવ્યો, દેરાસરના જીર્ણોદ્ધારનું આરંભેલું કાર્ય અત્રે લાંબા કાળથી અધવચ પડયું છે માટે આગેવાનો મત ફેર હોય તો તે દૂર કરી લક્ષમાં લે તો સારૂં. મા. વ. ૩ **ડીસાકેંપ** જાહેર સભા બોલાવી શત્રુંજય સબંધી વિવેચન કર્યું વાંચનાલયની જરૂર છે. મા. વ. ૭ **સદેરાચરણ** અહિ આજુબાજુનું મહાજન એકઠું થયું હતું આપણા હકકો વિગેરે સંબંધી હકીકત સમજાવી. મા. વ. ૪ **કટેરીઆ તીર્થ** શ્રી સિદ્ધાચળને અંગે યોગ્ય વિવેચન કર્યું મેળો ભરાવાની તિથિ હોવાથી લોકો સારી સંખ્યામાં આવ્યા હતા, આ વખતે પં. લલિતવિજયજી તથા સાગરાનંદ સૂરિશ્વરજીના પ્રયાસથી એક બોર્ડીંગ સ્થાપવામાં આવી અને તેના નિભાવ માટે સારૂં ફંડ એકત્ર થયું. કાર્યવાહી કમિટી નીમવામાં આવી સંસ્થાનું નામ 'શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય' રાખવામાં આવ્યું. પો. શુ. ૨. **ઢેલાણા** અહિં સતર જીલાનું મહાજન એકત્ર થવાનું હોવાથી શત્રુંજય પ્રકરણ સમજાવવા ગયા. પો. શુ. ૮ **સંખેશ્વરજી** પાટણથી નીકળેલ કચ્છમાં જતા સંઘનો પ્રસંગ લઇ અત્રે આવ્યા. આશરે પાંચ હજાર માણસ એકઠું થયું હતું. આ પ્રસંગે શત્રુંજય અંગે વિસ્તારથી વિવેચન કર્યું. પો. શુ ૧૨ **હારીજ** જૈન વસ્તી નથી. પરંતુ રાધનપુર સંખેશ્વર ઇત્યાદિ સ્થળોએ જતા મુસાફરો વિશ્રાંતિ અર્થે ખોટી થાય છે તેથી સ્ટેશન ઉપર જૈનોની વસ્તી વેપાર અર્થે વસેલી છે. નાના પુસ્તકાલયની જરૂર છે. શત્રુંજય સંબંધી વિવેચન કર્યું. પો. શુ. ૧૩. **સમી** સ્ત્રી પુરૂષોની જાહેર સભા બોલાવી વિવેચન કર્યું. પં. ભકિતવિજયજી મહારાજના જ્ઞાનભંડારનો લાભ અવાર નવાર અત્રે લેવાય છે. પો. શુ. ૧૫. **રાધનપુર** અહિં સ્વયંસેવક મંડળ તથા આગેવાનોએ શત્રુજય પ્રશ્ન જનતાને સારી રીતે સમજાવેલ હોવાથી તે માટે ખાસ પ્રબંધ કરવામાં ન આવ્યો. પો. વ. ૧ **વારાહી** શત્રુંજય પ્રકરણ સર્વને સમજાવ્યું. દુષ્કાળને અંગે લોકો કફોડી સ્થીતિમાં આવી પડયા છે. પો. વ. ૧ સાંતલપુર અને ત્યાંથી **ભામાસણ** ગયા (વાગડ). શત્રુંજયની બીના સમજાવી. પૈસાના અભાવે જીર્ણોદ્ધારનું કામ અધવચ પડયું છે. ધાર્મિક શિક્ષણ મળવાની સવડ નથી. અજ્ઞાનતા વધારે હોવાથી કુરિવાજો વિશેષ જોવાય છે. શત્રુંજય પ્રકરણ તથા માનવ જીવન વિકાસને અંગે વિવેચન કર્યું પુસ્તકાલયની જરૂર છે. પોસ વદ ૮ **ચિત્રોડ** તથા વદ ૯ **લાકડીઆ** વદ ૧૦-૧૧ થી ૦)) સુધી **કટારીઉં** વદ ૧૨ **આણંદપૂર** વદ ૧૩ શિકારપૂર તથા સામખીઆરી, ભચાઉ, છાડવાડા, જંગી, લલીઆંગુ, આમલીઆરા અને આધોઇમાં પણ ફરી શ્રી શત્રુંજય સંબંધી હાલની સ્થિતિનું વિવેચન કર્યું. હતું. તથા યાત્રા ત્યાગના ઠરાવો કરાવ્યા છે.

**૬ ઉપદેશકોનું પ્રચાર કાર્ય અને સુકૃત ભંડાર ફંડઃ**—નીચે જણાવવામાં આવેલાં દરેક સ્થળે તેમજ આસપાસના ગામોમાં સંસ્થાના પગારદાર ઉપદેશકો ગયા હતા. અને દરેક સ્થળે હાનિકારક રિવાજો દૂર કરવા, કેલવણી, વિગેરે વિષયોપર અસરકારક ભાષણો આપ્યાં હતાં. કેટલેક સ્થળેથી તે પરથી કરવામાં આવેલા ઠરાવો તથા લેવામાં આવેલી બા-

ધાઓ વિગેરેના પત્ર અમને મલ્યા છે. સ્થળ સંકોચને લઇ પ્રકટ કરી શકયા નથી.

**શ્રી. વાડીલાલ સાંકલચંદ** મારફતે તા. ૨૯-૧૧-૨૬ થી ૧૯–૨–૨૭ સુધીમાં વસુલાત આવી તે પાદરા, પરા, આમરોલી ૩, મહુધા ૫૧, સણાલી ૧, મોહલેલ ૧૪ાા, ચુણેલ ૨૫ાા અલારસા ૧, તોરણા ૫, આંતરોલી ૫૧, ભાટેરા ૬, બોરસદ ૨૦ાા, ધર્મજ ૧૭ાા સુણાવ ૧ાા પાલજ ૬, પેટલાદ ૧૪ાા, વાડવોલ ૧૭, કોસિંદ્રા ૪, સીસવા ૪, ઝારોડા ૧, વડદલા ૮, ખંઢાણા ૭, જલસણ ૧૪, કણજટ ૪, બામણવા ૧૧, જરાજ ૨, તથા રૂપીઓ એક શુભખાતે.

વટાદરા ૩૧, વમા ૪, કમલસર ૫, વભા ૨—૪–૦ રામોલ ૨, ડેમોલ ૨, દેવા ૯, ખાંધલી ૮–૧૧–૦ અણીદરા ૨, વસો ૨૦–૧૨-૦ શેસવા ૪-૦-૦ પેટલાદ ૧–૦–૦ માતર ૩–૮-૦

**શ્રી. પુંજાલાલ પ્રેમચંદ** મારફતે ૨૨–૧૧–૨૬ થી ૫–૨–૨૭ સુધીમાં આવ્યા. સાદરા ૧૮ાા, વાસણા ૨ાા, પીપલજ ૪, પેથાપુર ૪૭ાા સીરોલી મોટી ૩, મહુંદ્રા ૩ાા ચીલોડા ૨ાા વડોદરા ૧૭ાા ડભોડા ૨૨, લાકરોડા ૭ાા વરસોડા ૩૩, વીદપુરા ૨૧, માણસા ૭૭ાા ઈટાદરા ૧૮ાા પુંજાપરા ૧૪ાા સીતવાડા ૦ાા બોભા ૬ા લીંબોદરા ૨૬ા માણેકપુર ૧૬, રીદરોડા ૧૮ાા આજોલ ૩૯ાા લોદરા ૪૫, મહુડી ૨૯ાા નવાસંગપુર ૧૯ા દેરોલ ૧ાા સાહેબપુર ૧ાા ધનપરા ૩ ભેંમપરા ૦ાા પુંધરા ૧૪ાા વીજાપુર ૧૫૩, માણસા ૦ાા રણાસણ ૧૩ાા પેઢામલી ૨૭, કડોલી ૪ાા ફુદેડ ૩,

**૭ કન્વેન્શનમાં સુકૃતભંડાર ફંડ થયું તેમાં** કહેલાં નાણાંમાં જેઓનાં આવ્યાં તેઓના ૧૯૮૨ ના ભાદરવા આસોના અંકમાં જણાવ્યા છે જેનો ત્યાર પછીથી આવ્યા તેઓના નામ અગર તેમાં જણાવ્યા વગર રહી ગયા તેના નામ

૨૫૧) શેઠ સારાભાઇ મગનભાઈ મોદી, ૨૦૧) શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ, ૨૦૧) શેઠ મણીલાલ સુરજમલ ઝવેરી, કુલ ૬૫૩) હજુ આશરે ૬૮૦૦) ની રકમની કન્વેન્શનમાં ભરાયલાં નાણાંની ઉઘરાણી વસુલ આવી નથી, તો જે જે ઉદારચરિત ગૃહસ્થોએ કન્વેન્શનમાં પોતાની સખાવતે ભરી છે પણ હજુ મોકલી નથી તેમને તે તે રકમો મોકલી આપવા ફરીથી વિનંતિ છે.

**૮ અમદાવાદનો શ્રી સુકૃત ભંડારફંડમાં ફાળો:–**

આ સંસ્થાના પ્રાંતિક સેક્રેટરી રા. શેઠ ઝવેરી મૂળચંદ આશારામ તરફથી ફંડ ઉઘરાવવામાં આવતાં રૂા. ૪૧૨, **અમદાવાદના અમને મલ્યા છે—**

તેમજ **શ્રી શાહપુર જૈન સંઘ તરફથી** શેઠ ચીમનલાલ રાજારામ હથુ–રોકડા ૨૫) અમને મોકલવામાં આવ્યા છે.

## ૯ જૈન શ્વેતાંબર એજ્યુકેશનલ બોર્ડ.

( ઓ. સેક્રેટરી–વીરચંદ પાનાચંદ શાહ )

### ધાર્મિક પરીક્ષા

બોર્ડ તરફથી દરવર્ષે લેવામાં આવતી "ધાર્મિક હરિફાઇની ઇનામી પરીક્ષા ગઇ તા. ૨૬–૧૨–૨૬ માગશર વદી ૭ ને રવીવારના રોજે જૂદા જૂદા ૩૪ સેન્ટરોમાં લેવામાં આવી હતી. આ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામા સારો વધારો થયો હતો અને તેની સંખ્યા ૮૦૦ ઉપર જવા પામી હતી. પરીક્ષાની સવાલબુકો પરીક્ષકો ઉપર મોકલી આપી છે જેમાંથી ઘણીખરી તપાસીને આવીગઇ છે હવે બે ત્રણ પરીક્ષકો પાસેથી બુકો આવવાની બાકી છે. તે આવેથી "પરીક્ષાનું પરિણામ" થોડા વખતમાં બહાર પાડવામાં આવશે.

### અભ્યાસક્રમમાં ફેરફાર

પરીક્ષાનો જે અભ્યાસક્રમ હાલમાં ચાલૂ છે. તે ઘણીજ મહેનતે ઘડવામાં આવેલ છે અને તે ઘણોજ સુંદર છે. છતાં તેમાંના ઘણાં પુસ્તકો હાલમાં મલી શકતાં નથી તેથી વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની ઘણીજ મુસ્કેલી નડે છે. તેથી તેમાં ઘણો ફેરફાર કરવાને તે બાબતના અનુભવી વિદ્વાનોને **"વિનંતિ પત્રો"** લખવામાં આવેલ છે. તેમાંથી થોડાઘણા જવાબો આવ્યા છે થોડા વખતમાં આ બાબત ઉપર વિચાર ચલાવવા કમીટી મલશે અને તે સંબંધીનો છેવટનો નિર્ણય કરશે. નિર્ણય થયા બાદ તે પ્રમાણેનો " અભ્યાસક્રમ " છપાવવામાં આવશે. જેઓએ સૂચના આપી ન હોય તેઓ તુરતજ સૂચના મોકલાવી આપશે.

### પાઠ્ય પુસ્તકો

ઘણાખરાનું એમ માનવું છે કે ધાર્મીક અભ્યાસ ને માટે બોર્ડ તરફથી "સીરીઝો" તૈયાર કરાવવાની જરૂર છે. હમો તેમના વિચારને સંપૂર્ણ મલતા છીએ. છતાં આ કામ બોર્ડે પ્રથમ પણ હાથમાં લીધેલું પણ તેમાં ફત્તેહ મલી નહોતી. છતાં કોમના વિદ્વાનો ધારે તો આ કાર્ય થઇ શકે તેમ છે. જો તેવું કાર્ય કોઈ પણ વિદ્વાનો ઉપાડી લેશે તો બોર્ડ તેને ઘટતી મદદ આપશે. પાઠ્ય પુસ્તકો કેવી રીતે તૈયાર કરાવવા તેની "રૂપરેખા" બોર્ડ ઉપર મોકલવામાં આવશે તો પણ તે સબંધી યોગ્ય વિચાર કરવામાં આવશે.

---

શ્રી ૧૧

## સં. ૧૯૮૨ ના આસો વદી ૦)) સુધીનું શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ ઑફીસનું સરવૈયું.

**જ**

૨૧૧૮૬-૧૧-૧૦ શ્રી ખાતાંઓ

- ૧૦૫૨૩-૧-૧ શ્રી કૉન્ફરન્સ નિભાવફંડ ખાતે
- ૬૦૫૯-૨-૯ શ્રી પુસ્તકોદ્ધાર ફંડ ખાતે જમા
- ૪૬૦૪-૮-૦ શ્રી શત્રુંજય પ્રચાર કાર્યફંડ ખાતે જમા

૨૧૧૮૬-૧૧-૧૦

૭૬૦૪૫-૧૧-૧૦ શ્રી વ્યક્તિગત ખાતાંઓ

- ૧૭૨૦૪-૦-૬ શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ ખાતે જમા
- ૧૦૩૫૯-૫-૪ શ્રી બીજી કૉન્ફરન્સ રિશેપ્શન કમિટિ ખાતે જમા
- ૩૪૯૯-૬-૯ શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશિપ ખાતે જમા
- ૪૪૮૭૧-૩-૩ શ્રી બનારસ હિંદુ યુનીવર્સીટી જૈનચેરઆદિ મદદ ફંડ ખાતે જમા
- ૧૦૦-૦-૦ શ્રી જૈન સ્વયંસેવક મંડળ ખાતે જમા
- ૧૧-૧૨-૦ શેઠ મુલચંદ આશારામ ઝવેરી ખાતે જમા

૭૬૦૪૫-૧૧-૧૦

૯૭૨૩૨-૭-૮

**ઉ**

૨૬૦-૧૫-૨ શ્રી અંગત લ્હેણું

- ૭૩-૦-૦ ઉપદેશક વાડીલાલ સાંકળચંદ ખાતે ઉધાર
- ૧૨૪-૯-૨ ઉપદેશક પુંજાલાલ પ્રેમચંદ ખાતે ઉધાર
- ૨-૧૨-૦ શ્રી જૈનધર્મ પ્રસારક સભા શ્રી ભાવનગર ખાતે ઉધાર
- ૬૦-૧૦-૦ શેઠ મકનજી જે. મ્હેતા ખાતે ઉધાર

૨૬૦-૧૫-૨

૯૨૬૨૭-૩-૦ સીક્યુરીટીઓ તથા રોકડ

- ૧૦૦૦૦-૦-૦ સીટીઇમ્પ્રુવમેંટટ્રસ્ટ બોંડ ખાતે ઉધાર
- ૧૨૫૦૦-૦-૦ બેંકઑફ ઈંડીયા લીમીટેડના ફીક્સ્ડ ડીપાઝીટ ખાતે ઉધાર
- ૫૦૦૦-૦-૦ ઈંદોર માળવામીલના ફીક્સ્ડ ડીપાઝીટ ખાતે ઉધાર
- ૭૫૦૦-૦-૦ સાડાત્રણ ટકાની નોટ
- ૪૯૬૮૪-૪-૭ સાડાત્રણ ટકાની જુદી નોટો
- ૩૯૨૩-૨-૯ બેંક ઑફ ઇંડીયા લી. ના ચાલુ ખાતે જમા
- ૩૮૯-૭-૩ ઇમ્પીરીયલ બેંક ઑફ ઇંડીયાના ચાલુ ખાતે જમા
- ૪૮૮-૦-૦ પુરાંત સેક્રેટરી સા. પાસે
- ૧૪૧-૧૦-૫ પુરાંત જણસ ઑફિસમાં

૯૨૬૨૭-૩-૦

૪૩૪૪-૧૫-૬ શ્રી ખાતાંઓ
૨૨૫૯-૪-૫ શ્રી જૈનયુગ ખાતે
૧૭૭૯-૧૨-૩ શ્રી જૈન ગુર્જર કવિઓ ખાતે
૨૯૪-૯-૦ ડેડસ્ટોક ફરનીચર ખાતે
૧૧-૫-૧૦ શ્રી ખાસ અધિવેશન ખાતે

૪૩૪૪-૧૫-૬

૯૭૨૩૨-૭-૮

I have examined the Accounts and Balance Sheet with the Books and Vouchers of Shri Jain Shwetamber Conference and report that the Balance Sheet is properly drawn up, so as to exhibit a true and correct view of the affairs of that Institution as on Aso Vad 30 Samwat 1982.

I have also seen the securities mentioned in the Balance Sheet.

(Sd.) **Narottam Bhagvandas Shah.**
Hon. Auditor. 13-3-27.

શ્રી ૧।

## સં. ૧૯૮૨ ની સાલનો આવક જાવકનો હિસાબ.

**જ**

૧૦૩—૨-૧॥ શ્રી રોકડ પુરાંત ગઇસાલ આખર
૧૫૪૫૭-૧૪-૩ શ્રી સુકૃત ભંડારફંડ ખાતે જમા
૧૦૨૪૧—૦-૦ કન્વેન્શન વખતે થયેલ ફંડના વસુલ આવ્યા તે
૩૮૯૩—૨-૩ ઉપદેશકો મારફતે વસુલ આવ્યા
૭૧૦-૧૨-૦ પરચુરણ સ્વયંસેવક મંડળ બાલમિત્રમંડળ મારફતે
૨૦૧—૦-૦ શેઠ રવજી સોજપાળ તરફથી
૪૧૨—૦-૦ અમદાવાદનાં હ. શેઠ મુળચંદ આશારામ ઝવેરી

૧૫૪૫૭-૧૪-૩

૬૯૯૭-૧૧-૭ શ્રી કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતે જમા
૨૫૦—૨-૦ વ્યાજના આવ્યા
૧૧-૧૫-૦ પરચુરણ પરતી વિગેરેના
૩-૧૧-૩ સ્વયંસેવકમંડળના ચાંદખાતાના વધારાના
૩૦૦—૦-૦ મોતીના ધર્મના કાંટા તરફથી મદદના તા. ૧-૫-૨૪ થી તા. ૩૦-૬-૨૪ સુધીના દર

**ઉ**

૧૫૪૫૭-૧૪-૩ શ્રી સુકૃત ભંડાર ફંડ ખાતે ઉધાર
૨૬૧૫-૧૦-૨ શ્રી પગાર ખર્ચના
૧૨—૧-૦ મનીઓડર કમિશન ખર્ચ
૧૦૬—૩-૪ શ્રી પોસ્ટ પારસલ ખર્ચ
૫૮-૧૦-૦ ઉપદેશકોનું ભોજનભત્તા ખર્ચ
૧૩૮—૧-૦ સ્ટેશનરી પ્રીન્ટીંગ ખર્ચ
૩૭—૫-૯ પરચુરણ ખર્ચ મજુરી, સીપાઇના ડ્રેસ વીગેરે ખરચના
૩૬૭-૧૩-૯ ઉપદેશકોનો પ્રવાસ ખર્ચ
૨—૬-૯ ટ્રામ ભાડા ખર્ચ
૮૦૨-૧૨-૨ સં. ૧૯૭૭ની સાલ આખરે ખાતું બંધ થતાં માંડી વાળ્યા તે કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતે ચાલુ સાલમાં આપ્યા
૮—૮-૦ ઉત્તરવિભાગ અમદાવાદ ઓફિસનો ખર્ચ
૫૦—૦-૦ જાહેરખબર ખર્ચના
૧૧૨૫૮—૬-૪ વધારાના રહ્યા તે અરધા ભાગે નીચે મુજબ ઠરાવ પ્રમાણે

માસે રૂ. ૫૦) લેખે
૮૦૨-૧૨-૨ સં. ૧૯૭૭ ની સાલ આખરના સુકૃત ભંડારફંડના લખી વાળ્યા હતા તેના જમા
૫૬૨૯—૩-૨ શ્રી સુકૃત ભંડારફંડના વધારાના અર્ધભાગના

૬૯૯૭-૧૧-૭

૧૭૬૩-૧૦-૬ ધી બેંક ઓફ ઇંડીયાના ચાલુ ખાતે જમા
૧૭૬૩-૧૦-૬ વધારે આ સાલમાં આવ્યા તે
૬૧૪૧—૬-૭ શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ ખાતે જમા
૨૩૭—૩-૫ રૂ. ૭૫૦૦)ની નોટના વ્યાજના
૨૭૫—૦-૦ બેંક ઓફ ઇંડીયાના ફીક્સ ડીપોઝીટના વ્યાજના
૫૬૨૯—૩-૨ શ્રી સુકૃત ભંડારફંડના વધારાના અર્ધભાગના

૬૧૪૧-૬-૭

૧૪૮૦-૧૦-૯ શ્રી જૈનયુગ ખાતે જમા
૧૨૯૬-૧૦-૯ લવાજમના તથા પરચુરણ વેચાણના આવ્યા
૧૮૪—૦-૦ જાહેરખબરના આવ્યા

૧૪૮૦-૧૦-૯

૩૧-૧-૧૦ ઉપદેશક ગુલાબચંદ શામજી કોરડીયા ખાતે જમે
૩૧-૧-૧૦ લેણા હતા તે આવ્યા
૬૩—૧૦-૬ શ્રી પુસ્તક વેચાણ ખાતે જમા
૬૩-૧૦-૬ પુસ્તકોના વેચાણના આવ્યા તે
૧૫૮—૦-૮ શ્રી પુસ્તકોદ્ધારા ફંડ ખાતે જમા
૧૫૮—૦-૮ શ્રી વ્યાજના આવ્યા
૪—૦-૦ શ્રી સાતક્ષેત્ર ખાતે જમા
૪૦૦—૦-૦ ધી ડાયમંડ જ્યુબીલી પ્રિ. પ્રેસ ખાતે જમા
૪૦૦—૦-૦ બા. જે. ગઇ સાલ આખર લેણા હતા તે આવ્યા

૫૬૨૯—૩-૨ કોન્ફરન્સ નિભાવ ફંડ ખાતે
૫૬૨૯-૩-૨ શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ ખાતે

૧૫૪૫૭-૧૪-૩

૩૫૨૯-૫-૮ાા શ્રી કૉન્ફરન્સ નિભાવફંડ ખાતે ઉ.
૨૧૨૮—૩-૪ પગાર ખર્ચના
૪૩૦—૮-૦ મકાન ખર્ચના
૧૧૧-૧૧-૬ શ્રી પોસ્ટ તાર ખર્ચના
૧૨૨ ૧૧-૬ વીજળી પ્રીટીંગ તથા બીલ
૫૭—૧-૬ પેપર લવાજમના
૩૦૫-૩-૧ાા સ્ટેશનરી પ્રીન્ટીંગ
૩૫-૧૧-૯ ટ્રામગાડી ભાડાના
૧૦૯-૧૪-૬ શ્રી પરચુરણ ખર્ચ ખાતે
૮—૭-૦ રેલવે પારસલ વીગેરેના
૨૧૯-૧૩-૬ જુદા જુદા વિદ્વાનોને યુરોપમાં પુસ્તકો મોકલ્યા તેના ટપાલ ખર્ચના

૩૫૨૯-૫-૮ાા

૩૮૭૬—૦-૦ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ ખાતે ઉધાર
૩૮૭૬—૦-૦ જુદા જુદા વખતે પાઠશાળાઓને મદદ આપવા તથા સ્કોલરશીપો આપવા વિગેરે માટે સાલ દરમિયાન આપ્યા
૨૦૧—૦-૦ શ્રી જૈન સ્વયંસેવક મંડળના ચાંદ ખાતે ઉધાર
૧૯૭—૪-૯ મંડળને ચાંદ આપતા ચાંદના ખર્ચના
૩-૧૧-૩ કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતે લઇ ગયા તે

૨૦૧—૦-૦

૩૪૫૯—૨-૫ શ્રી જૈનયુગ ખાતે ઉધાર
૭૩—૪-૬ સ્ટેશનરી પ્રીન્ટીંગ ખર્ચના

૩૬૧—૭-૦ શ્રી બીજી કૉન્ફરન્સ રિસેપ્શન કમિટિ ખાતે જમા
૩૬૧—૭-૦ સાલ દરમિયાન વ્યાજના આવ્યા તે
૯૭—૮-૬ શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ ખાતે જમા
૯૭—૮-૬ શ્રી વ્યાજના આવ્યા તે
૪૦૦૦૦—૦-૦ શ્રી મહાવીર જૈન વિદ્યાલય ખાતે જમા
૪૦૦૦૦—૦-૦ ગઇ સાલના લેણા હતા તે આ સાલમાં આવ્યા
૩૦૧૬-૧૪-૩ શ્રી બનારસ હિંદુ યુનીવર્સીટી જૈન ચેર આદિ મદદફંડ ખાતે જમા
૨૫૪૪-૧૦-૬ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી વ્યાજના આવ્યા વ. ૧ દિ. ૨૨ના ટકા ૬ લેખે
૪૭૨—૩-૯ બીજા વ્યાજના આવ્યા તે

૩૦૧૬-૧૪-૩

૭૫૦૦—૦-૦ શ્રી સાડાત્રણ ટકાની લોન ખાતે જ.
૫૩૫૦—૦-૦ બા. જે. રૂ. ૭૫૦૦)ના નોટો વેચતાં (શ્રી પુસ્તકોદ્ધાર ફંડ ખાતાની) ઉપજ્યાં તે
૨૧૫૦—૦-૦ બા. જે પ્રથમ આ નોટો બીજી નોટો સાથે દર રૂ. ૯૮-૧૨-૦ લેખે તા. ૨-૫-૧૯૦૫ લેવાઇ તેના હિસાબે રૂ. ૭૪૦૬-૪-૦ પડ્યા તથા તેની ફેસવેલ્યુ રૂ. ૭૫૦૦)ના હિસાબે અત્યાર સુધી રહેલી તેના ચાલુ સાલમાં જૈનગુર્જર કવિઓની છપાઇ વીગેરે માટે વેંચતા નીચેના હિસાબે આવ્યા.
૩૪૨૮)= રૂ. ૫૦૦૦ ની નોટો દર રૂ. ૬૮ાા લેખે તા. ૨૩-૧૨-૨૫
૧૯૨૧ાાા= રૂ. ૨૫૦૦)ની નોટ દર રૂ. ૭૬ાાા= લેખે તા. ૬-૧૦-૨૬

૨૬૯૦-૧૦-૬ સં. ૧૯૮૨ના મહા સુધી પ્રત ૨૦૦૦ તથા શ્રાવણ સુધી પ્રત ૧૦૦૦ ની છપાઇ તથા કાગળના
૪૦૫—૧-૯ વી. પી. પોસ્ટેજ વિગેરેના
૧૪૦—૩-૨ શ્રી પગાર ખર્ચના
૩૦—૫-૦ શ્રી પરચુરણ ખર્ચના
૧૧૯—૯-૬ રેલ્વેતુર માસિક તથા કાગળની ગાંસડીઓના

૩૪૫૯-૨-૫

૧૨૩—૫-૧ શ્રી અંગત લેણા ખાતે ઉધાર
૨૦-૧૫-૬ ઉપદેશક વાડીલાલ સાંકળચંદ ખાતે ઉધાર
૩૮-૧૫-૭ ઉપદેશક પુંજાલાલ પ્રેમચંદ ખાતે ઉધાર
૨-૧૨-૦ શ્રી જૈનધર્મ પ્રસારક સભા ભાવનગર ખાતે
૬૦-૧૦-૦ શેઠ મકનજી જુઠાભાઇ મ્હેતા

૧૨૩-૫-૧

૨૦૮૫-૧૧-૧ શ્રી ખાતે લેણા
૧૧-૫-૧૦ શ્રી ખાસ અધિવેશન ખાતે
૨૯૪—૯-૦ ડેડસ્ટોક ફરનીચર ખાતે
૧૭૭૯-૧૨-૩ શ્રી જૈન ગુર્જર કવિઓ ખાતે કોપી ૧૦૦૦) ની છપાઇ વીગેરેના ખર્ચના થયા તે

૨૦૮૫-૧૧-૧

૨૩૧—૫-૬ શ્રીપુસ્તકોદ્ધાર ફંડ ખાતે ઉધાર
૧૯૧—૫-૬ પુસ્તકો વીગેરે ખરીદ્યાં તેનાં તથા નોટો વેચતાં ઇમ્પીરીયલ બેંકના કમિશનના.
૨૧૫૦—૦-૦ રૂ. ૭૫૦૦)ની આ ખાતાની નોટો જૈન ગુર્જર કવીઓની છપામણી ખર્ચ વીગેરે માટે વેચતાં પડતર કિંમત કરતાં ઓછા ઉપજ્યાં તેના શ્રી સાડા

તેના રૂા. ૫૩૫૦) ઉપજ્યા તે ખાતાના
હિસાબે તુટતા ઉપર મુજબ રૂા. ૨૧૫૦)
થયા તે શ્રી પુસ્તકોદ્ધાર ફંડ ખાતે ઉધા-
રીને આ ખાતે જમા કીધા.

૫૧૦—૦-૦ શ્રી નવજીવન પ્રેસ ખાતે જમા
૫૧૦—૦-૦ લેણા હતા તે આવ્યા

૪૮૦-૧૩-૯ શ્રીકૃષ્ણ પેપર માર્ટ ખાતે જમા
૪૮૦-૧૩-૯ લેણા હતા તે આવ્યા.

૧૧-૧૨-૦ શેઠ મૂળચંદ આશારામ ઝવેરી ખાતે જમા
૧૧-૧૨-૦ બા. જે તેમના તરફથી સાલ આખરે હિસાબ આવતાં દેવા રહ્યાં તે.

૬૨૬૭—૦-૦ શ્રીશત્રુંજય પ્રચાર કાર્ય ફંડ ખાતે જમા
૬૨૬૭—૦-૦ બા. જે શ્રી ખાસ અધિવેશન વખતે થએલા ફંડના સાલ દરમિયાન વસુલ આવ્યાં તે.

૧૦૦—૦-૦ શ્રી સ્વયંસેવક મંડળો ખાતે જમા
૧૦૦—૦-૦ બા. જે. જુદા જુદા મંડળોને વેંચી આપવા માટે ખાસ અધિવેશન વખતે શેઠ રવજી સોજપાલે કહેલાં તે.

૯૦૯૪૬-૧૨-૩॥

ત્રણ ટકાની નોટ ખાતે જમા કર્યા તે.

૨૩૪૧—૫-૬

૭—૨-૦ શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ ખાતે ઉધાર
૭—૨-૦ બા. જે. સ્કોલરશીપ આપવા જાહેરખબર આપી તેના

૫૭૧૮૪—૪-૭ સીક્યુરીટીઓ વિગેરે ખાતે ઉધાર
૨૫૦૦—૦-૦ સાલ દરમિયાન બેંક ઓફ ઇંડીયામાં ફીક્સ ડીપોઝીટ ખાતામાં વધાર્યા તે.
૫૦૦૦—૦-૦ ધી ઈંદોર માળવા મીલ્સની ફીક્સ ડીપોઝીટ ખાતે
૪૯૬૮૪—૪-૭ સાડા ત્રણ ટકાની લોન ખરીદી તે॥. વિગત સીક્યુરીટી લિસ્ટમાં છે.

૫૭૧૮૪—૪-૭

૩૮૯—૭-૩ ધી ઇમ્પીરીયલ બેંક ઓફ ઇંડીયા ખાતે ઉધાર
૩૮૯—૭-૩ ચાલુ ખાતામાં લેણા રહ્યા તે

૧૬૬૨—૮-૦ શ્રીશત્રુંજય પ્રચાર કાર્ય ખાતે ઉધાર
૧૩૧૨—૮-૦ સભ્યોના પ્રવાસ ખર્ચના
૨૦૦—૦-૦ શેઠ મણીલાલ કોઠારી ખાતે
૧૫૦—૦-૦ શેઠ પોપટલાલ રામચંદ ખાતે

૧૬૬૨—૮-૦

૬૨૯-૧૦-૫ શ્રી પુરાંત જણસે
૪૮૮—૦-૦ શા. મોહનલાલ બી. ઝવેરી પાસે સેક્રેટરી તરીકે
૧૪૧-૧૦-૫ ઑફિસમાં રોકડ

૬૨૯-૧૦-૫

૯૦૯૪૬-૧૨-૩॥

## સીક્યુરીટીઓનું લીસ્ટ.

૨૦૫૦૦—૦-૦ ધી ઇમ્પીરીયલ બેંક ઑફ ઇન્ડીઆની સેફ કસ્ટડી ડીપોઝીટમાં રહેલી સીક્યુરીટીઓની નોંધ-ચાર નામની મકનજી જે. મ્હેતા, મોતીચંદ ગિ. કાપડીઆ, ગુલાબચંદ ઢઢા અને દેવકરણ મૂળજી, ર. નં. ૪૭૦૭-૬/૧૬૦૨ તા. ૨૭ જુલાઈ ૧૯૨૬

૩૦૦૦) ત્રણ ટકાની લોન ૧૮૯૬-૯૭ ટુકડા ૩ દર રૂ. ૧૦૦૦) ના નં. બી. ઓ. ૧૦૧૬૦/૬૨. આ નોટો શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશીપ માટે સંસ્થાને ખરીદીને આપવામાં આવી છે.

૭૫૦૦) સાડા ત્રણ ટકાની લોન ૧૯૦૦-૦-૧ ની ફેસવેલ્યુ રૂ. ૭૫૦૦)ની ખરીદી દર રૂ. ૯૮॥ લેખે. ૨-૫ ૦૫ માં

૫૦૦) કટકો ૧ નં. બી. ૧૩૯૩૨૭

૨૦૦૦) કટકા ૨ નં. બી. ૧૩૯૩૨૮/૨૯ દરેક રૂ. ૧૦૦૦) ના.

૫૦૦૦) કટકો ૧ નં. ૨૨૫૫૧૦ નો.

૧૦૦૦૦) સીટી ઇંપ્રુવમેંટ ટ્રસ્ટ બૉંડ ટુકડા ૬ નીચેની વિગતે ફેસવેલ્યુ રૂ. ૧૦૦૦૦) ની.

૪૦૦૦) ટુકડા ૪ દર રૂ. ૧૦૦૦) ના નં. ૨૩૦૭ થી ૧૦

ટકા ૪ ની ૧૯૦૨......૧૯૬૨

૬૦૦૦) નીચે મુજબ ૧૦૦૦) ટુકડો ૧ નં. ૬૩૫૬ } લોન
૫૦૦૦) ટુકડો ૧ નં. ૬૩૫૭ } ૧૯૦૩......૬૩

---

૨૦૫૦૦—૦-૦

૧૨૫૦૦—૦-૦ ધી બેંક ઑફ ઇન્ડીઆની ફીક્સ્ડ ડીપોઝીટ રસીદ નંગ બે

૫૦૦૦) રસીદ નં. ૧ નંબર ૧૯/૪૧૧૪ ટકા ૫ લેખેની પાકતી તા. ૨૫-૧૧-૨૬

૭૫૦૦) રસીદ ૧ નં. ૨૦/૫૧૩ ટકા ૫ લેખેની પાકતી તા. ૧૨-૨-૨૭

---

૧૨૫૦૦)

૫૦૦૦—૦-૦ ધી ઈંદોર માલવા મિલ્સ ફીકસ્ડ ડિપોઝીટ ર. નં. ૧૪૩ ટકા ૬ લેખે પાકતી તા. ૧૨-૨-૨૭

૪૯૬૮૪—૪-૭ સાડા ત્રણ ટકાની જૂદી નોટો નીચેની વિગતે

૫૧૦૦૦) રૂ. એકાવન હજારની ફેસવેલ્યુની ખરીદ કી. ૭૭ાના

૧૦૦૦) ટુકડો ૧ નં. ૧૨૯૮૨૭ સં. ૧૯૦૦-૦૧

૨૫૦૦૦) ટુકડો ૧ નં. B ૦ ૭૪૬૩૪ B ૧૦૦૪૪૦/૧૮૫૪-૫૫

૨૫૦૦૦) ટુકડો ૧ નં. ૭૪૬૩૪ નં. બી. ૧૦૪૪૧/૧૮૫૪-૫૫

૧૨૫૦૦) રૂ. સાડાબાર હજારની ફેસવેલ્યુના ખરીદ કીંમત દર રૂ. ૭૭॥ લેખે.

૧૦૦૦૦) ટુકડો ૧ નં. B ૧૨૪૬૧૮

૧૦૦૦) ટુકડો ૧ નં. B ૧૦૩૪૬૩

૧૦૦૦) ટુકડો ૧ નં. B ૧૨૪૬૦૭

૫૦૦) ટુકડો ૧ નં. B ૯૯૭૫૬

આ નોટો રા. શેઠ એમ. જે. મ્હેતા, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆના નામપરની ગમે તે બેની સહીથી નાણાં મળે તે મુજબ છે.

Correct,
**Sd/. N. B. Shah**
Hon-Auditor 13-3-27

## ૧૨ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનું સંવત ૧૯૮૨ ની સાલનું સરવાયું.

| જ | ઉ |
|---|---|
| ૧૮૧૬૯—૩-૩ બોર્ડ ખાતે જમા | ૧૭૨૦૪—૦-૬ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ખાતે |
| | ૨૫૦—૦-૦ મી. ભોગીલાલ તારાચંદ પાસે લોનના |
| | ૫૦૦—૦-૦ મી. ચીમનલાલ નાનચંદ ખાતે લોનનાં |
| | ૧૭૯૫૪—૦-૬ |
| | ૨૧૫—૨-૯ શ્રી શીલીક |
| | ૧૮૧૬૯—૩-૩ |

મેળ તથા ખાતાવહી તપાસતાં હીસાબ બરાબર જણાય છે વાઉચરો મેં તપાસ્યાં છે.

**લહેરૂચંદ ચુનીલાલ કોટવાલા.**
ઓ. ઓડીટર
તા. ૪-૩-૧૭

## ૧૩ એજ્યુકેશન બોર્ડનો સંવત ૧૯૮૨ નો આવક જાવકનો હીસાબ.

| જ | ઉ |
|---|---|
| ૬૫-૧૧-૯ ગઇ સાલની રોકડ શિલીક | ૧૧૬૫—૮-૦ સ્કોલરશીપના વિદ્યાર્થીઓને આપ્યા. |
| ૧૪૦—૦-૦ વાર્ષીક સભાસદનાં લવાજમના આવ્યા | ૬૬૯-૧૪-૦ પાઠશાળાઓને મદદના આપ્યા |
| ૫૧૨—૩-૫ વ્યાજના. રૂા. ૭૫૦૦ ની લોન તથા રૂા. ૫૦૦૦ ની ફીક્સ ડીપોઝીટનાં | ૮૧૭—૪-૦ ધાર્મીક પરીક્ષામાં ઇનામના આપ્યા |
| ૫૬૨૯—૩-૨ સુકૃત ભંડાર ફંડના ભાગના કોન્ફ્રન્સ તરફથી આવ્યા તે. | ૫૦૦—૦-૦ મી. ચીમનલાલ નાનચંદને લોન તરીકે આપ્યા |
| ૬૩૪૭—૨-૪ | ૩૯૦—૦-૦ શ્રી પગાર ખરચ ખાતે |
| | ૪૭—૪-૦ શ્રી પરચુરણ ખર્ચનાં |
| | ૪૭-૧૧-૦ શ્રી પોષ્ટ ખર્ચનાં |
| | ૧૬૫—૦-૦ પ્રીન્ટીંગ ખરચનાં |
| | ૬૪—૦-૦ જાહેરખબર ખાતે ખર્ચનાં |
| | ૨૨૬૫—૬-૭ કોન્ફરન્સ ખાતે |
| | ૬૧૩૧-૧૫—૭ |
| | ૨૧૫—૨-૯ શ્રી જણશ ખાતે રોકડા |
| | ૬૩૪૭—૨-૪ |

મેળ તથા ખાતાવહી તપાસતાં હીસાબ બરાબર જણાય છે વાઉચરો મેં તપાસ્યાં છે.

**લહેરૂચંદ ચુનીલાલ કોટવાલ.**
ઓ. ઓડીટર
તા. ૪-૪-૨૭

### ૧૪ આવતું અધિવેશન

આ કૉન્ફરન્સનું તેરમું સામાન્ય અધિવેશન મારવાડમાં સોજત મુકામે મળવા માટે ખાસ અધિવેશનની બેઠક વેળાએ સોજત તરફથી રા. શ્રીયુત હીરાલાલ સુરાણાએ આમંત્રણ આપ્યું હતું જે સ્વીકારવામાં આવ્યું હતું. આ અધિવેશન માટે પ્રાથમિક કેટલોક ઉહાપોહ થયો હતો અને તે અધિવેશન અંગે સોજત જેવા સ્થળે કેટલીક સગવડોની ખાસ જરૂરીઆત અમને માલૂમ પડી હતી. આ ઉપરથી જોધપુરના નામદાર મહારાજા સાહેબને અત્રેથી એક રેપ્રીઝેન્ટેશન તા. ૧૭ મી જાન્યુઆરી ૧૯૨૭ ના દિને મોકલવામાં આવ્યું હતું. જેમાં કેટલીએક જરૂરીઆતો પૂરી પાડવા માટે તે નામદારને વિનંતિ કરવામાં આવી હતી. ઉક્ત રેપ્રીઝેન્ટેશનનો જવાબ ધાર્યા કરતાં ઘણો મોડો એટલે કે ગઇ તા. ૧-૪-૨૭ ના નં. ૬૫૫ નો આ સંસ્થાને તા. ૩-૪-૨૭ ના રોજ મલ્યો છે. જેમાં નામદાર મહારાજા સાહેબે લગભગ બધી માંગણીઓ સ્વીકારી છે તે બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે. જણાવવામાં આવેલા ઉક્ત પ્રત્યુતરમાં સોજત સ્ટેશનથી સોજત ગામ જે આશરે ૬-૭ માઇલ દૂર છે તે વચ્ચેનો રસ્તો ખરાબ થઇ ગએલો હોવાથી તેનું સમારકામ જોકે ઝડપથી પૂરૂં કરવા તાકીદ આપવામાં આવી છે તો પણ તે **બે માસ કરતાં વહેલું** પૂરૂં થવા સંભવ નથી એમ જણાવવામાં આવે છે.

અધિવેશનનું સ્થળ મારવાડમાં હોઈ ચાલુ ગરમીની મોસમ ઘણીજ મુશ્કેલી વાળી ગણાય સિવાયકે પ્રથમ ઇસ્ટરના દિવસો નક્કી કરવામાં આવ્યા હતા તે સમયે બેઠકો મળે જે બનવું અસંભવિત થઇ પડ્યું છે. ગરમીની ૠતુ મારવાડની બેઠકને માટે તદન અસહ્ય ગણાય તેમજ ચોમાસું એ બહારગામથી આખા હિંદમાંથી આવનાર ડેલીગેટો વગેરેને મુશ્કેલી વાળું હોઇ સાધારણ અધિવેશન માટે તે સમય અયોગ્ય અને મુશ્કેલીઓ વાળો ગણાય જેથી આ અધિવેશન ઇસ્ટરના તહેવારોને બદલે દીવાલી આસપાસ કોઇપણ સમયે યાતો ક્રીસ્ટમસમાં અનુકુળ દિવસોએ ભરવા પર મુલતવી રાખવા ફરજ પડી છે.

From Rao Raja Narpat Singh Private Secretary to His Highness the Maharaja Sahib Bahadur of Jodhpur.

To The Resident General Secretary Shri Jain Swetamber Conference, 20 Pydhoni, Bombay 3.

No. 655 Dated Jodhpur, the 1-4-1927.

Sir,

With reference to your letter No. 485 dated the 17th January, 1927 forwarding a representation to His Highness I am directed to say that it was laid before His Highness who appreciate the Committee's decision to hold the next Session of Shri Jain Swetamber Conference at Sojat (Marwar) during April 1927.

His Highness, while thanking the Committee, for their kind invitation to inagurate the Session, desires me to express his inability to attend.

His Highness has, however, been pleased to consider your other requests favourably, and has directed me to reply as under:-

1. That the Inspector General of Police has been asked to make necessary. police arrangements.
2. That as regards the Road from Sojat Road Station to Sojat City, the work is in progress, but it will not be possible to get it finished before sometime in May. His Highness has however been pleased to grant permission to all and sundry to ply motor vehicles on hire during the fixed period covering the meeting of the Conference.
3. Regarding the Customs Inspection, His Highness has been pleased to dispense with customs examination of persons attending the Conference, if a proper guarantee is forthcoming on a printed declaration that no arti-

cles will be sold in Marwar and any person found violating this will submit to the penalties in force in Marwar for infringement of the Customs Regulations.

4. The Principal Medical Officer has been asked to depute a Sub-Assistant Surgeon to look after Sanitary measures.

5. Regarding the grant of Dal Badal His Highness regrets his inability to accede to your request, but the Superintendent Farrash Khana has been instructed to lend you such tents and *Kanats* as could be made available; you will therefore please approach the Superintendent Farrash Khana for your requirements.

Yours faithfully,
Sd/- **Narpat Singh,**
Private Secretary to
H. H. The Maharajah Sahib
Bahadoor of Jodhpur.

(જોધપુરના નામદાર મહારાજા સાહેબના પ્રાઇવેટ સેક્રેટરીનો પત્ર) નં. ૫૫૫ તા. ૧-૪-૧૯૨૭

તમારા તા. ૧૭-૧-૨૭ ના નં. ૪૮૫ વાલા, નામદાર મહારાજા સાહેબ પરના પત્ર સાથેના પત્ર સંબંધે એમ લખી જણાવવા ફરમાવવામાં આવ્યું છે કે ઉક્ત પત્ર ના. મહારાજા સાહેબ હજુરમાં મુકતાં ૧૯૨૭ ના એપ્રિલમાં શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું સોજત (મારવાડ) માં આવતું અધિવેશન મેળવવા સંબંધે કમિટિના નિર્ણયની તેઓ નામદાર કદર બુજે છે.

આવતું અધિવેશન ખુલ્લું મુકવા સંબંધે તમારા માયાલુ આમંત્રણ માટે કમિટિનો આભાર માનતાં ઉક્ત અધિવેશન વખતે હાજરી આપવા અશક્તિ તમને જણાવવા ઇચ્છે છે.

છતાં તમારી બીજી માંગણીઓ સંબંધે તમને અનુકૂલ થાય તેવો નિર્ણય કરવા ખુશી થતાં નીચે મુજબ જવાબ આપવા મ્હને ફરમાવવામાં આવ્યું છે કે,

૧. પોલીસ ખાતાના વડાને ઘટતું પોલીસ સંરક્ષણ આપવા જણાવવામાં આવ્યું છે.

૨. સોજત સ્ટેશનથી સોજત શહેર સુધીના રસ્તા સંબંધે (જણાવવાનું કે) કામ ચાલુ છે પણ બે માસની કોઇપણ તારીખ પહેલાં તે સંપૂર્ણ થવા સંભવ નથી તો પણ કૉન્ફરન્સના અધિવેશનના નિર્ણિત સમય દરમિયાન ભાડાની દરેકે દરેકને મોટરો દોડાવવા પરવાનગી આપવામાં આવે છે.

૩. કસ્ટમ (જકાત) તપાસણી સંબંધે-મારવાડમાં કોઇપણ વસ્તુઓ વેચવામાં આવશે નહિ અને જો કોઇપણ વ્યક્તિ આનો ભંગ કરે તો જકાતના નિયમો તોડવા માટે જે સજા મારવાડમાં અમલમાં હોય તે સહન કરવા પૂરતી છાપેલાં સોગંદનામા પર ઘટતી ગેરંટી અપાય તો જકાતની તપાસ બંધ કરવામાં આવશે. (કૉન્ફરન્સમાં ભાગ લેવા આવનાર ગૃહસ્થો માટે.)

૪. આરોગ્ય સંરક્ષણ સંબંધે સંભાળ રાખવા માટે એક સબએસીસ્ટંટ સરજનની ગોઠવણ કરવા આરોગ્ય ખાતાના વડાને જણાવવામાં આવ્યું છે.

૫. દલ બાદલ વાપરવા આપવા માટે તમારી માંગણી ન સ્વીકારી શકવા બદલ નામદાર મહારાજા સાહેબ દિલગિર છે. પણ જે તંબુઓ અને કનાતો મલી શકે તેમ હોય તે વાપરવા આપવા ફરાસ ખાનાના અધ્યક્ષને જણાવવામાં આવ્યું છે જેથી તમારી જરૂરીઆતો સંબંધે ફરાશખાનાના અધ્યક્ષને મહેરબાની કરી જણાવવું.

તમારો વિશ્વાસુ.
(સહી અંગ્રેજીમાં) **નરપતસિંઘ.**
પ્રાઇવેટ સેક્રેટરી ટુ, એચ. એચ. ધી મહારાજા
સાહેબ બહાદુર ઑફ જોધપુર.

## ૧૫ મી. મુન્શીનાં લખાણો સામે વિરોધદર્શક સભા.

તા. ૧૮-૩-૨૭ શુક્રવારના રોજ રાત્રે મુ. ટા. ૭-૦ વાગતે શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હૉલમાં મી. કનૈયાલાલ માણેકલાલ મુન્શીના કેટલાંક વાંધા ભરેલાં લખાણો સંબંધે વિચાર કરી યોગ્ય

ઠરાવ કરવા જૈનોની એક જાહેર સભા મલી હતી. જે વખતે મ્હોટી સંખ્યામાં જૈનભાઇઓએ હાજરી આપી હતી. આ સભા શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ જૈન એસોસીએશન ઑફ ઇન્ડીઆ તથા માંગરોળ જૈન સભાના આશ્રય હેઠળ બોલાવવામાં આવી હતી. શરૂઆતમાં સંસ્થાના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી મી. મકનજી જે. મ્હેતાએ સભા બોલાવવાનો ઉદ્દેશ સમજાવ્યો હતો અને આ સભાનું પ્રમુખસ્થાન લેવા રા. શેઠ છોટાલાલ પ્રેમજીને વિનંતિ કરી હતી. આ દરખાસ્તને ટેકો મલતાં પ્રમુખશ્રીએ ટુંક વિવેચન કરતાં જૈનોની લાગણી આ લખાણોથી કેવી દુઃખાઇ હતી તે સમજાવ્યું હતું. પોતાના વિચારો સૌએ જણાવવા હરકત નથી પરંતુ અંગત ટીકામાં ન ઉતરવા ભલામણ કરી હતી. ત્યારબાદ મી. મુન્શીકૃત પુસ્તકો સંબંધે વિચાર કરી રિપોર્ટ કરવા માટે કૉન્ફરન્સે નીમેલી તા. ૨૯-૮-૨૬ ની પેટા સમિતિનો રિપોર્ટ તથા મી. મુન્શી સાથે થએલ પત્રવ્યવહાર રજુ કર્યો હતો. બાદ જે ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા તે આ સાથે આપવામાં આવ્યા છે. આ પ્રસંગે જૂદા જૂદા વક્તાઓએ પોતાની લાગણી-જુસ્સો અને શું કરવું જોઇએ વગેરે બાબતો પર પોતાના વિચારો જણાવ્યા હતા. આ બોલનારાઓ પૈકી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી, લલ્લુભાઇ કરમચંદ દલાલ, ઓધવજી ધનજી, મોહોલાલ મગનલાલ ઝવેરી, મોહનલાલ દલીચંદ દેશાઇ, વીરચંદ પાનાચંદ શાહ, ડૉ. મોહનલાલ હેમચંદ વગેરે ભાઈઓએ મુન્શીના બધાં લખાણો સંબંધે ટુંકમાં પણ સ્પષ્ટ વિવેચનો કર્યાં હતાં. ઠરાવો પસાર થયા અને પ્રમુખશ્રીએ ટુંક વિવેચન કર્યા પછી તેમનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

## ૧૬ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિનો રિપોર્ટ.

શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિના સેક્રેટરી શ્રીયુત બાબુકીર્તિપ્રસાદજી તરફથી ઉક્ત સમિતિના કામકાજનો રિપોર્ટ તેમના તા. ૧૨-૪-૨૭ ના પત્ર સાથે અમને મોકલવામાં આવ્યો છે તે આ નીચે જાહેર જાણ માટે પ્રકટ કરીએ છીએ.

### બાબુ કીર્તિપ્રસાદજી.

તા. ૨૬ જાન્યુઆરીથી પંજાબમાં પ્રવાસ શરૂ કર્યો. અમૃતસર, જંડીઆલાગુરૂ કસૂર, પટ્ટી, જાલંધર અને હોશીઆરપુર આ બધી જગ્યાઓએ સભાઓ થઇ જ્યાં જ્યાં બની શકયું ત્યાં સ્થાનકવાસી ભાઇઓને પણ સાથે મેળવ્યા અને શત્રુંજય તીર્થ સંબંધી આવશ્યક બાબતો સમજાવી-યાત્રાત્યાગ કાયમ રાખવા પંજાબનાં ગામેગામમાં પૂરી મક્કમતા છે. સ્વયંસેવક મંડળ (અંબાલા) પોતાનું કામ કરી રહ્યું છે. એપ્રિલની પહેલી તારીખે પંજાબ ભરમાં ખૂબ તપશ્ચર્યા થઇ છે અને હરેક જગ્યાઓએ સભાઓ થઇ છે. પેઢી તરફથી આવેલ હિંદી સાહિત્યનો પ્રચાર કર્યો. પ્રચાર કાર્ય સમિતિની મીટીંગ જયપુર બોલાવવાની હતી બે ત્રણ સભ્યો આવી શકે તેમ ન હોવાથી મુલ્તવી રહી.

### શ્રીયુત મણીલાલ કોઠારી.

દક્ષિણમાં ગએલા અને ત્યાં જગ્યાએ જગ્યાએ સભાઓ કરીને શત્રુંજયની લડતનું રહસ્ય સમજાવ્યું. એ સભાઓનો હેવાલ પત્રોમાં વખતો વખત આવતો રહ્યો છે.

### શ્રીયુત હીરાલાલ સુરાણા.

દક્ષિણમાં લાંબી સફર કરીને છેવટે બેલગામમાં શ્વેતાંબર દિગંબર ભાઇઓની મોટી સભા કરીને સોજત આવ્યા છે. ત્યાંથી જયપુર-જોધપુર વગેરે જગ્યાએ જઇ આવ્યા. કૉન્ફરન્સની બેઠક માટે તેઓ પ્રયાસ કરી રહ્યા છે. અને આસપાસ પ્રચાર કરી રહ્યા છે. તા. ૨૫-૨-૨૭ થી નવ અપવાસ કર્યા તેથી મુસાફરીમાં જઇ શકયા નથી. આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરિજી સોજત આવવાના હોવાથી તેમના આવી ગયા પછી આગળ પ્રવાસ શરૂ કરવા ધારે છે.

### બાબુ દયાલચંદજી જોહરી.

નાદુરસ્ત તબીયતના લીધે તેઓ પ્રવાસ કરી શકયા નથી. બનારસ અને લખનૌમાં સભાઓ કરી હતી.

### ભાઈ પોપટલાલ.

દક્ષિણમાં પ્રચાર કરી રહ્યા છે. ત્યાંના શેહરો અને ગામોમાં પ્રસંગોપાત પ્રવાસ કરે છે અને તેના

સવિસ્તર સમાચાર શ્રી મહારાષ્ટ્રીય જૈનમાં આવતા રહે છે.

**રા. મણીલાલ ખુશાલચંદ.**

તેઓશ્રી બે મહિનાથી કચ્છ પ્રાંતમાં ગામેગામ ઘૂમી રહ્યા છે. બાદરગઢ, સઇ, રાપર, જેસડા, ધમકડા, કંથકોટ, કાનમેર, પલોસ, આડેસર, ફતેહગઢ, બેલા અને એવા નાનાં નાનાં ઘણાંએ ગામોને તેઓ પહોંચી વલ્યા છે. ગામડાંઓમાં જઇને ત્યાં શત્રુંજય સંબંધી વ્યાખ્યાનો આપવા ઉપરાંત ત્યાંની પરિસ્થિતીના પ્રમાણમાં લોકોની સ્થિતિ સુધારવાના પ્રયાસો પણ કરી રહ્યા છે.

કૉન્ફરન્સની ડીરેકટરીનાં ફૉર્મ ભરાવે છે. જગ્યાએ જગ્યાએ શાળા પાઠશાળા ખોલાવવાના પ્રયાસો કરે છે અને મુસાફરીનો અવિશ્રાન્ત શ્રમ સેવી રહ્યા છે. કચ્છપ્રાન્ત પૂરો કરીને તેઓ વઢીઆર થઇને જુનાગઢ સંઘ આવવાના પ્રસંગે ત્યાં પહોંચવા ધારે છે.

**શ્રીયુત લાલા બાબુરામજી જૈન.**

એમ. એ. એલ. એલ. બી. પ્લીડર ફાઝલકાવાળા શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબના તરફથી ચુંટાઇને આવ્યા છે. તેઓશ્રીએ શત્રુંજય સંબંધી ઉર્દુમાં ટ્રેકટ તૈયાર કર્યું છે જે થોડા વખતમાં બહાર પડશે. વડી ધારાસભામાં ઠરાવ આવવાનો હતો ત્યારે તેઓશ્રી રા. હાજીને મલ્યા હતા અને હિંદુ મહાસભાના સભ્યોને મલીને શત્રુંજય સંબંધી હિલચાલ કરવા પ્રયાસ કર્યો હતો.

**૧૭ ખાસ અધિવેશનના પ્રમુખ મહાશયની સખાવતો.**

ગયા જુલાઇ ઑગસ્ટમાં મળેલાં ખાસ અધિવેશન વખતે ઉક્ત અધિવેશનના પ્રમુખ મહાશય શ્રીયુત બહાદુરસિંહજી સિંધી તરફથી જે સખાવતોની રકમ જાહેર કરવામાં આવી હતી તે સખાવતોની રકમ નીચેની વીગતે અમોને તેઓશ્રી તરફથી મોકલવામાં આવી છે.

રૂ. ૨૫૦૧) શ્રી સુકૃત ભંડારફંડમાં, રૂ. ૧૫૦૧) શ્રી શત્રુંજય પ્રચારકાર્ય ફંડમાં, રૂ. ૫૦૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય, રૂ. ૨૫૧) શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ, રૂ. ૨૦૧) શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા. રૂ. ૨૫૧) શ્રી મુંબઇ જીવદયા મંડળી, રૂ. ૨૫૧) શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રચારક મંડળ, તથા કચ્છી સ્વયંસેવક મંડળ અને યુવક સેવાસમાજ દરેકને રૂ. ૫૧) આ રીતે રકમો અમને મળી ચૂકી છે, અને ઉક્ત રકમ તે તે દરેક સંસ્થાને આપી દેવામાં આવી છે.

# તમારી ફરિયાદ

પાચન શક્તિ કમ હોવાની, દસ્તની ચાલુ અટકાયતની, સ્વપ્ન દોષની, મગજની નબળાઇની, હાથ પગની કળતરની, કોઇ પણ કામ કરતાં થાકી જવાની, અને બહુ કમજોર હોવાની હોય તો વખત ખોયા વગર વાપરો

## પ્રખ્યાત પૌષ્ટિક

# આતંકનિગ્રહ

# ગોળીઓ.

એની ચમત્કારીક ફતેહ આજ ૪૫ વર્ષ થયાં જગજાહેર છે.

**કીંમત ગોળી ૩૨ બત્રીશની ડબી ૧ એકનો રૂ. ૧ એક.**


વિશેષ વિગત જાણવા માટે અમારૂં પ્રાઇસલિસ્ટ મંગાવો.

## વૈદશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

મુંબઇ-બ્રાન્ચ.
કાલબાદેવી રોડ,
**મુંબઇ**

આતંકનિગ્રહ ઔષધાલય,

**જામનગર**—(કાઠિયાવાડ).



માત્ર રૂપીઆ ત્રણમાં

## એક ઘડીઆળ

જરા પણ અચકાશો નહિ

આજે જ ઑર્ડર મોકલો કારણ કે અમારૂં

# ટીક–ટેક

# TIC-TAK Regd. Wall clock

ઘડીઆળ નિયમિત ટાઇમ આપે છે.

**—સર્વેની પસંદગી પામેલું છે—**


અને તેમ છતાં ઘરનાં સુન્દર શણગાર રૂપ પણ છે.


**—ઃફક્ત રૂપિયા ત્રણઃ—**

**PETER WATCH Co., P. B. 27, MADRAS.**

---

**આ ઑફર મફત!!**




**આ ઑફર મફત!!**

અમારા અઢાર કેરેટ રોલ્ડગોલ્ડ તારા લીવર "રજીસ્ટર્ડ" ખીસા ઘડીઆળના ખરીદનારાઓને, અમારૂં "C" સી રજીસ્ટર્ડ ટાઇમપીસ મફત આપીએ છીએ. આ ઑફર માત્ર થોડા વખતની છે. હમણાં જ લખો. ખીસા ઘડીઆળ માટે તેના ડાયલ પર બનાવનારાઓની પાંચ વર્ષની ગેરંટીની સ્ટેમ્પ આપવામાં આવેલ છે.

(કિંમત રૂ. ૫)

લખોઃ— **કેપ્ટન વૉચ કું.** પોસ્ટ બોક્ષ ૨૬૫ મદ્રાસ.

**CAPTAIN WATCH COY.**

P. B. 265, MADRAS.

## શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્.

## જૈન સંસ્થાઓને વિનંતિ

આથી સર્વે જૈન સંસ્થાઓને ખબર આપવામાં આવે છે કે આપની સંસ્થાને પરિષદ્‌ના રજીસ્ટરમાં નોંધાવશો.

પરિષદ્‌ના બંધારણ અનુસાર પરિષદ્‌ના અધિવેશનોમાં રજીસ્ટર્ડ સંસ્થાઓના પ્રતિનિધિઓને આવવાનો હક્ક છે તે ઉપર આપનું ધ્યાન ખેંચીએ છીએ.

સઘળો પત્રવ્યવહાર નીચેના શીરનામે કરવા વિનંતિ છે.

અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, તૈયબમંજીલ, મુંબઇ નં. ૩

**ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ**
**અમૃતલાલ વાડીલાલ શાહ**
મંત્રીઓ-શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્.

( રજીસ્ટર્ડ નં૦ ૪૪ )

## વીર બામ

માથા તથા છાતીના દુ:ખાવા, સંધીવા, ઈન્ફ્લુએન્ઝા વિગેરે હરેક પ્રકારનાં દરદો ઉપર મસળવાથી તુરત જ આરામ કરે છે.

## વીર ઓઇન્ટમેન્ટ

ખસ ખરજવાનો અકસીર મલમ.

દરેક દવા વેચનાર તથા ગાંધી વી. રાખે છે.

**પ્રો:—મોહનલાલ પાનાચંદની કું.**
ઠે. વડગાદી, ભીખ ગલી-મુંબઈ ૩.

**એજન્ટ:—મોરારજી રણછોડ.**
ઠે. જુમામસજીદ, મુંબઇ ૨

## TALISMANS AND CHARMS

**For those People to Avoid all Sorts of Misfortunes and enter the Gates of Successful Life.**

| | Rs | As. |
|---|---|---|
| For Honour, Riches, Learning and Greatness | 7 | 8 |
| For Health, Physical Strength, etc... | 7 | 8 |
| For Power of Eloquence, Speeches, etc. | 7 | 8 |
| For Success in any Under-taking or Litigation, etc.... ... ... | 10 | 0 |
| For success in Sport, Racing, Cards, Games of Chance, etc. ... ... | 7 | 8 |
| For Success in Spiritual and Religious Life | 10 | 0 |
| For Success in Trade and Business... | 10 | 0 |
| For Men's Love to Women ... | 7 | 8 |
| For Women's Love to Men ... | 10 | 0 |
| For Love of Opposite Sex, Attractive Power | 7 | 8 |
| For Agricultural Prosperity, Farming, Good Crops, etc. ... ... | 7 | 8 |
| For Success in Minning Plumbago, etc. | 100 | 0 |
| For Success in Gemming ... ... | 225 | 0 |
| Rabbi Solomon's Special Talisman for every success ... ... | 15 | 0 |
| Specially valued and worn by every successful Hebrew, 2nd quality ... | 21 | 0 |
| 1st quality ... | 30 | 0 |

*NOTE:-A Money Order or G.C. Notes will bring the Talisman to your door. One Extensive Life Reading Rs.15, two Rs.25, three Rs.30 or more at a time at Rs.10 per reading. Remit with birth date. Always the full amount should be remitted in advance. No. V. P. P.*

Apply to:— **D. A. RAM DUTH**, Astrologer, No.30&55 (T. Y.) Cheku Street, Colombo, (Ceylon).

## નીચેનાં પુસ્તકો કૉન્ફરન્સ ઑફીસમાંથી વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલિ | રૂ. ૧—૮—૦ |
| શ્રી જૈન ડીરેક્ટરી ભા. ૧-૨ સાથે | ૧—૦—૦ |
| ,, ,, ભા. ૧ લો | ૦—૮—૦ |
| શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ | ૦—૧૨—૦ |
| પાઇઅલચ્છીનામમાલા પ્રાકૃત કોશ | ૧—૦—૦ |
| જૈન ગૂર્જર કવિઓ | ૫—૦—૦ |

આ માસીક સાથે હેન્ડબીલ વહેંચાવવા તથા જાહેર ખબર માટે પત્રવ્યવહાર નીચેના સીરનામે કરવો. એક અંક માટે જાહેર ખબરનો ભાવ રૂ. ૯-૦-૦ વધુ માટે લખો—

આસીસ્ટન્ટ સેક્રેટરી,

**શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.**

૨૦ પાયધુની પોસ્ટ નં. ૩
મુંબઇ.

# હવે તો જાગો !

આજકાલ કેટલાએક લેખકો ઐતિહાસિક કથાનકોમાં પ્રાચીન જૈનાચાર્યો અને સમર્થ જૈન નેતાઓની કાલ્પનીક કુથલી કરતા જોવાયા છે. તેવા ઝેરી વાતાવરણથી સાવચેત રહીને આવા લેભાગુ લેખકોની સાન ઠેકાણે લાવવા દરેક જૈનો તે સમયના પ્રમાણિક ઇતિહાસથી વાકેફ રહી શકે તે માટે નીચેના પ્રમાણભૂત જૈન ઐતિહાસિક કથાનકોનો બહોળો પ્રચાર થવા જરૂર છે.

| | |
|---|---|
| વીરશિરોમણિ વસ્તુપાળ ( પાટણની ચડતી પડતી ભાગ ૧ લો. ) | ૨-૦-૦ |
| વીરશિરોમણિ વસ્તુપાળ ( પાટણની ચડતી પડતી ભાગ ૨ જો. ) | ૨-૦-૦ |
| વીરશિરોમણિ વસ્તુપાળ ( અણુહીલપુરનો આથમતો સૂર્ય ) | ૨-૦-૦ |
| ગુજરાતનું ગૌરવ યાને વિમળમંત્રીનો વિજય. | ૨-૦-૦ |
| ભાગ્ય વિધાયક ભામાશાહ-સચિત્ર ( મેવાડનો પુનરોદ્ધાર ) | ૨-૦-૦ |
| આચાર્યશ્રી હીરવિજયસૂરિ અને ધર્મ જીજ્ઞાસુ અકબર. | ૨-૦-૦ |
| ગુર્જરેશ્વર કુમારપાળ-સચિત્ર. | ૪-૦-૦ |

## શ્રી સિદ્ધાચળજીની યાત્રા.

ઘર બેઠાં થઇ શકે તે માટે શ્રી શત્રુંજય તીર્થાધિરાજના ફોટા સાથેનો ઐતિહાસીક ગ્રંથ.

## ☞ શ્રી શત્રુંજય પ્રકાશ.

દરેકે વાંચવોજ જોઈએ. જેમાં શ્રી શત્રુંજયની સ્વતંત્રતાનો છેલ્લા પંદરસો વર્ષનો પ્રમાણભુત ઇતિહાસ અને હાલની લડતની સંપૂર્ણ વીગતો પણ આપવામાં આવી છે. કીં. રૂા. ૧-૦-૦

## ખાસ લાભ

**દરેક જૈનો આ લાભ લઇ શકે તેમજ જૈનેતર જગતમાં પણ છુટથી બહોળો પ્રચાર કરી શકાય તે માટે આખો લોટ એક સાથે મંગાવવાથી—**

**ફકત રૂપિયા પંદર.**

પોસ્ટ-પાર્સલ ખર્ચ અલગ.

લખો-જૈન ઓફીસ—

**ભાવનગર.**

તૈયાર છે ! સત્વરે મંગાવો !

# "જૈન ગૂર્જર કવિઓ."

## આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ.

**ગુર્જર સાહિત્યમાં જૈનોએ શું ફાલો આપ્યો છે તે તમારે જાણવું હોયતો આજેજ ઉપરનું પુસ્તક મંગાવો.**

"જૈન ગૂર્જર કવિઓ" એટલે શું ? ગુજરાતી ભાષાના આદિ કવિ કોણ ? યુગ પ્રવર્તકો કોણ ? જૈન રાસાઓ એટલે શું ? ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ કેવી રીતે થયા ?

આ પુસ્તક જૈન સાહિત્યનો મહાસાગર છે કે જેમાં રહેલા અનેક જૈન કવિ રત્નોને પ્રકાશમાં લાવી ગુર્જર ગિરાનો વિકાસક્રમ આલેખવા તેના **સંગ્રાહક અને પ્રયોજક શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈએ** અથાગ પરિશ્રમ લીધો છે. તેમાં અપભ્રંશ સાહિત્યનો તથા પ્રાચીન ગુજરાતીનો ઇતીહાસ, જૈન કવિઓ—ના ઐતિહાસિક અતિ ઉપયોગી મંગલાચરણો તથા અંતિમ પ્રશસ્તિઓ, તેમજ અગ્રગણ્ય કવિઓના કાવ્યોના નમુનાઓ આપવામાં આવ્યા છે. દરેક કવિની સર્વ કૃતિઓનો—ઉલ્લેખ તથા સમય નિર્દેશ કરવામાં આવ્યા છે. **કિંમત રૂ. ૫-૦-૦. પ્રથમ ભાગ—માત્ર જુજ** પ્રતો હોઇ દરેકે પોતાનો ઑર્ડર તુરત નોંધાવી મંગાવવા વિનંતિ છે.

લખો:—

| | |
|---|---|
| ૨૦ પાયધુની, | **મેસર્સ મેઘજી હીરજી બુકસેલર્સ.** |
| ગોડીજીની ચાલ | |
| પહેલે દાદરે, | ઓ. રે. જનરલ સેક્રેટરી, |
| **મુંબાઈ નંબર ૩.** | શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ. |

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

પાયધુની–મુંબઇ નં. ૩

---

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની ઉપરોક્ત યોજના તેના આશયો અને પરિણામજન્ય અમલી કાર્યની જૈન સમાજ સમક્ષ ટુંકી પણ રૂપરેખા જાહેર ખબરદ્વારા અગર હેંડબીલદ્વારા રજુ કરવી એ તદ્દન બિન જરૂરીઆતવાળું ગણી શકાય. સબબ આ યોજના જૈન ભાઈઓમાં સર્વમાન્ય અને જગજાહેર જ છે. આ યોજના એ સંસ્થાનું અને સમાજનું જીવન છે. જૈન જનતાના ભવિષ્યની રેખા દોરવા હિંમત ધરનાર જો કોઈપણ યોજના હોય તો તે સુકૃત ભંડાર ફંડ એક જ છે કે જ્યાં ગરીબ અને તવંગર વચ્ચે કોઈ જાતનો અંતર રહેતો નથી અને સમાનતા, બંધુત્વ વિગેરે ભાવનાઓ ખીલવી સમાજને સુશિક્ષિત બનાવી હિતકર કાર્યો કરવા આ સંસ્થાને જોશ અને જીવન અર્પે છે. આ ફંડમાં ભરાતાં નાણાંમાંથી ખર્ચ બાદ કરી બાકીનો અડધો ભાગ કેલવણીના કાર્યમાં વપરાય છે, અને બાકીના અડધા સંસ્થાના નિભાવફંડમાં લઇ જવામાં આવે છે કે જે વડે સમસ્ત સમાજને શ્રેયસ્કર કાર્યો કરી શકાય. આપણા સમાજમાં અનેક સ્ત્રી પુરૂષો ઉચ્ચ કેળવણીથી વંચિત રહે છે તે બનવા ન પામે અને તેમને કેળવણી લેવામાં અનેક રીતે મદદરૂપ થવા આ સંસ્થા પોતાના પ્રયાસો કરી રહી છે અને તે આ ફંડની વિશાળતા ઉપર જ આધાર રાખે છે. તેથી પ્રત્યેક જૈન બંધુ વરસ દહાડામાં માત્ર ચાર આનાથી સ્વશક્તિ અનુસાર મદદ અર્પી પોતાના અજ્ઞાત બંધુઓનું જીવન કેળવણીદ્વારા સુધારી અગણિત પુણ્ય ઉપાર્જન કરી શકે છે. માટે સર્વે જૈન બંધુઓને આ ફંડમાં સારી રકમ આપવાની વિનંતિ કરવામાં આવે છે. ચાર આના પ્રત્યેક વ્યક્તિએ દરવર્ષે આપવા એ મોટી વાત નથી. અઠવાડીયે એક પાઈ માત્ર આવે છે, પણ જો આખી સમાજ જાગૃત થાય તો તેમાંથી મોટી સંસ્થાઓ નભાવી શકાય એવી સુંદર યોજના છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ ન્યાયે ફંડને જરૂર આપ અપનાવશો અને આપની તરફના પ્રત્યેક નાના મોટા ભાઇઓ, બહેનો એનો લાભ લે, એમાં લાભ આપે એવો પ્રયત્ન કરશો. બીજી કોમો આવી રીતે નાની રકમોમાંથી મોટી સંસ્થાઓ ચલાવે છે તે આપ જાણો છો. તો આપ જરૂર પ્રયત્ન કરશો. આખી કોમની નજરે આપને કૉન્ફરન્સની જરૂરીઆત લાગતી હોય તો આ ખાતાને ફંડથી ભરપૂર કરી દેશો. સુજ્ઞને વિશેષ કહેવાની જરૂર ન જ હોય.

સેવકો,

**મકનજી જુઠાભાઈ મહેતા**

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**

ઓ. રે. જ. સેક્રેટરીઓ, શ્રી જૈ. શ્વે. કૉન્ફરન્સ.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ.

### જૈન વિદ્યાર્થીઓ તથા પાઠશાળાઓને સ્કોલરશીપ (મદદ).

આથી સર્વ વિદ્યાર્થીઓ તથા પાઠશાળાઓને ખબર આપવામાં આવે છે કે આ સંસ્થા તરફથી દર વરસે આપવામાં આવતી સ્કોલરશીપ (મદદ) સન ૧૯૨૭-૨૮ ની સાલમાં લેવા ઇચ્છતા હોય તેમણે તા. ૧૫મી મે ૧૯૨૭ સુધીમાં નીચેના શીરનામે અરજ કરવી.

અરજીનું ફોર્મ સંસ્થા ઉપર પત્ર લખવાથી મોકલવામાં આવશે.

દરેક જાતનો પત્રવ્યવહાર નીચેના શીરનામે કરવો.

લી. સેવક,

ગોડીજી ચાલ,<br>૨૦ પાયધુની,<br>મુંબઇ નં. ૩.

વીરચંદ પાનાચંદ શાહ.<br>ઑ. સેક્રેટરી<br>શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

---

**રાજા મહારાજાઓ.**

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કમાન્ડર ઈન ચીફ બરોડા ગવર્નમેન્ટ, જનરલો, કર્નલો, મેજરો, કેપટનો, નામદાર લેટ વાઇસરાયના લેટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજન્ટો, સરકારી યુરોપીયન સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તેની ઉપયોગીતાની નીશાની છે-ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવ એનાલાઇઝ થયેલ છે.

# બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ.

ડાકટર કાલીદાસ મોતીરામ. રાજકોટ-કાઠીયાવાડ.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન–સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોનરૂપે આપવામાં આવે છેઃ—

(૧) હાઇસ્કુલમાં અંગ્રેજી ચોથા ધોરણથી અંગ્રેજી સાતમા ધોરણ સુધીના અભ્યાસ માટે.

(૨) ટ્રેઇનીંગ કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે.

(૩) મિડવાઇફ કે નર્સ થવા માટે.

(૪) હિસાબી જ્ઞાન, ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, વિગેરેના અભ્યાસ માટે.

(૫) કળા કૌશલ્ય એટલે ચિત્રકળા, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વિજળી ઇત્યાદીના અભ્યાસ માટે.

(૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે લિખિત કરારપત્ર કરી આપવું પડશે. કમીટીએ મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચ સહીત વગર વ્યાજે પાછી વાળવાની છે.

વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે લખોઃ—

| | |
|---|---|
| ગોવાળીઆ ટેંકરોડ, | ઓનરરી સેક્રેટરી, |
| ગ્રાંટરોડ, મુંબઈ. | શ્રી મહાવીર જૈન વિદ્યાલય. |

આ પત્ર મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને હરિલાલ નારદલાલ માંકડે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ, ૨૦ મુંબઈમાંથી પ્રગટ કર્યું.